વર્ષ : ૩૫
અંક : ૨-૩
સળંગ અંક : ૪૧૭-૪૧૮
ફેબ્રુઆરી-માર્ચ : ૨૦૧૮

વૈષ્ણવ પરિવાર
તંત્રી : અમિત ૨. પરીખ



સેવા
અને
વાર્તાઓના સુકોમલ ભાવો

લેખક : ભૂપેન્દ્ર ભાટિયા

Bijal. chetan. Thakkar.

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી વાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૩૫ ◆ અંક : ૨-૩ ◆ સળંગ અંક : ૪૧૭-૪૧૮
ફેબ્રુઆરી-માર્ચ : ૨૦૧૯ ◆ મહા-ફાગણ : ૨૦૭૫ ◆ શ્રીવલ્લભાબ્દ : ૫૪૧

સેવા અને વાર્તાઓના સુકોમલ ભાવો

ભેટ પુસ્તક વિશેષાંક

લેખક
શ્રી ભૂપેન્દ્રભાઈ ભાટિયા

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ વિ. પરીખ

સંવર્ધક તંત્રી
વસંતબહેન ર. પરીખ

તંત્રી
અમિત રમેશભાઈ પરીખ

પરામર્શક
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
શ્રી મુકેશભાઈ બી. દલાલ

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)
[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

visit us at www.vaishnavparivar.org

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- ❖ વૈષ્ણવ પરિવાર (માસિક)
- ❖ બાલપુષ્ટિ (બાલમાસિક)
- ❖ પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- ❖ શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ❖ ગૌસેવા.
- ❖ અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- ❖ સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- ❖ સારસ્વત સન્માન એવોર્ડ.
- ❖ પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- ❖ રેનબસેરા
- ❖ સત્સંગ સત્રોનું આયોજન.
- ❖ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- ❖ કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેમ્બરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

■ રૂા.૨૫૦/-થી ઉપરની દ્રવ્ય સહાયની રકમ ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦(જી) અન્વયે કરમુક્તિને પાત્ર છે.

■ ડ્રાફ્ટ/ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ જ મોકલવો.

■ બેન્ક ઓફ બરોડાની કોઈ પણ શાખામાં શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટના સેવિંગ્સ ખાતામાં રકમ ભરી શકાશે. સેવિંગ્સ ખાતા નંબર : ૦૧૫૨૦૧૦૦૦૦૪૮૮૯

મહેસાણા કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
મોબાઈલ : ૭૭૭૭૯ ૧૬૯૪૦
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોનઃ (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
Email : chemiequip79@gmail.com

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી(ઈ),
મુંબઈ. [ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]
Email : delight@vsnl.com

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
બ્લોક નં.૨૧૩૪/૩૫, ક્લોવર રીજેન્સી, બી વિન્ગ, ૧૩મા માળે, રામજી આશર લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (ઈસ્ટ), ફોનઃ(રહે) ૨૫૦૧૧૩૦૬ (ઓ) ૩૦૨૯૭૬૦૩
મો. ૦૯૩૨૪૦૧૦૩૮૭

અમેરીકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin, NJ - 08830 (U.S.A.)
PH :732-321-4041, email : b1k1m1@hotmail.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage, MI - 49024
Phone : 269-323-1880

Smt. Bhavana Vasudev Patel
33, Prairie Pointe Lane, Stream wood, IL-60107, U.S.A.
Ph. : 608-215-7811



પૂ.પા. ગોસ્વામી શ્રીદીક્ષિતજી મહારાજ

મારા નિતાંત પ્રિય, પ્રાતઃસ્મરણીય ગુરુજી પૂ.પાદ ગોસ્વામી શ્રીદીક્ષિતજી મહારાજને આ પુસ્તક સદૈન્ય સમર્પિત કરતા હું રોમાંચ અને કૃતકૃત્યતા અનુભવું છું.

મારા અખંડ પ્રેરણામૂર્તિ પૂ.પા.ગો.શ્રીશ્યામુબાવાને અને ગુરુજીના પરિવારને કોટાનકોટિ દંડવત્ કરું છું.

પૂરોવાક્

વેદ કહે છે કે મહત્તા ફલની નથી હોતી પણ સાધનની હોય છે. પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી, પણ એવો જ અભિગમ ધરાવે છે, કારણકે પુષ્ટિજીવનું ધ્યાન જો ફલ પર જ કેન્દ્રિત થઈ જાય તો એનો સાધન માટેનો આગ્રહ ખંડિત થઈ જાય છે. જેમ કે સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ કહે છે; "मानसी सा परा मता ." વૈષ્ણવ જો માનસીની ફલદશાની સિદ્ધિનું જ ચિંતન કરતો રહે તો એનામાં એ ચિંતા ઘર કરી જશે કે આવી માનસી મને કયારે ફલિત થશે ? તેથી જ સાધનની મહત્તા અભિવ્યક્ત કરવા માટે શ્રીમદાચાર્યચરણ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં "ततः सिद्ध्यै तनुवित्तजा" કહીને, માનસીની સિદ્ધિ માટે તનુવિત્તજા સેવારૂપી સાધનને અનિવાર્ય માને છે, કેવળ તનુસેવા કે કેવળ વિત્તસેવાને નહીં. "તનુજા" સેવાથી જીવની અહંતા પ્રભુમાં સમર્પિત થાય છે અને "વિત્તજા" સેવાથી એની મમતા. કોઈપણ જીવને સંસારમાં બંધન કરનારી એની અહંતા અને મમતા હોવાથી શ્રીમદાચાર્યચરણ, આ બન્નેને ભગવદર્થ વિનિયુક્ત કરે છે. પુષ્ટિભક્તિના અંગરૂપ આવી સાધનાત્મક સેવાને, અતિ દીનતાથી, પ્રભુ પાસે માંગતા દયારામભાઈ ગાય છે;

એવી અચળ ભક્તિ તારી આપ મુને મોહન
કરુણાનિધિ ગિરિધારી રે
કાયા વાચા મનસા એથી
સેવા સદા હું કરું તારી રે.

શ્રીવલ્લભપ્રભુ વૈષ્ણવોને એ સમજાવે છે કે સાધનને પણ ફલ જેટલો જ માણવો જોઈએ. એનું કારણ એ છે કે સિદ્ધ અને સાધન એ બન્ને દશામાં, પ્રભુ, પુષ્ટિજીવની સમર્પિત અહંતા અને સમર્પિત મમતાનો ઉપભોગ કરે છે. વૈષ્ણવે સાધનદશામાં પણ સમર્પણનો એટલો જ આનંદ માણવો જોઈએ, જેટલો ફલદશામાં એ માણે છે. આવી સાધનાત્મિકા સેવા કરતી વખતે ભગવદીય કેવી મીઠાશ માણે છે તેનાં દર્શન સૂરદાસજીના પદમાં કરી લઈએ; "सेवा मदनगोपाल की मुक्ति हू ते मीठी ।" સાધનમાં જ ફલ અને તેનો આનંદાત્મક સ્વાદ અંતર્ગત છે. એના કારણે તો "સેવાફલ" ગ્રંથમાં આચાર્યજી, સેવાનું ફલ નથી કહેતાં, પરંતુ સેવામાં ફલ કહે છે. શ્રીમહાપ્રભુજીનો એવો આગ્રહ છે કે સેવાની સાધનદશામાં આનંદ માણી શકનાર પુષ્ટિજીવને, આગળ જતાં, માનસી સેવા, સેવોપયોગી દેહ, વ્યસનદશા આદિની સિદ્ધિને ઉપલબ્ધ કરવાનો અવકાશ રહે છે. તનુવિત્તજા સેવાના માધ્યમથી આપણે જો ઘરના ઠાકુરને, "પાળી પોષીને", પ્રભુના શ્રીઅંગ પર પ્રેમથી હાથ ફેરવીએ, ઠાકુરજીને family member કે પરિવારના એક સદસ્ય તરીકે માનીએ, પ્રભુને વાણીથી લડાવીએ કે શણગારથી સજાવીએ અને આવી "સેવગતિના ભેદથી" આપણે જો ઘરના ઠાકુરને ઉછેરશું તો આપણી સેવાની સાધનદશામાં પણ આપણને આનંદની સતત અનુભૂતિ થતી જ રહેશે અને જોડે જોડે પ્રભુને પણ. આ રહસ્યને સમજાવતાં મહાપ્રભુજીની વધાઈમાં ગવાયું

છે;

"सेवागति को भेद कह्यो है हरि के अंतरजामि ।
स्वरूपानंद भक्तनको दिने निकुंज लीला के स्वामी ॥"

સાધનાત્મક સેવાથી જેમ જેમ આપણે પ્રભુને પીછાણતા અને માણતા જઈશું તેમ તેમ, સેવા લેવાની પ્રણાલીથી "સર્વજ્ઞ" પ્રભુ પણ આપણને "પહેચાનતા" થશે અને આપણી સાધનદશાની સેવામાં ય અતિસુખને માણતા રહેશે. તેથી જ શ્રીવલ્લભપ્રભુએ ઠાકુરજીના સુખવિચારની કે તત્‌સુખ ભાવનાની પ્રણાલી સેવાની સાધનદશાની અવસ્થામાં અવગત કરી દીધી છે.

બાળકનું કોઈ વ્યક્તિ ધ્યાન રાખતું હોય કે તેને attend કરતું હોય તો બાળક એવી વ્યક્તિ તરફ સહજ ઢળી જાય છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગની "બાળ ભાવ"ની સેવામાં આપણે સર્વસમર્થ અને પૂર્ણકામ એવા આપણા ઘરના ઠાકુરની ભૂખ, નિદ્રા, ખેલવાની ઈચ્છાઓ આદિને કેવી રીતે પૂરિત કરી શકીએ છીએ એને અનુલક્ષીને, આપણા ઘરના ઠાકુર પણ આપણા પર વિશેષ "મમત્વ" રાખતા જાય છે અને આપણા પ્રત્યે ઢળતા જાય છે. ઘરમાં બિરાજતા પ્રભુને આપણા પ્રતિ ક્યારે આત્મીયતા લાગે છે એનું રહસ્ય સૂરદાસજી પોતાના પદમાં ખોલી રહ્યા છે;

"निज वैष्णवजन मेरो अंग ।
छांड कुटुंब और सकल पदारथ सेवा करे फिर करे सतसंग ॥
ध्यान धरे मेरो गुण गावे नई उपजावे तान तरंग ।

निश्चय चित्त होय दृढकर बैठे कथा सुने मन अति ही उमंग ॥
मम गुण सुन सुख सिंधु बढ उर प्रेमनीर बहे मानो गंग ।”

આવું ક્યારે બની શકે? અનોસરમાં કરેલા ભગવદ્‌ગુણગાન કે સાંભળેલી ભાગવતજી કથિત સમસ્ત કૃષ્ણલીલાને, આપણે એમ નિશ્ચય કરીને માનીએ કે, આ તો બધી મારા ગૃહના ઠાકુરની જ કથા કે લીલા છે, ત્યારે ધીરે ધીરે, સેવા કરતી વખતે આપણા પ્રભુ પ્રત્યે આપણને સહજ લાડ આવી જાય છે અને આપણા ભાવમાં ય અભિવૃદ્ધિ થતી જાય છે. અહીં મુખ્ય સમજવાનું રહસ્ય એ છે કે, આપણે ઘરે બિરાજતા પરબ્રહ્મ કૃષ્ણ, શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક છે અને ભગવત્સેવા કરવાથી આપણને શ્રીમહાપ્રભુજીના ભાવને સ્પર્શ કરવાનો દુર્લભ લાભ ઉપલબ્ધ થાય છે. આચાર્યચરણના સેવાના ભાવને પ્રકટ કરતી કીર્તન પંક્તિઓ છે;

“सेवा रीत प्रीत ब्रजजन की जनहित जग प्रकटाई ।”

આની ફલદશાનાં દર્શન કરાવતા, ગૃહના ઠાકુર સ્વયં સુમધુર વાણીથી કહી રહ્યા છે;

“यह विधि नित नौतन सुख मोको वल्लभ लाड लडावे ।
मै जानु के वल्लभ जाने के निजजन मन आवे ॥”

આ તો આપણા કૃપાનિધિ શ્રીવલ્લભાધીશ સ્વામીની, સેવામાર્ગ દ્વારા, પુષ્ટિસૃષ્ટિ પર એવી અનહદ કૃપા છે કે જે ભગવાન, પોતાની માયાથી અહંતા મમતા દ્વારા જીવને બાંધે છે, તે જ ભગવાનને,

શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવની એ જ અહંતા મમતાને ભગવત્સમર્પિત કરીને ઠાકુરજીને બંધનમાં લે છે.

एकमेव अद्वितीयं એવા પ્રભુ પોતે જ જીવ (ગુપ્તાનંદ) કે જડરૂપ (નિરાનંદ) બને છે અને એક ઐચ્છિક અપૂર્ણતાને એ રૂપમાં સ્વીકારીને, પ્રભુ, પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ માણવા તથા પોતાની અપરિમિત potentialityને નિરખવાનો મનોરથ અંગીકાર કરે છે. ભૂખ્યો માણસ ભોજનને સુખભર માણી શકે તેમ, પૂર્ણાનંદ હરિ, જીવરૂપે અપૂર્ણતા સ્વીકારીને "પોતાની" પૂર્ણતાને માણવાની ભૂખમાં અભિવૃદ્ધિ કરે છે. ભગવાનના આવા ભવ્ય મનોરથને, આપણા શ્રીવલ્લભ સિવાય કોણ પૂર્ણ કરી શકે? તેથી જ શ્રીમહાપ્રભુજી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં પુષ્ટિજીવને આજ્ઞા કરે છે; "भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ." ભગવદીય ગાય છે તેમ વાસ્તવમાં તો;

> "आप श्रीजी आप सेवक आप सेवा करत
> आप सब व्रज में आप रूप भावे ।"

વૈષ્ણવનું જયારે ભગવાનમાં મન લાગે છે, ત્યારે, એ પુષ્ટિજીવનું રૂપ લીધેલ પ્રભુ પણ, પોતાના પૂર્ણાનંદ માણવાના મનોરથના પથ પર અભિગમન કરતા થઈ જાય છે. પરંતુ જીવનું મન તો ચંચલ છે, રાજસ છે, પ્રત્યેક સમયે કાંઈક નવીન ચાહે છે. તો આવું મન પ્રભુમાં લાગે કેવી રીતે ? જીવના આવા ચંચલ મનને અનુલક્ષીને તો શ્રીમહાપ્રભુજી,

શ્રીગુસાંઈજીએ, સેવામાર્ગમાં અપરિમિત વૈવિધ્ય પ્રકટ કર્યું છે. જેના લીધે પુષ્ટિજીવનું, પ્રત્યેક વેળા નૂતનતા ઈચ્છતું મન, સેવામાં આનંદ માણતું થઈ જાય છે. ઠાકુરજીને ધરાતા રોજના નૂતન શણગારો, કે સમર્પિત થતી નિત્યની નવીન સામગ્રીઓ, અથવા તો અષ્ટસખાની લીલાત્મકવાણીના ગવાતા કીર્તનો કે ફુલમંડળી, સાંજી, હોરી, દાન, બંગલા, હિંડોળા આદિના અનેકવિધ મનોરથોની વિવિધતા એટલી અપરિમિત છે કે, તે, પુષ્ટિજીવના મનને ભગવત્સેવામાં ઓતપ્રોત કરવા માટે પર્યાપ્ત થઈ જાય છે. આ રહસ્યની સંપૂર્ણ care લેતા આવી સેવાના પ્રતિસાદરૂપે ઘરનો ઠાકુર પણ પોતાનું "મન" સેવકમાં પરોવતા થઈ જાય છે. સેવાના આવા વૈવિધ્યથી શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલે, સેવામાર્ગમાં જીવના મનને લલચાવ્યો છે. એ જ વૈવિધ્યને રસિક શિરોમણિ એવા રસો વૈ સઃ પ્રભુ પ્રતિ પ્રેમ અને ભાવ પ્રકટ કરીને ભક્ત પણ ભગવાનને લલચાવી રહ્યો છે અને ઠાકુરને કહી રહ્યો છે;

"अनतन जैये पिय रहिये मेरे ही महल ।
जोई जोई कहोगे सोई सोई करोंगी टहल ॥
शय्या सामग्री बसन आभुषण सब विध कर राखोंगी पहल ।
चतुर बिहारी गिरिधारी पिया की रावरी यांही सहल ॥"

ઠાકુરજીની પ્રીત જયારે "અનત" ન જાય, ત્યારે, સમજી લેવું કે પ્રભુનો પણ "પ્રપંચવિસ્મૃતિપૂર્વક" પોતાના એ સેવકમાં નિરોધ થઈ ગયો છે.

પુષ્ટિજીવે રાગ, ભોગ, શૃંગાર આદિથી કરેલું ઠાકુરજીનું લાલન-પાલન, પ્રભુને પોતાના સેવક માટે ત્યારે લલચાવે છે, જયારે એ ભક્તની સેવામાં પ્રકટ થતી એના ભાવની મકરંદ અને ભગવદ્પ્રીતીની નમણી નાજૂકતા, પ્રભુના અંતરને બેર બેર સ્પર્શ કરતી જાય છે. તેથી જ પરમાનંદદાસજી ગાય છે.

"काहे को ग्वालि शिंगार बनावे ?
सारी ये बात गोपाल ही भावे ।
एक प्रीति ते सब गुन नीके
बिनु गुन अभरन सब हि फिके ।"

તેમ જ ગોવિંદદાસજી પણ ગાય છે;

"प्रितम प्रीति ही ते पैये ।
यद्यपि रूपगुण सील सुघरता इन बातन न रिझैये ॥"

આમ પ્રભુને રીઝવવાનું મુખ્ય સાધન ભક્તની, ઠાકુરજી પ્રત્યેની પ્રીતિ છે.

તનુવિત્તજા સેવાના સાધનથી, પુષ્ટિજીવ, चेतत्सत् प्रवणं सेवा એવા સેવાના સ્વરૂપ લક્ષણમાં અભિરમતો થઈ જાય છે. પરંતુ ભક્તની ભગવાન માટેની પ્રીતિ જયારે એના "મન"માં સ્થાયી બની જાય છે, ત્યારે, આવા ભગવદીયને માનસી સેવા કરવી પડતી નથી પણ અનાયાસ થઈ જાય છે.

"स्वकीर्तिवर्धन" અર્થાત્ સ્વજનની કીર્તિનું વર્ધન કરવા માટે સદા ઉત્સુક એવા પ્રભુની એક નાજૂક

ખૂબસુરતી નિરખવા જેવી છે. ઠાકુરજી, પોતાના કરતાં, પોતાના જીવને વિશેષ હોદ્દો આપે છે. તેથી જ પ્રભુ પોતે તો માનસીમાંથી "સૃષ્ટિ"ને પ્રકટ કરે છે. "इच्छा मात्रेण मनसा प्रवाहं सृष्टवान्हरिः ।" પરંતુ એમનો ભક્ત જ્યારે ભગવાનની માનસી કરે છે, ત્યારે એ માનસીમાંથી પુષ્ટિભક્ત, રસભાવાત્મક પુરુષોત્તમને પ્રકટ કરે છે. નિજજનને નિત્ય નિતાંત લાડ લડાવનાર પુષ્ટિના આવા ઠાકુર માટે એટલે જ ગવાયું કે; "ભક્તવત્સલ તિહારો નામ."

ભોગ્યભાવથી સેવા કરતાં બડભાગી ભક્ત સાથે ભગવાન જ્યારે "બહેકવા" ચાહે છે, અથવા તો "ઝીન્દાદિલી" પ્રકટ કરે છે, ત્યારે, બધી મર્યાદાનાં બંધન તોડીને, ઠાકુરજી ભક્તના ભોગ્યભાવને ઓસરે મૂકીને, પ્રભુ, એવા અંતરંગમાં ભોક્તાભાવનું પ્રદાન કરે છે. આને જ કહેવાય मर्यादाभंगोहि पुष्टिः અથવા ભગવદીય ગાય છે તેમ; "परमानंद वेदसागरकी मर्यादा गई है टूट ।" એવો કોણ જીવ હશે કે જેને સેવા કરવાનું મન ન થાય, જો એ વૈષ્ણવ એટલું જ સમજી જાય કે "સદોષ" જીવે, એક નાનકડા પાયા પર શરૂ કરેલ સલુણી ભગવત્સેવા, જ્યારે ઉચ્ચતમ પાયદાન પર પહોંચી જાય છે, ત્યારે, ભક્તવશ્ય દશામાં, "નિર્દોષ" પ્રભુ એવા અનંત કોટિ બ્રહ્માંડના નાથ પર ભક્તની કોઈ એક માદક મોહિની છવાઈ જાય છે. એ અવસ્થામાં પ્રભુ પોતાનું આત્મારામત્વ છોડીને ભક્તકામત્વના આવેશમાં વિહરતા થઈ જાય છે.

તેથી ગોવિંદદાસજી ગાય છે;

"तें कछु घालीरी ठगोरी पिय पर प्यारी_ _ _ _
निशदिन तुही तुही जपत प्राणपति
तेरी एरीसों लालन गिरिवरधारी ॥"

સારાંશ એ છે કે અહંતામમતા સંબંધિત આપણા દેહ, ઈન્દ્રિય, પ્રાણ, વિત્તાદિ એમ સર્વનું પ્રભુમાં ઉપયોગીત્વ લાવવું, એ સર્વાત્મભાવની સાધનદશા છે અને એ જ દેહેન્દ્રિયાદિથી પ્રપંચવિસ્મૃતિ પૂર્વક સર્વેન્દ્રિયથી ભગવદાનુભૂતિ કરવી, એ સર્વાત્મભાવની ફલદશા છે. આમ સેવાની સાધનદશા, કૃપા થતા, ફલદશામાં કેવી રીતે પ્રવેશ કરાવી દે છે તેને સહેજ અવલોકી લઈએ. જેમ કે પ્રેમદૃષ્ટિથી કોઈ ભક્ત ઠાકુરજીને નિરખે, ત્યારે, તે તેના "નેત્ર"નું સાધનદશામાં સમર્પણ કરી રહ્યા છે અને ભક્તના એ જ નેત્રને પ્રભુ પોતાના લલિત લાવણ્યમય સ્વરૂપનું દર્શન કરાવે ત્યારે આવા ભગવદીયની સ્વરૂપાનંદની ફલદશા છે.

"हरिको रूप सुरूप अनुपम येहि हमारे ध्यान ।
निशिवासर नहीं टरत हृदय तें व्रज के जीवन प्रान ॥"

અથવા તો જે "હાથ"થી ભક્ત પ્રભુને સામગ્રી ધરાવતો હોય છે અને ક્યારેક એ ભક્તમાં એવો તાપાત્મક ભાવ પ્રજ્જવલિત થઈ જાય છે કે મારી આ સામગ્રી પ્રભુ, સાક્ષાત્ ક્યારે આરોગશે, ત્યારે, અડેલની બ્રાહ્મણીની વાર્તામાં આવે છે તેમ, સેવામાં ઉપસ્થિત થતી ફલદશામાં શ્રીઠાકુરજી, ભક્તએ ઘીથી ચોપડેલી

રોટલીને ધરાવ્યા વગર જ પોતે સાક્ષાત્ પોતાના શ્રીહસ્તથી લઈને આરોગે છે. અથવા તો પ્રભુ સન્મુખ ભાવવિભોર થઈને નૃત્ય કરતા ગોવિંદદાસ ખવાસના ચરણનું ઘૂંઘરું જયારે તૂટી જાય છે, ત્યારે રસાભાસ ન થાય અને રસનિષ્પત્તિ અવિરત રહે તેના માટે, ઠાકુરજી સ્વયં એને પુનઃ બાંધવા ઉદ્દીપ્ત થઈ જાય, એ જ તો ગોવિંદદાસના ચરણને ઉપલબ્ધ થયેલી ફલદશા છે. તેમજ કોઈ ભક્તની સામગ્રી અરોગ્યા પછી ઠાકુરજી નિતાંત પ્રસન્ન થઈ જાય અને પ્રસાદમાં, પ્રભુ અરોગ્યા છે એના અનુભાવરૂપે મકરંદ કે અલૌકિક સ્વાદ પ્રકટ કરે, ત્યારે, એ પ્રસાદનો ફલભોગ કરતી વખતે પ્રથમ તો એ ભક્તની નાસિકા અને પછી એની જિહ્વા કૃતાર્થ થઈ જાય છે. સાધન અવસ્થામાં પ્રભુ માટે છાક લઈ જતી વ્રજની ગોપાંગનાની જેમ, ક્યારેક કોઈ પુષ્ટિજીવથી એક તાપાત્મક ઉચ્છવાસથી કહેવાઈ જાય કે "तुम को टेर टेर में हारी", ત્યારે, એના પ્રતિસાદરૂપે ફલદાન કરતા પ્રભુ પણ પોતાનો અનુભાવ આવા કૃપાપાત્ર ભક્ત પાસે પ્રકટ કરે છે; "परमानंदप्रभु प्रीतिजान कें धाय आलिंगन कीनो ." આ સંદર્ભમાં સિંહનંદના સમરાઈને થયેલો અનુભવ દર્શનીય છે. સાધનાવસ્થામાં ત્રણ ત્રણ વખત સામગ્રી બનાવીને ધરાવ્યા છતાં પણ પ્રભુ અરોગતા નથી, એવો જયારે એમના મનમાં તાપ થાય છે, ત્યારે, અતિઅમૃતમય વાણીથી પ્રભુ, એમને કહે છે કે; "तू तीन बार रसोई करी, सों मैं तीनों बार अरोग्यो हूँ । तू सन्देह क्यों करत है ?" ઠાકુરજીના આવા ફલાત્મક મૃદુલાતિમૃદુલ

બોલ સાંભળીને સમરાઈના કર્ણ કૃતકૃત્ય થઈ જાય છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી સેવા જ સાધન છે અને સેવા જ ફલ છે.

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવા સાધન અને ફલયુગ્મના આપણને રોમાંચ કરી દેતા અનેક દૃષ્ટાંતો દૃષ્યમાન થાય છે. અદેયદાની શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ સેવામાર્ગમાં કેવલ રસની ધારાઓ નથી વહેતી, પરંતુ રસના મહાસાગરો ઉમટી રહ્યા છે. કારણકે કરુણાસાગર વલ્લભપ્રભુ પ્રકટ્યા છે એનું કારણ જ એ છે કે; "प्रकटे पुष्टि महारस देन ." તેથી જ સેવાની સાધનાવસ્થા, પુષ્ટિજીવ માટે, ક્યારે ફલાવસ્થામાં પર્યવસિત થઈ જાય છે એ અકલ્પનીય છે. કૃષ્ણાવતાર હોય કે શ્રીવલ્લભપ્રભુનો સંપ્રદાય, તેમાં વ્રજભક્ત, આધુનિક પુષ્ટિજીવ એમ બન્નેને નિર્ગુણભાવ સિદ્ધ કરવા અને ભાવને પરીપક્વ કરવા માટે સાધનદશા અને ફલાવસ્થાનો અનુભવ કરવાનું અનિવાર્ય બની જાય છે. પરંતુ જયારે ભગવદીયને ફલદશા સિદ્ધ થાય છે, ત્યારે આવા ભગવદીયને પોતાનો એક દેહ કે એક ઈન્દ્રિય ભગવત્સેવા કે ભગવદરસાનુભૂતિ માટે નિતાંત અપર્યાપ્ત લાગે છે. એટલે જ ગોવિંદદાસજીથી ગવાઈ જાય છે;

"अरी मेरे भुजाहोती कोटि कोटि
तोहों भेटती गोविंदप्रभु सो तो उन तपत बुझानी ।"

શ્રીભાગવતજી કથિત ભ્રમરગીતના ૬૭ અને ૬૮મા શ્લોકમાં પોતાના સર્વસમર્પણાત્મક ભાવને

અભિવ્યક્ત કરતા વ્રજભક્તો, શ્રીઠાકુરજીને, ઉદ્ધવજી દ્વારા વિનંતી પાઠવે છે કે "અમારા મનની સર્વવૃત્તિઓ શ્રીકૃષ્ણના ચરણોને આશ્રિત થઈને રહે, વાણી નામનું સ્મરણ કરે, કાયા નમસ્કાર, સેવા આદિ સાધનોમાં લાગી રહે. ભગવદીચ્છાથી, કર્મોના કારણે અમે કયાંય પણ ભ્રમણ કરીએ, ત્યાં ત્યાં શુભ આચરણ એવા દાનાદિથી પણ અત્યધિક વિશેષ એવી અમારી રતિ સદા શ્રીકૃષ્ણમાં બની રહે." આવા સર્વાત્મના સમર્પણના ભાવને પ્રકટ કરતા ભાગવતજી કહે છે;

"मनसो वृत्तयो नः स्युः कृष्णपदाम्बुजाश्रयाः ।
वाचोभिधायिनीर्नाम्नां कायस्तत्प्रह्वणादिषु ।।૬૭।।
कर्मभिर्भ्राम्यमाणानां यत्र क्वापीश्वरेच्छया ।
मंगलाचरितैर्दानै रतिर्नः कृष्ण ईश्वरे ।।૬૮।।"

ભગવત્સેવામાર્ગમાં અભિગમન કરતા ૮૪-૨૫૨ ભગવદીયો, સેવાના વિવિધ મંજુલ પહેલુઓને કેવી નાજૂકતાથી અને કોમલભાવોથી જીવ્યા છે અને માણ્યા છે, એને અવલોકવાનો આ પુસ્તકમાં મેં યથામતિ પ્રયાસ કર્યો છે. પછી ભલેને સેવાનો એ પહેલુ લડામણી તનુવિત્તજા સેવાનો હોય કે સેવક અને સેવ્યના સોહામણા સાધારણીકરણનો હોય, અથવા તો સેવામાર્ગમાં વહેતી રાગ-રંગ કે રસની સલુણી સરવાણીઓનો હોય કે કોડામણા ઠાકુર માટે કૃષ્ણાર્થી બનીને સમસ્ત જીવનને સમર્પિત કરવાનો હોય અથવા તો પરચારગીના પરિમલને પ્રસરાવવાનો હોય કે પુષ્ટિભક્તિના પરાકાષ્ઠાપન્ન એવા સર્વાત્મભાવનો હોય.

આ પુસ્તકમાં લીધેલા ભગવદીયના સુકોમલ ભાવોના લાલિત્યને માણવા માટે, મારી પ્રત્યેક વાંચનાર વૈષ્ણવને નમ્ર વિનંતી છે કે, આપ, એ ભગવદીયની ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં પ્રકટ થયેલ મૂળવાર્તાને અવશ્ય વાંચશો.

ચોરાસી બસોબાવન વૈષ્ણવો જેવા મહાન ભગવદીયોના સુકોમલ ભાવોનો વિસ્તાર કે તેમના ગૂઢભાવો પર પ્રકાશ પાડવાનું સામર્થ્ય મારી અલ્પબુદ્ધિમાં નથી. તેથી જ, મારી દૃષ્ટિએ તો, આ પુસ્તકના સમ્યક્ "લેખક", વાસ્તવમાં તો, મારા વાક્પતિ શ્રીવલ્લભપ્રભુ જ છે અને હું અકિંચિત તો, આપની એક કલમ માત્ર છું.

પુષ્ટિભક્તિના અગાધ ભાવસાગરમાં હું તો એક અલ્પાતિઅલ્પ બિંદુ છું કે નહિ તેની પણ મને ખબર નથી. તેથી જ આ પુસ્તકની રચનામાં, કારણ, કેવલ શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની અનિર્વચનીય કૃપા છે, મારા ચિરસ્મરણીય ગુરુઘરનું માર્ગદર્શન અને આશીર્વાદ છે તથા વૈષ્ણવોનો ઉમંગભર્યો સહકાર છે. આ પુસ્તકના proof reading માટે બહુ જ પરિશ્રમ લેનાર પ.ભ.શ્રીવૈકુંઠભાઈ ભગતનો હું અંતરથી આભાર માનું છું. મારી આંખમાં થયેલા macular degenerationના કારણે, બે વર્ષથી, પ્રત્યેક મહિને મને આંખમાં injection લેવા પડે છે. આ પરિસ્થિતિમાં આ પાંચમાં ભાગનું પુસ્તક, હું મારા હાથથી લખી શકું એવી સમભાવના ન હતી. પરંતુ મારા પરમસ્નેહી

પ.ભ. જયેશભાઈ દલાલ, બે વર્ષથી, નિત્ય મને રાતના ૯.૩૦ વાગે ભરૂચથી ફોન કરે છે અને આ અખિલ પાંચમો ભાગ મેં એમને ટેલીફોન પર લખાવ્યો છે, ત્યારે આ પાંચમાં ભાગનું નિર્માણ હું કરી શક્યો છું. હરિ, ગુરુ, વૈષ્ણવની સેવા માટે સદા તત્પર એવા જયેશભાઈનો આભાર માનવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી. મારા ભાગ્ય છે કે ત્રીસ વર્ષથી, પ્રભુએ મને આવા સંગી આપ્યા છે. તેમજ મને જીવનમાં સદા સાથ આપનાર, મારી સાચા અર્થમાં સહધર્મચારિણી પત્ની હંસાનો હું ખૂબ જ આભારી છું.

લી. ભૂપેન્દ્ર ભાટિયાના વલ્લભકુળને
દંડવત્ અને વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

******

અનુક્રમણિકા

	શિર્ષક	વાર્તાનું નામ	પાન નં.
૧.	શ્રી ઠાકુરજી ઉત્તમ વસ્તુના ભોક્તા છે.	एक क्षत्री वैष्णव, लक्ष रुपैया के फूलवारो ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૭૫	૨૫
૨.	"पाछे श्रीमथुरानाथजीने कह्यो, तू धन्य है ।"	पद्मनाभदासजीके बेटा ताकी बहू पारबती ૮૪ વૈષ્ણવવાર્તા-૪	૩૮
૩.	ઠાકુરજી બોલતા નથી, તો મારે શું કરવું ?	प्रेमजी लुहाणा ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૫૭	૪૭
૪.	સેવામાં રાગ-રંગ-રસ અને રસિક ભગવદીય	एक साठोदरा नागर ब्राह्मण ૨૫૨ વૈષ્ણવવાર્તા-૭૨	૬૦
૫.	"जे जन शरण आवे ते तारे ।"	રૂપમુરારિદાસ ક્ષત્રી ૨૫૨ વૈષ્ણવવાર્તા-૭	૭૫
૬.	श्रीठाकुरजी आप सिखाय लेइंगे ।	मा, बेटा, बहु, गुजरात की ૨૫૨ વૈષ્ણવવાર્તા-૩૬	૮૪
૭.	પુષ્ટિ ભક્તિનું સ્નેહાત્મક સૌંદર્ય અને ભાવાત્મક લાવણ્ય	एक क्षत्रानी, घानीपुनीवारी ૨૫૨ વૈષ્ણવવાર્તા-૨૧૪	૯૧
૮.	સર્વાત્મભાવ	एक वैष्णव बनिया की बेटी, रामानंदी से ब्याही ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૦૨	૧૦૧
૯.	एक दृढ विश्वास आपु के चरण को रहे ।	પ્રભુદાસ ભાટ ૮૪ વૈષ્ણવવાર્તા-૨૧	૧૧૨

	શિર્ષક	વાર્તાનું નામ	પાન નં.
૧૦.	नंदनंदन कर घरको ठाकुर	ઠાકુરજી, વ્રજભકતો અને વૈષ્ણવોની વાર્તાઓ	૧૨૪
૧૧.	કૃષ્ણાર્થી	શેઠ પુરુષોત્તમદાસ ૮૪ વૈષ્ણવવાર્તા-૬	૧૪૧
૧૨.	जीवन जो ऐसे बनी आवे	ભાવસિંધુ : श्रीगुसांईजी के सेवक, दोय भाई कुम्हार	૧૫૩
૧૩.	કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર	एक दलाल बनिया ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૪	૧૬૩
૧૪.	પ્રભુ સાથે માણવાનો ભાવ, સર્વસમર્પણ અને अंगीकृतौ समर्पादो	स्त्री-पुरुष क्षत्री, साडी बेचि कै सामग्री लावे ૨૫૨ વૈષ્ણવવાર્તા-૯૭	૧૬૯
૧૫. (અ)	શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે; ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्भाव में मन रहे (પૂર્વાર્ધ)	हृषिकेश क्षत्री, आगरे के ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૩૭	૧૮૧
૧૫. (બ)	હૃષિકેશની વાર્તાગત લીલાનો શાસ્ત્રાર્થ (ઉત્તરાર્ધ)	हृषिकेश क्षत्री, आगरे के ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૩૭	૧૯૪
૧૬.	सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छाया	गोपालदास जटाधारी ૮૪ વૈષ્ણવવાર્તા-૭૪	૨૦૧
૧૭.	સેવ્ય માટે સેવકનો સેવામાં ઋણિયાનો ભાવ	બલાઈ સ્ત્રી-પુરુષ ૨૫૨ વૈષ્ણવવાર્તા-૨૨૬	૨૧૧

શિર્ષક	વાર્તાનું નામ	પાન નં.
૧૮. પરચારગી	एक विरक्त ब्राह्मन, गोवर्धन को ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૮૪	૨૩૨
૧૯. સાધારણીકરણ : સારસ્વતકલ્પમાં અને આધુનિક પુષ્ટિસંપ્રદાયમાં	एक साहूकार, मथुरा का ૨૫૨ વૈષ્ણવવાર્તા-૯૧	૨૩૮
૨૦. પુષ્ટિભક્તિની ષોડશકલાઓ	गोविंददास खवास ૨૫૨ વૈષ્ણવવાર્તા-૩૩	૨૪૯
૨૧. શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું	जीवनदास क्षत्री ૮૪ વૈષ્ણવવાર્તા-૫૧	૨૬૧
૨૨. अनुग्रहः पुष्टिमार्गे नियामकः	वेस्या की छोरी ૨૫૨ વૈષ્ણવવાર્તા-૭૩	૨૬૮
૨૩. ततः संसारदुःखस्य निवृत्तिः-प्राप्तं सेवेत निर्ममः	એક બ્રાહ્મણ ગંગાજી કે તીર રહેતો ૨૫૨ વૈષ્ણવવાર્તા-૭૮	૨૭૮
૨૪. અપરસ અને અપવાદ	વાઘાજી રજપૂત ૨૫૨ વૈષ્ણવવાર્તા-૭૪	૨૮૬
૨૫. સેવામાં આચાર, ક્રિયા, પ્રીતિ	एक ब्राह्मणी अडेल की ૮૪ વૈષ્ણવવાર્તા-૪૨	૨૯૩
૨૬. મહાપ્રભુજીની ભક્તિનું રહસ્ય ઠાકુરજી ગોપીજનોને સમજાવે છે અને એનો લીલોપદેશ કનૈયાશાલની	કનૈયાશાલ ક્ષત્રી ૮૪ વૈષ્ણવવાર્તા-૭૦	૩૦૨

વાર્તામાં છે.

	શિર્ષક	વાર્તાનું નામ	પાન નં.
૨૭.	श्रीठाकुरजी आपु वा जनार्दनदास विनु एक क्षन रहते नाहीं	जनार्दनदास क्षत्री ૨૫૨ વૈષ્ણવવાર્તા-૧૧૬	૩૧૯
૨૮.	प्रेम के सिंधु को मरम जान्यो नहीं	૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા - ગ્રંથ સેવાફલ	૩૨૭
૨૯.	ગોપીજનો અને રુક્મિણીબેટીજીના ઠાકુરજી ઋણિયા બને છે.	રુક્મિણીબેટી ૮૪ વૈષ્ણવવાર્તા-૬	૩૫૦

(૧) શ્રી ઠાકુરજી ઉત્તમ વસ્તુના ભોક્તા છે.

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૭૫ - एक क्षत्री वैष्णव, लक्ष रुपैया के फूलवारो

વાર્તા કહે છે; "ता पाछें श्रीगुसांईजी आप वा क्षत्री वैष्णव कों आज्ञा किये, जो-उत्तम तें उत्तम वस्तु श्रीप्रभुन कों समय पर अंगीकार कराइयो ।"

તો ઠાકુરજી માટે ઉત્તમ વસ્તુ કોને કહેવાય ? एकोहं बहुस्याम् प्रजायेत् એવા એકમાંથી અનેક રૂપે પ્રકટ થયેલા, "બ્રહ્મ" માટે, ઉત્તમ કે અનુત્તમનો ભેદ રહેતો નથી, કારણકે, અખિલ સૃષ્ટિ બ્રહ્માત્મક છે. પરંતુ એ બ્રહ્મને જયારે ભગવાન બનવાની ઈચ્છા થાય છે, ત્યારે, પરમાત્માને ભક્તની અનિવાર્યતા બની જાય છે. ભક્તના કારણે બ્રહ્મ, ભગવાન બને છે. અર્થાત્ બ્રહ્મનું ભગવાન થવું એ ભક્ત સાપેક્ષ છે. તેથી જ ભગવાનને તો સૌથી ઉત્તમ પોતાનો ભક્ત લાગે છે. ગીતાજીમાં પ્રભુ કહે છે; "यो मे भक्तः स मे प्रिय ."

પરંતુ વ્રજના કે ઘરના ઠાકુર કૃષ્ણ માટે કઈ સામગ્રી ઉત્તમ છે એનો નિર્ણય પ્રભુના પક્ષથી થતો નથી પણ ભક્તની દૃષ્ટિથી થાય છે. એમ ન હોત તો ભગવાનને, જેને લૌકિકમાં સાધારણ સામગ્રી કહેવાય એવા સુદામાના તાંદુલ, શબરીનાં બોર કે વિદુરના ઘેર કેળાના છીલકા આરોગવામાં આનંદ ન આવત. પરંતુ પ્રભુએ આ સર્વે સામગ્રીઓ પ્રેમથી અંગીકાર કરી, કારણકે, ભક્તને પોતાને ઉત્તમ લાગતી એ સર્વે સામગ્રીઓ, એણે ભગવાનને "ભક્તિ"થી આરોગાવી.

આ જ વિષયને સમજાવતાં ગીતાજીમાં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે સામાન્યતયા સાધારણ લાગતા એવા પત્ર, પુષ્પ, ફલ, જલ આદિ પ્રભુને જે જીવ ભક્તિથી સમર્પિત કરે છે, એને આપ પ્રીતિથી અંગીકાર કરે છે

"पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तद् अहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥"

અહીં "भक्त्या" શબ્દથી ગીતાજી આપણને એમ સમજાવે છે કે, પ્રભુને ભક્તિથી સમર્પિત કરેલી વસ્તુ ઠાકુરજીને ઉત્તમ લાગે છે. જેમ કે પદ્મનાભદાસજીને, એમની પરિસ્થિતિમાં એ વખતે છોલા ઉત્તમ લાગ્યા, તો શ્રીમથુરાનાથજીને પણ અતિ પ્રીતિ અને ભક્તિથી ધરાવેલા એ છોલાની સામગ્રી ઉત્તમ લાગે છે. અહીં ખાસ સમજવાનું એ છે કે, પદ્મનાભદાસજી, પ્રભુને છોલા ધરાવીને, પ્રસાદમાં પોતે કેવલ છોલા જ લે છે; પોતે પકવાન કે મીઠાઈ લેતા હોત તો એમના ધરેલા છોલા ઠાકુરજી માટે ઉત્તમ સામગ્રી ન બનત.

પોતાના નિતાંત પ્રિય શ્રીકૃષ્ણના સુખની અત્યધિક કાળજી રાખનાર આપણા શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવને સમજાવે છે કે, વૈષ્ણવની દૃષ્ટિથી ઉત્તમ સામગ્રી કઈ ગણાય. ક્લેશ વિના, નીતિથી અને આનંદથી કમાયેલા આપણા ધનમાંથી, આપણા વર્તમાન સંજોગોને અનુલક્ષીને, આપણને જે ઉત્તમ કે પ્રિય સામગ્રી લાગતી હોય, તેને, ગીતાજી કહે છે તેમ भक्त्या પ્રભુને સમર્પિત કરીએ, ત્યારે તે સામગ્રી પ્રભુ માટે ઉત્તમ સામગ્રી બની જાય છે અને પ્રભુ એનો અંગીકાર પ્રસન્ન વદનથી કરે છે.

વલ્લભાષ્ટક કહે છે;

"यस्मादस्मिन् स्थितो यः किमपि कथमपि क्वाप्युपाहर्तुमिच्छ
यद्वा तद् गोपिकेशः स्ववदनकमले चारुहासे करोति ।"

આવી રીતે આપણને જે ઉત્તમ વસ્તુ લાગતી હોય તે, સૌપ્રથમ, ઉત્તમ વસ્તુના ભોક્તા એવા ઠાકુરજીને પ્રેમથી આરોગાવીને, પછી આપણે એનો ઉપભોગ કરીએ ત્યારે સેવક-સેવ્યનો ધર્મ આનંદથી નભિ જાય છે. વલ્લભદાસજી ગાય છે;

"अत्तर फूल फल जो कछु उत्तम प्रभु पहेले ही धरावो ।
जो मन उत्तम पें प्रभु कु धर सब खावो ॥
कर संबंध स्वामी सेवक को
चल मारग की चले वस्तु रीति ।
पूरन प्रभु भाव के भूखे हाव अंतर की प्रीति ॥"

વૈષ્ણવે ધરેલી સામગ્રી ઉત્તમ ક્યારે કહેવાય અને ઠાકુરજી ઉત્તમ વસ્તુના ભોક્તા ક્યારે બને છે, એના વિવિધ પહેલુઓના અદ્‌ભુત દર્શન ગુલાબવાળા ક્ષત્રીયની આ વાર્તામાં કરવા જેવા છે. આ વાર્તામાં આ વૈષ્ણવને ગુલાબનું ફૂલ ઉત્તમ લાગે છે, તો, એના ઉપર એ ભગવદીય, રૂપિયા એક લાખની ન્યોછાવર કરીને એમણે એ પુષ્પને પોતાના ઠાકુરજીને ભક્તિથી અંગીકાર કરાવ્યું છે. જ્યારે આ ભક્તને મહેસુસ થાય છે કે પ્રભુએ એમના સમર્પણની અંગીકૃતિ કરી છે, ત્યારે, પ્રભુએ કરેલી એવી અંગીકૃતિના પ્રતિસાદ રૂપે, દીનતાથી, આ ફૂલવાળા વૈષ્ણવ પોતાના ભાગ્ય ખુલી ગયા છે એવા ભાવની મસ્તીમાં એ કૃતકૃત્યતા અનુભવે છે.

વાર્તા કહે છે; "जो - मेरो बडो भाग्य है, जो - श्री ठाकुरजी फूल कों अंगीकार किये हैं ।" અર્થાત્ ગુલાબવાળા એ ભગવદીયના મનમાં, એ વખતે, એવો ભાવ નથી વિરમતો કે મેં આ મોંઘુ ફૂલ ઠાકુરજીને ધરાવ્યું છે, તેથી ઠાકુરજીએ એની અંગીકૃતિ કરી છે. પરંતુ આ પ્રસંગમાં, એમનો માનસિક અભિગમ એવો છે કે મારા મહાન ભાગ્ય છે કે આજે ઠાકુરજીએ કૃપા કરીને મારી પાસેથી આ ફૂલની સેવા લીધી છે. આવો દીનતાભર્યો ઉત્કૃષ્ટ ભાવ હોય ત્યારે વૈષ્ણવે ધરાવેલી સામગ્રી પ્રભુને "ઉત્તમ" લાગે છે. તેથી એકલાખ રૂપિયાની ન્યોચ્છાવરી કર્યા પછી પણ આ વૈષ્ણવના મનનાં કોઈ ખૂણામાં ય એમને કોઈ ગર્વ રહેતો નથી, કારણકે, એ જાણે છે કે, એમણે અહંકારથી ધરેલી ઉત્તમ લાગતી સામગ્રી પણ ન્યૂન બની જાય છે.

તો ભક્તિથી સામગ્રી સમર્પિત કરવી એટલે શું ? કેવલ નવધાભક્તિથી પ્રભુ સાથે પુષ્ટિજીવનો સ્નેહ જોડાય, એને આચાર્યચરણ પર્યાપ્ત નથી માનતા. કારણકે આવો સ્નેહ એક છૂટ્ટા ઘોડા જેવો છે. એના કારણે જો જીવ કેવલ સ્નેહથી પરમાત્માનું શ્રવણ કીર્તનાદિ કરે અને એ વખતે કોઈ જીવમાં અહંતા કે મમતાનું પાસું અતિવૃદ્ધિ પામે, તો, એનો સ્નેહ ગાયબ થઈ જાય છે. જેમ કે મમતાનો આવેશ વધે તો, ધનના લોભના કારણે, આવો જીવ એક ફૂલ પર એક લાખ રૂપિયાની "ન્યોચ્છાવરી" કરતો અટકી જાય છે. તેથી જ શ્રીમહાપ્રભુજી નવધાભક્તિથી આગળ જઈને, કૃષ્ણસેવાની ભાષા ઉચ્ચારે છે અને એ સેવાને, અહંતા

મમતા રૂપ તનુવિત્તજાથી જોડે છે. અર્થાત્ સ્નેહના છૂટ્ટા ફરતા ઘોડાને આચાર્યજી અહંતા અને મમતાની સવારીથી સજ્જ કરે છે, જેના કારણે ભગવત્સેવા, સમર્પણાદિ એ સર્વે પુષ્ટિભક્તિનું અંગ બની જાય છે. તેથી જ વૈષ્ણવે નવધાભક્તિ, સેવાના અંગ રૂપે કરવી જોઈએ અને ન કે નવધા ભક્તિના અંગરૂપે સેવા. સેવા કરનાર વૈષ્ણવ જ કઈ વસ્તુ ઠાકુરજી માટે ઉત્તમ છે કે નથી એનો નિર્ણય કરી શકશે. જે પુષ્ટિજીવ સેવા જ કરતો નથી એને ઉત્તમ સામગ્રીનો વિચાર કે ભાવ કરવાનો અવકાશ જ રહેતો નથી. હું, મારું અને એમાં ભગવત્સ્નેહ જોડાય તો તે સાંગોપાંગ ભક્તિનું સ્વરૂપ લે છે. આ ક્ષત્રી વૈષ્ણવનો ભગવત્સ્નેહ એમની અહંતા-મમતા સાથે સંકળાયેલો હોવાથી એ સમ્યક્ પુષ્ટિભક્તિનું સ્વરૂપ લે છે અને તેથી જ, આ ક્ષત્રી ભગવદીય ઉત્કૃષ્ટ ભક્તિના આવેશમાં જયારે એક લાખ રૂપિયાની ન્યોચ્છાવરી ગુલાબના ફૂલ પર કરે છે ત્યારે, એમની મમતાથી જનિત થતો દ્રવ્ય માટેનો મોહ, એમને આડે આવી શકતો નથી, પરંતુ એમની પુષ્ટિભક્તિના અંગરૂપ એવા સ્નેહમાં એમની ધન પ્રત્યેની મમતા વિગલીત થઈ જાય છે. કારણકે સેવા કરતા કરતા આ ભક્તની લૌકિક મમતાનું રૂપાંતર ભગવત્સ્નેહમાં થઈ ગયું હોય છે. એનો અર્થ એ થાય છે કે આ ભક્તએ કરેલી રૂપિયા એક લાખની ન્યોચ્છાવરી, એ, એમની સ્થાયિભાવની પુષ્ટિભક્તિનો એક અપ્રતિમ અનુભાવ (Expression) છે. એવો જ અનુભાવ ખરબુજાવાળા શેઠ (૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૨૫) એક ખરબૂજા પર રૂપિયા એક હજારની ન્યોચ્છાવરી કરીને

અભિવ્યક્ત કરે છે.

વાર્તા કહે છે; "सो एक समै गुलाब को फूल एक प्रथम ही आयो हतो ।" આ પ્રસંગમાં એક જ ગુલાબ ઉપલબ્ધ હોવાથી, આ ભગવદીયમાં સામગ્રીની અદ્વિતિયતાના કારણે "આ સામગ્રી તો મારા ઠાકુર માટે જ છે અને બીજો કોઈ એને સ્પર્શ પણ ન કરી શકે" એવી તીવ્ર ભાવના એમનામાં આવિષ્કૃત થઈ જાય છે. વસ્તુ એક હોય અને લેનાર અનેક હોય, ત્યારે, એ વસ્તુ, વૈષ્ણવ કયા ભાવથી (કિંમતથી) લે છે, એમાં આ ભગવદીયના ભાવનું મૂલ્યાંકન થઈ જાય છે. એની ફલશ્રુતિરૂપે રૂપિયા એક લાખ, એક ગુલાબના પુષ્પ પર ન્યોચ્છાવર કરતી વખતે આ વૈષ્ણવના અંતરમાં સમર્પણના ભાવની કેવી "ગુલાબી" ભાવસંપદા આવિષ્કૃત થઈ ગઈ છે, એના દર્શન અષ્ટછાપની વાણીમાં કરી લઈએ; "परमानन्द स्वामी के उपर सर्वस्व डारो वाररी ."

આ ભગવદીય, પ્રભુને નૂતન ઉત્તમ સામગ્રી સમર્પિત કરવાનો અવિરત મનોરથ કરતા હોવાથી, તેઓ રોજ બજારમાં નવી સામગ્રીની "શોધ" કરી રહ્યા હોય છે. આવી ભાવાત્મક શોધથી ઉપલબ્ધ થયેલી સામગ્રીને, આ વૈષ્ણવ, ભક્તિથી પ્રભુને ધરાવે છે, ત્યારે, એ સામગ્રી ઉત્તમ બની જાય છે. કેવી આશ્ચર્યજનક આ વાત છે કે એક અંગુલી પર સાત દિવસ ગિરિરાજજીને ધરનાર વ્રજનો એ જ ઠાકુર, સુકોમલભાવથી ધરાવેલ એક મુલાયમ ફૂલનો ભાર સહી શકતા નથી. વિરહાગ્ને શ્રીવલ્લભપ્રભુની કૃપાથી,

ભક્તના સમર્પણમાં, જયારે વિરહાત્મક ભાવ સમાવિષ્ટ થઈ જાય છે, ત્યારે, એણે સમર્પિત કરેલી સામગ્રી પ્રભુ માટે ઉત્તમ સામગ્રી બની જાય છે. તેથી જ વલ્લભદાસજી, શ્રીમહાપ્રભુજીની વધાઈમાં ગાય છે;

"ઉત્તરદલ વિરહાત્મક તનુધરી પુષ્ટિપ્રીતિ પ્રકટાઈ,_ _
_ _વિપ્રયોગ અનુરાગ નિવેદન દઈ વ્રજરીતિ સીખાઈ."

આ ભગવદીયના સમર્પણભાવના વિરહના આવેશને નિરખીને, એના પ્રતિસાદરૂપે ઠાકુરજી પણ, કૃપા કરીને, એક જ ગુલાબનું ફૂલ એમને બજારમાં ઉપલબ્ધ કરાવે છે. પછી પ્રભુ ઉત્સુકતાથી પોતાના શ્રીહસ્તકમલ પર પોતાનું મંજુલ ચીબુક ધરીને કુતુહલતાથી અવલોકી રહ્યા છે કે આવી એક જ સામગ્રી માટે આ વૈષ્ણવ, ભગવદાસક્તિને કારણે, કઈ હદ સુધી ન્યોચ્છાવરી કરવા તૈયાર થાય છે, જેના કારણે એમની સેવા, લીલામાં પર્યવસીત થઈ જાય છે. ગુસાંઈજીના કૃપાપાત્ર આ ભક્ત, જયારે, હદની પણ હદ ઓળંગીને, ઠાકુરજી માટે, એક લક્ષ રૂપિયામાં એ સામગ્રી "ખરીદે" છે, ત્યારે ગુલાબવાળા ક્ષત્રીનો સમર્પણનો પ્રચંડ તાપ નિરખીને એના પ્રતિસાદ રૂપે, લીલાનો અનુભાવ પ્રકટ કરતા શ્રીગોવર્ધનધર પણ પોતાના શ્રીમસ્તકને ઝુકાવીને વાહ_ _ વાહનો ભાવ અભિવ્યકત કરે છે. આમ આ ભગવદીયના સમર્પણના ભાવની આવી તિવ્રતા, તાપાત્મક માધુરીનું સ્વરૂપ લે છે અને એમાંથી પ્રકટ થયેલી લલિત લીલા અતિ રસલચીલી બની જાય છે.

પોતાના ગદ્ય સાહિત્યમાં વલ્લભદાસજી લખે છે

કે "प्रभु तो उत्तम वस्तु के भोक्ता हैं । तातें इनके योग्य सामग्री इनके भक्त ही सिद्ध कर जानत है । और कों सामर्थ्य नाहीं । सो काहे तें जो ये भक्तजन प्रभुन को रूप पहचानत हैं ।" प्रभुन को रूप पहचानत हैं અર્થાત્ હરિના રસૌ વૈ સઃ સ્વરૂપ અને પ્રભુની ભક્તવત્સલતાનો આવા ભક્તોને સદા અહેસાસ હોય છે. એ જાણે છે કે "આપ્તકામ" પ્રભુ, ભક્તોના મનોરથ પૂરણ કરવા માટે "ભક્તકામ" બનીને, ભક્તએ પ્રેમથી સમર્પિત કરેલી સામગ્રી અંગીકાર કરે છે.

પ્રભુને નિત્ય ઉત્તમ સામગ્રી ધરતા હોવાથી, ઠાકુરજી ઉત્તમ વસ્તુના ભોક્તા છે, એ સિદ્ધાંત, આ ભગવદીયની તાસીરમાં ઘર કરી ગયેલ છે. વાર્તા કહે છે; "यह क्षत्री वैष्णव श्रीठाकुरजी की सेवा भली-भांति सों करन लाग्यो । जगावतो, मंगला भोग धरतो । और उत्तम तें उत्तम आभरन पहरावतो । और समयानुसार सामग्री सिद्ध करि कै श्रीठाकुरजी कों भोग समर्पतो । समय भए भोग सराय आर्ति करि अनोसर करि वैष्णवन कों महाप्रसाद लिवावतो । या प्रकार नित्य करतो । पाछें और सामग्री सिद्ध करि कै राखे, सो सेन में श्रीठाकुरजी कों भोग समर्पे । पाछें भोग सराय श्रीठाकुरजी कों पोढावे । अनोसर करि कै बाहिर आवे । और पुष्प फलादि वस्तु लेइ सौ अपने हाथ सों ले आवतो । और काहू तें न मंगावतो । कछू द्रव्य कौ संकोच न करतो ।" ફલફલાદિ લાવવાની સેવા પણ આ વૈષ્ણવ પોતે જ કરતા હોવાથી, બજારમાં એ નિરીક્ષણ કરી શકે છે કે કઈ સામગ્રી ઉત્તમ છે અને કઈ નથી. જો આવી

પરચારગી એ ચાકર પાસે કરાવતા હોત, તો, સામગ્રીની ઉત્તમતાનું પરીક્ષણ કરવાનો એમને અવકાશ જ ન મળત.

વાર્તા કહે છે; "सो एक समै गुलाब को फूल एक प्रथम ही आयो हतो ।" પુષ્પ, વ્રજભક્તોનું ભાવાત્મક સ્વરૂપ હોવાથી, એમના ગામના આંગણામાં પ્રથમ આવેલ ગુલાબના ફૂલને નિરખીને, આ ક્ષત્રી વૈષ્ણવ મનોમન નિશ્ચય કરી લે છે કે, વ્રજની આ "નવલવધુ" કેવલ મારા પ્રભુને અંગીકૃત થવા જ અહીં "ગૌને" પધારેલ છે. તેથી આ ક્ષત્રી વૈષ્ણવ ગુલાબનું ફૂલ નિરખીને જયારે સૌપ્રથમ રૂપિયા ૧૦ અને રૂપિયા ૨૦ની ન્યોચ્છાવરી કરવા તૈયાર થાય છે, ત્યારે, આપણે પણ સમજી લેવું કે એ વખતે, આ ભગવદીયના હૃદયમાં એમના સેવ્યસ્વરૂપ માટેનો જે "પ્રેમ" છે તે એમની આ ન્યોચ્છાવરીમાં દૃષ્યમાન થઈ રહ્યો છે. આ પુષ્પનો અંગીકાર કેવલ મારા ઘરનો ઠાકુર જ કરશે એવા "આસક્તિ"ના ભાવથી, આ ભક્ત, રૂપિયા ૧૦૦ની ન્યોચ્છાવરી બોલે છે. એના પછી આ ભગવદીયમાં સમર્પણના ભાવની તીવ્રતા હોવાના કારણે તથા સામગ્રીના વિનિયોગમાં કોઈ પ્રતિબંધ આવશે એ વિચાર માત્રથી જ, આ ક્ષત્રી વૈષ્ણવના હૃદયમાં પ્રકટ થયેલો ભાવાગ્નિ, આ ભગવદીયને "સમર્પણની આસક્તિ"માંથી "સમર્પણની વ્યસનદશા"માં ઉડાન લેવડાવે છે અને એના કારણે, આ વૈષ્ણવ, ગુલાબના પુષ્પ માટે રૂપિયા ૧૦૦૦ની બોલી બોલે છે. અંતમાં તો, અન્ય વિસ્મારક એવી

"તન્મયતા"ની અવસ્થામાં બેબાકળા બનેલ આ ક્ષત્રી વૈષ્ણવને, કેવલ પોતાના ઠાકુરજી અને ગુલાબનું ફૂલ જ દેખાવા લાગે છે, બીજુ કાંઈ નહિ. આવી અવસ્થામાં, પોતાના ધનને નિતાન્ત તુચ્છ માનીને, તન્મયતાના પ્રચુર આવેશમાં, આ ભગવદીય, રૂપિયા એક લાખની ન્યોચ્છાવરી એક ગુલાબના ફૂલ પર કરી દે છે.

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વતોધિક સુદ્રઢ સ્નેહ એવું શ્રીમહાપ્રભુજી કથિત ભક્તિનું અખિલ સ્વરૂપ આ ભગવદીયમાં વિદ્યમાન જોઈને ગોવર્ધનધર શ્રીગુસાંઈજીને કહે છે; "सो वाकी वैष्णवता की कहां तांई सराहना करिए ?" આ કયા પ્રકારની વૈષ્ણવતા હશે ? ભગવદીય સમજાવે છે;

"एक रीति प्रीति बसकीने मोहन
याही तें ब्रजरीति न्यारी ।"

જે પરાત્પર પરબ્રહ્મ સામે ત્રિભુવન ઝૂકે છે, એ જ ત્રિલોકનાથને, આ ભગવદીયએ, ભાવથી ધરેલ એક મુલાયમ નાજુકડું ફૂલ ઝુકાવી દે, એ તો શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની કૃપાનો અનિર્વચનીય પ્રતાપ છે. આવી અતૂલ કૃપાની ફલશ્રુતિ છે;

"जाकी माया सब जगत नचावत
ताहि नचावत घोष की नारी ।"

કીર્તનમાં "નચાવત" છે, તો વાર્તામાં "ઝૂકાવત" છે. વાર્તા કહે છે; "और उहां श्रीगुसांईजी आप ताही समै श्रीगोवर्धननाथजी कौ सिंगार करत हते । सो देखे तो

श्रीगोवर्धननाथजी के मस्तक ऊपर गुलाब कौ फूल धर्‍यो है । सो फूल के भार सौं श्रीगोवर्धननाथजी आप झुकि रहे हैं । सो ऐसी छवि देखि कै, दरसन करि कै श्रीगुसांईजी श्रीगोवर्धननाथजी सों पूछे, जो - बाबा ! ऐसें क्यों झुकि रहे हो ? तब श्रीगोवर्धननाथजी श्रीगुसांईजी सों कह्यो, जो - फलानो अमूक गाम में तुम्हारो सेवक रहत है, सो वाने एक लक्ष रुपैया दे कै गुलाब को फूल ले कै समर्प्यो है । सो ताके भाव (भार) करि कै हम झूकि रहे हैं । सो वाकी वैष्णवता की कहां तांई सराहना करिए ?” ગુલાબના ફૂલવાળા આ વૈષ્ણવે સિદ્ધ કરેલ આવી રસાત્મક ભક્તિનું નામ છે; ભક્તિરસ સહિત ભગવલ્લીલા. भक्तिरससहिता भगवत एव लीला ।

આ ભગવદીયે, હરિ, ગુરુ, અને વૈષ્ણવ એમ ત્રણેયની પ્રસન્નતાને પ્રાપ્ત કરી છે. હરિ, ગુરુ અને વૈષ્ણવ જ્યારે સરાહના કરે ત્યારે સમજવું કે વૈષ્ણવે પ્રભુને સમર્પિત કરેલી સામગ્રી ઉત્તમોત્તમ છે. તેથી જ ગવાયું;

"गोपीग्वाल सकल मिल जेवत मुख ही सराहत जात ।”

અહીં સમજવાનું રહસ્ય એ છે કે શ્રીગોવર્ધનનાથજી, ગુસાંઈજીને કહે છે કે "सो वाकी वैष्णवता की कहां तांई सराहना करिए ।” તેમ શ્રીગુસાંઈજી પણ આ ભગવદીયની "વૈષ્ણવતાની” પ્રશંસા કરતા આજ્ઞા કરે છે કે; "जो-धन्य है, वा वैष्णव को भाग्य । जो-वाकौ समर्प्यो फूल श्रीगोवर्धननाथजी आपु अंगीकार किये ।” પ્રભુ અને

શ્રીવિઠ્ઠલેશપ્રભુ બન્ને આ ક્ષત્રી વૈષ્ણવની "વૈષ્ણવતા"ની સરાહના કરીને વાસ્તવમાં તો શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવસૃષ્ટિ પર કરેલી આવી અગાધ કૃપાનો "યશ" વિસ્તાર કરી રહ્યા છે. એનું કારણ એ છે કે, કૃષ્ણાવતાર વેળા પ્રગટેલા લીલા પરિકર "વ્રજભક્તો"ના નામે ઓળખાય છે અને એ લીલામાં કૃષ્ણ સ્વતંત્ર છે અને ભક્તો પરતંત્ર. પરંતુ કલિકાલમાં, શ્રીમહાપ્રભુજીએ જેના માટે **जीवा स्वभावतो हि दुष्टाः** કહ્યા છે, એ જ જીવને નામ નિવેદન કરાવીને એને "વૈષ્ણવ" બનાવ્યા છે. શ્રીવલ્લભપ્રભુએ બનાવેલા આવા વૈષ્ણવો, આચાર્યજીની કૃપાથી ભક્તિની કેવી પરાકાષ્ઠાની અવસ્થામાં વિહરી રહ્યા છે, એ પુષ્ટિસૃષ્ટિને સમજાવવા, પ્રભુ અને પ્રભુચરણ આ વાર્તામાં ગુલાબવાળા ભગવદીયની "વૈષ્ણવતા"ની સરાહના કરે છે. વાસ્તવમાં તો આ સરાહના ભીતર **अदेयदानदक्षश्च** એવા આપણા શ્રીવલ્લભના યશોગાન થઈ રહ્યા છે.

આચાર્યજીના ઉપદેશને અનુલક્ષીને આ ગુલાબવાળા ભગવદીય, વ્રજભક્તોના ભાવની ભાવના કરીને ભગવત્સેવા કરતા કરતા, સમર્પણના વિરહના પ્રાચુર્યમાં પ્રવેશી જાય છે, ત્યારે, એમના બીજભાવમાંથી એક સ્વતંત્ર ભક્તિ પ્રકટ થઈ જાય છે. આ સ્વતંત્ર ભક્તિ વ્રજભક્તોથી સહેજ હટીને પણ વ્રજભક્તોના ભાવની સમકક્ષ હોય છે. લાખ રૂપિયાનું ફૂલ, કૃષ્ણને અંગીકાર કરાવવાની વાત વ્રજલીલામાં આપણે સાંભળી નથી અને તેથી આ પ્રસંગમાં, આ વૈષ્ણવની સ્વતંત્રભક્તિનો અહીં વિલક્ષણ વિલાસ વિલસી રહ્યો છે. **पराधीना तु**

मर्यादा स्वाधीना पुष्टिरुच्यते . શ્રીઆચાર્યચરણે આધુનિક પુષ્ટિજીવોને કરેલું આવું સ્વતંત્ર ભક્તિનું પ્રદાન નિરખીને રોમાંચીત થયેલા વલ્લભદાસજી ગાય છે;

"विरह भाव सर्वस्व समर्पण परमभक्ति फलदानी,
वल्लभदास शरण थकी आयो मन कायिक और बानी ।"

******

(૨) "पाछे श्रीमथुरानाथजी ने कह्यो, तू धन्य है ।"

૮૪ વૈષ્ણવ વાર્તા : ૪ - पद्मनाभदासजीके बेटा ताकी बहू पारवती

પારવતી વહુના બેટા રઘુનાથદાસ જયારથી માતાને કહે છે કે; "जो-हौंतो न्यारो होउंगो । श्रीठाकुरजी की सेवा करौंगो ।" ત્યારથી આ "સેવારસિક" ભગવદીય પારવતી નિરાંતથી ઘેર બેસી રહેતા નથી, પરંતુ પોતાના ગૃહમાં હજી સુધી દાસભાવથી શ્રીમથુરાનાથજીની સેવા કરતા આ ભક્ત, હવે રઘુનાથદાસના ઘેર જઈને દાસાનુદાસભાવથી પ્રભુની પરચારગી તુરત જ શરૂ કરી દે છે. વાર્તા કહે છે; "पाछे रघुनाथदास न्यारे भये । सो वाकी माता पारवती जल भरि लावे । पात्र मांजे । श्रीठाकुरजी की परचारगी सब करि पाछे अपने न्यारे घर में जाय अकेली लीटी करि के भाव सों भोग धरे ।" શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે જે વૈષ્ણવના ઘેર ઠાકુરજી બિરાજતા ન હોય તેમણે બ્રહ્મસંબંધને સાર્થક કરવા માટે અન્ય વૈષ્ણવના ઘેર પ્રભુની પરચારગી કે બહારની સેવા કરીને ભગવત્સમર્પિત રહેવું જોઈએ. પારવતી આવી પરચારગી કર્યા ઉપરાંત "अकेली लीटी करि के" અતિભાવથી શ્રીમથુરાનાથજીને ભોગ પણ ધરે છે. ઠાકુરજી વૈષ્ણવના ભાવથી ભાવિત છે. "भज सखी भाव भावित देव, कोटि साधन करो तोउ न रीझे सेव ." આવો ભગવદ્‌ભાવ પુષ્ટિજીવને કેવી રીતે ઉપલબ્ધ થાય તે સ્વયં પારવતી વાર્તામાં કહે છે; "तब पारबतीने (રઘુનાથદાસ માટે) कही, जो-भले ही सेवा करि ।

प्रीति काहू के बांटे में नाहीं । श्रीआचार्यजी की कृपा ते होइगी ।" શ્રીવલ્લભની કૃપાથી ઠાકુરજીમાં સ્નેહ અનાયાસ થઈ જાય છે અને ભક્તનું પ્રભુમાં ચિત્ત સહજમાં લાગી જાય છે. ઠાકુરજીમાં વૈષ્ણવનું ચિત્ત લાગી જાય એનું સાધન કેવલ શ્રીમહાપ્રભુજીની કૃપા હોવાથી. એનું ગાન કરતા ગોપાલદાસજી શ્રીવલ્લભની વધાઈના ચોખરામાં ગાય છે;

"अभय दान निसान मेल्या चित्त जिन हरि कों दिया ।
गोपालदास अनंतलीला प्रकट श्रीवल्लभ भया ॥"

મહાપ્રભુજી જે પુષ્ટિજીવનું ચિત્ત પોતાની વરદ "હથેલી"માં લઈને પ્રભુને સોંપે છે, એ ચિત્તને ઠાકુરજી ક્યારેય પણ પાછું વાળતા નથી. આચાર્યચરણ પાસેથી આવા ભગવત્પ્રેમના દાનની અપેક્ષા રાખ્યા પહેલાં, કોઈ પણ પુષ્ટિજીવે સૌપ્રથમ એ સમજવું જોઈએ કે શ્રીમહાપ્રભુજી આપણી પાસેથી શી અપેક્ષા રાખી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીની પુષ્ટિજીવ પાસેની અપેક્ષાઓ ષોડશગ્રંથ અને આપના ઉપદેશાત્મક ગ્રંથોમાં અવસ્થિત છે. પારવતીએ શ્રીવલ્લભના ઉપદેશ અનુસાર પોતાના પુષ્ટિજીવનને ઢાળી દીધું હોવાથી એની ફલશ્રુતિરૂપે, શ્રીવલ્લભને આ ભગવદીયમાં સ્નેહ આવી જાય છે અને એ સ્નેહ પરાવૃત્ત થઈને, પારવતીમાંથી શ્રીમથુરાનાથજીમાં ભક્તિરૂપે અભિગમન કરે છે.

શ્રીમથુરાનાથજી નિરખી રહ્યા છે કે પારવતી વહુને પરચારગી સહિત શ્રીઠાકુરજીની કોઈપણ સેવા કરવામાં ઓછાપણું નથી લાગતુ. પરચારગીની સેવા

પણ પારવતી અતિ દીનતા, ઉત્સાહ અને ભાવથી કરી રહ્યા છે. પારવતી વહુ પોતાના ભાગ્ય માને છે કે પ્રભુએ મને સેવાથી વિમુખ નથી કરી પણ ઠાકુરજીએ "પોતાની" સમજીને મને પરચારગીની સેવામાં રાખી છે. પારવતીવહુના આ ભાવનું દૃશ્ય જોતાં શ્રીમથુરાનાથજી એ વખતે ભલે "મૌન" સેવી રહ્યા છે, પણ ત્યારે જ પ્રભુના અંતરમાં, આ ભગવદીય માટે ધન્યતાના ઉદ્‌ગાર કહેવાનાં "બીજ" રોપાઈ જાય છે. કારણકે આ ભગવદીયનો સર્વ વ્યવહાર કૃષ્ણપ્રીત્યર્થ છે.

વાર્તા કહે છે પારવતી વહુ "अकेली लीटी करि के भावसों भोग धरे ।" અને એનો મહાપ્રસાદ "जल के घूँट सों उतार के लेइ । श्रीठाकुरजी की सेवा शृंगार बिना सगरो राजस खानपान देह सुख सब त्याग कियो ।" એ વખતે પારવતીના હૃદયમાં એવું મહાદર્દ છે કે "મારા આ દેહાદિનો જ્યારે પ્રભુમાં વિનિયોગ જ થતો નથી ત્યારે આવા દેહને રાજસ ખાનપાન આદિથી પોષિત કરવાનો મને કોઈ અધિકાર નથી." પ્રત્યક્ષ સેવાના અભાવમાં, પારવતીમાં, પ્રભુ જ્યારે ભક્તિમૂલક ત્યાગના આવા ઉત્કૃષ્ટ લક્ષણ નિહાળે છે, ત્યારે "હું આ બાઈને ધન્ય ક્યારે કહું" એવો આવેશ ઠાકુરજીના હૃદયમાં "અંકુરિત" થઈ જાય છે. આવી અવસ્થામાં પારવતી વહુની સ્થિતિ કેવી છે ?

"तब ते रुचे नहि आन रजनी निंद न आवे
मोहे बिसर्यो भोजन पान."

સેવાના અભાવમાં "સેવારસિક" ભગવદીયોને

સમર્પણનો વિરહ કેવી રીતે થાય છે તેનું પારવતી અદ્‌ભુત દૃષ્ટાંત છે. શ્રીમથુરાનાથજી જયારે સ્વગૃહમાં બિરાજતા નથી ત્યારે પારવતી વહુના દેહ, ઈન્દ્રિયાદિમાં ભગવત્સેવા માટે અગ્નિ પ્રકટ થઈ જાય છે. એમના "હાથ" શ્રીમથુરાનાથજીના શૃંગાર માટે તડપી રહ્યા છે. એમનું "મન" વ્યથિત થઈ રહ્યું છે કે શ્રીઠાકુરજીને શૃંગાર ધરાવ્યા પછી, આ ભક્ત, પ્રભુનું પોતે નિત્ય નવીન રૂપ ઘડે છે તે નૂતનરૂપને નિરખવા મારા પ્રભુ ને હું હવે દર્પણ સન્મુખ નહિ કરી શકીશ. સેવાવેળા અહીં તહીં પરિચરણ કરતા પારવતી વહુના "ચરણ" સેવા વિના "થાકી" જાય છે. અહીં તહીં ચાલીને શ્રીઠાકુરજીનું પૂર્ણ શશિમુખ નવી નવી દિશાથી નિરખવાનો અને ઓવારણા લેવાનો જે લ્હાવો છે, તે પણ હવે તિરોહિત થઈ ગયો છે. કયાં છે હવે એ મુખચંદ્રનું દર્શન, જે શ્રીમુખકમલ, આ ભગવદીયના ચિત્તને અભિરમણ કરવાનું એક અનુપમ સ્થાન છે ! વાર્તા કહે છે પારવતી "प्रभुनकी आज्ञा प्रमाण चलती ." પરંતુ મધુરવાણીની આજ્ઞા કરવાવાળા પ્રભુ જયારે એમના ઘેર જ બિરાજતા નથી ત્યારે એમના "કાન"ને એવી અમૃતમય વાણીથી હવે કોણ કૃતકૃત્ય કરશે ! એવો પારવતીના હૃદયમાં વિષાદ છે. આ સમયમાં પારવતી વહુની દશા દર્શનીય છે.

"दर्शन को नैना तपे, लाल वचन सुनन को कान,
मिलवे को हियरो तपे, मेंरे जीवन प्रान ."

અહીં ખાસ સમજવાનું એ છે કે "પંચશ્લોકી"ગ્રંથમાં સમજાવેલ "अनुकूलस्य संकल्पः"થી વર્ણન કરેલ

"ષડ્વિધ શરણાગતિ"નું અખિલ સ્વરૂપલક્ષણ પારવતીના હૃદયમાં હવે પ્રકટ થઈ ગયું છે. કારણકે એ શરણાગતિના અંગભૂત એવી અનુક્રમે પારવતીની ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આત્મા, એ સર્વે, ભગવત્સમર્પિત છે. એટલે જ તો ભગવદીય ગાય છે;

"हरि भजन में कहा चहियत है ।
नैन, श्रवन, रसना, पद, पान ।
ऐसी संपत्ती जान मिली हो,
जो न भजे ताको बडी हान ।"

તેથી જ દેહેન્દ્રિયાદિની, ભગવત્સેવામાં, અવિનિયુક્ત અવસ્થામાં પારવતીના द्वैचार દિવસ મહદ્ બેચેનીમાં વીતી જાય છે. આવી ખેદયુક્ત અવસ્થામાં વિચરતા પારવતીને ઠાકુરજી કહે છે; "पाछे श्रीमथुरानाथजी ने कह्यो, तू धन्य है, मेरी सेवा नाही छोडे । अपनो सुख सब छोडे । मन में ताप हू बहुत कियो ।" કેવા ભક્ત ધન્યતાને પાત્ર છે તે ભગવદીય ગાય છે;

"कोटि प्रकार धन्य सोइ नर जो नहीं हरि बिसरावे ।"

અર્થાત્ જે ભગવદીય, કયારેય પ્રભુને વિસરતા નથી અને એવા જે મહાભાગ્યશાળીને પ્રભુ પણ કયારેય વિસરી શકતા નથી એવા ભગવદીય ધન્ય છે.

અહીં ગોકુલનાથજી "दिन द्वै चारि" કહીને પરોક્ષ રીતે ગૂઢ વચન એ કહી રહ્યા છે કે, આવા બે-ચાર દિવસોમાં પારવતી અતિ દીનતાથી, હૃદયથી પ્રભુને સેવા માટે કાલાવાલા કરી રહ્યા છે. તદુપરાંત "द्वै"માં

"चार" ઉમેરીએ તો "छ" થાય છે. તેથી જ તો ઠાકુરજી પણ પારવતીને કેવલ "छ" મધુર વાક્યોથી પોતાની મૃદુલવાણી સંભળાવી રહ્યા છે અને આ ભગવદીયના પ્રકટ થયેલા અલૌકિક છ ધર્મોનો કે ષડ્ધર્મોનો ગુપ્ત રીતે સંકેત કરી રહ્યા છે. તો ઠાકુરજીએ કહેલા કયા પીયૂષભર્યા છ વાક્યોમાં પારવતીના આવિષ્કૃત થયેલા કયા છ ધર્મોનો નિર્દેશ વાર્તામાં છે એનાં અદ્ભુત દર્શન આપણે પણ કરી લઈએ.

(૧) "तू धन्य है" કહીને શ્રીમથુરાનાથજી પારવતીના "યશ" ધર્મનો વિસ્તાર કરી રહ્યા છે. ઠાકુરજીતો નિતાંત કોમલ હૃદયી છે અને તેથી જ પરવતી વહુના સમર્પણભાવની જે તાપાત્મક વહિન છે, એને સહી શકતા ન હોવાથી આ ભગવદીયના ભાવનો યથાર્થ પ્રતિસાદ આપતા શ્રીમથુરાનાથજી એમને કહે છે કે "तू धन्य है," કોઈ ભગવદીયના ગુણની સરાહના કરતા બીજા વિશેષણો ઓછા લાગતા હોય ત્યારે "ધન્ય ધન્ય" કહેવાઈ જાય છે. ઠાકુરજી જેને ધન્ય કહે એનાથી વિશેષ એવા ભગવદીયના યશનો બીજો કયો વિસ્તાર હોઈ શકે ? ભક્તના પ્રેમની પ્રીતને આવો પીયૂષભર્યો પ્રતિસાદ આપવાની શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ઠાકુરજીની આ સલૂણી રીત છે.

"सुमरे वाकी सुध लेत है भीड परे के काज
जाको जुग में कोइ नहीं वाको कृष्ण ब्रजराज ।"

ભક્તો માટે આવા સુકોમલ હૃદયી ઠાકુરજી કાજ પણ આપણાથી સહજ બોલાઈ જાય છે કે "હે પ્રભુ !

આપ પણ ધન્ય છો !"

(૨) "मेरी सेवा नाही छोडे." અહીં ઠાકુરજી પારવતી વહુના "ઐશ્વર્ય"ધર્મને દાદ આપી રહ્યા છે. કારણકે કૃષ્ણસેવા એ જ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર પુષ્ટિજીવનો મુખ્ય ધર્મ છે અને એ ધર્મના પાલનમાં વૈષ્ણવનો "ઐશ્વર્ય"ધર્મ અનાયાસ આવિષ્કૃત થઈ જાય છે. કારણકે અનંત કોટિ બ્રહ્માંડના નાથની સેવા કરી રહ્યો હોય છે, આવો ભક્ત, પ્રભુના સુખ માટે કાંઈપણ કરવા સદા તૈયાર હોય છે.

(૩) "अपनो सुख सब छोडे ।" શ્રીમથુરાનાથજી, પારવતીના "વૈરાગ્ય" ધર્મને નિર્દિષ્ટ કરતા આમ કહે છે. આવી અવસ્થા વ્રજની ગોપીઓની હતી, જે, પ્રભુને આરોગાવ્યા સિવાય પોતે પણ કાંઈ વસ્તુ લઈ શકતા ન હતા અને યશોદાજીને કહેતા; "अटक रहत तुम्हारे सुतपर इन बिन लियो न जात ।" તેવી જ રીતે જયારે ઠાકુરજી ઘેર બિરાજતા નથી, ત્યારે, પારવતી વહુને પણ પોતાના દેહેન્દ્રિયાદિની "પ્રત્યક્ષ" અવિનિયુક્ત દશામાં ન કોઈ ભોજન રુચે છે કે ન તો કોઈ પ્રકારનું સ્વસુખ. કારણકે પ્રભુના સુખવિચારમાં જ પારવતી વહુજીએ પોતાનું સુખ વણી દીધું છે. પારવતી વહુ પોતાની અસમર્પિત ઈન્દ્રિયોનો નિગ્રહ કરી રહ્યા છે અને આચાર્યજીની નિરોધલક્ષણગ્રંથની આ વાણીને સાક્ષાત્ જીવી રહ્યા છે;

"यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥"

પ્રભુ જયારે પ્રત્યક્ષમાં બિરાજતા નથી, ત્યારે, ભગવદીયની સર્વેન્દ્રિયો નિશ્ચેષ્ટ બની જાય છે. પુષ્ટિજીવનો, પ્રભુ સાથે, "નિત્યસંબંધ" કરાવીને પારવતી જેવા "સેવારસિક" ભગવદીયોને, એમની અવિનિયુક્ત દશામાં વિપ્રયોગનું દાન પણ મહાપ્રભુજી જ કરે છે. ભગવદીય ગાય છે;

"नित्य संबंध कराय भाव दे विरह अलौकिक बेन ।"

(૪) "मन में ताप हू बहुत कियो ।" કેવલ બે-ચાર દિવસના સેવાના અભાવમાં આ ભગવદીયનો સમર્પણનો વિરહ એમનામાં પ્રતિપલ ભગવત્પ્રીતિનું વર્ધન કરી રહ્યો છે. કારણકે સમર્પણનો ભાવ ભગવત્સ્નેહને જગાડનાર છે. પ્રભુની સેવા માટે આવો પ્રચંડ તાપ કરનાર પારવતીનો અહીં "વીર્ય"ધર્મ પ્રકટ થઈ જાય છે. વાસ્તવમાં તો વિરહવહ્નિ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી જયારે કોઈ ભગવદીયના હૃદયમાં પધારે છે, ત્યારે, આવા વૈષ્ણવનો વિયોગજન્ય વિરહાગ્નિ અત્યંત ઉદ્દીપ્ત થઈ જાય છે. भक्तिमार्गाब्जमार्तंड શ્રીવલ્લભના સન્નિધાનમાં, પારવતીના કમલરૂપી હૃદયમાં ઠાકુરજી માટેની પ્રીતિ दिन द्वै चारમાં અતિ અભિવૃદ્ધ થઈ જાય છે. ભગવદીય ગાય છે;

"कमल कली रवि बढे ज्यों लाल
क्षणु क्षणु प्रीति विशेष ।"

(૫) "अब तू कबहु तो दारि करि ।" શ્રીમથુરાનાથજી પારવતી વહુને દાળ કરવાની એના માટે આજ્ઞા કરે છે કે ભગવત્સ્નેહના પ્રાચૂર્યમાં અને સેવા વિના પારવતી

વહુ કેવલ "अकेली लीटी करि के भाव सों भोग धरे" છે અને "जल के घूंट सों उतार के लेइ ।" અહીં આ ભગવદીયના પ્રભુ માટેના સ્નેહના સૌંદર્ય કે "શ્રી" ધર્મનાં આપણને દર્શન થાય છે. તેમજ ઠાકુરજી પણ પારવતીના સુખનો વિચાર કરીને અને આ ભગવદીય પ્રતિ પોતાના સ્નેહના લાવણ્ય કે "શ્રી"ને અભિવ્યક્ત કરતા કહે છે; "अब तू कब हू तो दारि करि ."

(૬) "मेरो गरो अकेली लीटी लेत खरखरात है ।" આમ કહીને પ્રભુ પારવતીના "જ્ઞાન"ધર્મને ઉદ્‌બોધિત કરી રહ્યા છે. અંતર્યામી ઠાકુરજી જાણે છે કે પારવતી વહુને પોતે આમ નહીં કહે તો આ ભગવદીય કેવલ "અકેલી લીટી" જ લેતા રહેશે અને એના કારણે "પોતાની" પારવતીને બહુ જ શ્રમ પડશે. વાસ્તવમાં તો પારવતીના સુખનો વિચાર કરનાર પ્રભુ પોતે કેટલા ભક્તવત્સલ છે એનું "જ્ઞાન" પણ આ પ્રસંગમાં શ્રીમથુરાનાથજી અખિલ પુષ્ટિસૃષ્ટિને આપી રહ્યા છે. પોતાના નિજભક્તો માટે શ્રીઠાકુરજી કેટલા લાગણીશીલ અને આર્દ્ર બની જાય છે એનું દર્શન આ પ્રસંગમાં કરીને આપણાથી પણ કહેવાઈ જાય છે કે "હે મારા પ્રભુ ! તમે ધન્ય છો." "भक्तवत्सल तिहारो नाम ."

******

(૩) ઠાકુરજી બોલતા નથી, તો મારે શું કરવું ?

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૫૭ - પ્રેમજી લુહાણા, હાલાર કૌ.

આ પ્રશ્ન તો શ્રીગુસાંઈજીની "અવતાર અવસ્થા" વેળા પ્રેમજી લુહાણાને ઉદ્‌ભૂત થાય છે, તો આધુનિક સ્થિતિમાં, જયારે પ્રભુનો અવતારકાલ નથી, ત્યારે, આ સવાલ અનેક વૈષ્ણવોનો બની જાય એ સ્વાભાવિક છે. પ્રેમજી આત્મસંભાષણ કરે છે કે; "और वैष्णव के इहां तो श्रीठाकुरजी बोलत हैं । और मैनें तो श्रीगुसांईजी सों कही, जो-सूक्ष्म साधारन सेवा पधरावें । परंतु श्रीगुसांईजी ने कही, जो-यही सूक्ष्म साधारन है और यही असाधारन है । सो ये तो कछू बोलत नाहीं ।" અહીં સમજવાનું એ છે કે આ ભકતએ પોતાના આત્મકથિત શબ્દોને પણ નિર્ગુણભાવના સંપુટમાં રાખ્યા છે, નહિ તો કદાચ આવી કાંઈક વાણીમાં ઠાકુરજીને કહી દેત કે;

"मोसों क्यों न बोले रे नंद के लाल
तेरो कहा लिये जात ।"

બીજા વૈષ્ણવ સાથે પ્રભુ બોલે છે પણ પોતાની સાથે ઠાકુરજી મૌન ધરે છે, એ વિચારમાં પ્રેમજીની અન્ય વૈષ્ણવ માટે ઈર્ષા નથી પ્રકટ થતી, પણ આ ભકતમાં, એ વખતે, પ્રભુની મૃદુલવાણીનું સાક્ષાત્ શ્રવણ કરવાની આર્તિનાં દર્શન થાય છે. એ આર્તિના કારણે, દીનતાથી, પ્રેમજીને એમ લાગે છે કે; "મારામાં જ કાંઈ ત્રુટી છે.

જેના લીધે ઠાકુરજી પોતાની અમૃતમય વાણીનું રસપાન મને કરાવતા નથી." નિ:સાધન ભાવથી પ્રેમજી, પ્રભુને મનોમન વિનંતી કરી રહ્યા છે;

"कब देखोंगे मेरी ओर नागर नंदकिशोर"

શ્રીગુસાંઈજી, પ્રેમજીભાઈને એમ શા માટે કહે છે કે; "यही सूक्ष्म साधारन है और यही असाधारन है ।" સૂક્ષ્મ સાધારન કહીને શ્રીગુસાંઈજી પ્રેમજીને એમ સમજાવે છે કે કોઈ પુષ્ટિજીવ, બીજાના ઘેર બિરાજતા ઠાકુરજી કરતાં પોતાના માથે બિરાજતા પ્રભુનો "power" ઓછો છે, એમ માને છે, ત્યારે, એના સેવ્ય પણ સાધારણાતિસાધારણ રૂપે બિરાજે છે. પરંતુ મારે ઘેર બિરાજતો ઠાકુર, સાક્ષાત્ પૂર્ણાનંદ શ્રીહરિ છે એવો જ્યારે વૈષ્ણવને પોતાના સેવ્યસ્વરૂપ માટે અસાધારણ ભાવ આવી જાય છે, ત્યારે, આપાતતા સામાન્ય લાગતું ધાતુનું, ચિત્રજીનું કે વસ્ત્ર સ્વરૂપ, એના અસાધારણ મૂળ સ્વરૂપનાં દર્શન કરાવે છે. એટલે જ વિઠ્ઠલેશપ્રભુ પ્રેમજીને કહે છે કે; "यही असाधारन है ।" આ ભક્તમાં જ્યારે નિ:સાધનતા અને દીનતાનો ભાવ જાગી જાય છે, ત્યારે, પ્રભુ એના પર શી કૃપા કરે છે તે વાર્તા સમજાવે છે; "पाछें उत्थापन के समै न्हाय कै उत्थापन किये । ता समय देखें तो समस्त ग्वालमंडली के दरसन भए । वस्त्र के तार-तार स्वरूप देखें । सगरे गादी पै स्वरूप के दरसन भए । तब मन में बिचारी, जो-मेरे मन में जो मनोरथ हतो सो श्रीगुसांईजी पूरन किये । देखो, यही असाधारन हैं । और यही साधारन है ।"

ઠાકુરજી બોલતા નથી તો વૈષ્ણવે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન પ્રેમજી લુહાણાની વાર્તામાંથી, આપણને અતિ વિસ્તારથી મળી જાય છે. આવા માર્ગદર્શનને આપણા પુષ્ટિજીવનમાં વણવાથી, ઠાકુરજી, આપણી સાથે બોલવા પ્રેરાય એવી આપણી ભક્તિની વિલક્ષણ દશા નિર્માણ થઈ શકવાનો અહીં અવકાશ મળી જાય છે. પ્રેમજીભાઈએ શ્રીગુસાંઈજીને સૂક્ષ્મ સેવા પધરાવવાની વિનંતી કરી અને એવી "સેવા" મનથી કરતાં કરતાં પ્રેમજીને પોતાના સેવ્યસ્વરૂપમાં પ્રેમ અને ભાવ પ્રકટ થઈ જાય છે, ત્યારે, એમના માટે એક વખત સૂક્ષ્મ લાગતું સાધારણ સ્વરૂપ, પોતાનું અસાધારણરૂપ પ્રકટ કરે છે. અર્થાત્ પોતાના સેવ્યસ્વરૂપમાં કોઈપણ સેવકને પરાત્પર પરબ્રહ્મનો ભાવ આવી જાય છે, ત્યારે, એવો ભક્ત પોતાના અહોભાગ્ય માને છે કે સાક્ષાત્ અનંત કોટિ બ્રહ્માંડના નાથ એવા ગોકુલપતિ, મારી પાસે સેવા લઈ રહ્યા છે. પ્રભુની સેવા હું કરી રહ્યો છું, એવો ભાવ આ લુહાણા ભક્તમાં હોત તો એમણે પોતે કરેલા સાધનનું બળ એમના મનમાં સ્થિર થઈ જાત અને એ અવસ્થામાં ક્યારેય પણ એમનામાં નિ:સાધનતાનો ભાવ નિખાર પામી ન શકત. પરંતુ પ્રેમજી લુહાણાની સેવા કેટલી પ્રેમાત્મક, ભાવાત્મક અને મહાપ્રભુજીના સિદ્ધાંતાત્મક છે એના અદ્ભુત દર્શન વાર્તા કરાવે છે; "सो भली भांति सों सेवा करन लाग्यो । मंगला, सिंगार, राजभोग करि कै अनोसर करि पाछें जो कोई वैष्णव आवे ताकों महाप्रसाद की पातरि धरतो ।" ઠાકુરજી આપણી સાથે ન બોલતા

હોય તો ય પ્રેમજીએ અભિવ્યક્ત કરેલ ભક્તિની આવી પરંપરામાં વૈષ્ણવ પોતાનું પુષ્ટિજીવન ઢાળે, તો, એવા ભક્ત પર કૃપા કરીને ઠાકુરજી ક્યારેક બોલવા પ્રેરાઈ જાય છે.

તો પ્રેમજીલુહાણાએ અપનાવેલી ભક્તિની પરંપરા શી છે ? શ્રીમહાપ્રભુજીની વાણી અનુસાર પ્રેમજી પોતાનું પુષ્ટિજીવન ઠાકુરજી સંગ જીવી રહ્યા છે અને તેથી જ यथा लाभ संतोष જેવી આચાર્યજીની વાણીનું એ સતત પરિપાલન કરી રહ્યા છે. એને પ્રસ્ફૂટ કરતાં વાર્તા કહે છે; "ता पाछें आप महेनत-मजूरी करिवे जातो । सो उत्थापन के समै आय जातो । इतने में खरच लायक मिलि जातो ।" આચાર્યચરણે સમજાવેલ તનુવિત્તજા સેવાનું સંપૂર્ણ રહસ્ય આ એક વાક્યમાં અંગડાઈ લઈ રહ્યું છે. પ્રેમજી લુહાણા પોતે મહેનત કરીને મજૂરી કરે છે. એમાં એમની તનુસેવાનો અંગ સમાવિષ્ટ થઈ જાય છે અને એ મજૂરીમાંથી ઉપાર્જિત દ્રવ્યનો વિનિયોગ, એ ઠાકુરજી માટે જ કરે છે એમાં એમની વિત્તજા સેવાની ઝાંખી થાય છે. તદુપરાંત શ્રીવલ્લભપ્રભુએ કથિત सेवायां वा कथायां वा વાક્યને પ્રેમજીભાઈ સાક્ષાત્ જીવી રહ્યાં છે. વાર્તા કહે છે; " फेरि न्हाय कै उत्थापनभोग, सेन करि कै पाछें भगवद्वार्ता में जातो । या प्रकार भली भांति सेवा करतो ।" આનો નિષ્કર્ષ એ છે કે જે ભક્ત શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને તદનુસાર ઠાકુરજી સંગ પુષ્ટિજીવન વીતાવે છે, ત્યારે, શ્રીઆચાર્યજીના સિદ્ધાંતોનું અનુસરણ કરતા આવા સેવક માટે સેવ્યસ્વરૂપને પ્રેમનો ઉભરો

આવી જાય છે અને એ ઉભરાના આવેશમાં મૌન ધારણ કરેલ ન બોલતા પ્રભુ અચાનક બોલતા થઈ જાય છે. આ રહસ્યને જ પ્રતિપાદિત કરતા વાર્તાના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; "यामें यह जताए, जो-वैष्णव कों श्रीगुसांईजी के वचन में बिस्वास राखनो । और सेवा भाव-प्रीति संयुक्त करनी । तो प्रभु अनुग्रह करि सानुभावता जनावें ।"

મારા પ્રાત:સ્મરણીય ગુરુજી પૂજ્યપાદ ગોસ્વામી શ્રીદીક્ષિતજી મહારાજશ્રી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્વરૂપ સમજાવતાં મને કહેતા કે; "જે એક છે તે અનેક છે, જે અનેક છે તે એક છે. એક અને અનેક એક છે." આના સાક્ષાત્ લીલાત્મક દર્શન પ્રેમજીભાઈની વાર્તામાં થાય છે. એક વસ્ત્ર સેવામાં, ભગવત્કૃપા થતાં પ્રેમજીભાઈને એના તાર-તારમાં ઠાકુરજીનાં દર્શન થાય છે અને ગાદીજી પર અનેક સ્વરૂપ, આ ભગવદીયને પોતાની સુરમ્ય ઝાંખી કરાવી રહ્યા છે, ત્યારે, મારા ગુરુજીએ સમજાવેલ "એક છે તે અનેક"ના સિદ્ધાંતની આ લીલાનુભૂતિ બની જાય છે. તત્પશ્ચાત્ પ્રેમજીભાઈને મનમાં વિમાસણ થઈ જાય છે કે "इतने स्वरूपन कौ सेवा-सिंगार मोतें कैसे बनेगो ।" ત્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુની કૃપાથી આવા અનેક સ્વરૂપો પુન: એક બની જાય છે. વાર્તા કહે છે; "ता पाछें भोग सरायवे गये । सो देखें तो प्रथम हतो तेसैंइ वस्त्र - सेवा हे ।" આમ પૂજ્યપાદ ગુરુજીએ સમજાવ્યા પ્રમાણે પ્રેમજીને ખ્યાલ આવી જાય છે કે જે અનેક છે તે એક છે. વાર્તા કહે છે; "तब प्रेमजी मन में कहे, जो-श्रीगुसांईजी तो परम

दयाल हैं । जैसें भक्तन के मन कौ मनोरथ होंई सो पूरन करे हैं ।”

પ્રેમજીભાઈની વાર્તા વાંચીને કોઈને સહેજ “ગભરાટ” થઈ જાય કે આ ભક્ત જેવી ભક્તિની કક્ષા આપણી ન આવે ત્યાં સુધી શું પ્રભુ આપણી સાથે બોલશે નહિ !! વાસ્તવમાં તો કોની સાથે ક્યારે બોલવું, એ શ્રીઠાકુરજીની ઈચ્છા પર નિર્ભર છે. એના માટે તો શ્રીમહાપ્રભુજી આપણને શીખવે છે કે સર્વતંત્ર સ્વતંત્ર પ્રભુ પાસે પુષ્ટિજીવે निजेच्छातः करिष्यतिनो સકારાત્મક પ્રતિસાદ આપવો જ ઉચિત રહેશે. આ સિદ્ધાંતને અપનાવતી વખતે વૈષ્ણવ હતાશ ન પામે કે સેવા વખતે એનો આનંદ તિરોહિત ન થાય એના માટે, શ્રીઆચાર્યજીએ, શ્રીઠાકુરજી ન બોલતા હોય ત્યારે પણ પ્રભુ બોલવા પ્રેરાય એના અનેક “રંગીલા”, “રસીલા”, ઉપાયો દર્શાવ્યા છે. આ ઉપાયો લીલાભાવથી ચકચૂર છે, જેના કારણે સેવા કરતી વખતે આપણા આનંદ કે પ્રભુ સાથેના ખેલના ભાવમાં સ્ખલન ન પડે.

સૌથી પહેલાં તો શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે ઠાકુરજીની સેવા બાલભાવથી કરવાની છે. નાનકડું બાલક ક્યાં બોલે છે ? તો ય આપણે એની સામે “નાજૂક નખરા” કરીને, ઉલુલુલુ કરીને, લડાવી લડાવીને, હાવભાવ કરીને બાલકને બોલાવતા રહીએ છીએ, ત્યારે, આપણી તાપભાવભરી ચેષ્ટાઓથી ઘરનું બાલક પણ ક્યારેક હસી પડે છે. સેવા વખતે ઠાકુરજી સન્મુખ આવો અભિગમ ધરાવવાથી સેવામાં ખેલનો ભાવ સહજ રીતે સરવા માંડે છે. શ્રીમહાપ્રભુજીના “आनंदः”,

"परमानंदः" કે **"सहजस्मित"** નામોને યાદ કરીને આપણે પ્રસન્ન મુખથી સેવા કરતા હોઈએ તો આપણા મુખનાં દર્પણમાં પ્રભુને પોતાનું સ્મિત પ્રતિબિંબિત થઈ રહ્યું છે એવું લાગશે, એવો અતુલ પ્રતાપ સર્વોત્તમજીનાં નામોનો છે.

આપણું સેવ્યસ્વરૂપ આપણી સાથે "બોલવાની લીલા" ભલે ન કરતું હોય, તો વૈષ્ણવે પોતે પ્રભુ સામે લીલા શરૂ કરી દેવી જોઈએ. પ્રભુના વ્રજભક્તો સાથેના જે વાર્તાલાપ કે dialouge છે, એવા કૃષ્ણપક્ષના dialouge આપણે આપણા ઠાકુરજી સન્મુખ બોલવા જોઈએ. જેમ કે લગ્નવેળા કન્યાના પિતાનો dialouge પુરોહિત બોલે છે કે "આ કન્યા તને સોંપી" એ વાક્યો પરણેતર છોકરીનો પિતા નથી કહેતો પણ વરાવનાર બ્રાહ્મણ કહે છે. પિતા તો મૌન સેવતો હોય છે. તેમ ઠાકુરજી આપણી સાથે મૌન રહેતા હોય તો અષ્ટસખાની વાણીનો આધાર લઈને, ઠાકુરજીના dialouge બોલતા આપણે કહી શકીએ છીએ કે "મૈયા મોહે માખણ મીશ્રી ભાવે." યશોદામૈયા સામે નંદરાજકુમારે ઉચ્ચારેલા આ શબ્દો સાંભળીને, ક્યારેક, આપણા ઘરના ઠાકુરજીને આપણા હાથની માખણ-રોટી આરોગવાની "સ્ફૂર્તિ" આવી જશે. આવું લીલાગાન કરતા વૈષ્ણવમાં ય ઉત્સાહ આવી જાય છે અને પ્રભુ માટે ઘી ચોપડેલી સુકોમલ રોટી ધરતાં એ મસ્તીમાં ગાતો જાય છે;

"गोविंद मांगत हें दधि रोटी ।
माखन सहित देहु मेरी जननी शुभ्र सुकोमल मोटी ॥"

આપણી કરેલી રોટીમાં સ્વાદ ઉત્પન્ન કરાવવા માટે વૈષ્ણવને પુનઃ પ્રેમથી ગાવું જોઈએ;

"कटहरिया प्रभु को रुचि उपजी माखन सो चुपरी ।"

આવું કીર્તનગાન કર્યા પછી ઠાકુરજીને વિશેષ ઉદ્દીપન કરવા પ્રભુના પક્ષના બીજા dialouge બોલવાનો અવસર નહીં છોડવો જોઈએ;

"आगें आउरी छकहारी ।_ _ _ _
मैया छाक सवारे पठई तूं कित रही अबारी ।"

આવું આપણે ઉચ્ચારણ કરીએ અને તે વખતે ઉદ્દીપન થયેલા પ્રભુને આપણામાં "છકહારી"નો ભાવ આવી જાય તો આપણો તો બેડો પાર થઈ જાય. વાસ્તવમાં તો નિત્યલીલામાં ઉદ્દીપન વિભાવ અને તાદાત્મ્યનું જ ચક્ર ચાલે છે ને ! વ્રજભક્તોનો ભાવ આપણામાં ન આવે તો ચિંતા ન કરવી, પરંતુ આવી રીતે પ્રભુના પક્ષની વાણી ઉચ્ચારીને આપણે વ્રજભક્તોના ભાવની ભાવના તો કરી શકીએ છીએ ને ? આવી ભાવનાથી ભાવ સિદ્ધ થશે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "भावो भावनया सिद्धः." જેમ કે યશોદાજી જગાડે છે, એ વખતે यशोदात्संग लालित જીદ કરી રહ્યા છે;

"मोहन उठहि रार मचाई ।
छौंडि दै झूठौ काम धाम सब माखन रोटी दै मेरी माई ।"

વાસ્તવમાં તો આવી જીદ, પ્રભુ આપણી સાથે નથી કરતાં, કિન્તુ, ઠાકુરજીના પક્ષનું આવું વાક્ય આપણે પ્રભુ સામે બોલીએ, એ બાલકને લડાવવાની એક રીત

છે. એટલે જ કહ્યું; "સેવા રીત પ્રીત વ્રજજન કી." આપણા સેવ્યસ્વરૂપ સંગ આવી રીતે આપણે લીલા શરૂ કરી દઈએ, ત્યારે, ઠાકુરજી સાથે એક game કે રમત શરૂ થઈ જાય છે. અહીં સમજવાનું એ છે કે આપણો આ ઘરનો ઠાકુર આપણી "સોપાધિક" ભાષાને સમજી શકતા નથી પણ વ્રજભક્તોની "નિરુપાધિક" ભાષા, પ્રભુ સમજે છે અને આનંદ માણે છે. આપણને જે ઠાકુરજીને કહેવું છે એ જ વ્રજભક્તોના શબ્દોમાં કહીએ તો આપણી વાણી કે વાતાવરણ બન્ને કેટલા "મીઠડા" થઈ જાય છે, તેનાં દર્શન કરી લઈએ. વ્રજવધૂ કહે છે;

"उपर ज्यो गिरिधर बसे निचे जो घर होइ ।
बीन बुलाये बोलीये नैनन कों कल लेत ॥"

ન બોલતા ઠાકુરજી સાથે આપણો આવો માધુરીભર્યો સંવાદ હોય તો એ પ્રભુને કેટલો આહ્લાદક લાગે છે એની આપણે કલ્પના પણ નહિ કરી શકીએ. એનું કારણ એ છે કે આપણા સેવ્ય સ્વરૂપ મધુરાધિપતિ છે. આવા મધુરમૂર્તિ ઠાકુરજી આપણે માથે પધાર્યા છે અને એમણે આપણી સાથે સાધારણીકરણ કર્યું છે. અહીં સમજવાનું રહસ્ય એ છે કે, જ્યારે આપણે, વ્રજભક્તોની વાણી પ્રભુ સન્મુખ બોલીએ છીએ, ત્યારે, એ વખતે ઠાકુરજીને પોતાના પ્રિય વ્રજભક્તોની પ્રેમાત્મક શુદ્ધિ થઈ જાય છે. આના કારણે પ્રભુ આનંદવિભોર થઈ જાય છે. જેમ સ્વામિનીની કોઈ કથા, દૂતિ પ્રભુને કહે ત્યારે સૌથી પહેલા ઠાકુર એ દૂતિ પર પ્રેમથી વરસી જાય છે, તેમ વ્રજભક્તોની દૂતિ બનીને સેવ્યાસ્વરૂપને

એમની સ્મૃતિ કરાવવામાં આપણે નિમિત્ત બનીએ ત્યારે નંદરાજકુંવરમાં આપણા માટે કેટલું પ્રેમાત્મક વ્હાલ ઉભરી જતું હશે એની આપણે કલ્પના પણ નહીં કરી શકીએ.

ચિત્તને એકાગ્ર કરીને, વ્રજભક્તોના ભાવની આપણે ભાવના કરી શકીએ એનું સંપૂર્ણ યોજન કીર્તનોમાં છે અને એના લીધે સમસ્ત લીલાનું એક અદ્‌ભુત ચિત્રાંકન આપણી માનસ સૃષ્ટિમાં પ્રકટ થઈ જાય છે. ઠાકુરજીના પક્ષના dialouge બોલતી વખતે આપણે મસ્તીભરી અદાથી કહેવાનું છે કે;

"मैया हो अजहु छाक न आई ।
मई अवारे मूख लगी है कहां वेर लगाई ।"

પ્રભુની આવી મધુર વાણી જાણે આપણે સાંભળી હોય એવી મધુર ચેષ્ટા કરીને એના પ્રત્યુત્તરરૂપે આપણે વ્રજભક્તોના ભાવની વાણી ઠાકુર સન્મુખ ગાન કરવાની છે.

"तुम कों मैया छाक पठाई ।
वानी समक्ष हँस सुखपावत ताही ठौर हि धाई ॥"

વ્રજાંગનાની મીઠાશભરી શબ્દવાણી, ઘરના ઠાકુરની નિકટ જઈને પ્રેમલડી ભાષામાં બોલવાથી એક લીલાનું વાતાવરણ નિર્માણ થઈ જાય છે. **"लीजे लालन अपनी छाक ।"**

આમ રાગ, ભોગ, સિંગાર આદિને પ્રભુની લીલા સાથે જોડીને પુષ્ટિજીવન વ્યતીત કરનાર વૈષ્ણવની પ્રત્યેક પળ આનંદની તરંગાવલી બની જાય છે અને

એમાં આપણી સંગ આપણો આનંદસ્વરૂપ ઠાકુર પણ સ્નાન કરી લે તો આપણા ભાગ્ય ધન્ય બની જાય છે.

"सकल लोक की संपदा ले आगे धरीए,
भक्ति विना माने नहीं जो कोटिक करिए ।"

દરેક પુષ્ટિજીવને એ સમજવું આવશ્યક છે કે શ્રીવલ્લભપ્રભુની નિતાંત કૃપાથી આપણને ભગવત્સેવા કરતી વખતે શ્રીકૃષ્ણનો સાક્ષાત્ સંગ મળે છે. અગ્નિની પાસે જવાથી જેમ અગ્નિની ઉષ્ણતા આપણે મહેસુસ કરી શકીએ છીએ, તેમ, ઠાકુરજી આપણી સાથે બોલતા હોય કે ન બોલતા હોય, તોય, પ્રભુના આવા દુર્લભાતિદુર્લભ સંગથી, ઠાકુરજીના પ્રેમ અને ભાવની ઉષ્મા આપણા ભાવમાં ઉષ્ણતા લઈ આવે છે. આપણા ભગવત્પ્રેમને એ પ્રજ્જવલિત કરે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે; "उष्णस्पर्शवत् यथा यथा मगवन्नैकटयं तथा तथा स्नेहातिशय ।"

પ્રભુનાં સુખ કે સમર્પણના આવેશમાં જેમ આર્ત થયેલ નિઃસાધન બનેલ વ્રજનાર, વ્રજાધિપને કહે છે તેમ આર્તિભાવથી આપણે પણ કહી શકીએ તો આપણું તો જીવન સફળ થઈ જાય. વ્રજયૌવના પ્રભુને શું કહે છે ?

"बहुत फिरी तुम काज कन्हाई ।
टेर टेर हों भई बावरी दोऊ भैया तुम रहे लुकाई ॥"

ગ્વાલિનીનાં આવાં દીનવચનો સાંભળીને પ્રભુના માખણ જેવા કોમલ હૃદયમાં વ્રજભક્તોના વિરહની આંચ લાગી જાય છે, ત્યારે, આપનું હૃદય દ્રવિત થઈને

ઠાકુરજી એની સાથે કેવલ બોલતા નથી પણ પોતાના ભવનમાં બોલાવી એને કહે છે;

"टेर सुनत मोहन उठ धाये भीतर भवन बुलाई ।"

આપણા સેવ્યસ્વરૂપ આપણી સાથે બોલતા હોય કે ન બોલતા હોય તોય શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની અપરિમિત કૃપાના કારણે, ઔદાર્યઉદધિ શ્રીઠાકુરજી સદાય અમીદૃષ્ટિથી આપણા પર કૃપા વરસાવી જ રહ્યા હોય છે. એ પુષ્ટિભક્તિમાર્ગની અવિચલ હકિકત છે. સૂરદાસજી ગાય છે;

"कृपा या मुख की जब देखो तब तैसे ।"

આચાર્યચરણના પુષ્ટિભક્તિમાર્ગમાં તો,

"न्यारी न्यारी कृपा न्यारी न्यारी बातें
एक सों एक कही न जाते ।"

વાસ્તવમાં તો ઠાકુરજી બોલતા નથી તો મારે શું કરવું એની ચિંતા કર્યા વગર, જે મહાભાગ્યશાળી પુષ્ટીભક્ત, ઠાકુરજી સાથે "એક તરફી" સ્નેહ કરતો હોય છે, તે અતિ ધન્યતાને પાત્ર છે. પ્રભુ એની સાથે બોલે છે કે નહીં એની અપેક્ષા રાખ્યા વગર આવા ભગવદીયની, ઠાકુરજી પ્રત્યેની "એક તરફી" નિરૂપાધિક ભક્તિ, ઉત્કૃષ્ટ કક્ષામાં અભિરમતી હોય છે.

શ્રીલક્ષ્મણનંદન અને શ્રીવલ્લભનંદનનાં ચરણકમલનો જેને દૃઢાશ્રય સિદ્ધ થઈ ગયો છે, એવા બડભાગી પુષ્ટિભક્તની સાથે પ્રભુ કેવલ બોલવા સુધી પોતાને સીમિત નથી રાખતા, પરંતુ એવા વલ્લભીજન

પર ઘરના ઠાકુર કેવી અપરિમિત કૃપા વરસાવે છે એનાં દર્શન કરાવતી રસિકદાસજીની પંક્તિ છે;

"रसिक चरण शरण सदा रहत है बडभागी जन ।
अपनो कर गोकुलपति भरत ताहि बार्ये ॥"

******

(૪) સેવામાં રાગ-રંગ-રસ અને રસિક ભગવદીય

૨૫૨ વૈષ્ણવ વાર્તા-૭૨ : एक साठोदरा नागर ब्राह्मण

નાગર સાઠોદરા બ્રાહ્મણ માટે પ્રારંભમાં વાર્તા કહે છે; "पाछें यह बरस अठारह कौ भयो तब वह काका हू मर्‍यो । तब यह सब द्रव्य लै गोधरा आइ रह्यो । तहां इन कों राग-रंग कौ इस्क लग्यो । सो वेस्या-भवैयान में जान लाग्यो । नृत्य-गान हू करन लाग्यो । या प्रकार रहे । पाछें एक दिन या ब्राह्मन सों एक वैष्णव कौ मिलाप भयो ।" આ ભગવદીય વૈષ્ણવ ઓળખી જાય છે કે નાગર બ્રાહ્મણ દૈવીજીવ છે. પરંતુ એમની આત્મરતિ વિષયાસક્તિમાં અટવાઈ ગઈ છે. પ્રભુથી વ્યુચ્ચરણ થતી વખતે દૈવીજીવમાં ભગવાને સ્થાપિત કરેલો બીજભાવ, જીવના સ્વભાવમાં હોવાથી, બ્રાહ્મણના રાગ-રંગના શોખીન સ્વભાવને અનુલક્ષીને, એમની આત્મરતિને ભગવદ્‌રતિમાં વાળવા, વૈષ્ણવ એમને કહે છે; "जैसो मन राग-रंग में है तेसो ठाकुर में लागे तो कारज होंई ।" કારણકે અપરિમિત "રંગીન તબિયતવાળા" આપણા પુષ્ટિમાર્ગના પરાત્પર પરબ્રહ્મ શ્રીઠાકુરજી રસિક શિરોમણી રસો વૈ સઃ છે.

"कुंभनदास प्रभु गोवर्धनधर
रसिकराय सिरमौर ।"

તેથી નાગરબ્રાહ્મણ જો પોતાના રાગરંગના શોખનું ઉદ્દાત્તિકરણ કરીને એને પ્રભુ સાથે share કરે તો આ

નાગર અને રસિકનાગર પૂર્ણાનંદ પ્રભુ પરસ્પર સાધારણીકરણ કરીને આનંદની રસભરી લહેરતરંગોમાં અવિરત વિહરી શકે. શ્રીમહાપ્રભુજીના પ્રાક્ટય પહેલાં શૃંગાર શાસ્ત્રાદિમાં અવસ્થિત રહેલી રસિકતાનું આવું અલૌકિકરણ થઈ શકતું ન હોવાથી આચાર્યજીની વધાઈમાં ગવાય છે કે;

"जोपे श्रीवल्लभ प्रकट न होते ।
तो भूतल गुपण विष्णु स्वामी पथ शृंगारशास्त्र सवही रोते ॥"

શ્રીભટ્ટજી ગાય છે;

"श्रीवल्लभ प्रकटीत सब प्रकटी लीला श्याम घन की ।
रसिकन उर अति उल्लास, ऊर्ध भयो रासविलास
प्रकाश प्रेम पुंज सम्पत्ति वृन्दावन की ।"

આમ આ નાગરની રસિકતા જો ભગવાનમાં સંલગ્ન થઈ જાય તો, આ નાગર બ્રાહ્મણના રસયુક્ત સ્વભાવના કારણે, તે અનેક રસમય ભાવ, હાવભાવ અને અભિનયોથી ઠાકુરજીને લાડ લડાવી શકે. તેથી નાગરબ્રાહ્મણ જ્યારે પૂછે છે કે; "जो ठाकुर कौन कौं कहियत हैं ?" ત્યારે આ ભગવદીય, નાગરને, નટનાગરની રસાત્મક ભક્તિમાં અભિનિવેશ કરાવવા કહે છે; "जो-ठाकुर श्रीकृष्ण हैं । जिननें ब्रज में प्रगट होंइ के ब्रज-गोपिन तें रास कियो हैं । ऐसें वे रसिक-सिरोमनी हैं । सो उन में मन लागे तो कारज होंई । नौंतु सब वृथा हैं ।" નાગરબ્રાહ્મણ દૈવીજીવ હોવાથી "ता पाछें फेरि या नागर पूछ्यो, जो-उन में मन कैसें लगायें ? तब वा वैष्णव ने कह्यो, जो-वे सब रसके भोक्ता हैं ।

तातें या जगत में जो कछू उत्तम पदार्थ हैं, ताकौ वेही भोग करत हैं । यासों तुम उन कों उत्तम उत्तम सामग्री सुंदर, उत्तम वस्त्र, बीरा, सुगंध, आभूषन आदि समर्पो । और उन के आगें नृत्यगान हू करो । या प्रकार मन लगाऊ । ये सब राग-रंग उन के लिये करोगे तो फल-रूप होईगो ।" આનું રહસ્ય સમજાવતાં ભગવદીય ગાય છે;

"मेरो पिय रसियारी_ _ _ _
नवल लाल को सब कोउ चाहत
कोन कोन के मन बसियारी ॥१॥
एकन सों नयना जोरे एकन सो भ्रोंह मरोरें
एकन सों मुख हसियारी ।
कृष्ण जीवन लछीराम के प्रभुमाई
संग डोलत पूरण शशियारी ॥२॥"

અહીં એક સમજવાની વાત એ છે કે જે ભગવદીયનો, આ બ્રાહ્મણને સંગ થયો છે તે પોતે રસિક ભગવદીય છે, ત્યારે તો એ બ્રાહ્મણના લૌકિક રસના વ્યર્થ સંસ્કારોને અલૌકિક રસમાં અભિગમન કરવાનો પથ દર્શાવી રહ્યા છે. આવા રસિક ભગવદીયજનના સંગનો પ્રતાપ કેવો અપ્રતિમ હોય છે તે શ્રી હરિરાયજી સમજાવે છે;

"जिनके हावभाव प्रीति रस तीहूं लोकते न्यारे ।
कृपा समुद्र भरे अंगअंग में उछलत रसको धारे ।
कोटि जन्मके तम दुःख भाजत हृदय करत उजियारे ।
प्रेम पुलकि कंठभरि आवे सुख उपजत न्यारे ।

जापें कृपा करे श्रीगिरिधर तब इनको अनुसारे ।"

જ્યારે આ નાગરબ્રાહ્મણ, ભગવદીય વૈષ્ણવને પૂછે છે કે આવા પ્રભુ કેવી રીતે મળે ત્યારે વાર્તા કહે છે તેમ; "तब वा वैष्णव ने कह्यो, जो-आज काल्हि श्रीठाकुरजी श्रीगुसांईजी के बस में हैं ।" શ્રીવિઠ્ઠલેશપ્રભુની આવી કીર્તિ સાંભળતાં જ નાગરબ્રાહ્મણની વિષયતામાં ઓટ આવતી જાય છે અને એમનાં હૃદયમાં અલૌકિક રસની ભરતીનો પ્રારંભ થવા લાગે છે. ભગવદીય ગાય છે;

"कीरति विशद सुनी जिन श्रवणन विषय विष परहरते ।"

આ બ્રાહ્મણ જ્યારે શ્રીગુસાંઈજીને શરણે જાય છે, ત્યારે, "श्रीगुसांईजी याकी और देखि कहे, जो-जीव तो उत्तम है ।" "ચીંથરે વીંટેલું રતન" અર્થાત્ વેશ્યા અને ભવૈયાના ચીંથરા જેવા સંગમાં આ બ્રાહ્મણમાં દૈવીજીવનું રત્ન છૂપાયેલું છે, એની પિછાણ તો કેવલ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીઠાકુરજી કરી શકે અથવા તો એમના કૃપાપાત્ર ભગવદીય. નામનિવેદન કરાવીને શ્રીપ્રભુચરણ આ નાગરબ્રાહ્મણને આજ્ઞા કરે છે કે; "ता पाछें आज्ञा किये, जो-राग-रंग पूर्वक इन की सेवा करियो ।" તો રાગ-રંગ એટલે ? રાગ સ્નેહાત્મક છે અને એમાં ભાવના રંગ પૂરવાથી સ્નેહમાં aesthetically અથવા તો સૌંદર્યશાસ્ત્રની દૃષ્ટિએ, ભાવાત્મક લાવણ્ય નિખાર પામે છે. તેથી જ પદ્મનાભદાસજી ગાય છે; "राग रंग रंगी रसको रास रंग रंगी है ।" गीतसंगीतसागर શ્રીવિઠ્ઠલેશપ્રભુ, રાગરંગના

વૈભવના ઠાઠથી અને ભાવથી આ નાગર ભગવદીયને, ભગવત્સેવા કરવાનું માર્ગદર્શન આપે છે, એ જ દર્શાવે છે કે શ્રીવલ્લભપ્રભુએ ચતુ:શ્લોકી ગ્રંથમાં કરેલી આજ્ઞા એટલી વ્યાપક છે કે તે ભક્તિના રાગરંગના અલૌકિક પાસાને પણ આવરી લે છે. "सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ." સર્વ ભાવથી કરવામાં આવેલા ભજનમાં અહીં કથિત રાગ-રંગ પણ સમાવિષ્ટ થઈ જાય છે, જો એ રાગ-રંગ ભક્તિનો અંગ હોય તો. આમ श्रीविट्ठलकृपासिंधु, આ નાગરબ્રાહ્મણના લૌકિક વિષયતાવાળા રાગ-રંગને સાધન બનાવીને, એમને ભાવરસાત્મક ભક્તિનું દાન કરે છે. અર્થાત્ એમના લૌકિક રાગરંગી સ્વભાવનું અલૌકિકરણ કરી દે છે જેથી પ્રભુની ભક્તિ એ સ્વાભાવિકતાથી કરી શકે. વાર્તામાં શ્રીગુસાંઈજી કહે છે; "श्रीठाकुरजी आप तो पर प्रसन्न होंइगे । सो या प्रकार प्रभु आप आशीर्वाद दिये ।"

એક વખત જળની ગાગર ભરીને જતા નાગર વૈષ્ણવ, એક વેશ્યાની દીકરીને નૃત્ય કરતી જોઈને શ્રીગુસાંઈજીની કૃપાથી ઓળખી જાય છે કે આ દૈવીજીવ છે. વાર્તા કહે છે; "सो इन वैष्णव नें देख्यो । तब वहां ठाढो व्है कै वा वेस्या की छोरी कों देखें । सो देखें तो दैवी जीव है । वाके मुख पर भगवत तेज विराजत है ।" નાગર વૈષ્ણવને, આ વેશ્યાની દીકરી, પોતાના ઠાકુરજી માટે એક અદ્ભુત સામગ્રી લાગે છે. એક સમયના એ જ નાગરબ્રાહ્મણ, જે વેશ્યાના નૃત્યનો પોતે ભોગ કરી રહ્યા છે, તે હવે શ્રીવિઠ્ઠલેશપ્રભુના

કૃપાપ્રતાપથી, આવા નૃત્યનો રસાનંદ પોતાના સ્વામી માણે એવી તીવ્ર અભિલાષા એમના મનમાં જાગી જાય છે અને તેથી આ વેશ્યાની દીકરીને પોતાના ઘેર લઈ આવે છે. આ વેશ્યાની છોકરીને, નિ:સાધનભાવથી, આ ભગવદીય, ભગવદ્અનુકૂલ કેવી રીતે બનાવે છે એનો અદ્ભુત લીલોપદેશ આપણે સમજશું તો આપણને ખ્યાલ આવશે કે રસિક ભગવદીય કોને કહેવાય અને એમનામાં નિ:સાધનતાના ભાવ સાથે કેટલું અપરિમિત સામર્થ્ય હોય છે. વેશ્યાની દીકરીએ સ્નાન કરી લીધા પછી, આ ભગવદીય, પોતાના અંતરમાં બિરાજતા શ્રીવિઠ્ઠલેશપ્રભુની આજ્ઞા લઈને અષ્ટાક્ષરમંત્ર કહે છે. "पाछे माला पहेराय कै श्रीआचार्यजी तथा श्रीगुसांईजी तथा श्रीगोवर्धननाथजी तथा अपने सेब्य स्वरूप कौ चरणामृत दीनो । ता पाछें महाप्रसाद दीनो । तब वह वेश्या की छोरी संस्कृत बोलन लागी ।" અર્થાત્ મહાપ્રસાદ લેવડાવીને આ રસિક ભગવદીય, આ બહેનને ઠાકુરજીના અધરામૃતનું પાન કરાવે છે. આ નાગરભગવદીયની દીનતા પણ અવલોકનીય છે. આ છોકરીના કાનમાં અષ્ટાક્ષર મંત્ર કહ્યા પછી એ પોતાના બલ પર આ બહેનમાં ભગવદાવેશ જાગૃત કરવા ચાહતા નથી અને તેથી જ આ દીકરીને, એ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોવર્ધનનાથજીનું તથા પોતાના સેવ્યસ્વરૂપનું ચરણામૃત અને શ્રીઠાકુરજીનું અધરામૃત આપે છે.

આ નાગરવૈષ્ણવને જયારે ખ્યાલ આવી જાય છે કે આ દીકરીમાં ભગવદાવેશ આવી ગયો છે, ત્યારે,

આ બહેનમાં ઠાકુરજીનું મન સ્થિર કરવા માટે અને આ નૃત્યાંગનાનું પ્રભુમાં મન સ્થિર કરવા માટે, આ રસિક ભગવદીય, અદ્‌ભુત પગલા લે છે. વાર્તા કહે છે; "ता पाछें आप न्हाय कै श्रीठाकुरजी पास तें खिलौना चोपड उठाय कै जल की झारी भरी । पाछें भोग, बीरा, सिंघासन के ऊपर धरि कै दीया दौई श्रीठाकुरजी पास मंदिर में चौमुखा राखे । दीया मंदिर के बाहिर द्वार पर हू राखे ।" રાગ-રંગના પેશાવાળી આ દીકરીને આમ વૈષ્ણવ બનાવીને, એના રાગ-રંગને રસિક સિરમૌર એવા પ્રભુ નંદકીશોર તરફ વાળવા આ નાગરવૈષ્ણવ આવી અકલ્પનીય પૂર્વ તૈયારી કરે છે. અહીં આ ભગવદીયનાં વિવિધ ભાવનાં રહસ્યોનો આહ્‌લાદ માણવા જેવો છે. સૌથી પહેલાં તો, ઠાકુરજી, આ વૈષ્ણવ દીકરીના નૃત્ય પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે અને અન્યમનસ્ક ન થાય, એના માટે, આ નાગરભગવદીય, પ્રભુ સન્મુખથી સર્વ ખિલૌના, ચોપટ આદિ સરકાવી દે છે. પછી મંદિરની અંદર બે દીવા ધરે છે. બે દીવા ધરવાનો ભાવ એમ લાગે છે કે પહેલા દીવામાં આ નાગરવૈષ્ણવ, તાપાત્મક દૈન્યથી શ્રીઠાકુરજીને વિનંતી કરે છે કે, હે દયાનિધિ પ્રભુ ! આપ આ વૈષ્ણવ દીકરીના લીલામાં થયેલા અપરાધોને ક્ષમા કરશો. બીજા દીવા દ્વારા તાપભાવથી, આ નાગર, રસિકનાગરને વિનંતી કરી રહ્યા છે કે, હે પ્રભુ ! આપ આ નૃત્યાંગનારૂપી નૂતન સામગ્રીને રસ દૃષ્ટિથી અંગીકાર કરશો. તદુપરાંત મંદિરની અંદર ચૌમુખી બે દીવા ધરવાનું કારણ એ છે કે, નૃત્ય કરતી વખતે

વૈષ્ણવ નર્તકી, ઠાકુરજીના શ્રીઅંગનું સંપૂર્ણ દર્શન કરી શકે. દર્શન કરતાં કરતાં એને પોતાના આલંબન વિભાવ એવા ઠાકુરજીની દીવાના પ્રકાશમાં લાવણ્યમય ઝાંખી થઈ શકે અને આ બહેનમાં આવી ઝાંખી વિવિધ ભાવોને ઉદ્દીપન કરી શકે. શ્રીસ્વામિનીજી પણ પ્રભુના સુલલિત મુખચંદ્રની પૂર્ણ આભા નિહાળવા દીપકની જ્યોત વધારે છે. કુંભનદાસજી ગાય છે;

"वे देखो बरत झरोखन दीपक
हरि पोढे ऊँची चित्रसारी ।
सुंदर बदन निहारन कारण
राख्यो है बहुत यतन कर प्यारी ।"

તેવી જ રીતે પ્રભુ પણ આ વૈષ્ણવ દીકરીના નૃત્યને પ્રકાશમાં નિહાળી શકે એના માટે વાર્તા કહે છે તેમ; "दीया मंदिर के बाहिर द्वार पर हू राखे ।" આ નૃત્યના પ્રસંગમાં આ તાદૃશીવૈષ્ણવ, આવા રાગ-રંગની જાહોજલાલી પ્રકટ કરે છે કારણકે પ્રભુચરણે એમને આજ્ઞા કરી છે કે; "जो - राग-रंग पूर्वक इन की सेवा करियो ।" શ્રીવલ્લભપ્રભુએ જ આવો રસભર્યો લચીલો પંથ પ્રકટ કર્યો હોવાથી આચાર્યજીની વધાઈમાં ગવાયું છે કે;

"रतिपथ प्रकट करन कुं प्रगटे
करुणानिधि श्रीवल्लभ भूतल ।
हुलसे सकल दैवीजन के मन
साधन बिन हम पावेंगे फल ।"

તેથી જ વેશ્યાની દીકરી, વૈષ્ણવ બની એમાં એને

કોઈ પણ સાધન કરવું ન પડયું. પ્રભુ સન્મુખ એક નૃત્યરૂપી પ્રભુની સામગ્રી બની, એમાં પણ એણે કોઈ સાધન કરવાની જરૂર ન પડી. કેવલ શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલના નામના સાધનથી એને ફલ ફલિત થઈ ગયું. પિતા-પુત્રના નામનો અપરિમિત મહિમા પ્રકટ કરતા આ ભગવદીય સ્વયં આ વૈષ્ણવ છોરીને વાર્તામાં કહે છે; "ता पाछें वेस्या की छोरी सों कह्यो, जो - अब तू श्रीआचार्यजी कौ चिंतन करि, श्रीगुसांईजी कौ चिंतन करि, दंडवत् करि कै मन ठिकाने राखि कै, जैसो तो में सामर्थ्य - पराक्रम होंइ, तोकों आवत होंइ, सो राखे मति । श्रीठाकुरजी के आगें कछू प्रपंच मति राखे ।" "प्रपंच मति राखे" કહીને શ્રીગોકુળનાથજી આપણને સમજાવી રહ્યા છે કે આ સંપૂર્ણ પ્રસંગ મહા અલૌકિક છે. એને લૌકિક દૃષ્ટિથી નહીં જોવો કે એમાં કોઈ લૌકિક પ્રપંચ નહિ લાવવો. એની પરિપુષ્ટિ કરતા નાગરબ્રાહ્મણની સાથે ગાગર ભરતા બીજા વૈષ્ણવને આ પ્રસંગમાં લૌકિકભાવ આવે છે ત્યારે એમના ઠાકુરજી એમને કડક રીતે આજ્ઞા કરે છે કે; "वे तो अलौकिक वैष्णव है । वानें श्रीठाकुरजी आगें नृत्य करवायो । सो वह वेस्या की छोरी हू अलौकिक है ।" શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું નામસ્મરણ કે ધ્યાન ઠાકુરજીમાં ભાવઉદ્દીપન કરનારું હોવાથી આપણે આપણા સેવાક્રમમાં મંગળા સમયે પિતા-પુત્રનું સ્મરણ કરીએ છીએ. તેથી જ શ્રીમહાપ્રભુજી માટે વલ્લભદાસજી ગાય છે;

"श्रीवल्लभ यह नाम परम हित,
मंत्र मोहिनी लीला सागर कहत सुनत संसार भार जित ।"

તેમ જ શ્રીગુસાંઈજી માટે ગવાયું;

"स्मरण करे निहाल बांधे भाव की पाज ।"

વાર્તા કહે છે; "सो वेस्याने आलापचारी करी ।" જેમ આલાપ કરીને ગવૈયો, રાગની પિછાણ કરાવે છે અને સંગીતના વાતાવરણનું બંધાણ કરે છે, તેમ આ બહેન, પોતાને જે ભાવ, પ્રભુ માટે અભિવ્યક્ત કરવો છે એની આલાપચારીનો પ્રારંભ કરે છે. વાર્તા કહે છે; "श्रीआचार्यजी कौ तथा श्रीगुसांईजी कौ नाम लेत ही वाके शरीर में भगवत् आवेश भयो । और संस्कृत "रास पंचाध्यायी" के श्लोक बोलन लागी ।"

આમ શ્રીઆચાર્યજી અને પ્રભુચરણનું ચિંતન કરાવ્યા પછી આ નાગર, આ બહેનને રસિકનાગર પ્રતિ દંડવત્ કરાવે છે. વાર્તા કહે છે; "पाछें वह दंडवत् करी ।____" નૃત્યના તોડા સંભળાય છે ? "ધા તક કા થુંગા ધાગે ધીગેતા ધાધીન____" આ નાગરભગવદીય પણ ઠાકુરજીને દંડવત્ કરીને "रास के कीर्तन गावन लाग्यो । शरद् ऋतु हती ।"

"निर्तत गोपाल संग गोपिका मिली ।
अद्भुत नट भेख देख कोटिकाम अति विशेष
मुरली अधर मधुर सप्तस्वरन सों रली ॥"

મૃદુલ અભિનયના સાહચર્યમાં નૃત્યનો પ્રારંભ કરતી આ વૈષ્ણવ દીકરી, રાસનાં પદો ગાતા નાગર

ભગવદીયના ગાનને પોતાના ચરણના ઘૂંઘરુથી તાલ આપી રહ્યા છે. "परमानंद को भाव कुंज मध्य घूंघरु बजत ।" પોતાના અભિનય દ્વારા આ બહેન કીર્તનના ભાવને અભિવ્યક્ત કરી રહ્યા છે. અંતરના ભાવની અભિવ્યક્તિ કરવી એનું નામ અભિનય છે અને ભીતરનો રસ જ્યારે છલકાય છે, ત્યારે, તે નૃત્યરૂપે પ્રકટ થાય છે.

આમ ભગવદાવેશસભર બનેલા નાગરભગવદીયના મધુર ગાનથી ભગવદ્‌રસાવિષ્ટ થયેલ આ બહેનના રસાભિનય અને નૃત્યની વિવિધ નાજુક ભંગીઓથી ત્યાં ભાવરસના ફૂવારા ઉચ્છલિત થઈ રહ્યા છે. "होद् फूहारे उडत हजारे घन सावन सो झरत ।" આ ભગવદીયના કીર્તન ગાન થી, ગોધરામાં એક તરફ તો, આ નાગરના ઘેર નાગરનટ નટેશ્વર શ્રીમદનમોહનજી રમ્યક્ રાસમાં રમણ કરી રહ્યા છે. તો બીજી તરફ, સંસ્કૃતમાં રાસપંચાધ્યાયી ગાતા આ બહેન, સારસ્વતકલ્પમાં પહોંચી જઈને, કૃષ્ણાવતાર વેળા થયેલી રાસલીલાને, આ નાગર વૈષ્ણવના ઘેર થતી રાસલીલામાં એકમેક કરવા, જાણે નોતરી રહ્યા હોય તેવું ભવ્યાતિભવ્ય વાતાવરણ નિર્માણ થઈ ગયું છે.

તો આ વાતાવરણમાં એવી કઈ દિવ્ય ગરિમા આવિષ્કૃત થઈ ગઈ છે ? રસશાસ્ત્ર કથિત આલંબન વિભાવ, ઉદ્દીપનવિભાવ, અનુભાવ અને સંચારી ભાવના અનેક સોહામણા રસઝરણાઓ અહીં વહી રહ્યા હોવાથી એના લીધે રસનિષ્પત્તિ અનાયાસ સ્રવિત થઈ રહી છે, જે અવલોકનીય છે. આ નૃત્યાંગનાને તન્મય થવા માટે

"આલંબન વિભાવ રૂપ" શ્રીમદનમોહનજી બીરાજી રહ્યા છે. પ્રભુના લાવણ્યમય સ્વરૂપમાંથી પ્રકટ થતા અનેકવિધ રૂપતરંગો અને આ નાગર ભગવદીયનું કીર્તનગાન, આ બહેન માટે "ઉદ્દીપન વિભાવરૂપ" બની રહ્યું છે. તેથી જ પ્રભુમાં તન્મય થયેલા આ બહેન, "અનુભાવ રૂપે," મુખથી સંસ્કૃતના શ્લોકો ગાય છે, એમનાં નયનો હરખી હરખીને ઠાકુરના રૂપને નિરખી રહ્યા છે, નૃત્યાંગનાના હસ્તની નાજૂક અંગુલીઓ નમણી મુદ્રાઓ અભિવ્યક્ત કરી રહી છે, તો એમના અંગે અંગમાંથી અલૌકિક રસાભિનયયુક્ત નૃત્ય આવિષ્કૃત થઈ રહ્યું છે. તેમ જ ક્યારેક મૃદુલ "સંચારીભાવ"થી આ કૃષ્ણનૃત્યાંગના, સહેજ અનોખા હાવભાવથી રસને વિશેષ અભિવૃદ્ધ કરી રહ્યાં છે. આમ રસનિષ્પત્તિની અવિરત ધારામાં વહેતા નાગરબ્રાહ્મણ, આ બહેન અને ઠાકુરજીની એ વખતે કેવી રસપ્રચૂર અવસ્થા છે, એનું લાવણ્યાત્મક દર્શન વાર્તામાં કરી લઈએ; "सो चारि प्रहर नृत्य भयो । सो वह वैष्णव और वह वेस्या और श्रीठाकुरजी रसाविष्ट भए । सो वे दोऊ देहाध्यास भूले ।" અને મદનમોહનજી પણ સર્વ વિસ્મારક એવો "માનસિક અભિગમ" અંગીકાર કરીને કેવલ આ રસમાં વિભોર બની ગયા છે. વાર્તા કહે છે; "सो प्रातःकाल भयो । तऊ सुधि न रही ।"

રસસ્વરૂપ रसो वै सः પરાત્પર પરબ્રહ્મ શ્રીમદનમોહનજીને આમ રસાવિષ્ટ કરીને, રસમાં તુંદિલિત કરી દેનાર આ વૈષ્ણવ દીકરી અને નાગરવૈષ્ણવ જેવા રસિક ભક્તો દુર્લભ અને વંદનીય છે. અહીં સેવક-સેવ્યની અવસ્થા કેવી છે એના મૃદુલ દર્શન કીર્તનમાં કરી

લઈએ;

"दोऊ रूपसागर दोऊ मीन ।
दोऊ में दोऊ व्है रहे लीन ॥"

શ્રીઠાકુરજી પોતાની શક્તિઓ સાથે આરામ ફરમાવી રહ્યાં હોય એવી નિરોધની ગરિમાનું વાતાવરણ ત્યાં ગોધરામાં નાગરબ્રાહ્મણને ઘેર છવાઈ ગયું છે. "निरोधोस्यानुशयनमात्मनः सः शक्तिभिः ।"

અતિ ગંભીરતાપૂર્વક અહીં એક સમજવાની વાત એ છે કે કેવલ રસની વાતો કરવાથી રસિકભગવદીય નથી થવાતું કારણકે આવા ભગવદીય મહા અલૌકિક હોય છે. એમનામાં કૃષ્ણ માટે એમનો પ્રેમ, વિરહ અને ભાવના ધોધ અખંડિત વહેતા હોય છે અને એની "વાછંટ"થી ઠાકુરજીને રસાનુભૂતિ સતત કરાવતા રહે છે. પંચપદ્યાનિ ગ્રંથમાં કહ્યું તેમ આવા દુર્લભજનો કૃષ્ણરસ વિક્ષિપ્ત માનસાવાળા હોય છે. રસિક ભગવદીય કોને કહેવાય તે હરિરાયચરણ સમજાવે છે;

"श्रीवल्लभ वरको मारग बांको ।
तामें चले रसिक विरहीजन, बिचमें कठिन प्रेम को नाको
क्षणु क्षणु प्राण अकोर देत हैं, तोउं नहीं संतोष हिया को ॥"

આ વાર્તામાંથી એક નિષ્કર્ષ એવો નીકળે છે કે "મહાઅલૌકિક" એવા રસિક ભગવદીયના સંગનો પ્રતાપ અપ્રતિમ હોય છે. આવા ભગવદીયના સંગથી સંગીજનમાં ભગવત્સ્નેહ, ભાવ અને લીલાની તરંગાવલીઓ આવિષ્કૃત થતી જાય છે. મહાનુભાવી વલ્લભદાસજી કહે છે;

"जब सत्संग करत करत, सर्वलीला या भक्त के हृदयारूढ होय, तब सर्वांग रसरूप होइ जाइ । और भगवल्लीला रोमरोम में भरे ।" એમાંય નાગરવૈષ્ણવ જેવા રસિક ભગવદીય ઉપરાંત, આ બહેનમાં, મહદ્ એવા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની કૃપા પણ વરસી ગઈ છે. તેથી જ વાર્તા કહે છે; "श्रीआचार्यजी कौ तथा श्रीगुसांईजी कौ नाम लेत ही वाके शरीर में भगवत् आवेश भयो ।" આ સંદર્ભમાં મહાનુભાવી વલ્લભદાસજીની વાણી પુનઃ અવલોકનીય છે. "जब सत्संग और रहस्य प्रसंग महदन के मुखारविंद सों प्रकटे, तो सर्वलीला खिंचि के आइ जाइ । और तिनके मुख द्वारा याके कान में प्रवेश होइ । तासों लीला है सो महदन के हाथमें है । जितके ऊँची चढावे तो चढे । उतारे तो उतरे । निकट आवे । हाथ में आइ जाइ । तैसें ही गोलोकादि श्रीमद्वृन्दावन, सो तो पतंग हैं । और महद् हैं, सो पतंग वारे हैं । काहे ते जो या रस के अधिकारी ते ही है । और प्रेम की डोरी पतंग सों बाँधी है । जब सत्संग में लीला को वरणन होइ, तब जैसें पतंग को डोरि द्वारा खेंचत है, त्यों त्यों निकट आवे । तैसें ही लीला याके हृदय में आवे ।" સાચા રસિક ભગવદીયનું સ્વરૂપ એટલું વિલક્ષણ હોય છે, કે એમનામાં અવિચ્છિન્ન કૃષ્ણપ્રેમભાવરસ ઉમટી રહ્યો હોય છે અને આવા ભગવદીયને "ઢુંઢતા" ઠાકુરજી એમની પાછળ સતત ફરતા હોય છે. આવા ભગવદીયનો નિમિષ માત્રનો સંગ, સંગીનો બેડો પાર કરી દે છે. રસિક ભગવદીય માટે મહાનુભાવી વલ્લભદાસજી ગાય

છે;

"यह रस होय उदय अविच्छिन्न ।
सो कहिये जन रसिक अनन्य ॥
ऐसेनी सो जो मिलिये जो निमेक ।
रासस्त्री निश्चै नरमेख ॥
कृपानंद है इनको नाम ।
ढुंढत फिरत जिनहीं घनश्याम ॥
ऐसे जो रसिकनी कबहु पाइए ।
मन और नैननी सुदृढ बसयै ॥"

******

(૫) "જે જન શરણ આવે તે તારે"

ભાવસિન્ધુ અને ૨૫૨ વૈષ્ણવ વાર્તા-૭

રૂપમુરારિદાસ ક્ષત્રી

બસોબાવન વૈષ્ણવની વાર્તામાં શ્રીગોકુલનાથજીએ રૂપમુરારિદાસની વાર્તા સંક્ષિપ્ત કે સૂત્રરૂપમાં કહી છે. પરંતુ એનું ભાષ્ય ભાવસિંધુમાં વિસ્તારથી છે. એને વાંચવાથી આપણને અવશ્ય એમ જ લાગશે કે ભૂતલ પર, રૂપમુરારિદાસનું પ્રાકટ્ય કેવલ કૃપાસિંધુ એવા શ્રીવલ્લભનંદનની કૃપાની અગાધતાનું દર્શન કરવા માટે કદાચ થયું હશે.

ભૈયા રૂપમુરારિની વાર્તાના પ્રારંભનું દૃશ્ય બિભસ્તરસથી શરૂ થઈને અંતમાં આપણને એ આશ્ચર્ય કે અદ્‌ભુતરસમાં પર્યવસિત કરી દે છે. શિકારીના વેશમાં ઘોડેસવાર થઈને શ્રીગિરિરાજજીની "પૂંછરી" પર પહોંચી ગયેલા રૂપમુરારિદાસ, એક બાજનો શિકાર કરી, એને ઘોડા પર સાથે લાવીને, બિભસ્તરસને નોતરે એવા લોહીલુહાણ કપડાં પહેરીને ગોવિંદકુંડ પર આવે છે. શ્રીગુસાંઈજીનાં દર્શન કોટિકંદર્પ લાવણ્ય સ્વરૂપે કરીને, પશુપક્ષીનો ઘાતક શિકાર કરનાર આ શિકારી, શ્રીવિઠ્ઠલેશપ્રભુની સુકોમલ રૂપસુધાની માધુરીનો શિકાર બની જાય છે અને અદ્‌ભુતરસના લાવણ્યસિંધુની ભંવરમાં મુગ્ધ બનીને ખેંચાઈ જાય છે. એમનું અંતર જાણે ગાતું ન હોય;

"श्रीवल्लभनंदन रूप अनुप स्वरूप कह्यो न जाय."

આ પ્રસંગમાં નામરત્નાખ્ય સ્તોત્રમાં પ્રસિદ્ધ એવું શ્રીગુસાંઈજીનું "अति सुंदर" નામ દૃશ્યમાન થાય છે. શ્રીવિઠ્ઠલપ્રભુના લલિત લોચનના કટાક્ષના બાણથી વિંધાયેલા રૂપમુરારિ, સજાગ થાય છે અને શ્રીગુસાંઈજીને દંડવત્ કરે છે. અહીં નામરત્નાખ્ય સ્તોત્રમાં પ્રકટ થતું નામ છે; "भक्तनेत्र सुधाकर."

સારસ્વતકલ્પની કૃષ્ણલીલા વખતે પ્રભુનાં અંતર્ધાન થયા પછી, ગોપીજનો એ જ "પૂંછરી" પર પહોંચી જઈને કૃષ્ણવિયોગ દશામાં એકબીજાને કહે છે કે "પૂંછ-રી", આપણા કૃષ્ણ ક્યાં છે ? એટલે આ સ્થાનનું નામ "પૂંછરી" પડયું છે. પરંતુ એ જ પૂંછરી પરથી શિકાર કરીને આવેલા રૂપમુરારિભૈયા, પ્રભુચરણની સન્મુખ આવે છે, ત્યારે, એમનું મન એમને કહે છે કે તું પણ ગુસાંઈજીને પૂછ રી; "जो-महाराज, में महा अपराधी हत्यारो हुं । वधिक, अहेरिया आदि सो हुं अधिक हुं । ऐसो पातकी में हुं । ताको आप उद्धार करोगे ?" એ વખતે રૂપમુરારિ, એક કવિતમાં પોતાની આર્દ્રતાને પ્રકટ કરતા વિઠ્ઠલેશને વિનવે છે;

"महापतित पावन श्रीविठ्ठलेश जगत गुरु
ऐसा सूनीके नाम हों आयो हुं शरण कों ॥"

અહીં સમજવાનું એ છે કે, જ્યારે પુષ્ટિજીવને પ્રભુકૃપાથી પોતાના અપરાધ દેખાય અને એનો ઉદ્ધાર કરવાવાળા સર્વસમર્થ પ્રભુનાં શરણમાં એ ચાલ્યો જાય, ત્યારે જાણી લેવું કે એ વખતે આ જીવમાં નિ:સાધનતાનો ભાવ ઝલકી રહ્યો છે. નિ:સાધનતાનો ભાવ કે એની ભાવના વગર ભગવદાશ્રય થઈ શકતો નથી. રૂપમુરારિના

આવા નિ:સાધનતાના ભાવને પ્રતિસાદ આપતા निःसाधन फलात्मा અને प्रसन्नवदन करुणामय कांतिवाળા શ્રીગુસાંઈજી ભાવસિંધુ કહે છે તેમ; "तब हसिं के करुणादृष्टिसों आप (श्रीगुसांईजी) आज्ञा कीनी, जो - तेने अपनी दिशा कहि सो तो ठीक है, परन्तु ओर भी हत्या, अपराध होय सो बोलि दे, जो मन में राखियो मति, उद्धार को कहा पूछो ! उद्धार तो तुमारो होय चूक्यो हें ।" "पतितपावन तिहारो नाम" એવા શ્રીવિઠ્ઠલેશ પ્રભુની અભિદૃષ્ટિ જ દુષ્ટતમ જીવના ઉદ્ધાર માટે પર્યાપ્ત છે. આવા રૂપમુરારિ જેવા નિ:સાધનજીવનો ઉદ્ધાર તો થઈ ચૂકયો છે એની શ્રીવિઠ્ઠલેશપ્રભુ અહીં મહોર મારી રહ્યા છે. પોતાના જેવા દુષ્ટસાધનયુક્ત જીવને પણ "ક્ષમા" કરનાર દયાનિધિ શ્રીવિઠ્ઠલેશ્વરની આવી કરુણામયતાને નિહાળીને રૂપમુરારિ એક દોહો ગાય છે;

"एक जीव के कारने, मारे जीव अपार ॥
वधिक अधिक हु तें अधिक, सूनीए कृपा उदार ॥
यह सूनिकें करुणा करी, दीने बंध छुडाय ॥
अति पुनित ततक्षन कीयो, लीयो आप अपनाय ॥"

પુષ્ટિજીવ પર કૃપા કરવા વિલંબ અસહિષ્ણુ શ્રીવિઠ્ઠલેશપ્રભુ હોવાથી, નામરત્નાખ્ય આપને "कृपासिंधु" કહે છે. "अचिंत्य महिमा मेयो" એવા શ્રીગુસાંઈજી પાસે નામમંત્રની દીક્ષા લેતા જ ભૈયારૂપમુરારિની સર્વ હત્યા નિવૃત્ત થઈ જાય છે. આ પ્રસંગમાં નામરત્નાખ્યમાં કહેલ શ્રીપ્રભુચરણના "महापतित पावन" નામને ઉજાગર કરતા ભાવસિંધુ કહે છે; "ताही समय आपने (श्रीगुसांईजीने) अष्टाक्षर मंत्र दीनो सो सुनत ही सकल हत्यानको नाश होय

गयो ।" આ વાક્યથી વાર્તામાં પ્રકટ થયેલ બિભત્સરસનું શમન થઈ જાય છે અને અદ્‌ભુત રસને આવિષ્કૃત કરતું નામરત્નાખ્યનું શ્રીગુસાંઈજીનું નામ "जगदाश्चर्यरसकृत्" અહીં પ્રકટ થઈ જાય છે. ભાવસિંધુ કહે છે; "सो वे कपरा लहु के धरे हते सो देखत देखत, बिना धोए उज्जवल होय गये । तब निश्चे मन में दृढ आपके चरणारविंद में होतो भयो ।" લોહીથી ખરડાયેલા પોતાના કપડાને સ્વચ્છ થતાં જોઈને, રૂપમુરારિને, ગુસાંઈજી પ્રમાણ આપે છે કે; "તારા ભીતર રહેલ સર્વ અપરાધો નિવૃત્ત થઈ ગયા છે અને તારું અંતઃકરણ હવે ભગવદ્‌ભક્તિને લાયક શુદ્ધ બની ગયું છે." એ વખતે રૂપમુરારિદાસના હૃદયમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુનું પ્રકટ થતું નામ છે; "श्रीकृष्णानुगृहितैक प्रार्थनीय पदांबुज". શ્રીગુસાંઈજી તનુનવત્વનું દાન કરનાર હોવાથી ભાવસિંધુ પુનઃ કહે છે; "जैसे दिव्य देह ह्वै गइ, तैसे ही लहु के भरे कपरा दिव्य ह्वै गये ।"

એક સમયમાં નિર્દયતાથી પશુપક્ષીની હત્યા કરનાર એ જ રૂપમુરારિદાસ, દયાનિધિ શ્રીવલ્લભનંદનના શરણે આવ્યા પછી, એમના ય મનમાં દયા ઉભરાઈ જાય છે કે એમણે મારેલા જીવોની, બિચારાઓની, શી ગતિ થઈ હશે ? શ્રીગુસાંઈજીની કૃપાથી એક રાત્રીએ ભૈયારૂપમુરારિ સ્વપ્નમાં જુએ છે કે જેટલા જીવોની એમણે હત્યા કરી હતી એ સર્વ જીવો "ભક્ત" રૂપમુરારિની સ્તુતિ કરીને એમને કહી રહ્યા છે કે અમારો ઉદ્ધાર તો તમારા થકી થઈ ચૂકયો છે. આનો ઉલ્લેખ કરતા રૂપમુરારિદાસ સ્વયં એક દોહામાં કહી રહ્યા છે;

"जितने मारे जीव सब तीन सब कही सुनाय ।
हम सब ही महा मुक्त भए तेरे हाथ विकाय ॥"

ભાવસિંધુ કહે છે; "सो इतनी सुनते ही रूपमुरारिदास बैठयो होय गयो । सो प्रेमांच रोमांच गद्‌गद् कंठ होय गयो । और आपके (श्रीगुसांईजीके) स्वरूप को चिंतवन करि साष्टांग दंडवत् एक सौ आठ करत भयो । और अपने मुख सों कही । जो धन्य श्रीविठ्ठलेश प्रभु धन्य श्रीविठ्ठलेश प्रभु । जिनके शरण को ऐसो प्रभाव है ।" અહીં સમજવાનું રહસ્ય એ છે કે શ્રીવિઠ્ઠલનાથજી સ્વયં સ્વતંત્ર પ્રભુ છે. શ્રીગુસાંઈજીએ ધાર્યું હોત તો રૂપમુરારિએ જે જીવોની હત્યા કરી એના પહેલા જ આપે એમનો ઉદ્ધાર કરી દીધો હોત. પરંતુ શ્રીમહાપ્રભુજીની જેમ શ્રીવિઠ્ઠલેશપ્રભુ પણ "स्वकीर्ति वर्धन" છે. અર્થાત્ સ્વજનોની કીર્તિ વધારનાર છે. પોતાના દાસની કીર્તિનું વર્ધન કરવામાં આપશ્રી બહુ જ આનંદ માણતા હોવાથી, રૂપમુરારિનો મહિમા ફેલાવવા, શ્રીપ્રભુચરણ, રૂપે મારેલા પશુપક્ષીનો ઉદ્ધાર કરે છે અને આ જીવો સ્વયં, રૂપમુરારિદાસની સ્તુતિ કરી રહ્યા છે. તેથી જ નામરત્નાખ્ય કથિત "विस्मयात्पद विग्रहः"યુક્ત શ્રીવિઠ્ઠલેશ પર કુરબાન થઈને ભૈયારૂપમુરારિ ગાય છે;

"रोम रोम रसना रटूं धन्य श्रीविठ्ठलदेव,
उलटे को सुलटो कीयो सहज बीरद की टेव ॥"

શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીને એમના વૈષ્ણવો કેટલા વ્હાલા છે, એનું આ પ્રસંગમાં અહીં પ્રત્યક્ષ ઉદાહરણ છે. વાસ્તવમાં તો શ્રીલક્ષ્મણનંદન અને શ્રીવલ્લભનંદન એવા પિતા-પુત્રનો પોતાના પુષ્ટિજીવ પર જે નિરુપાધિક

સ્નેહ છે, તે જ નિરુપાધિક સ્નેહ, વૈષ્ણવસૃષ્ટિમાંથી પરાવૃત્ત થઈને પાછો પ્રભુ તરફ જાય છે, ત્યારે, પુષ્ટિજીવ, ઠાકુરજી સાથે નિરુપાધિક કે નિ:સ્પૃહ સ્નેહ કરી શકે છે. આમ ન હોય તો સંસારની ઉપાધિવાળો જીવ, ઠાકુર સાથે નિરુપાધિક પ્રેમ ત્રિકાળમાં ય ન કેળવી શકે.

શ્રીવિઠ્ઠલવરના, રૂપમુરારીદાસ પ્રત્યેના નિરુપાધિક સ્નેહ અને તેની ફલશ્રુતિનું અદ્ભુત વર્ણન વાર્તામાં આવે છે; "तब रुपमुरारिदासने विनन्ती कीनी । जो राज में कछू लायकात नांहि हों । मेरी आपने कहा विचारी है । तब आपने आज्ञा करी, जो - तुम्हारी निरुपाधिक इच्छा आप पूरन करेंगे । ऐसें आप वा समय करुणामृत सों दान करिवे लागे ।" અહીં શ્રીગુસાંઈજીનું પ્રકટ થતું નામ છે; "आचार्यरत्नं सर्वानुग्रह कृन्मंत्र वित्तमः." આવા "सर्वस्वदान कुशलो" શ્રીવિઠ્ઠલપ્રભુ, જયારે પોતાના જનને દાન કરે છે ત્યારે એવા ભાગ્યશાળી ભગવદીયને શો અધિકાર પ્રાપ્ત થાય છે તે ભાવસિંધુ સમજાવે છે; "ता दिन सों मुरारिदास कों साक्षात् संबंध होयवे लाग्यो ।_ _ _ _ फेरि ज्यों-ज्यों सुख संबंध आपको हृदय में बिराज्यो । सो लौकिक क्रिया सब छूट गई है । व्यसनी अवस्था व्है गई है ।" એક સમયમાં પશુપક્ષી મારવાના વ્યસની રૂપમુરારિદાસ, પ્રભુના સાક્ષાત્ અંગે અંગનો સ્પર્શ કરવાના મધુર તાપથી આવિષ્ટ એવા વ્યસની ભક્ત બની જાય છે. કેવલ કૃપાસિંધુ શ્રીવલ્લભનંદનની એમના પર મહા દેન છે.

આવી દશામાં રૂપમુરારિના પ્રકટ થયેલા હાવભાવને

જોઈને અકબર બાદશાહના સેવકો રાજાને કહી રહ્યા છે; "यह बावरो (मतवारो) सो डोलत है । तब रूपमुरारिदासकों अकबरशाह नें बुलायो । जो तुम कोन जोग में हो । तब मुरारिदासनें कही जो-मैं श्रीगोकुल के कन्हैया के जोग में हों ।"

સાંવરિયાના "જોગ"માં બાવરિયા બનેલા રૂપમુરારિદાસ "श्रीगोकुल चले आए । खजाने में जो खरच चढयो सो ले आए । और घोडा बेच डार्यों । फेरी श्रीगोकुल आय कें आपको साष्टांग दंडवत् करी । जो द्रव्य पास हतो सो आपके चरणारविंद में भेट कर दियो । तब आपनें आज्ञा करी जो ऐसें क्यों करो हो । तब बिनती करी । जो राज की इच्छासों माया में रह्यो, जो अब मायासों छुडावो ।" ત્યારે "सदा प्रसन्नवदन" શ્રીવિઠ્ઠલ, રૂપમુરારિને આજ્ઞા કરે છે; "जो जाऔ न्हाय आओ, झूंठिनि की पातर धरि है सो लेऊ । सो रूपमुरारिदास आपको स्वरूप हृदय में धरि कें रमणरेती के बीच में घना में निकस गए । सो एकएक वृक्षलतान सों मिलें और रुदन करें हैं । तब ऐसें करत करत रात्रि व्है गई । तब रात्रि के समय साक्षात् लीला के दर्शन भए । सो रमणरेती के टीलान पर प्रभु भक्तन सहित रमण करें हैं । सो रात्रिभर इनकों दर्शन भए । प्रातःकाल आपकी वियोगाग्नि हृदयमें प्रगटी । तब वा विरह में साक्षात् तत्काल लीलामें प्राप्ति भए ।" જેમ અંત:ગૃહગતાઓમાં પ્રજ્જવલિત થયેલ વિરહે, એમના કોટિ જન્મના ભોગવવાના દુ:ખોને ભસ્મીભૂત કરી દીધા છે, તેમ અવાંતર ફલરૂપે, આ પ્રસંગમાં શ્રીવિઠ્ઠલેશે પ્રમેયબળથી રૂપમુરારિભૈયાની હત્યાઓને નિવૃત્ત કર્યા છતાંય, પ્રમાણમાર્ગને દર્શાવવા, રૂપમુરારિને પ્રચંડ વિરહ

કરાવીને એમણે કરેલી બધી હત્યાઓના કર્મોને એમાં ભસ્મીભૂત કરી દે છે. એવું પ્રમાણ જગતને આપે છે. ભાગવતજી કહે છે;

"दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः ।
ध्यान प्राप्ताच्युताश्लेष निर्वृत्या क्षीणमंगलाः ॥"

વાસ્તવમાં તો દીનમણિ શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનું અનંત માહાત્મ્ય એવું છે કે જે જન આપના શરણે જાય છે; એમને આપ ભવસાગરમાંથી તુરત જ તારે છે અને આવા જીવોના પાપનો પરિહાર થઈ જાય છે;

"जे जन शरण आये ते तारे ।
दीनदयाल प्रकट पुरुषोत्तम श्रीविठ्ठलनाथ ललारे ॥
जितनी रवि छाया की कणिका तितने दोष हमारे ।
तुमारे चरण प्रताप तेज तें तेऊ ततछिन टारे ॥"

રૂપમુરારિદાસમાં આવો પ્રચંડ વિરહાગ્નિ પ્રકટ કરનાર શ્રીવિઠ્ઠલેશપ્રભુનું નામરત્નાખ્યમાં નામ છે; "गोपिकाविरहाविष्टः". ગુસાંઈજીના આ નામના પ્રતાપથી રૂપમુરારિદાસ, પ્રભુનો પ્રચંડ વિરહ કરતા કરતા દશમી અવસ્થામાં પહોંચી જાય છે. ત્યાર પછી એમના લૌકિક દેહને, જયારે, વૈષ્ણવો અગ્નિસંસ્કાર કરે છે, ત્યારે, ભાવસિંધુ કહે છે તેમ; "सो वाकी देह अग्निमें ऐसी समाई जो दोय घरी में राख व्है गई ।" આનો ભેદ સમજાવતાં શ્રીપ્રભુચરણ સ્વયં આજ્ઞા કરે છે કે; "जो वाके भीतर पहेलें से ऐसी अग्नि उठी जो भीतर दाह व्है गयो । जो देखिवे में देह हती । ऐसी आपनें मुरारिदास को बहुत सराहना करी और सब वैष्णवननें धन्य धन्य कह्यो ।"

પોતાના નિજ સેવકોને ધન્ય કહીને પોતે આહ્લાદ માણતા એવા ભક્તભાવિક શ્રીવિઠ્ઠલેશપ્રભુનો અપરિમિત મહિમા ગાતા વલ્લભદાસજી પ્રેમથી રોમાંચિત અને પુલકિત થઈને ગાય છે;

"किहि विधि कहौं महिमा गाइ ।
कृपा सागर भक्त भाविक रहै श्रुति सकुचाइ ॥
सेव्य सेवक गति अनूपम जयति कृपया कंद ।
भक्ति पथ सिद्धांत प्रकटन प्रकट गोकुल चंद ॥
कलुष खंडन प्रेम मंडन रुक्मनी जू नाथ ।
दास वल्लभ अभय जन सिर धरत अमृत हाथ ॥"

******

(६) श्रीठाकुरजी आप सिखाय लेइंगे

૨૫૨ વૈષ્ણવ વાર્તા-૩૬ : मा, बेटा, बहु, गुजरात की

ભગવદીય ગાય છે;

"जो लों हरि आपुन को न जनावे
तों लों सकल सिद्धांत मारग को
पठे सुने नहीं आवे ।"

વાર્તા કહે છે; "पाछें प्रभु (श्रीगुसांईजी) सास तें कह्यो, जो-अब श्रीठाकुरजी की सेवा या बहू के पास कराइयो । तब सास ने कही, जो-महाराज ! ये तो बावरी है । सेवा में कहा समझेगी ? तब श्रीगुसांईजी नें आज्ञा करी, जो-श्रीठाकुरजी आप सिखाय लेइंगे ।" શ્રીઠાકુરજી વહુને પોતે જ શીખવાડશે, એવી પ્રભુચરણની જે આજ્ઞા છે, એની ભીતર કેટલાય સુલલિત રહસ્યો વિદ્યમાન છે, એની થોડીસી ઝાંખી કરી લઈએ.

ઠાકુરજીએ પોતાના ખેલ માટે પોતાની ઈચ્છાથી આ સૃષ્ટિને પ્રકટ કરી છે અને પોતાની ઈચ્છા પ્રમાણે ખેલી રહ્યા છે. આ વહુના સંદર્ભમાં પણ એવું જ થવાનું છે એવો અહીં શ્રીગુસાંઈજીનો આશય છે. પ્રભુને આ બાવરી વહુ સાથે જેવી રીતે રમણ કરવું હશે તદ્અનુકૂલ પ્રભુ, સ્વયં એમને પ્રેમ અને ભાવનું દાન કરશે. આ પ્રસંગનું ગાંભીર્ય એવું છે કે ભગવાન સ્વયં તો પૂર્ણકામ છે. પરંતુ શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી જે જીવનો હાથ પ્રભુને સોંપે છે, એવા વૈષ્ણવ માટે,

આપ્તકામી પ્રભુ, ભક્તકામી બનવા અતિઉત્સુક થઈ જાય છે. નામરત્નાખ્ય આજ્ઞા કરે છે તે પ્રમાણે નિજજનો માટે सर्वकामदः એવા શ્રીવિઠ્ઠલેશપ્રભુની આજ્ઞા છે કે આ બાઈને "ठाकुरजी आप सिखाय लेइंगे ।" શ્રીગુસાંઈજીને વશ એવા શ્રીઠાકુરજી, શ્રીગુસાંઈજીની ઈચ્છા પ્રમાણે બધું કરે છે અને આ ભોળી વહુને માર્ગદર્શન આપે છે. ચતુર્ભૂજદાસજી ગાય છે;

"दास चतुर्भूज प्रभु के निजमत चलत लाल गिरिधरन ।"

આ વહુ માટે શ્રીગુસાંઈજી જાણે છે કે "बहु मोरी है," હૃદયથી નિખાલસ અને કોરી છે એટલે જે રંગોની રંગોળી આ ભક્તના અંતરમાં ઠાકુરજીને કરવી હશે તદ્અનુસાર, પ્રભુ માટે ભાવતરંગોથી એ ભાવિત થઈ જશે. ભાવપ્રકાશ કહે છે; "काहे तें, जो-ये मोरी है । और लीला कौ संबंध अब दृढ भयो । तातें श्रीठाकुरजी इन पर बेगि कृपा करेंगे ।" ભગવદીય ગાય છે;

"जा पर कमलाकान्त ढरे । _ _ _ _
विद्यानाथ अविद्या समरथ जो कछु चाहे सोई करे ।"

સાસુના અટકાવના સમયે, સાસુ, વહુને સેવા સોંપતી વખતે એને સમજાવે છે કે; "जो श्रीठाकुरजी कों सिंगार करि कै दरपन दिखाइयो । सो हँसत मुख होंइ तो प्रसन्न जानियो । _ _ _ _ तब बहू ने सिंगार कियो, परि श्रीठाकुरजी हँसे नाहीं । तब फेरि बहूने सिंगार पलट्यो । तोऊ हँसे नाहीं । ऐसें वाने आठ बेर श्रीठाकुरजी कौ सिंगार पलट्यो । तब पीछले प्रहर प्रभु

हँसे ।” આ પ્રસંગમાં ભાવની અદ્‌ભુત નાજૂક નકસીઓની જે બહુરંગીતા છે, તે દર્શનીય છે. આનંદાત્મક પ્રભુ પોતાની ભીતર રહેલ અપરિમિત, અનંત એવા શોભાસિંધુઓના લાવણ્યને નિરખવા તો, અનાદિકાલથી જે પ્રભુ એકલા છે, તે ભગવાન, અનેક રૂપે પ્રકટ થાય છે. પુષ્ટિજીવરૂપે પણ આવિર્ભૂત થયેલા તે જ પ્રભુ જયારે ભક્ત બનીને, ઠાકુરજીને સિંગાર કરીને દર્પણ દેખાડે છે, ત્યારે પ્રભુને પોતાના શોભા લાવણ્યને માણવાનો એક અદ્‌ભુત અવસર મળે છે. વાસ્તવમાં તો સિંગાર કરતી વખતે ભક્ત, ભગવાનના ભાવાત્મક સ્વરૂપને ઘડતો હોય છે અને શણગાર કર્યા પછી સેવકે, સેવ્યનું કેવું નૂતન સ્વરૂપ ઘડયું છે, એની ઠાકુરજીને ઝાંખી કરાવવા, પ્રભુને તે આરસી દેખાડે છે. પ્રત્યેક ઝાંખીમાં પ્રભુ પોતાનામાં શું નિહાળે છે ?

"છીનું છીનું બાનીક ઓરહી ઓર,
જબ દેખો તબ નૌતન સખી રી, દૃષ્ટિ જુ ન રહતી ઠોર.”

આવા સ્વદર્શન માટે પ્રભુ પણ નિરંતર, નિતાંત ઉત્સુક હોય છે. પોતાની અમિત રૂપમાધુરીનું આયનામાં અનુપાન કરવાના રસિયા, रसो वै सः પ્રભુના આ "શોખીન" સ્વભાવને સદા જાણતા, શ્રીસ્વામિનીજી, ઠાકુરજીને કહે છે; "હે સૌંદર્યનિધિ ! હું આપને વારંવાર આરસી નહિ દેખાડું કારણકે આપ આપના રૂપમાં મોહિત થઈ જશો તો મને વિસરી જશો." ભાર્તેન્દુ હરિશ્ચન્દ્રજી ગાય છે;

"बारबार पिय आरसी मत देखहु चित्त लाय ।

सुंदर कोमल रूप में दीठ न कहु लगी जाय ॥
देखन देहुं न आरसी सुंदर नंदकुमार ।
कहुं मोहित व्है रूपनिधि, मति मोही देहु बिसार ॥"

આ વાર્તામાં પણ આવી જ કોઈ અદ્‌ભુત લીલા પ્રકટ થાય છે. ઠાકુરજી, પોતાના અષ્ટપ્રહરના રૂપવૈવિધ્યને માણવા માટે વહુ પાસે આઠ વખત સિંગાર કરાવે છે, પછી હસે છે. ઠાકુરજી આટલા મોડેથી હસે છે એનું કારણ એ છે કે પ્રત્યેક સિંગાર વખતે આ ભગવદીય બાવરી, ઠાકુરજીના એવા અદ્‌ભુત નૂતન ભાવાત્મક રૂપને ઘડતા જાય છે કે દરેક વખતે બાવરા બનીને પ્રભુ, એ આરસીમાં પોતાનું આવું અનુપમ નવિન મુખારવિંદ નિરખીને, એમાં મોહિત બનીને, હાસ્યરસને વિસરી જઈને, પ્રભુ, અદ્‌ભુત રસની સંચારીમાં ચકચૂર બની જાય છે. છેવટે આઠમી વેળા વહુએ કોઈ એવો વિચિત્ર સલુણો સિંગાર ધર્યો છે જેની દર્પણમાં ઝાંખી કરતા જ ઠાકુરજીથી "અનાયાસ" હસી પડાય છે.

"करके शृंगार गिरिधरजू को बारबार
आरसी दिखाय श्रीहरिरायजु हँसत है ।"

એનું પ્રમાણ આપતાં વાર્તા કહે છે; "ता पाछें नित्य ही श्रीठाकुरजी वाके संग हास्य-विनोद करते । या प्रकार सानुभावता जनावन लागे ।" તેથી જ ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "सो काहे तें ? जो पुष्टिमार्ग में (जब लौं) आर्ति न होंइ तब तांई प्रभु अनुभव न जतावे सो बहू कों आर्ति कराइवे के तांई आठ बेर सिंगार पलटायो । तब बहू श्रमित व्है दुःखी

भई । तब आर्ति उत्पन्न भई । तब प्रभु वा पर कृपा करि हँसे ।" આ વહુને વ્યસનદશા સિદ્ધ થઈ ગઈ છે એનો સંકેત તો હરિરાયજી વાર્તાના પ્રારંભમાં જ આપે છે અને કહે છે; "रातदिन श्रीठाकुरजी में इन कौ मन रहत हैं सौ नंदालय में बावरी सी डोलति है । तातें सब कोऊ इन कौ श्याम - सनेहिनी कहत हैं ।"

વહુએ સાત વેળા સિંગાર કર્યા અને ઠાકુરજીએ પ્રતિસાદ ન આપ્યો એનું "દુ:ખ" લાગણીશીલ પ્રભુને લાગવાથી, એ પલથી, ઠાકુરજી નિરંતર વહુના સિંગારથી શણગારીત થઈને આ ભગવદીયને સદા પોતાની નિકટ રાખવા ચાહે છે અને સાસુને આજ્ઞા કરે છે; "तामें श्रीठाकुरजी कहे, जो - मोकों सिंगार बहू के हाथ कौ बोहोत आछौ लागे हैं । तातें तू रसोई की सेवा करि, और बहू मेरो नित्य सिंगार करेगी ।" સિંગાર કરતી વખતે વહુને કેવી રસાનુભૂતિ થતી હશે તે ભગવદીય ગાય છે;

"सेवा साज सिंगार सुलभ रस खानपान प्रगटायो ।
वृन्दावन निकुंज की लीला हरजिवन स्वाद चखायो ॥"

લૌકિકમાં કોઈ પ્રેમઘેલડી પતિપત્નીની બેલડી હોય ત્યારે ક્યારેક, હળવાશભર્યા છણકાથી પત્ની પોતાના પતિને કહી દે છે કે; "તમે આમ કરશો તો હું પિયર ચાલી જઈશ." સાંવરીયાની આ બાવરી વહુમાં તો ભોળાપણું અને નિખાલસતા એટલી ભરપૂર છે કે, એમનામાં, કોઈ પણ છણકાને છમછમ કરવાનો અલ્પ પણ અવકાશ નથી રહેતો. "વ્રજયોષિતા"ની

જેમ આ ભગવદીય, શુદ્ધ, કાપટ્ય રહિત અને પ્રભુના અનુગ્રહિતા છે. તેથી જ, વાર્તાનો જે પ્રસંગ અહીં હું લઈશ, તે અતિ ગંભીરતાથી વિચારણીય છે. વાર્તા કહે છે; "पाछे वह श्रीठाकुरजी सों कहती, जो-कछु सेवा में भूल परेगी तो हों अपने पीहर चलि जाउंगी ।" દીનતાથી પ્રચૂર આ ભગવદીયના આ વાક્ય ભીતર એમના દર્દનો દાવાનલ વિદ્યમાન છે. પ્રભુને આ વહુ જાણે વિનવી રહ્યા છે કે; "હે પ્રાણનાથ ! સેવા સમયે મારી કાંઈપણ ભૂલચૂક ન થાય એવી આપ મારા પર અમિત, અવિરત કૃપા કરતા રહેશો. કદાચ સેવામાં મારી સહેજ પણ ભૂલ થઈ જશે અને આપને રંચક પણ શ્રમ પડશે તો, એ વખતે જ, મારા અંતરમાં તાપકલેશનો અગ્નિ એટલો પ્રજ્જવલિત થઈ જશે કે આ શરીરમાંથી મારા પ્રાણ નીકળી જશે અને હું મારા પિયર ચાલી જઈશ." અર્થાત્ ઠાકુરજીના જે નિજધામમાંથી આ વહુ ભૂતલ પર પધાર્યા છે, એ પ્રભુનું નિજધામ, આ વહુનું "પિયર" છે. અંત:કરણપ્રબોધ ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે; "आज्ञैव कार्या सततं ." તેથી જ સેવામાં પોતાની જરા પણ ભૂલ ન થાય એના માટે આ વહુ ઠાકુરજીની આજ્ઞાની મર્યાદામાં રહીને જ, કેવલ પ્રભુનું સુખ વિચારીને, પોતાનું પુષ્ટિજીવન પ્રભુ સાથે વ્યતીત કરી રહ્યા છે. વાર્તા કહે છે; "वासों श्रीठाकुरजी जा प्रकार कहते ताही प्रकार वह करती ।" પૂર્ણાનંદ પ્રભુને પોતાની ઈચ્છા પ્રમાણે ખેલવાનો જે મનોરથ છે, એમાં ઠાકુરજીના સૂર સાથે સૂર મિલાવીને, સેવ્યને સદા સમર્પિત રહીને, સંપૂર્ણ રીતે submit

થયેલા આ ભગવદીયનો આવો ભાવ, એ લીલાનો નિર્ગુણભાવ છે. એના કારણે, વહુને, ગોકુળનાથજી "बडेई भगवदीय" કહે છે. વાર્તા કહે છે; "सो वे माँ, बेटा, वहू श्रीगुसांईजी के बडेई कृपापात्र भगवदीय है । सो उन की वार्ता कहां तांई कहिए ।"

******

(૭) પુષ્ટિ ભક્તિનું સ્નેહાત્મક સૌંદર્ય અને ભાવાત્મક લાવણ્ય

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૨૧૪ - एक क्षत्रानी, धानीपुनीवारी

"भक्तिभाव सेवा सुमरन कर पुष्टिपथ में धावे ।
सूरभाव सब हि को कारन भाव हि में हरि भावे ।"

પુષ્ટિમાર્ગીય જીવની આંતરદૃષ્ટિ ભાવાત્મક જોઈએ અને બાહ્યદૃષ્ટિ સંસારમાં ન જતાં, પ્રભુની સેવામાં સ્નેહાન્વિત હોવી જોઈએ. આ રહસ્યનું ઉદ્‌બોધન કરવા માટે શ્રીમહાપ્રભુજીએ "स्मरणं भजनं"નું ચક્ર પુષ્ટિભક્તમાં ગતિમાન કર્યું છે. ખૂબસુરતી તો એ છે કે શ્રીમદાચાર્યચરણોના સિદ્ધાંતોની મર્યાદામાં રહીને, સેવ્ય અને સેવક અમર્યાદ ભાવમાં વિલસી શકે છે.

શ્રીવલ્લભનો ભાવ પ્રગાઢ અને અગાધ છે. "श्रीवल्लभ महासिंधु समान". શ્રીઆચાર્યજીનો પ્રભુ માટેનો ભાવ ઘૂઘવતા સાગર જેવો પ્રચંડ પણ નિર્ગુણ છે, સૂક્ષ્મ પણ અમાપ છે, કૃષ્ણ પ્રતિ જ કેન્દ્રિત છે, પરંતુ નિતાંત વિપુલ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ભાવના અપરિમિત સિંધુમાંથી, કોઈ પણ પુષ્ટિજીવને, કૃપાથી એક જ બિંદુ મળી જાય તો, એ બિંદુ, સિંધુ સમાન અદ્‌ભુત ભાવાત્મક લીલા પ્રકટ કરી જાય છે. ધાનીપુનીવાળી બાઈની વાર્તા આનું દૃષ્ટાંત છે. શ્રીગુસાંઈજીની કૃપાથી ધાનીપુનીવાળા બાઈના અંતરમાં વહેતો પોતાના ઠાકુરજી

માટેનો સુદૃઢ અને સર્વતોધિક સ્નેહ તથા ભાવની તાપાત્મક ગુપ્ત ઉગ્રતા, વલ્લભકુલના બાલકે પધરાવી ગયેલા એમના સેવ્યસ્વરૂપને બેચેન કરી એમની પાસે પુનઃ પ્રયાગમાં પધારવા માટે બાલકને મજબૂર કરી દે છે.

ભજનાનંદની ઉત્કૃષ્ટ અવસ્થામાં પ્રવેશતા પહેલાં, પુષ્ટિજીવને ભજનનું સ્વરૂપ સમજવાની જરૂર છે. ક્રિયા અને ભાવના યથાર્થ સંગમથી ભજન ઉદ્‌ભવે છે. આ દૃષ્ટિથી ધાનીપુનીવાળા બાઈનો ભજનનો process દર્શનીય છે. એક વેળા જેમની આત્મરતિ સંસારાસક્તિમાં ઢળી ગઈ છે, એવા પ્રયાગના આ માજી, શ્રીવિઠ્ઠલેશપ્રભુની કૃપા થતાં, પ્રીતિથી ભગવત્સેવા કરતા, ભજનાનંદની અદ્‌ભુત દશામાં વિહરવા લાગે છે અને એમની આત્મરતિ, પરમાત્મા પ્રતિ પર્યવસિત થઈ જાય છે. એમને સિદ્ધ થયેલી ભજનાનંદાત્મક ભક્તિનું મુખ્ય કારણ શ્રીગુસાંઈજીએ એમને આપેલા આશીર્વાદ છે. વાર્તા કહે છે; "जो - तोके लिए हम श्रीठाकुरजी पधराइ देत है ताकी तू प्रीति सों सेवा करियों । तोपें श्रीठाकुरजी अनुग्रह करेंगे, जातें तेरो उद्धार होइगो ।" પરમકૃપાળુ શ્રીવલ્લભનંદનની વધાઈમાં એટલે જ ભગવદીય ગાય છે;

"भक्ति मुक्ति देत सबनकों
निजजन कों कृपा प्रेम बरखत अधिकाई ।
सुखद एक रसना कहां लों बरनों
गोविंद बल बल जाई ॥"

ભજનાનંદના પથ પર અભિસરણ કરતાં આ પ્રયાગના ભગવદીય, પોતાની અહંતાને પ્રભુમાં વિનિયુક્ત કરાવવા તનુજા સેવા કરે છે અને એમની મમતાને સેવ્યસ્વરૂપને અંગીકાર કરાવવા, પૂણીને કાંતીને એમાંથી ઉપાર્જિત થયેલ દ્રવ્યથી વિત્તજા સેવા કરે છે. દ્રવ્યસેવા જેમાંથી ઉદ્‌ભવિત થાય છે એવી રૂની પૂણી, આ બાઈની મમતાનું પ્રતીક હોવાથી, એમના સેવ્યસ્વરૂપ એક અપ્રતિમ લીલા પ્રકટ કરે છે. આ બાઈ પર કૃપા કરીને એમના ઠાકુરજી, સ્વયં એમની મમતારૂપી પૂણી પર બિરાજમાન થાય છે અને પૂણી કાંતતી વખતે જાણે બાઈની “પરિચર્યા” કરતા હોય તેમ પ્રભુ, એમને પૂણી આપતા જાય છે. એની ફલશ્રુતિરૂપે, આ ભગવદીયની મમતારૂપ પૂણીમાંથી ભગવત્સ્નેહ રૂપ સૂતર, તનુવિત્તજા સેવાના ચરખામાં કંતાઈ રહ્યું છે.

સેવા કરતી વખતે આ બાઈના હૃદયમાં ઠાકુરજીની બાલલીલાનું impression કે છાપ સતત આવિષ્કૃત થતું હોય છે, તેથી આ ભગવદીયની સેવા લીલાત્મિકા બને છે. પ્રભુ સ્વયં લીલાનો અનુભાવ પ્રકટ કરીને ધાનીપુની વાળી બાઈની પૂણીમાં બિરાજે છે. વાર્તા કહે છે; “सो वह क्षत्राणी चरखा कांतती । श्रीठाकुरजी पोनी में विराजते । सो पोनी की गादी पोनी के तकिया । और पोनी आप देत जाते ।” ઠાકુરજીનો આવો સાક્ષાત્ અનુભવ ભક્તને ક્યારે થાય ? પ્રભુની બાહ્ય અને આંતર સ્મૃતિ જ્યારે અતિ તીવ્ર બને ત્યારે આવા સાક્ષાત્ અનુભવની અવસ્થા સિદ્ધ થાય છે.

ગુસાંઈજી આજ્ઞા કરે છે કે ગોપીજનોનું ભગવાન શ્રેય કરે છે તેમ વ્રજાંગનાઓ પણ પ્રભુનું શ્રેય કરે છે. તેથી જ ઠાકુરજી માટે પૂણીના ગાદી અને તકિયા બનાવીને ધાનીપુનીવાળા બાઈ પ્રભુને એમાં પધરાવે છે. સામાન્યતઃ પૂણીમાં કોઈ બેસે તો એમાં એ વ્યક્તિ ગળી જાય છે. પરંતુ ઠાકુરજીના કોમલાતિકોમલ શ્રીવિગ્રહનો અનુભવ ધાનીપુનીવાળા બાઈએ કર્યો છે અને તેથી માજીના અંતરમાં એવો ભાવ છે કે, ઠાકુરજીનો શ્રીવિગ્રહ તો કોટાનકોટિ પુણીઓની કોમલતાથી પણ નિતાંત કોમલ છે. આના કારણે આ ભગવદીય પૂણીના ગાદી તકિયા કરીને, એના ઉપર પોતાના સુકોમલ ભાવના બિછોના કરે છે. જેથી પ્રભુને પૂણીનો સ્પર્શ "કઠોર" અને શ્રમયુક્ત ન બને. પદ્મનાભદાસજી ગાય છે;

"भावन के गृह किये भावन के पेंडे लिये
ठोर ठोर भावस्थली भाव लपटाई ॥"

સેવા કરતી વખતે આ ભગવદીયને બાલલીલાનો ભાવ સતત જાગૃત હોવાથી, એમની ઠાકુરજીની સેવા ભાવતરંગોના બિછોના પાથરી લીલાભાવાત્મક બની જાય છે. આના પ્રતિસાદમાં રૂની પુણીરૂપી આ ભગવદીયના ભાવના બિછોનામાં બિરાજેલા લાવણ્યાકૃતિ ઠાકુરજી, આ માજીને પોતાના નયનામૃત અને લીલામૃતનું કેવું સુમધુર પાન કરાવતા હશે એનું આપણે કેવલ અનુમાન કરીએ તો પણ આપણા રોમરોમ જાગૃત થઈ જશે. ઠાકુરજી જયારે આ માજીને પૂણી આપે છે, ત્યારે, સૌથી પહેલાતો આ ભગવદીય, લાલનનું મુખારવિંદ

જોઈને સ્વરૂપાનંદમાં મુગ્ધ બની જાય છે.

"મોહન મુખારવિંદ પર મનમથ કોટિ વારોં રી માઈ."

તો કોઈક વખત પૂણી આપતી વખતે ઠાકુરજીના શ્રીહસ્તમાં ધાર્યાથી વિશેષ પુણી આવી જાય છે, ત્યારે, પ્રભુ પણ કિલકિલાટ કરી દે છે, એ વખતે એવું દૃશ્યમાન થાય છે કે જાણે રસ સરોવરમાં ખીલેલા કમલ પર કોઈ ઝાંકળનું બિંદુ મલકતું ન હોય ! પોતાના લાલનને આમ ખિલખિલાટ કરતા નિરખીને, આ માજી પ્રભુના ઓવારણા લઈ રહ્યાં છે અને કહે છે; "વારી જાઉ મેરે લાલ." તો ક્યારેક ચરખાની સરખામણીમાં ઠાકુરજીની પુણી આપવાની ગતિ ઓછી થઈ જાય છે, ત્યારે પ્રભુની નાજુકડી ભ્રોંહ સહેજ સકુચિત થાય છે અને પોતે પાછળ છે અને ભક્ત આગળ છે એના આવેગમાં ઠાકુરજી પુણી આપવાની ઝડપ વધારે છે. એ વખતે ધાનીપુનીવાળા, માજી, ચરખો રોકીને પ્રભુને કહે છે; "લાલન ! આપ બહોત શ્રમિત ભયે હૈ, નેક આરામ કરિયો," આમ કહીને આ ભગવદીય, ઠાકુરજીના કપોલને હળવાશથી, સુંવાળાશથી છુએ છે. પ્રભુના ચિબુક ધરીને ઠાકુરજીનાં દર્શન કરતા, આ બાઈ વિમુગ્ધ થઈ જાય છે કારણકે પ્રભુની પ્રતિપલની મુખશોભા અનેરી હોય છે.

"माई आज ओर काल ओर दिनप्रति ओर ओर."

ધાનીપુનીવાળા બાઈ ઠાકુરજીને વિનંતી કરે છે કે મહારાજ ! આપે બહુ પરિશ્રમ લીધો છે, ભૂખ્યા હશો. એમ કહીને પ્રભુને ધાની અરોગાવે છે. નાજુકડી દંતાવલીથી

ઠાકુરજીને આરોગતા જાણે સૂરદાસજી જોઈ ગયા હોય એમ આ લીલાનું વર્ણન કરતા આપ કીર્તનમાં ગાય છે;

"तनक तनक कछु खेहैं अपने मुख तें कछु भर हैं ।"

થોડી ધાણી આરોગીને શ્યામસુંદર પુનઃ પુણી આપવાની ક્રિયામાં મૌન બનીને મશગુલ બની જાય છે, ત્યારે, માજીના મનમાં અભિલાષા જાગે છે કે કયારે મારા લાલન પુનઃ હસી હસીને બોલશે !!

"कब हंसी बात कहेगो मोसों
यह सुख सब दुःख दूरी करें ।"

પ્રભુની સંયોગલીલામાં "ઠાકુરજી હસી હસીને કયારે બોલશે" એવી વિરહની સરવાણી માજીમાં જે વહી રહી છે તે પ્રત્યક્ષ વિરહનું એક નાજુકડું દૃષ્ટાંત છે. ઠાકુરજી પુનઃ બોલે, જલદી બોલે એના માટે માજી થોડી પુણીને છૂટ્ટી કરીને ગોળાકાર બનાવીને લાલનને કહે છે કે; "ઓ લાલા ! આજે હું આપના માટે ચંદ્રમા લાવી છું."

"लेओ मेरे लाल चंद खिलौने."

વાર્તા કહે છે; "सो ऐसें श्रीठाकुरजी वापैं सदा प्रसन्न रहते । सो जैसे बालक अनेक खेल करत हैं तैसे बोहोत खेल करि वाकों बोहोत सुख देते ।" આમ પૂણીમાં વિવિધ લીલા કરતાં, પ્રભુને નીરખીને, હરખીને માજી "लेत बलैया मोद बढावत." આવી એક પલનું જે ભગવદીયને સુખ મળે છે, એમના કોટિ જન્મો, એ

એક પલ પર ન્યોચ્છાવર કરવા જેવા છે. સૂરદાસજી ગાય છે;

"धन्य सूर एको पल यही सुख कहा भयो शतकल्प जीये ।"

ચતુ:શ્લોકી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી "स्मरणं भजनं चापि"ની આજ્ઞા કરે છે કારણકે ઠાકુરજી દ્વિદલાત્મક રસાત્મક છે. તેથી જ ભક્તને પણ સંયોગ અને વિરહ એ બન્ને દશામાં ફલાનુભૂતિ થાય, ત્યારે, ફલ સિદ્ધ થાય છે. હજી સુધી ધાનીપુનીવાળા બાઈ પ્રભુની સંયોગાત્મક બાલલીલામાં વિભોર છે. એમને વિપ્રયોગનો અનુભવ કરાવવા ઠાકુરજી એક કૌતુક રચે છે. વાર્તા કહે છે; "सो एक दिन वा गाम में कोई बालक लालजी पधारे हुते । सो वा डोकरी के घर पधारे । तब उन ने वा डोकरी सों आज्ञा करी, जो - तेरे श्रीठाकुरजी हम कों देउ । हम खेलेंगे । सो तब डोकरी ने अपने श्रीठाकुरजी पधराय दिये ।" ભગવદિચ્છાથી એમને વિપ્રયોગાત્મક ઉત્તરદલનો અનુભવ કરાવવા ધાનીપુની બાઈના ઠાકુરજીને ગોસ્વામી બાળક પધરાવી જાય છે, તો આ વાર્તામાં આ બાઈની વિરહાત્મક અવસ્થાનું વર્ણન કેમ ક્યાંય દેખાતું નથી ? વાર્તા એમ કેમ કહે છે કે; "डोकरीने अपने श्रीठाकुरजी पधराय दिये ?" અહીં સમજવાનું એ છે કે આ માજી માટે ગોકુલનાથજી "ડોકરી" શબ્દ કહીને આ ભગવદીયના "પ્રૌઢ" એવા નિર્ગુણભાવનો નિર્દેશ કરે છે. કાંઈ પણ બોલ્યા વગર "ડોકરી", પોતના હૈયાના હાર કે કાળજાના ટૂકડા અને એમની વાત્સલ્યલીલાના આલંબન વિભાવરૂપ પોતાના ઠાકુરજીને પધરાવી દે છે કારણકે આ

ભગવદીયમાં "निजेच्छातः करिष्यति"નો નિર્ગુણભાવનો સિદ્ધાંત સદા અભીરમતો હોય છે. એમનો માનસીક અભિગમ એવો છે;

"जैसे राखो तैसे रहुं ।
जैसे हि राखो तैसे हुं रहुं ॥"

પરંતુ પ્રભુને પધરાવતી વખતે ધાનીપુની બાઈના અંતરમાં પોતાના "યશોદોત્સંગ લાલીત" માટે તડપન શરૂ થઈ જાય છે. આ ભગવદીય પોતાના આવા પ્રગાઢ વિરહને પ્રકટ નથી થવા દેતા. કારણકે એ એમનો "પ્રચ્છન્ન વિયોગ" અને "પ્રૌઢભાવ" છે અને આ પ્રસંગમાં આ ભગવદીયના ગૂઢભાવને અભિવ્યક્ત કરે છે. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે જો આપણે આપણા પ્રભુ માટેનો પ્રેમ અને ભાવ ગુપ્ત રાખીએ તો આપણા એ ગૂઢભાવને શોધતા ઠાકુરજી સ્વયં પધારે છે. તેથી જ આ માજીના ગુપ્તભાવની શોધનો પ્રારંભ કરતા ઠાકુરજી ગોસ્વામી બાલકના ઘેર કેવલ "ધાનીપુની" એટલા જ શબ્દનો ઉચ્ચાર કરે છે અને પોતે કોને શોધી રહ્યા છે એનો ઉદ્‌ઘોષ કરી રહ્યા છે. "ધાનીપુની" શબ્દનો ઉચ્ચાર કરતા પ્રભુ, પોતાનો અર્ધ "પ્રકાશ વિયોગ" પ્રકટ કરી રહ્યા છે અને એનાથી વધારે, "શ્રીકંઠ"માં ડૂમો ભરાવાથી ઠાકુરજી કાંઈ વિશેષ બોલી શકતા નથી. એમાં પ્રભુના "પ્રચ્છન્ન વિયોગ"ની ઝાંખી થાય છે. આજ વિરૂદ્ધધર્માશ્રય પ્રભુ એક ક્ષણમાં "પ્રચ્છન્ન વિયોગ" અને "પ્રકાશ વિયોગ" એમ બન્નેને સાથે પ્રકટ કરી રહ્યા છે. આ પ્રસંગમાં અનુક્રમે મહાપ્રભુજીના "यज्ञभोक्ता" અને "यज्ञकर्ता"

નામના દર્શન થાય છે. પોતાના સેવ્યસ્વરૂપને માજી નિત્ય જે "ધાણી" આરોગાવી રહ્યા હોય છે, એ ધાણી દ્વારા, આ ભગવદીય પ્રભુના "यज्ञभोक्ता" નામનું સદા પોષણ કરતા હોય છે અને ચરખો કાંતતી વખતે "यज्ञकर्ता" સ્વરૂપે ઠાકુરજી, માજીની પુણીરૂપી મમતા પર બિરાજીને, એમને પુણી આપીને, ધાનીપુની બાઈમાં ભગવત્સ્નેહને અવિરત પોષિત કરે છે. તેથી જ ગોસ્વામી બાલકના ઘેર, પોતાના, માજીએ કરેલા પોષણને તથા પોતે કરેલા માજીના પોષણને યાદ કરીને, ઠાકુરજી કેવલ "ધાનીપુની" એટલા જ શબ્દનો ઉચ્ચાર કરી શકે છે. સેવક અને સેવ્યની આવી પરસ્પર નિર્ભરતા એ, આ વાર્તાનો હાર્દભાવ છે. ગોસ્વામી બાલકના ઘેર "ધાનીપુની" કહીને ઠાકુરજી પોતાની સર્વ પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક આ માજી માટેની આસક્તિનો નિરોધ પ્રકટ કરી રહ્યા છે. કુંભનદાસજી ગાય છે;

"तहुं मोहि जसोदा गृह बिन नाहिन परत रहाई ।"

ધાનીપુની બાઈ માટે ઠાકુરજીની આવી "પરવશ મજબૂરી" જોઈને ગોસ્વામી બાલક, ઠાકુરજીને, આ ભગવદીયના ઘેર પુન: પધરાવી દે છે. વાર્તા કહે છે; "तब आपु (बालक) सेवा करन लागे । तब श्रीठाकुरजी "धानीपुनी" करते । सो तब आपु जे कही, जो - श्रीठाकुरजी धानीपुनी वारी बाई सों राजी हैं । सो श्रीठाकुरजी वाकों पाछें पधराइ दिये ।" વાસ્તવમાં તો આપણો પુષ્ટિનો ઠાકુર અતિ લાગણીશીલ અને possessive હોવાથી પ્રભુ ભક્તનો વિરહ સહન કરી શકતા નથી. તેથી જ સૂરદાસજી ગાય છે;

"भक्त विरह कातर करुणामय डोलत पाछे लागे ।"

અહિં પણ ગોસ્વામી બાલકના ગૃહથી ઠાકુરજી માજીના ઘેર પુનઃ પધારી જાય છે. આમાં પ્રભુની ભક્તવશ્ય લીલાના અદ્‌ભુત દર્શન છે.

"एक रीति प्रीति बस कीने मोहन
याही तें ब्रजरीति न्यारी ॥"

તેથી જ આ વાર્તાના અંતમાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; "यामें यह जताए, जो - श्रीठाकुरजी स्नेह के बस हैं । जो - कोऊ प्रीति सों सेवा करत हैं वाके आपु आधीन व्है रहत हैं ।"

******

(૮) સર્વાત્મભાવ : બસોબાવન વૈષ્ણવ વાર્તા : ૧૦૨

एक वैष्णव बनिया की बेटी, रामानंदी से व्याही

સેવા જયારે ફલિત થાય છે, ત્યારે, પુષ્ટિજીવને માનસી સેવા સિદ્ધ થાય છે. તેમજ કથાની ચરમસીમા વૈષ્ણવને વ્યસનાવસ્થામાં અભિનિવેશ કરાવે છે. પરંતુ જયારે પુષ્ટિભક્તમાં સેવા અને કથાનું ચક્ર સતત ગતિમાન થઈ જાય છે, (सेवायां वा कथायां वा), ત્યારે, એની ચરમસીમાની દશામાં એને સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. તેથી જ સર્વાત્મભાવ યુક્ત રામાનંદીની વહુ સંયોગાવસ્થામાં પ્રભુની સેવા કરે છે, અને અનોસરમાં, કથાપક્ષમાં એ શ્રીભાગવતજીનું શ્રવણ કરે છે. વાર્તા કહે છે; "पाछें यह बेटी बडी भई तब श्रीभागवत सुनन लागी ।" સર્વાત્મભાવ કેવલ કૃપાલભ્ય હોવાથી, વાર્તાના પ્રારંભમાં જ શ્રીગુસાંઈજી, આ બેટીને આશીર્વાદ આપે છે કે; "जो - या बेटी कों सर्वात्मभाव सिद्ध होइगो ।"

સર્વાત્મભાવની અવસ્થામાં પ્રપંચની વિસ્મૃતિ હોય છે અને તેથી જ વાર્તા સમજાવે છે; "परि इनकों कछू संसार की स्फूर्ति न भई ।" વાસ્તવમાં તો આ વૈષ્ણવની બેટીને, સંસારવિસ્મૃતિ પૂર્વક કૃષ્ણની અનન્યાસક્તિ રૂપ ભક્તિ, એવી ફલાત્મક નિરોધની અવસ્થા કે સર્વાત્મભાવ સિદ્ધ છે. કૃષ્ણમાં એમની તન્મયતા છે. અહીં સમજવાનું રહસ્ય એ છે, કે, પ્રભુની નિત્યલીલા હોય કે ભૂતલ પર વૈષ્ણવના ઘેર કોઈ પુષ્ટિભક્ત સાથે ઠાકુરજી લીલા કરતા હોય, ત્યારે, આમ સમગ્ર

ભગવલ્લીલામાં "તન્મયતા" અને "ઉદ્દીપન વિભાવ"નું cycle ચાલતું હોય છે. તેથી જ એક લીલામાં તન્મય થઈ ગયેલી આ રામાનંદીની વહુ, ભાગવતજીની જ્યારે કથા સાંભળે છે, ત્યારે, બીજી લીલા માટે એમનું મન ઉદ્દીપન થઈ જાય છે. આમ સેવા અને કથામાં રમણ કરતું આ ભગવદીયનું પુષ્ટિજીવન "નિત્યલીલા નિત્ય નૌતન"નો અમિત આનંદ અવિચ્છિન્ન માણી રહ્યું છે.

વૈષ્ણવની આ બેટીને સિદ્ધ થયેલી આવી તન્મયતાના કારણે, એમના સેવ્યસ્વરૂપમાં, કૃષ્ણ પ્રત્યેનો એમનો જે સર્વાત્મભાવ છે, તેમ એમના પતિનો પણ "એ જ સ્વરૂપમાં" મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજી માટે સર્વાત્મભાવ છે, તે ભાવ, આ બેટીને એમની સ્વરૂપતન્મયતામાં વિક્ષેપ કરી શકતો નથી. વાસ્તવમાં તો એમના પતિનો ભાવ મર્યાદા ભક્તિનો હોવાથી, એમને રામચંદ્રજીમાં થયેલા સર્વાત્મભાવમાં એમનો "દાસ્યભાવ" પ્રકટ થાય છે. અર્થાત્ પતિને સર્વાત્મભાવની અવસ્થામાં પ્રભુ સાથે "દ્વૈતની અનુભૂતિ" અને "શાંતરસ" વિદ્યમાન છે. ત્યારે આ વૈષ્ણવની બેટીની તાપાત્મક ઉગ્ર પુષ્ટિભક્તિના કારણે, એમનો સર્વાત્મભાવ, "અશાંતરસ" અને "તાદાત્મ્યભાવ"થી સંપન્ન છે.

કૃષ્ણ મોટા છે કે રામ, એના માટે પતિ-પત્ની નિરંતર ઝગડો કરે છે. કારણકે એમનો બન્નેનો આશય એ છે કે, ઠાકુરજી બન્નેની વચમાં પધારીને દર્શન આપે, અને એમનો ઝઘડો પતાવે. અર્થાત્ આ ઝઘડામાં પણ એમની સર્વાત્મભાવની દ્રષ્ટિ કે વૃત્તિમાં સ્ખલન થતું નથી. પરંતુ એ "ઝગડો" તેમના બન્નેના ભાવને

વિશેષ અભિવૃદ્ધ અને સુદૃઢ કરે છે. વાર્તા કહે છે; "याही प्रकार उन कै जन्म संपूरन बीते । उन जान्यो नाहीं, जो - या संसार में और कछू है । तातें वे दोऊ, ऐसें भगवदीय कृपापात्र हते । दोऊन कों सर्वात्मभाव सिद्ध भयो हतो ।"

આ પ્રસંગની ખૂબસુરતી એ છે કે એક જ ઠાકુરજીના સ્વરૂપને સેવ્ય કે આલંબન વિભાવ બનાવીને, આ બેટીના પતિ, મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજીના ભાવથી પૂજે છે. તો આ વૈષ્ણવના બેટી, પ્રભુને, મર્યાદાતિત કૃષ્ણના ભાવથી "રસપુષ્ટ" કરી રહ્યા છે. તેથી જ પતિને શ્રીરઘુનાથજીના દર્શન થાય છે અને આ બેટીને, આ જ સેવ્યસ્વરૂપમાં શ્રીકન્હૈયાલાલજીના દર્શન, સ્પર્શન આદિની એ જ દેહથી, અલૌકિક સામર્થ્યના કારણે, સાક્ષાત્ અનુભૂતિ છે. આ પ્રસંગની વિલક્ષણતા એ છે કે રામચંદ્રજીના ભાવથી એમના પતિ જે સેવ્યસ્વરૂપને પૂજે છે, એ જ સેવ્યસ્વરૂપ ઉપર આ બેટીની દૃષ્ટિ પડતાં જ એ જ સ્વરૂપમાં પુષ્ટિનો આવેશ - આવિર્ભાવ આવી જાય છે. ભાવપ્રકાશ કહે છે; "तातें उनके भाव तें वे स्वरूप में पुष्टि कौ आविर्भाव होत है ।"

સર્વાત્મભાવની સાધનાવસ્થામાં આ વૈષ્ણવ બનીયાની બેટીની વૃત્તિમાં એ સ્થિર થઈ ગયું હોય છે, કે, ભગવાન સર્વેશ્વર અને સર્વાત્મા છે અને હરિ સર્વ એમની ઈચ્છાથી કરે છે. શ્રીમહાપ્રભુજી કહે છે; "सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति." અર્થાત્ સાધનાવસ્થામાં આ વૈષ્ણવની બેટીને દૃઢ વિશ્વાસ છે કે પ્રભુએ જે એમના માટે ઈચ્છયું છે, તે, એમના

હિતમાં જ છે. આ વિચારધારામાં જયારે એમનું sentiment કે ઊર્મિ involve થઈ જાય છે, ત્યારે, એમનામાં જગત માટે સાક્ષીભાવ આવી જાય છે. વાર્તા કહે છે; "इनकों कछू संसार की स्फूर्ति न भई ।" કાલાંતરે, જયારે ફલદશાનો સર્વાત્મભાવ આ ભગવદીયને સિદ્ધ થાય છે, ત્યારે, પ્રત્યેક વસ્તુને, આ વૈષ્ણવ, ઠાકુરજીમાં જુએ છે અને એના કારણે એમનો "અહમ્‌બોધ" પણ પ્રભુ પ્રતિ બની રહે છે. પુષ્ટિજીવમાં સર્વાત્મભાવની લહેર ત્યારે લહેરાય, જયારે બુદ્ધિ ભગવદ્‌ગામિની હોય, અર્થાત્ આ બેટીની intellect કે બુદ્ધિની "સમજ", પ્રભુના માહાત્મ્યજ્ઞાનની છે. એમની activity કે "ક્રિયા" સેવાનુગામી છે. એમનો emotions કે "ઊર્મિ", કૃષ્ણમાં સ્નેહાત્મક ભાવરૂપ છે. વૈષ્ણવની આ બેટીમાં ભાવ પનપવાનું કારણ સમજાવતા વાર્તા કહે છે; "यह बेटी बडी भई तब श्रीभागवत सुनन लागी ।" કૃષ્ણકથાથી પુષ્ટિજીવમાં ભાવ પ્રવૃદ્ધ થાય છે. આમ રામનંદીની વહુની "સમજ, ભાવ અને ક્રિયા", ભગવન્મય હોવાથી, એમને ફલાત્મક નિર્ગુણભાવરૂપ સર્વાત્મભાવ સિદ્ધ છે.

કેવલ સર્વાત્મભાવવાળા ગોપીજનો જ રાસના અધિકારી બન્યાં છે અને આવો અધિકાર આ બેટીને પણ ઉપલબ્ધ છે, કારણકે એમના અંતરમાં શ્રીમહાપ્રભુજીનું "रासलीलैक तात्पर्य"નામ બિરાજમાન છે. એનું પ્રમાણ વાર્તામાં અતિસુંદર રીતે મળે છે, જેના દર્શન કરી લઈએ. જયારે આ બેટીના પતિ એમને પૂછે છે કે; "जो-तुम्हारे श्रीकृष्णचंद्रजी कहा करत हैं ?" ત્યારે આ

બેટીને એ વખતે પણ કેવલ રાસલીલાની શુદ્ધિ આવી જાય છે અને એમના પતિને એ કહે છે કે; "जो - हमारे श्रीकृष्णचंद्रजी तो वेनुनाद करि कै सब व्रजसुंदरीन कों बुलाई कै रास रमन उन सों करत हैं । उनके संग मिलि कै । सो उहाँ विमान पै चढि चढि कै सब देवता देखन कों आए हैं । सो ताकी उहां मंडप रचना भइ है । और गांधर्व गान करत हैं । और व्रजभक्त अनेक भांति सों गान करत हैं । सो या भांति सों हमारे श्रीठाकुरजी सदैव लीला करत हैं ।" સૂરદાસજી ગાય છે;

"गोपी गोपाल लाल रास मंडल मांही ।_ _ _ _
गावत रस भरे रंग तान ताल सुर उमंग
आनंद उपजत अनंग रीझत हरि राधे ॥
ठाडे व्योमन विमान देखत सुर शकभान
देव अंगना निधान रिझ प्राण वारे ।"

કૃષ્ણની લીલામાં અવિરત રત થયેલી આ બેટી માટે વાર્તા કહે છે; "और या बहू को मन श्रीकृष्ण की लीला कौ चिंतन कर्‌यो करे ।" આનું રહસ્ય એ છે કે કોઈ વૈષ્ણવ કેવલ સેવા કરતા હોય, પણ એમને લીલાનુરક્તિ ન હોય, તો મહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર લીલાનુરક્તિવાળા ભગવદીય કરતા કેવલ સેવાગામીઓની અવસ્થા ન્યૂન છે. કારણકે ભગવાને લીલા માટે અખિલ સૃષ્ટિને રચી છે. શ્રીઆચાર્યજી, પુષ્ટિજીવને સેવાના માધ્યમથી ભગવલ્લીલાનું અનુસંધાન કરાવે છે. વૈષ્ણવની આ બેટી, શરૂઆતમાં વ્રજભક્તોના ભાવથી ભક્તિ કરે છે, એમાં વ્રજાંગનાઓના ભાવના રાગાનુરાગનો original colour નથી, પણ એમની કૃષ્ણભક્તિમાં એના

shade છે. આ shadesની ઓથે રહીને, કૃષ્ણની ભક્ત્યાત્મક સેવા કરતા કરતા, આ ભગવદીયના બીજ ભાવમાં, પ્રભુએ મૂળમાં સ્થાપિત કરેલો એમનો સ્વતંત્ર shade પ્રકટ થઈ જાય છે. એના પછી રામાનંદીની આ વહુએ શરૂઆતમાં જ "ભક્ત્યર્થ" સેવા કરેલી, તે જ સેવા, એમને હવે "ભક્તિભાવ"થી સંપન્ન થઈ ગઈ હોય છે. આના કારણે એમને સ્વતંત્રભક્તિ અને સર્વાત્મભાવ સિદ્ધ થયા છે.

ઠાકુરજીના અન-અવસરમાં સર્વાત્મભાવની દશામાં આ ભગવદીય, ભગવદ્તન્મયતાના કારણે આસક્તિ ભ્રમ ન્યાયથી, જાગૃત-સ્વપ્ન કે નિંદ્રાની અવસ્થામાં ઉદ્ભુત થતી સર્વ ભગવલ્લીલાનો એ અનુભવ કરે છે અને એવી લીલામાં પોતે સહભાગી પણ થાય છે. શ્રીસુબોધિનીજી આજ્ઞા કરે છે;

"तन्मयताम् यपु क्रीडामय एव जाता
आग्रत स्वप्नेषु क्रीडाम् एव पश्यन्त आसक्ति भ्रमन्यायायेन ।"

અર્થાત્ સર્વાત્મભાવી આ વૈષ્ણવની બેટી, અનોસરમાં જયારે લીલાની માનસી કરે છે, ત્યારે, ઠાકુરજી "લીલાકર્તા" રૂપે તેમનો અંગીકાર કરે છે. આ ભગવદીયને પોતાના સ્વરૂપનું અને એમને દાન થયેલ "સ્વતંત્ર ભાવ"નું જ્ઞાન હોવાથી, આ વૈષ્ણવની બેટી, લીલાની માનસી કેવળ સાક્ષીભાવથી નથી કરતાં, પરંતુ, લીલામાં એ પોતાના સ્વતંત્ર ભાવનું contribution કે સમર્પણ પણ કરતા હોય છે. એમણે કરેલું આવું contribution કેવલ વ્રજભક્તોના ભાવ સુધી જ સીમીત નથી, પણ પોતાને સિદ્ધ થયેલ સ્વતંત્ર ભાવને પણ એ સમર્પિત

કરતા હોય છે, જે ભાવ વ્રજભક્તો સમકક્ષ હોવા છતાંય વ્રજભક્તોના ભાવથી હટીને છે. જેમ કે વ્રજલીલામાં આપણે એવું નથી સાંભળ્યું કે કોઈ ગોપીજન કૃષ્ણભક્ત હોય અને એમના પતિ રામચંદ્રજીના અનન્ય હોય. તદુપરાંત એક જ સ્વરૂપની સેવા કરતા પતિ-પત્નીને સદા ઝઘડો થતો હોય, જેનું સમાધાન ઠાકુરજીને નિરંતર કરવું પડે છે. પરંતુ વૈષ્ણવની બેટીની આ વાર્તા આવા મધુર ઝગડાથી ભરપૂર છે અને પતિ-પત્ની વચ્ચે સમાધાન કરવા મધુરાધિપતિ સ્વયં પ્રકટ થતા હોય છે. વાર્તા કહે છે; "तब स्त्री ने अपने पुरुष सों कह्यो, जो-तुम्हारे श्रीरघुनाथजी तो घर में निर्बल हैं । सो एक श्रीजानकीजी कों राखि सके नाहीं । या प्रकार दोनो झगरन लागे । सो दोऊन कों आर्ति भई । तब श्रीठाकुरजी ताही समै परम दयाल भक्त की आर्ति सहि सके नाहीं । तातें आप मध्य में प्रगट होंई झगरो चुकायो ।" અહીં ખાસ સમજવાનું એ છે કે રામાનંદીની આ વહુને સિદ્ધ થયેલ સર્વાત્મભાવમાં, એમને થતી ભગવદ્આર્તિનું સ્વરૂપ સ્નેહાત્મક, ભાવાત્મક હોય છે. ચા નો સ્વાદ નિત્ય લેનાર માણસને જેમ ચાની ટેવ પડી જાય છે, તેમ, સેવારસનો આસ્વાદ માણનાર આવા સેવાવ્યસની પુષ્ટિભક્તોમાં સેવા કરવાનો ભાવ, એમના મનમાં વ્યાપ્ત થઈ જાય છે. ચા પીવાની ટેવવાળા મનુષ્યને ચા પીધા પછી જેમ સ્ફૂર્તિ કે નશો આવે છે, તેમ, સેવાની લગનીભરી ટેવવાળા ભક્તોમાં એમણે લીધેલો સેવાનો રસાસ્વાદ એમના મનમાં ધીરે ધીરે પોતાનું સ્થાન જમાવી દે છે.

ચિત્તથી ઉર્ધ્વગમન પામીને, જ્યારે સેવાનું વ્યસન મનમાં લાગી જાય, ત્યારે, આવા ભગવદીયોની પ્રત્યેક ઈન્દ્રિયોમાં સ્પર્ધા જાગી જાય છે કે, પ્રભુને કોણ પહેલું પહોંચે. આ વૈષ્ણવની દીકરીના નેત્રને, ઠાકુરજીમાં અનુરક્તિની મજબુરીના કારણે નિત્ય એવી તીવ્ર ભાવની સિદ્ધ થઈ ગયેલી હોય છે કે, અન્ય ઈન્દ્રિયો કરતાં સૌથી પહેલા પોતે ઠાકુરજી સન્મુખ પહોંચી જઈને પોતાના હરિણાક્ષી નેત્રોનું ભગવત્સમર્પણ કરે.

"મારી આંખલડીને ચેન ન પડે બાઈ,
કૃષ્ણ કાજ દોડી દોડી જાઈ."

ભગવદીય ગાય છે;

"अखीयन ऐसी टेव परी,
कहा करो बारिज मुख ऊपर लागत ज्यों भ्रमरी ।"

- - - - તો રામાનંદી બેટીના હસ્ત, ઠાકુરજીના શૃંગાર કરવા, પ્રભુના કોમલ કપોલ પર હળવાશથી આંગળીઓ ફેરવવા, ઠાકુરજી માટે સામગ્રી સિદ્ધ કરવા અને એ જ સામગ્રીને પોતાના હાથથી આરોગવવા સદાય તડપતા હોય છે.

"हाथ जिमावन को तरसे ।"

- - - - તેમજ વૈષ્ણવની આ દીકરીમાં ઠાકુરજી માટે ઉછળતું હૈયાનું હેત, જ્યારે એમની વાણીમાં તુંદિલીત થઈ જાય છે, ત્યારે, એમના મુખમાંથી પ્રભુના મધુર ગુણગાન નિ:સૃત થાય છે;

"माइ हों गिरिधरन के गुण गाऊं ।
खेलन आंगन आउ लाडिलें नेक हु दरशन पाऊं ।"

લીલાના આવેશમાં એમણે ગાયેલા ગુણગાનના કારણે, એમનો લાડીલો વ્રજરાજ, એ સમયે ત્યાં જ ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમરૂપે પ્રકટ થઈ જાય છે. ભગવદ્‌ગુણગાનની આ ચરમાવસ્થા છે.

____ તો આ ભગવદીય બેટીનું મન, વ્રજભક્તોની જેમ નિત્યનૂતન પોતાના સ્વતંત્ર ભાવની ભાવનાના હિલોળે ચઢીને ઠાકુરજીના મંજુલ મનોરથોમાં સદા આવિષ્ટ રહેતું હોય છે.

"कृष्णदास प्रभु की गाय लीला मन मनोरथ कर लीया ।"

____ તેમજ આ વૈષ્ણવની બેટીનો अहम् પ્રભુ માટે दासोऽहंના ભાવમાં પરિણીત થઈને સ્નેહાત્મક એવા "દાસ્યભાવ"માં પ્રભુના સુખનો વિચાર કરતું અવિરત અભિરમણ કરતું હોય છે. ઠાકુરજી કોઈપણ ઈચ્છા પ્રકટ કરે, તે પહેલા, પ્રભુની ઈચ્છા સિદ્ધ કરવા, આ ભગવદીયનું મન સદા તત્પર હોય છે.

____ તેમજ આ ભગવદીયની મમતાનું રૂપાંતર ભગવત્સ્નેહમાં થઈ ગયું છે અને સંસાર માટે એમનો સાક્ષીભાવ કેવી રીતે અભિવ્યક્ત થાય છે, તે વાર્તા કહે છે કે "संसार कों जान्यो नाहीं, जो - यह कहा हैं ?" અને પોતાના ઠાકુરજીનો बिना मोल को चेरो માને છે. ભગવદીય ગાય છે;

"या सांवरे सो में प्रीति लगाई ।____
बिन देखे मनमोहन को मुख मोही लगत त्रिभुवन दुःखदाई ।
नारायन तिन को सब फीको जिन चाखी यह रूप मिठाई ॥"

અહીં સમજવાનું એ છે કે મમતાના પાસામાંથી ઉદ્‌ભવીત

થયેલા સર્વાત્મભાવમાં, આ બેટીનો સદા એવો ભાવ છે કે, મારું જે કાંઈપણ છે, તે કેવલ પ્રભુનું છે.

પ્રભુને કઈ ઈન્દ્રિય પહેલાં પહોંચે, એની આ વૈષ્ણવની બેટીની ભીતર જે અવિચ્છિન્ન સ્પર્ધા ચાલી રહી છે, એમાં સૌંદર્ય શાસ્ત્રના વિવિધ રંગી ફુઆરાઓ, કલાત્મકતાની કમનીય કમાનોથી અંગડાઈ લેતા હોય છે. આ ભગવદીયની પ્રત્યેક "ઈન્દ્રિયની ભક્તિ"માંથી રસ સ્રવીત થતો હોય છે. આવા ભગવદીયની પ્રત્યેક રસાત્મક ઈન્દ્રિયને અવલોકીને પરમાનંદદાસજી ગાય છે;

"यातें माई भवन छाँड बन जैये ।
आँख रस कानरस बातरस सबरस नंदनंदन पे पैये ।
कल पल्लव कर कंध बाहु धर संग मिले गुन गैये ॥"

વૈષ્ણવની આ બેટીમાં અભિસરણ કરતી પ્રચુર ભાવપ્રવાહયુક્ત, સર્વાત્મભાવાત્મક ભક્તિને, કેવો અલૌકિક પ્રતિસાદ પ્રભુ આપે છે, તેના અદ્‌ભુત દર્શન રસિકદાસજી આપણને કરાવે છે.

"दर्शन सुख नयनन को दीनों रसना को गुणगान ।
वचन सुनन श्रवणन को दीनो वदन अधर रसपान ॥
मन को दियो सदा रस भावन सुख समूह की खान ।
रसिक चरणरज व्रजयुवतिन की अति दुर्लभ जियजान ॥"

अक्षणवतां कलविदंની આ ચરમ દશા છે. આમ સર્વેન્દ્રિયથી પ્રભુના સ્વરૂપાનંદનો આનંદ માણતા આ બેટી, ભજનાનંદમાં પોતાના સર્વેન્દ્રિયનું ભગવદ્‌ઉપયોગીત્વ થાય એના માટે સદા તાપાત્મક માધુરીમાં રમણ કરતા

હોય છે. વિપ્રયોગની અવસ્થામાં આ ભગવદીય પ્રભુની સર્વત્ર અનુભૂતિ કરે છે. અથવા તો એમના અંતરમાં સ્વરૂપાનુભૂતિ અને લીલાનુભૂતિનું ચક્ર અખંડ ગતિમાન થઈ ગયેલું હોય છે. જેને શ્રીમહાપ્રભુજી પરમફલ કહે છે. आत्मानंद समुद्रस्थनी અવસ્થામાં આ ભગવદીયના હૃદયમાં લીલાસાગરનો જે મૃદુલતમ ભાવપ્રવાહ વહી રહ્યો છે, એમાં બિરાજતા નિરોધસ્વરૂપ પ્રભુ, એમને અખંડિત રસનું દાન કરી રહ્યા હોય છે. તેથી જ ભાવપ્રકાશમાં હરિરાયજી કહે છે; "रसात्मक प्रकार तें ठाकुर अनुभव जनावत हैं । सो ऐसो सर्वात्मभाव सिद्ध होंइ तब पुष्टि मर्यादा बुद्धि रहत नाहीं । एक रसरूप भाव प्रगट होत हैं । सर्वत्र भावात्मा कौ ही अनुभव होत हैं । सो यह भक्तिमार्ग ऐसो विलक्षण हैं । सो श्रीआचार्यजी महाप्रभु "चतुःश्लोकी" में कहत हैं ।

"यदी श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥"

तातें जाने अपने हृदयमें सर्वात्मभाव करि श्रीगोकुलाधीश कों धारन किये । ताकों लौकिक वैदिक तें कहा ? सो यह भाव सर्वोत्तम जाननो ।"

******

(૯) "एक दृढ विश्वास आपु के चरन को रहे ।"

૮૪ વૈષ્ણવ વાર્તા : ૨૧ - પ્રભુદાસ ભાટ

૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ વાંચશું તો આપણને ખ્યાલ આવશે કે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની "પુષ્ટિ" જે દૈવીજીવો પર વરસી રહી છે, એના લાલિત્યભર્યા વિવિધ પહેલુઓ આ વાર્તામાં દૃશ્યમાન થાય છે. જેમ "કેલીડોસ્કોપ" ફેરવતા આપણને એમાં અનેક રંગીન ડીઝાઈનો દૃષ્ટિગોચર થાય છે, તેમ, શરણે આવેલા દૈવીજીવોની પરિસ્થિતિના કારણે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલની કૃપાના પણ અનેકરંગી shades આપણને જોવા મળે છે. પ્રભુદાસ ભાટની વાર્તામાં પુષ્ટિના ચમત્કૃતિભર્યા વૈવિધ્યના અદ્‌ભુત દર્શન આપણે પણ કરી લઈએ.

શ્રીમદાચાર્યચરણની પુષ્ટિનું એક સ્વરૂપ છે; "કરુણા". કરુણા એટલે ? પુષ્ટિજીવની તકલીફનું દર્દ શ્રીઆચાર્યજીને થાય છે. એ વખતે શ્રીમહાપ્રભુજીનું "કરુણા"સ્વરૂપ આવિષ્કૃત થઈ ગયું હોય છે. તેથી જ રસિકદાસજી શ્રીવલ્લભપ્રભુ માટે ગાય છે; "सब गुण पुरन करुणासागर जहां महारस पैये हो ।" "કરુણા"ના આવેશમાં, कृपानिधि શ્રીવલ્લભ, જીવ પોતાની પાસે આવે તેની વાટ જોઈ શકતા નથી, પણ તત્પર બનીને આપ સ્વયં જીવ પાસે વેગથી પહોંચી જાય છે. તેથી જ વધાઈમાં ગવાયું કે; "करुणानिधि श्रीवल्लभ भूतल आए ." પ્રભુદાસ ભાટની વાર્તામાં આચાર્યજીના કરુણાના

પહેલુ ને ઉદ્દીપન કરતું શ્રીગોકુલનાથજીનું વાક્ય છે; "सो मथुरा आय विश्रांत घाट पर (प्रभुदास) रोवन लागे । जो भगवान मोकों मूरख क्यों किये ? अब मैं कहां जाऊं ?" દૈવીજીવ પ્રભુદાસનું આવું દર્દીલું રુદન શ્રીવલ્લભનાં કારુણિક સ્વરૂપને "દર્દ" આપી રહ્યું છે અને શ્રીઆચાર્યજીને પ્રભુદાસ જ્યાં બેઠેલાં છે એ સ્થાને નોતરવા પર્યાપ્ત બની જાય છે. કારણકે આપનું નામ છે "महाकारुणिक."

શ્રીમહાપ્રભુજીની કરુણાનું દ્વિતીય પહેલુ છે; "અનુકંપા". પ્રભુદાસના દુ:ખથી, નિતાંત કોમલ હૃદયી શ્રીવલ્લભના અંતરમાં જે કંપન થાય છે, તે કંપન, શ્રીઆચાર્યજીનું અનુકંપાનું સ્વરૂપ બની જાય છે. વાર્તામાં પ્રભુદાસજી આત્મસંભાષણ કરે છે; "अब मैं कहां जाऊं ? जहां जाऊं तहां आदर सनमान तो कोइ करत है नाहीं । या प्रकार चिंता में हते ।" પ્રભુદાસનું આ દુ:ખ આચાર્યજીના અંતરમાં જે "કંપન"ની તરંગો પ્રકટ કરે છે, એના કારણે પ્રભુદાસનું આ વાક્ય પૂરું થતાં જ તત્ક્ષણે શ્રીમહાપ્રભુજી, ભાટની સન્મુખ ત્યાં પધારે છે. વાર્તા કહે છે; "ताही समय श्रीआचार्यजी महाप्रभु मथुरा पधारे, विश्रांत घाट पर ।" શ્રીગોકુલનાથજી "ताही समय" એટલા માટે કહે છે કે પ્રભુદાસ પર અનુકંપા કરવા શ્રીઆચાર્યચરણ વિલંબ અસહિષ્ણુ બને છે.

સર્વોત્તમજી કથિત શ્રીવલ્લભના "विभुः" નામમાં આચાર્યજીની "કૃપાલુતા"નાં દર્શન થાય છે. તેથી મહાપ્રભુજીની વધાઈમાં ગવાયું;

"कृपासिंधु श्रीलक्ष्मणनंदन
भक्तन हित प्रकटे हे भुव पर
कृष्णवदन वृन्दावनचंद ।"

તો કૃપાલુતા એટલે ? દૈવીજીવ એવા પ્રભુદાસના પુષ્ટિબીજને અવલોકીને શ્રીવલ્લભપ્રભુમાં પ્રભુદાસ માટે જે કરુણા પ્રકટ થઈ, તે કરુણા, પ્રભુદાસના દૈવીજીવત્વને સફલ કરવા માટે થઈ અને કાર્યરૂપે તે શ્રીઆચાર્યચરણમાં "કૃતિસામર્થ્ય"નું સ્વરૂપ લે છે. અર્થાત્ કૃપાલુમાં કૃપાલુતા સિદ્ધ કરવાનું સામર્થ્ય ન હોય તો કેવલ કરુણા ફલિત થઈ શકતી નથી. સારાંશમાં, પ્રભુદાસ દૈવીજીવ હોવાથી, એમના દુ:ખને કારણે શ્રીવલ્લભમાં કરુણાનો આવિર્ભાવ થાય છે અને પ્રભુદાસના દૈવીજીવત્વને સિદ્ધ કરવા માટે શ્રીમહાપ્રભુજીની તદનુસાર જે કૃતિ છે, એ આપની "કૃપાલુતા"નું દર્શન કરાવતું "કૃતિસામર્થ્ય" છે. આ સામર્થ્યને વાપરતા મહાપ્રભુજી, પ્રભુદાસને કહે છે; "तब आपु (श्रीमहाप्रभुजी) दैवी जानि कें कहें, प्रभुदास ! तू रोवत क्यों है, न्हाय ले । तब प्रभुदास न्हाये । तब श्रीआचार्यजी नाम निवेदन करायें ।" ગદ્યમંત્રની દીક્ષામાં પોતાનું કૃતિસામર્થ્ય પ્રકટ કરીને શ્રીઆચાર્યચરણ પ્રભુદાસને એના પોતાના તથા આચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. વાર્તા કહે છે; "तब प्रभुदास कों अपुने स्वरूप को और श्रीआचार्यजी के स्वरूप को ज्ञान भयो ।"

કોઈની પાસે જે વસ્તુ ન હોય, એ વસ્તુ કોઈ એને આપે તો એ "દાન" કહેવાય છે. આવા દાનનું કારણ દાતાની "દયાલુતા"માં અભિરમે છે. "દયાલુતા"ના

આવેશમાં શ્રીવલ્લભપ્રભુ, ત્રિભુવનમાં કોઈ પણ ન આપી શકે એવા પુષ્ટિપુરુષોત્તમને, પ્રભુદાસને માથે પધરાવીને એમની સેવા સોંપે છે. શ્રીવલ્લભની આવી પ્રગાઢ દયાલુતાને નિર્દિષ્ટ કરતા હરિરાયજી ગાય છે;

"एतो मेरे प्राणजीवन धन, दान दीये श्रीवल्लभवर ."

સર્વોત્તમજીનું અહીં પ્રગટ થતું નામ છે; अदेयदानदक्षश्च. આવું મહાદાન આપીને આચાર્યજી પ્રભુદાસને કહે છે; "अब तुम भगवत् सेवा करो ।"

ભગવત્સેવાનું અદેયદાન પ્રભુદાસને આપતાં પહેલાં મહાપ્રભુજી એમનો "અંગીકાર" કરે છે. એ પણ આચાર્યજીની પુષ્ટિનું એક સ્વરૂપ છે. વાર્તામાં મહાપ્રભુજીની અંગીકૃતિના શબ્દો છે; "प्रभुदास ! तू रोवत क्यों है, न्हाय ले ।" તો અંગીકાર એટલે ? પ્રભુદાસને સ્નાન કરવાની આજ્ઞા કરતા શ્રીવલ્લભ એમને "અનુમોદન" આપે છે કે "તને હું હવે અવશ્ય શરણે લઈશ." "અંગીકાર" એ શ્રીમહાપ્રભુજીનું પુષ્ટિજીવ પ્રત્યેનું commitment કે વચન છે. શ્રીવલ્લભની અંગીકૃતિનું અપરિમિત માહાત્મ્ય એ છે કે, શ્રીમહાપ્રભુજીએ જે પુષ્ટિજીવનો અંગીકાર કર્યો છે, તે પુષ્ટિજીવ, આચાર્યજીના અંગીકાર પછી સામાન્ય માનવ હોય તો પણ, તે ગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણનો પ્રિય બની જાય છે. આનો ઉદ્‌ઘોષ કરતા શ્રીસર્વોત્તમજી કહે છે; "अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः ।" અંગીકારનો બીજો અર્થ એ પણ છે કે અંગીકૃત જીવને શ્રીવલ્લભ, પોતાના અંગરૂપ બનાવે છે. શ્રીવલ્લભના

સર્વે અંગ કૃષ્ણસેવામાં સમર્પિત છે અને આવી સર્વાંગી કૃષ્ણસેવામાં સમર્પિત થવાનું "અનુમોદન" શ્રીવલ્લભ, પોતાના અંગરૂપ બનેલા પ્રભુદાસને આપે છે અને કહે છે; "अब तुम भगवत् सेवा करो ।" અહીં સમજવાનું રહસ્ય એ છે કે મહાપ્રભુજીના "અંગીકાર" કે "અનુમોદન" વિના પુષ્ટિસંપ્રદાયના ભાવાત્મક કૃષ્ણ કોઈપણ જીવની પાસે સેવા લેતા નથી અને એવા આચાર્યજીથી અંગીકૃત થયેલ જીવને પણ પ્રભુ સીવાય બીજું કાંઈપણ સુહાતુ નથી. તેથી જ મહાપ્રભુજીની વધાઈમાં હરિરાયજી ગાય છે;

"जब तें अंगीकार कियो है मेरो
तब तें न अन्य सुहावे हो ।"

આમ "કરુણા"ના પાસામાં મહાપ્રભુજી પ્રભુદાસ ભાટનું દુ:ખ share કરે છે અને "દયાલુતા"ના આવેશમાં આચાર્યચરણ પોતે જે કૃષ્ણસેવાનું સુખ માણી રહ્યા છે, એમાં પ્રભુદાસને share કરાવે છે કે એમાં ભાગી બનાવે છે.

દયાઊદધિ શ્રીવલ્લભાધીશ સ્વામી, દયાલુતાના આવેશમાં "અપ્રાપ્ય" એવા પ્રભુને, પ્રભુદાસને પ્રાપ્ત કરાવે છે. એમાં શ્રીમહાપ્રભુજી પોતાના "સ્વચેષ્ટા પ્રાપણ" સ્વરૂપને પ્રકટ કરી રહ્યા છે. અર્થાત્ પ્રભુદાસને પુષ્ટિભક્તિનું ફલ પ્રાપ્ત કરાવવાનો initiative કે પહેલ પણ આચાર્યચરણ પોતે કરે છે. એ આવેશમાં પ્રભુદાસને માથે ઠાકુરજીની સેવા આચાર્યજીએ પધરાવી છે. વાર્તા કહે છે તેમ પ્રભુદાસને આશીર્વાદ આપે છે કે; "और

प्रसन्न ह्वैं के (श्रीमहाप्रभुजी) कहे, तोकों सगरी रीति आपुहि फूरेगी ।"

આમ શ્રીમહાપ્રભુજીની પુષ્ટિની સઘન ઘટાનું જે વૈવિધ્ય લહેરાઈ રહ્યું છે એની છાયામાં અભિરમતા પ્રભુદાસ પર એ ઘટામાંથી કૃપાની વિવિધ પ્રકારની જે વર્ષાઓ થઈ રહી છે, એ વર્ષાઓને વરસાવવા પ્રભુદાસ ભાટે કોઈપણ સાધન કર્યું નથી. એ તો કેવલ નિઃસાધન છે. તેથી જ શ્રીહરિરાયજી, શ્રીવલ્લભપ્રભુ માટે કહે છે;

"निःसाधनजनोद्धारकरणप्रकटीकृतश्रीगोकुलेशस्वरूप."

ક્યાં એક તરફ વિશ્રામઘાટ પર એકલા બેઠેલા, હારેલા, સંસારથી અપમાનિત પામેલા પ્રભુદાસ ભાટ અને ક્યાં પુષ્ટિના તારણહાર શ્રીમહાપ્રભુજીની પુષ્ટિઘટાની વર્ષામાં સ્નાન કરી ચૂકેલા એ જ પ્રભુદાસજી ! શ્રીવલ્લભપ્રભુ પાસે ગદ્યમંત્રની દીક્ષા લેતાં જ તો "प्रभुदास को अपने स्वरूप को और श्रीआचार्यजी के स्वरूप को ज्ञान भयो ।" અર્થાત્ મહાપ્રભુજીના આવા અનેકવિધ કૃપાના સ્વરૂપનું આ ભક્તને જ્ઞાન થાય છે. આમ પોતાના અને આચાર્યચરણનાં સ્વરૂપનું જ્ઞાન થતાં જ, એક સમયના મૂઢ એવા પ્રભુદાસ, તત્ક્ષણે પુષ્ટિસંપ્રદાયનું એક અદ્ભુત રહસ્ય સમજાવતું કવિત, દોહા રૂપે ગાઈ રહ્યા છે;

"जब तें बिछुर्यो नाथ सों पर्यो जगत भव कूप ।
ता हित वल्लभ प्रगट ह्वै दरसायो निज रूप ॥"

ભવકૂપ કે સંસારના કૂવામાં પડેલા પુષ્ટિજીવોનો ઉદ્ધાર

કરવા માટે મહાપ્રભુજી દોરડું નથી ફેંકતા પરંતુ એ કૂવામાં સ્વયં અવતરીને, પુષ્ટિજીવોને સંસારમાંથી બહાર કાઢીને સેવાફલ કથિત વિવિધ દશાઓમાં ગતિ કરવા એમને માર્ગદર્શન આપે છે. પ્રભુદાસજીએ ગાયેલા આ દોહામાં ગદ્યમંત્રના રહસ્યને સમજાવતું પોતાના અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન પ્રભુદાસને થઈ જાય છે. પોતાનાં સ્વરૂપના જ્ઞાન સંબંધીત એ બ્રહ્મવાદનું રહસ્ય સમજી જાય છે કે પ્રભુ અંશી છે અને પોતે ઠાકુરજીના અંશ છે. પ્રભુ સંબંધીત એમને જે જ્ઞાન થાય છે, એમાં એમને ઠાકુરજીના માહાત્મ્યનું અને તાદાત્મયનું જ્ઞાન ઉપલબ્ધ થઈ જાય છે. પ્રભુદાસજી ગાય છે; "जब ते बिछूरयो नाथ सों." અહીં પ્રભુદાસજીના મનમાં ભાવનાઓ પ્રકટ થઈ જાય છે કે સહસ્ર પરિવત્સરથી શ્રીઠાકુરજીથી હું છૂટો પડયો છું તો પણ મારામાં કૃષ્ણવિયોગના તાપકલેશનો આનંદ તિરોહિત થઈ ગયો છે. એનું કારણ એ છે કે માયાવશ થઈને મારા દેહેન્દ્રિયાદિને જ હું મારો આત્મા માનીને બેઠો છું અને એના સુખ માટે સર્વ પુરુષાર્થ કરી રહ્યો છું. શ્રીઆચાર્યજીની કૃપાની વર્ષા થતાં, પ્રભુદાસને એ જ્ઞાન થાય છે કે પોતાના દેહાદિને પોતે આત્મારૂપ સમજી રહ્યા છે, તે એમનું અજ્ઞાન છે. અર્થાત્ એમનો દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંત:કરણાધ્યાસ અને સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ એમ આ પાંચેય એમના મનમાં ઘર કરી ગયેલ પંચપર્વા અવિદ્યા છે. શ્રીમહાપ્રભુજીની વેણુનાદ રૂપી વાણી સાંભળીને એમના આ પાંચેય અધ્યાસો નિવૃત્ત થઈ જાય છે અને ત્યારથી એ જ વાણી દ્વારા

પ્રભુદાસને પંચપર્વા વિદ્યાનું દાન થતાં એમને સમ્યક્ જ્ઞાન થઈ જાય છે કે દેહેન્દ્રિયાદિ એવા એમના "અહંતા"ના પદાર્થો અને દારાગારાદિ એવી એમની "મમતા"ની વસ્તુઓ, એ સર્વે ઉપર તો કેવલ કૃષ્ણનો અધિકાર છે. અર્થાત્ એમના અહંતામમતાત્મક સર્વ પદાર્થો કૃષ્ણમાં સમર્પિત કે વિનિયોગ કરવા માટે જ આ સર્વે પ્રભુએ એમને બક્ષેલા છે. પોતાના અને મહાપ્રભુજીના સ્વરૂપનું આવી રીતે જ્ઞાન થતાં જ આચાર્યજી માટે પ્રભુદાસના હૈયામાં હેતના હિલોળા ઉમટી રહ્યા છે અને તે હેત ઉત્સાહી થઈને, વલ્લભ પર વારી જઈને આ ભક્તના મુખમાંથી બહાર પ્રકટ થઈને એક દીનતાભરી વાણીનું સ્વરૂપ લઈ રહ્યું છે. વાર્તા કહે છે; "तब प्रभुदासने कही, महाराज ! यह सब आपु की कृपा, केवल प्रमेय बल तें आप मोकों अंगीकार किये । मो बराबर दुःखी कोऊ न हतो । और छिन में मोकों सुख के समुद्र को अनुभव करायो । अब यह विनती है, जो - मोकों कबहु दुःसंग न रहे । एक दृढ विश्वास आपु के चरन को रहे । तब श्रीआचार्यजी प्रसन्न होइ के कहें, जा, ऐसोंइ होइगो ।" શ્રીઆચાર્યજીના ચરણ પર દૃઢ વિશ્વાસ રાખીને અને આપના ચરણચિન્હનું ધ્યાન કરનાર પુષ્ટિજીવના બડભાગ્યને સમજાવતાં શ્રીરઘુનાથલાલજી ગાય છે;

"श्रीमदाचार्य के चरण नख चिन्ह को
ध्यान उर में सदा रहत जिनके ।
कटत सब तिमिर महादुष्ट कलिकाल के
भक्तिरस गूढ दृढ होत तिनके ॥"

પ્રભુદાસજીએ તો શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે મને ક્યારેય દુ:સંગ ન રહે અને આચાર્યજીએ એમને તથાસ્તુ કહ્યું. અહીં કોઈને વિચાર આવે કે આ વાર્તામાં દુ:સંગ સંબંધીત કેમ કોઈ પ્રસંગ દર્શાતો નથી ? "તથાસ્તુ"ના આશીર્વાદ આપેલ શ્રીવલ્લભની વાણી કેટલી સત્યસંકલ્પ છે અને અવિરત સિદ્ધ છે, એ વાતને પ્રકાશિત કરવા શ્રીઠાકુરજી સ્વયં એક લીલા કૌતુક રચે છે. વૃદ્ધ થયેલા પ્રભુદાસનાં શરીર સંબંધીત સાવધાનતા જ્યારે છૂટી જાય છે, ત્યારે એમના દુ:સંગી જ્ઞાતિજનો, પ્રભુદાસને પૃથોદક લઈ જાય છે. પરંતુ શુદ્ધિ આવતા, પ્રભુદાસજી પોતાને ઘેર સિંહનંદ પાછા આવી જાય છે. ઘેર આવીને ઠાકુરજીને એ વિનંતી કરે છે; "महाराज ! श्रीआचार्यजीने तुमकों मेरे माथे पधराये हैं । सो ये बावरे लोग तुम्हारे चरणारविंद को आश्रय छुडाई के पृथोदक को आश्रय करायो । सो आपु ऐसो क्यों करो, जो - मेरी देह उहां छूटे ?" વાસ્તવમાં તો ઠાકુરજી આવુ ક્યારે ય ન કરે, પણ પ્રભુને શ્રીમહાપ્રભુજીનો અપરિમિત મહિમા વૈષ્ણવસૃષ્ટિમાં ફેલાવવો છે એટલે ઠાકુરજીએ આવી લીલા રચી છે. જેના કારણે પુષ્ટિસૃષ્ટિને એક ઉદ્‌બોધાત્મક એવો સંદેશો મળી જાય છે કે હોશમાં તો પ્રભુદાસજી ક્યારેય દુ:સંગ ન કરે, પરંતુ બેહોશવત્ અવસ્થામાં પૃથોદક લઈ ગયેલા આ ભગવદીયને દુ:સંગ સ્પર્શી શકતો નથી. એ શ્રીમહાપ્રભુજીએ એમને ક્યારેય દુ:સંગ નહીં સ્પર્શે એવા આપેલા આશીર્વાદની સિદ્ધિનો પ્રસંગ છે. હરિરાયચરણ ગાય છે;

"लगे जो श्रीवल्लभ पद रज रंग
वाको दुःसंग नेक नहीं व्यापे आय मिले सतसंग ।"

શ્રીઆચાર્યજીની કૃપાથી પ્રભુદાસને દુ:સંગ તો થતો જ નથી પરંતુ એમને સેવામાં હરિનો સંગ, ગુરુ એવા મહાપ્રભુજીનો સંગ અને વૈષ્ણવનો સંગ નિરંતર મળતો રહે છે. વાર્તા કહે છે; "सो प्रभुदास सदा एकरस प्रीति सों सेवा करते । रात्री कों वैष्णव को संग करे । द्रव्य घर में बहुत हतो । सो भगवद् सेवा, गुरु सेवा, वैष्णव सेवा में लगाय । और लौकिक वैदिक सब छोडि दिये ।"

प्रભુદાસ જયારે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરે છે; "एक दृढ विश्वास आपुके चरन को रहे ।" ત્યારે "तब श्रीआचार्यजी प्रसन्न होइ के कहें, जा, ऐसोंइ होइगो ।" સામાન્યતા કોઈપણ event કે પ્રસંગ વારંવાર repeat થાય ત્યારે માણસને વિશ્વાસ આવે છે. પ્રભુદાસને તો શરણે આવતાં જ, આચાર્યચરણે પ્રમેયબલથી એમનામાં પોતાના માટે દૃઢ વિશ્વાસનું દાન કર્યું છે. શ્રીમહાપ્રભુજી માટે પ્રભુદાસને દૃઢ વિશ્વાસ સિદ્ધ થયો છે, તો એ વિશ્વાસનું સ્વરૂપ શું છે ? કોઈપણ સંજોગોમાં આચાર્યચરણ માટેની આ ભગવદીયની બુદ્ધિ, લાગણી કે ભાવ બદલાતા નથી, પરંતુ અવિચલ રહે છે. એટલે એ દૃઢવિશ્વાસનું સ્વરૂપ ગ્રહણ કરે છે. શ્રીવલ્લભપ્રભુ માટે આવો દૃઢવિશ્વાસ, પ્રભુદાસને સમજ, ભાવ અને ક્રિયાથી છે. દ્વારકેશજી ગાય છે; "कृति वचन विश्वास मन चित्त आने ." હરિરાયચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવે એના શ્રીવલ્લભ સાથેના સંબંધમાં શ્રદ્ધા રાખવી જોઈએ અને આચાર્યચરણના ચરણકમલ પર

વિશ્વાસ. "श्रद्धा तदैक संबंधे विश्वास तत्पदाब्जयोः ।"

મહાપ્રભુજીનાં ચરણકમલમાં પ્રભુદાસજીને દૃઢ વિશ્વાસ હોવાથી એનો પ્રતિસાદ ઠાકુરજી એમને ભર્તા રૂપે નિરંતર આપે છે અને આ ભગવદીયની બધી જ જવાબદારી ભર્તા રૂપે લે છે. પૃથોદકનો પ્રસંગ આનું પ્રમાણ છે. અહીં સમજવાનું એ છે કે આ ભગવદીયનો આચાર્યજીમાં જે વિશ્વાસ છે, એની સાથે એમનો ભગવત્પ્રેમ જોડાઈ જવાથી એમનો વિશ્વાસ રસાત્મક બની જાય છે. કારણકે પ્રભુદાસજીનું એમના સેવ્યસ્વરૂપ સાથેનું involvement કેવલ બુદ્ધિ કે મનથી ન રહેતાં ઊર્મિ કે emotion સાથે થઈ જાય છે. તેથી જ વાર્તા કહે છે; "प्रभुदास सदा एकरस प्रीति सों सेवा करते ।" મહાપ્રભુજીમાં દૃઢવિશ્વાસ ઉપલબ્ધ થતાં અને ઠાકુરજીમાં સ્નેહ સંપાદિત થતાં, પ્રભુદાસને પ્રભુ સાથે આજીવન નિર્ભય રમણ સિદ્ધ થઈ જાય છે.

"रुचिर पद कमल श्रीवल्लभाधीश के
रेन ओर दिवस निज शिरसि धरियें ।— — — —
प्रेम भाव ते निकट संतत रहेत
राख विश्वास व्रत तें न टरियें ।"

વાર્તામાં પ્રભુદાસજી આચાર્યજીને વિનંતી કરે છે કે; "एक दृढ विश्वास आपु के चरन को रहे" એ વિશ્વાસની સિદ્ધિના કારણે તો આ ભગવદીયને હરિ, ગુરુ, વૈષ્ણવની સેવા અને ઠાકુરજી માટે દૃઢ પ્રીતિ ઉપલબ્ધ થઈ ગઈ છે. પ્રભુદાસના અદ્ભુત પુષ્ટિજીવનની કથાને સમજાવતું આ સારરૂપ વાકય છે કે "एक दृढ

विश्वास आपु के चरन को रहे." વિશ્વાસનું રૂપાંતર દૃઢ વિશ્વાસમાં થયું ત્યારે કહેવાય, જયારે વિપરીત સંજોગોમાંય શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો વિશ્વાસ અખંડિત ચાલુ રહે.

પ્રભુદાસજીનો શ્રીમદાચાર્યચરણ પ્રતિ કેવો અડગ વિશ્વાસ છે અને એ વિશ્વાસની શી ફલશ્રુતિ છે તેની દયારામભાઈ વૈષ્ણવસૃષ્ટિ પર અતિ કૃપા કરીને શીખ આપે છે.

"શ્રીવલ્લભ આશ્રય વિના, સાધન ધર્મ અશેષ;
સાધે હરિ કેવલ ભજે, લીલામાં ન પ્રવેશ,
જે ઉપર અતિ અનુગ્રહ, અંતરમાં વ્રજરાય;
શ્રીવલ્લભ શરણાગતિ, તેને દૃઢ થઈ જાય____
જેને શ્રીમહાપ્રભુતણો, સહુ વાતે વિશ્વાસ;
તેને કદા ન શોચવું, સહજે સહુ ફળ પાસ."

******

(૧૦) नंदनंदन कर घरको ठाकुर

ઠાકુરજી, વ્રજભક્તો અને વૈષ્ણવોની વાર્તાઓ

नंदनंदन कर घरको ठाकुर आप होइ रह्यो चेरो ।_ _ _ _
कहुं हरिकथा कहुं हरि सेवा कहुं भक्तन को डेरो ।_ _ _ _
सबहि समर्पे तु सूरश्याम कुं ये ही मत है मेरो ।

આ પદમાં "સૂરશ્યામ"ની છાપથી સાક્ષાત્ ઠાકુરજી, પુષ્ટિજીવને સ્વયં સમજાવી રહ્યા છે કે નંદનંદન કૃષ્ણચંદ્રને ઘરનો ઠાકુર બનાવીને, પુષ્ટિજીવે, પ્રભુનો "ચેરો" બનીને એમની સમર્પણાત્મક સેવા પ્રેમથી કરવાની છે. સૂરશ્યામના આવા કથનમાં તો, ઠાકુરજીના અપ્રતિમ આનંદનું તુંદિલીકરણ અને પ્રભુની પુષ્ટિજીવ પર થયેલી નિરવધિ કૃપાના લાવણ્યમય દર્શન અભિરમે છે.

આ પદપંક્તિનાં બે રહસ્યો છે; એક તો ભગવાનની દૃષ્ટિથી અને બીજું પુષ્ટિજીવની દૃષ્ટિથી. સૌથી પહેલાં ભગવાનની દૃષ્ટિથી આનું રહસ્ય સમજી લઈએ. બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન, એ શાશ્વતરૂપ છે. પણ નંદનંદન એવા શ્રીકૃષ્ણનું નિરુપણ કરતાં, પ્રભુના કોઈ દેશ કે કાલની એક ઐતિહાસિક ઘટનાની વાત ઉપસ્થિત થઈ જાય છે. તેથી જ દ્વાપરમાં, સારસ્વતકલ્પમાં થયેલો કૃષ્ણાવતાર એક ઐતિહાસિક હકીકત છે. History repeats itself એ ન્યાયથી સારસ્વતકલ્પનો એ જ કૃષ્ણ આપણે ઘેર પધારવા કલીયુગમાં ચાહે છે અને આ વાતને સમજાવતાં સૂરશ્યામ ગાય છે; "नंदनंदन

कर घर को ठाकुर ." પ્રભુના આ મનોરથને સાકાર કરવા તો શ્રીમહાપ્રભુજીનું કૃપાનિધિ એવું શાશ્વતસ્વરૂપ, કલિયુગમાં કૃષ્ણાસ્ય સ્વરૂપે એક ઐતિહાસિક ઘટના બનીને પ્રકટ થાય છે અને જીવને બ્રહ્મસંબંધ આપીને પુષ્ટિજીવના ઠાકુરરૂપે નંદનંદનને ઘરઘર પધરાવે છે. घर घर नंदनंदन फल फूल्यो, सेवा विधि सीख्यो. અહીં સમજવાનું એ છે કે ૮૪-૨૫૨ વૈષ્ણવો, એ સર્વે, સર્વોત્તમજી કથિત શ્રીઆચાર્યજીના કૃષ્ણાસ્યરૂપ ઐતિહાસિક ઘટના સાથે સંબંધ ધરાવે છે. પરંતુ ષોડશગ્રંથો, એ શ્રીવલ્લભાધીશના કૃપાનિધિ સ્વરૂપનું નિરુપણ છે. કારણકે કૃપાનિધિ શાશ્વત હોવાથી ષોડશગ્રંથના સિદ્ધાંતો, નિત્યલીલા પર આધારીત છે. તેથી જ મેં લખેલા ચાર ભાગમાં ષોડશગ્રંથ અને વાર્તાઓને એકમેક કરીને શ્રીમહાપ્રભુજીના શ્રીકૃષ્ણાસ્ય અને કૃપાનિધિ સ્વરૂપની totality કે સંપૂર્ણતાને અભિવ્યક્ત કરવાનો યથામતિ પ્રયાસ કર્યો છે.

આ દૃષ્ટિથી જોઈએ તો સમજાશે કે વૈકુંઠમાં ષડ્ધર્મયુક્ત ભગવાન એક શાશ્વત હકીકતરૂપે બિરાજમાન છે અને ભગવાનને, જો કૃષ્ણ બનવું હોય તો પ્રભુને એક ઐતિહાસિક ઘટનારૂપે ભૂતલ પર પધારવું અનિવાર્ય છે. એટલે જ તો શાશ્વત એવા ભગવાન અને ઐતિહાસિક એવા કૃષ્ણની હકીકતની સંપૂર્ણતાને અભિવ્યક્ત કરતા, ગદ્યમંત્ર કહે છે; "भगवते कृष्णाय ." વૈકુંઠનો ભગવાન કૃષ્ણ બનીને વ્રજમાં અવતાર લેવા ઉત્સુક છે તો એનો અર્થ એવો કે, ભગવાન વૈકુંઠમાં કંઈક miss કરી રહ્યા છે. દયારામભાઈ ગાય છે;

"વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું,
ત્યાં નંદનો કુંવર ક્યાંથી લાઉ."

પોતાના આનંદના સમગ્ર પહેલુઓને કે એની potentialityને, ભગવાન કેવળ નિત્યલીલામાં બિરાજીને માણી શકતા નથી. જેમ કે મિષ્ટાન્નનો સાચો આસ્વાદ ત્યારે આવે છે, જયારે ખાટું, ખારું, કટુ વિગેરેનો પણ સ્વાદ લેવાય છે. આવા ખાટા, ખારા આદિનો સ્વાદ નિત્યલીલામાં નથી. ત્યાં પ્રપંચ નથી અને પ્રપંચ નથી એટલે પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ રૂપ નિરોધનો મધુમય આસ્વાદ પણ ત્યાં નથી. એટલે જ પોતાનામાં અવસ્થિત અનંત આનંદને વિશેષ માણવા, પરમાત્માએ આ સૃષ્ટિને પ્રકટ કરી છે અને કૃષ્ણ બનીને સારસ્વતકલ્પમાં આપ પ્રકટ થયા છે. અનિર્વચનીય સામર્થ્યવાળા આવા નિત્યલીલાસ્થ નિર્ભય પ્રભુને, ત્યાં, "ભયનો આસ્વાદ" માણવા ક્યાંથી મળશે! પરંતુ જયારે કૃષ્ણ બનીને આપ ભૂતલ પર અવતાર લે છે, ત્યારે, વિરુદ્ધધર્માશ્રયથી નિર્ભયાનંદ ઠાકુરજી, "યશોદાજી મને મારશે તો નહિ," એવો લીલાત્મક "ભયાનંદ"નો આનંદ માણી રહ્યાં છે. તેથી જ પ્રભુ બલરામજીને કહી રહ્યા છે કે; "अहो बल जिय अधिक डरात," તેમ જ વૈકુંઠનો નાથ, જયારે, કૃષ્ણ બને છે, ત્યારે, આપને અંધારાનો ડર લાગે છે;

"बिन दीपक भवन द्वारे श्याम धरत न पाय ।"

અવિચલ વિજયી નિત્યલીલાનો ભગવાન, સારસ્વતકલ્પમાં એક ગોવાળિયા સખા સામે હારી જઈને હારવાની લાચારીનો આનંદ લઈ રહ્યા છે અને જીતેલા સખાને

પોતાનાં જ કંધા પર બેસાડીને લઈ જાય છે. પરમાનંદદાસજી ગાય છે;

"हँसत गोपाल नंद के आगें नंद स्वरूप न जानें ।
निर्गुन ब्रह्म सगुन जे लीला ताहि अब सुत करि मानें ॥"

વૈકુંઠમાં વસનારા બધાય વૈકુંઠવાસીઓ, ભગવાનનું સ્વરૂપ જાણે છે. પરંતુ ભગવાન સાથે ખેલતા હોય પણ પ્રભુનું સ્વરૂપ ન જાણતા હોય, એમાં પ્રભુને જે આનંદ થાય છે, તેવો અકથનીય આનંદ આપને ભૂતલ પર જ મળે છે. આમ કૃષ્ણની ભૂતલ પર થયેલ લીલા જાણ્યા વિના એ નહિ સમજાય કે કૃષ્ણ કોઈને ડરાવીને કે પોતે ડરીને, કોઈને હરાવીને કે આપ હારીને, એવી વિરોધાભાસની અનંત પરિસ્થિતિઓમાં આપ સદા આનંદ તુંદિલિત જ રહે છે. आप्तकाम ભગવાનને કૃષ્ણાવતારમાં ભક્તકામ બનવાનો સુલભ અવસર મળે છે અને એવા આત્મારામ પ્રભુ ગોપીઓના માખણની ચોરી કરીને ચૌર્યવિદ્યા વિશારદ તરીકે ઓળખાવવામાં "ગૌરવ" અનુભવી રહ્યાં છે. વૈકુંઠમાં ભગવાનને પોતાની ચોટી વધી કે નહિ, એ ચિંતા હોતી નથી, પણ એ ચોટીની ચિંતાની લીલાનો "વળગાડ" ઠાકુરજીને ત્યારે લાગે છે, જયારે પ્રભુ, કૃષ્ણ બને છે. તેથી જ ચોટી વધારવાનો ઉપાય યશોદામૈયા, ઠાકુરજીને બતાવી રહ્યા છે;

"चंदन घसकें ऊबट न्हवाऊँ, तब बाढेगी चोटी ।"

કૃષ્ણનામમાં "कृष्" સત્તાવાચક છે અને "ण" અક્ષર આનંદવાચક. કૃષ્ણને પોતાની સત્તાનો આનંદ

ત્યારે મળે છે, જ્યારે એ, તે સત્તાને "વાપરે" છે અને અણવાપરેલી સત્તામાં એક "ઓછાપણું" આવી ગયું હોય એમ પ્રભુને લાગે છે. નિત્યલીલામાં અણવપરાયેલી સત્તાને વાપરવા માટે પરમાત્માએ સૃષ્ટિ પ્રકટ કરી અને કૃષ્ણરૂપે સારસ્વતકલ્પમાં પ્રકટ થઈને, ઠાકુરજીને, પોતાની સત્તાના ષડ્ઐશ્વર્યાદિ અનિર્વચનીય ધર્મોને વાપરવાનો નિતાંત અવકાશ મળી જાય છે. જેમ કે કૃષ્ણાવતાર વેળા અસુરોને મારીને ઠાકુરજીએ પોતાના "ઐશ્વર્ય" ધર્મને પૂર્ણરૂપે ખીલવા દીધો છે. "એક એક ગોપી એક એક માધો" બનીને. અથવા તો બ્રહ્માજી જ્યારે ગાયોને અને ગોવાળીયાઓને ચોરી જાય છે, ત્યારે એમના એવા જ અનેક સ્વરૂપો ધરીને ઠાકુરજી પોતાનો "વીર્ય"ધર્મ પ્રગટ કરે છે. અનેકરંગી વિવિધ લલિત લીલાઓને પ્રકટ કરીને, પોતાના "યશ"ધર્મને ચોમેર પાંગરવા દીધો છે. ગુરુ પાસે ભણવા જઈને રાસવિહારી કૃષ્ણએ, બ્રહ્મચર્ય, પાળીને "વૈરાગ્ય" ધર્મ પાળ્યો છે, તો ગીતાજીનો ઉપદેશ આપીને સદા પ્રેમરૂપ કૃષ્ણએ પોતાના "જ્ઞાન"ધર્મની અપરિમિત અભિવ્યક્તિ કરી છે. પૂર્ણપુરુષોત્તમ પ્રભુએ, પોતાના કોટિકંદર્પ લાવણ્ય સ્વરૂપની સુરમ્ય રસધારાને આવિષ્કૃત કરીને, વ્રજભક્તોને પોતાના "શ્રી" ધર્મનો બેહદ્ મધુર અનુભવ કરાવ્યો છે. વૈકુંઠમાં અગણિત સેવકોની સેવા લેતાં પ્રભુને, પોતાને ટહેલ કરવી હોય તો કૃષ્ણ બનીને સારસ્વતકલ્પમાં પધારવું પડે છે. ભગવદીય ગાય છે;

"जाको ब्रह्मा अंत न पावे
ताको नंद की नारी यशोदा
घर की टहल करावे ।"

પોતાનું માહાત્મ્ય અને સેવા કલિયુગના દૈવીજીવોમાં પ્રકટ થાય એવો જ્યારે પૂર્ણકામ પ્રભુને મનોરથ થાય છે, ત્યારે પુરુષોત્તમપ્રભુ, પોતાના મુખાસ્ય એવા શ્રીઆચાર્યજીને ભૂતલ પર પ્રકટ થવાની આજ્ઞા કરે છે. ઠાકુરજીનો આ મનોરથ પૂરો કરવા માટે, પ્રભુને સ્વામી અને પુષ્ટિસૃષ્ટિને સેવક બનાવે છે. શ્રીવલ્લભપ્રભુ, સ્વયં, પોતાને इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितंवचः કહીને, દૈવીજીવોને, બ્રહ્મસંબંધ આપીને, એમને કૃષ્ણનું દાસત્વ કરાવીને, કૃષ્ણસેવા સોંપે છે. કુંભનદાસજી ગાય છે;

"श्रीमुख वचन कहे प्रतिपाले, भक्त भय हरे आप धनि ।
ताही ते दासत्व दिखायो श्रीकृष्ण वदन प्रगटे अग्नि ॥"

"नंदनंदन कर घर को ठाकुर" એવો સૂરશ્યામનો જે મનોરથ છે, તેને સંપૂર્ણ રીતે સાકાર કરવા માટે, આચાર્યચરણ, કૃષ્ણને અત્યંત અભિપ્સિત એવો गृहे स्थित्वा स्वधर्मतःનો માર્ગ પ્રકટ કરે છે. આના કારણે વૈષ્ણવ અને रसो वै सः પ્રભુ, ભૂતલ પર એક જ ગૃહમાં એક સાથે "ઉછરી" શકે, પુષ્ટિજીવ પોતાનું પુષ્ટિજીવન પ્રભુની રસઅદાકારીના માહોલમાં ફલિત કરી શકે, વૈષ્ણવ, ઠાકુરજી સાથે અને ઠાકુરજી વૈષ્ણવ સાથે આનંદ માણી શકે એના માટે, પ્રભુએ, જીવને દેહેન્દ્રિયાદિ જેવા અહંતામમતાત્મક સિદ્ધ સાધનો બક્ષ્યાં

છે. શ્રીવલ્લભપ્રભુએ, પ્રભુએ બક્ષેલા એ સાધનોને સેવામાર્ગમાં તનુવિત્તજા સેવાના માધ્યમથી એવી ખૂબસૂરતીથી વિનિયુક્ત કર્યાં છે કે એમાંથી નિ:સૃત થતો અલૌકિક આનંદને, સેવ્ય અને સેવક બન્ને પ્રેમથી સાથે માણી શકે છે. આવા આનંદને શ્રીમહાપ્રભુજીએ સ્થાનની મર્યાદા રાખ્યા વગર ભૂતલ પર ચોમેર ઉમગવા દીધો. એના કારણે વલ્લભદાસજી ગાય છે;

"ऐसी काहु युग न भई ।
पुष्टिभक्ति रसरूप अलौकिक
कलि जिततित हि छई ।।"

સારસ્વતકલ્પના કૃષ્ણાવતારમાં, ઠાકુરજી સ્વતંત્ર છે અને ભક્ત પરતંત્ર. "नंदनंदन कर घरको ठाकुर" એવા સૂરશ્યામના ઉદ્‌ગારમાં એક એવો વિરુદ્ધધર્માશ્રય પ્રકટ થાય છે કે આધુનિક પુષ્ટિજીવના ઘેર વૈષ્ણવને સ્વતંત્ર બનાવી, પ્રભુ પોતે પરતંત્ર રહેવા ચાહે છે. આમ સારસ્વતકલ્પ અને કલિયુગની લીલાને એકમેક કરીને જોઈશું તો આવી પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની અખિલ કૃષ્ણલીલાના દર્શનથી આપણે ઠાકુરજીની સમગ્રતાના અપ્રતિમ લાવણ્યમય અંદાજનો આનંદ માણી શકીશું. જેમ કે કૃષ્ણાવતાર વેળા પ્રભુએ વ્રજભક્તોના પોતાના સંબંધી અજ્ઞાન કે અન્યથા જ્ઞાનને સાધન બનાવીને, એમની પાસે ભક્તિ કરાવી છે. તો શ્રીમહાપ્રભુજીએ માહાત્મ્યજ્ઞાનથી સુદૃઢ સર્વતોધિક સ્નેહના માધ્યમથી આધુનિક પુષ્ટિજીવોને પુષ્ટિભક્તિનું દાન કર્યું છે. વલ્લભદાસજી ગાય છે; "अब तो लीला नवल भई ।"

સારસ્વતકલ્પમાં કૃષ્ણની અવતારદશા હોવાથી તે વખતે લીલાનું પ્રાધાન્ય છે અને આધુનિક કાલમાં આચાર્યજીએ સેવાના પ્રાધાન્યને અભિરમતું કરીને કૃષ્ણલીલાને એની સાથે જોડી દીધી છે. શ્રીવલ્લભની આવી નિતાંત અદ્‌ભુત ખૂબસૂરતી છે.

પુષ્ટિજીવના ઘરના સિંઘાસન પર બિરાજીને પ્રભુ, મૌનલીલાનો કે અનુભાવ પ્રકટ કરવાનો કે કોઈ કૃપાપાત્ર ભગવદીય સાથે મંજૂલ વાણીથી બોલવાનો આનંદ માણી રહ્યા છે અને પુષ્ટિજીવનું સમર્પણ, એનો પ્રેમ, ભાવ, અનન્યતા, દીનતા, તત્પરતા આદિનો આહ્‌લાદ પણ માણી રહ્યા છે. તો કોઈ સેવા પર વ્યાવૃતિ કરનાર જીવ કે સેવામાં મન ન લાગતું હોય એવા જીવોને પણ પ્રભુ, આરામથી હસતાં હસતાં જોઈ રહ્યા છે. સર્વસમર્થ ભગવાન, ઘરનો ઠાકુર બનીને પોતે અસમર્થ હોય તેમ, ગુપચૂપ બેસીને, આવા આનંદ વૈવિધ્યની લહેર ભૂતલ પર માણી શકે, એ વૈકુંઠમાં ક્યાંથી સંભવી શકે ! ઘરના ઠાકુરરૂપે બિરાજતા પરબ્રહ્ન શ્રીકૃષ્ણ, લીલા પ્રકટ કરે છે, તો એનો યથાર્થ પ્રતિસાદ આપવા, શ્રીમહાપ્રભુજી, જીવને ભક્તિનું દાન કરે છે. રસિકદાસજી આચાર્યજીના મંગળાના પદમાં ગાય છે;

"दोष सब दूर करत भक्तिभाव हिये धरत."

નંદનંદનને ઘરનો ઠાકુર બનાવવાનું એક બીજું રહસ્ય એ છે કે ભૂતલ પર રહીને જો વૈષ્ણવ, સેવાયુક્ત પુષ્ટિભક્તિ ન કરે તો, એમને એમ, નિત્યલીલામાં જઈને એ શું કરવાનો ? ત્યાં તો "લખ

આવે લખ જાય, લખ ઠાડી લલચાય" છે. લીલામાં પ્રવેશ કરવાની યોગ્યતા અને અધિકાર એને ભૂતલ પર, આચાર્યજીની પ્રણાલિકાથી પુષ્ટિજીવન જીવતાં પ્રાપ્ત થાય છે.

"कहा घटेगो तेरो" કહીને સૂરદાસજી આ પદમાં વૈષ્ણવોને એમ સમજાવે છે કે, પ્રભુ સાથે આવો અપરિમિત આનંદ, પોતાના ઘરમાં માણી શકીએ એમાં જીવનો શો ખર્ચ થવાનો ? આ ભાવનો ભવ્ય વિસ્તાર કરતાં વલ્લભદાસજી અતિ સુંદર રીતે સમજાવે છે કે;

"प्रभुसेवा को खरच न लागे ।
अपनो जन्म सुफल कर मूरख क्यों डरपे जो अभागे ॥
उदर भरन को करो रसोई सोई भोग धरे ।
महाप्रसाद होय घटे न कनिका अपनो उदर भरे ॥
सीठो जल पीवन को लाये तामें झारी भरे ।
अंग ठांकन कु चहिये कपडा तामें साज करे ॥
जो मन होय उदार तुम्हारे वैभव कछु बढावो ।
नहि तो मोर चंद्रिका गुंजा यह सिंगार धरावो ॥
अत्तर फूल फल जो कछु उत्तम प्रभु पहेले ही धरावो ।
जो मन उत्तम पें प्रभु कु धर सब खावो ॥
कर संबंध स्वामी सेवक को चल मारग की रीति ।
पूरन प्रभु भाव के भूखे हाव अंतर की प्रीति ॥
यामें कहा घट जाय तिहारे घर को घर में रहि है ।
वल्लभदास होय गति अपनी भलो भलो जग कहि है ॥"

સારસ્વતકલ્પમાં ઠાકુરજી નંદગૃહમાં બિરાજે છે

અને વ્રજભક્તો પોતાના ઘેર રહે છે. તેથી કૃષ્ણનાં દર્શન માટે નંદરાયજીને ઘેર જતી વ્રજબાલાઓને ગુરુજન કે કોઈની પણ રોકટોકના પ્રસંગો બને છે. જેના કારણે પ્રભુના દર્શન થઈ શકતાં નથી. ઠાકુરજીનાં દર્શન કરવા નંદભવનમાં જવું પડે છે. "नंदसदनने गुरुजनकी भीर तामें मोहनवदन नीके देखनन पाऊं ." સારસ્વતકલ્પની આ ઐતિહાસિક ઘટનામાં છુપાયેલી વ્રજભક્તોની વેદનાને અનુલક્ષીને, પુષ્પના પરિમલથી પણ સુકોમલ હૃદયવાળા શ્રીવલ્લભપ્રભુને, પોતાની પુષ્ટિસૃષ્ટિ માટે ઊંડો તાપ એ છે કે, "મારા સેવકોને, ઠાકુરજીનાં દર્શન, સ્પર્શન, લાલન, લાડન, સમર્પણાદિમાં કોઈપણ ન રોકે કે ન ટોકે." એટલે જ તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને આચાર્યજીએ ગૃહસેવા સોંપી છે અને એમને સ્વતંત્ર બનાવી દીધા છે.

પુષ્ટિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવલ ભક્ત ન થાય.

વૈકુંઠમાં બિરાજતા ભગવાનને ક્યારેય ન કરેલો આવો વૈષ્ણવના ઘેર જઈને સેવા લેવાનો નવો રોમાંચક આનંદાત્મક અનુભવ, કૃષ્ણને, કૃષ્ણના શ્રીવલ્લભ, કલિયુગમાં કરાવે છે. જેને શ્રીમહાપ્રભુજી जीव स्वभावतः दुष्टाः કહે છે, એ જ પુષ્ટિજીવના ઘરે આપ પ્રભુને પધરાવે છે. ઠાકુરજી પણ ખુશમિજાજ બનીને એવા જીવ સાથે સાધારણીકરણ કરીને એનો ઉદ્ધાર કરવાનો અને પુષ્ટિજીવ સાથે એના ઘેર રહેવાનો, આચાર્યજીનો જે પ્રસ્તાવ છે, એને તત્કાલ અનુમોદન આપતાં પરબ્રહ્મ આજ્ઞા કરે છે; "ब्रह्मसंबंधकरणात् ." તેથી જ પુષ્ટિજીવે મહાપ્રભુજીનો આવો મુલાયમ આશય સમજીને પોતાના

ઘેર બિરાજતા ઠાકુરજીનું માહાત્મ્યજ્ઞાન વિચારીને, પ્રભુને family member તરીકે સ્વીકારીને, સેવ્યસ્વરૂપનું સ્નેહાત્મક સમર્પણથી લાલન-પાલન કરવું જોઈએ. સેવા કરતી વખતે પુષ્ટિજીવ, પ્રભુનું પ્રેમાત્મક રક્ષણ કરે છે અને અનોસરમાં પ્રભુ, જીવનું. એ રહસ્ય જેને સમજાય તેને આચાર્યજીનો આ સલુણો માર્ગ સુગમ લાગશે. ઘરના પરિવારના બાળક તરીકેનો આવો અભિગમ સિંહનંદના ક્ષત્રાણીને પોતાના ઠાકુરજી પ્રત્યે છે અને તેથી જ ક્ષત્રાણી જ્યારે બહારથી શાક લઈને ઘેર આવે છે, ત્યારે વૈકુંઠમાં અનેક સેવકોથી સેવાયેલા ભગવાન, ક્ષત્રાણીના ઘરનું કમાડ સ્વયં ખોલે છે. ઘેર આવેલા માજીને પૂર્ણકામ પ્રભુ પૂછે છે; "મા ! આજે મારે માટે કયું શાક લાવ્યા છો ?" આવી લીલા આપણા પરિવારનું બાળક જ કરી શકે છે. વાસ્તવમાં તો અખિલ ત્રિભુવનને સુસંસ્કૃત કરનાર પુષ્ટિપુરુષોત્તમ, ગૃહસેવાના કારણે પુષ્ટિજીવના ઘરના સંસ્કારોથી સંસ્કૃત થઈ જાય છે. મહાપ્રભુજીએ કરેલા પુષ્ટિસૃષ્ટિ પરના આવા અદેયદાનને નિરખીને અને હરખીને, વારી જઈને પદ્મનાભદાસજી ગાય છે;

"कहां लो कहो आली री, श्रीलक्ष्मणभट्ट सुत की निकाई ।"

મૂલતઃ આપણને એ સમજવું અતિ આવશ્યક છે કે સૃષ્ટિને પ્રકટ કરતી વખતે પ્રભુનો mood આનંદાત્મક, રસભાવાત્મક છે. તેથી સૃષ્ટિની સર્વવસ્તુ લીલાત્મક છે. ભગવાન પોતે તો પોતાની સૃષ્ટિમાંથી, પોતાની રીતે, આનંદ લઈ જ રહ્યા છે. જેમ કે, જે moodથી ભગવાને કંસને પ્રકટ કર્યો, તે ભાવને અનુકૂલ કંસ

દ્વારા એવું જ અનુવર્તન કરાવ્યું છે, ત્યારે, પરમાત્માએ, કંસ સાથેની લીલામાં આનંદ માણ્યો છે. પરંતુ પુષ્ટિસૃષ્ટિને પ્રકટ કરતી વખતે, ઠાકુરજી, એની સાથે ખેલવાના moodમાં છે. તેથી વૈષ્ણવનો પ્રભુના એ અભિગમ પ્રત્યેનો પ્રતિસાદ, ભક્તિરસાત્મક ખેલનો હોવો જોઈએ. પ્રભુ પોતે ખેલે એ એક વાત છે અને આપણે ઠાકુરજી સાથે ખેલમાં ભાગ લઈએ અથવા એને ખેલવીએ, ત્યારે, પ્રભુના આનંદ રસાત્મક લીલાત્મક moodમાં પરમાનંદની ચમત્કૃતિ આવી જાય છે. મારા પરમપૂજ્ય ગુરુજી શ્રીદીક્ષિતજી મહારાજ નિરંતર કહેતાં કે પ્રભુ, रमते निजभक्तेषुના સ્થાયી ભાવમાં સદા વિલસી રહ્યાં છે. આ રીતે ખેલના ભાવથી ભગવત્સેવા કરતા પુષ્ટિભક્તમાં લીલાનો એક એવો વિલક્ષણ ભાવ અંગડાઈ લે છે કે, નિત્યલીલામાંથી એમના ઘરમાં અવતરેલા પ્રભુ અને પોતે, એક પિકનીકના moodમાં ભેગા થાય છે. પિકનીકમાં જેમ આપણે સાથે બેસીને ખાઈએ, પીએ, રમીએ અને માણીએ, તેવી મનમોહક આનંદદાયક સલુણી અવસ્થા, ગૃહસેવામાં, પુષ્ટિજીવ અને પ્રભુની થઈ જાય છે. તેથી જ ખેલની મસ્તીમાં પરમાનંદદાસજી ગાય છે;

"तहाँ चलो जहाँ हरखी खेलिये, अरु उपजे मन प्रीति ।"

આમ ખેલ ખેલમાં સેવક અને સેવ્ય વચ્ચે પ્રીતિ અંગડાઈઓ લેવા માંડે છે. ખેલના moodમાં તુંદિલિત થયેલા શ્રીકૃષ્ણ, વનલીલા વેળા, સખાઓ સંગ આનંદથી ભોજન કરી રહ્યાં છે અને બાલલીલામાં ઓતપ્રોત થઈને પ્રભુ, કેવા બાલસહજ ઉત્સાહથી પોતાના

સખાઓને પ્રોત્સાહીત કરી રહ્યા છે, એવા ખેલના લીલાવૈવિધ્યના દર્શન, વાક્પતિ શ્રીવલ્લભ સાક્ષાત્ અને સંક્ષિપ્તતાથી પુરુષોત્તમસહસ્રનામમાં અદ્‌ભુત રીતે કરાવી રહ્યાં છે;

"अरण्य भोक्ताप्यथवा बाललीला परायणः । प्रोत्साह जनकश्चैवम्"

પ્રભુ સાથે ખેલનો mood માણતી વખતે પણ પુષ્ટિજીવ, પ્રભુનું માહાત્મ્ય ન વિસરે, એના માટે શ્રીમહાપ્રભુજીએ એના પછીનું નામ રાખ્યું છે; "अघासुर निषुदनः ." ખેલના moodમાં ભગવાને પ્રકટ કરેલ સૃષ્ટિને, શ્રીમહાપ્રભુજી આવી રીતે ભક્તિભાવની બહુરંગી તરંગાવલીઓથી, વૈષ્ણવ દ્વારા એનો પ્રતિસાદ અપાવે છે, ત્યારે, એના પર કુરબાન થઈ જઈને વિષ્ણુદાસજીથી શ્રીવલ્લભ માટે અનાયાસ કહેવાઈ જાય છે કે આપ જેવા કોઈ નથી;

"विष्णुदास उमगे अंतर तें दे असीस तुम से नहि कोइ ।"

વાસ્તવમાં શ્રીમહાપ્રભુજી જેવા કોઈ જ નથી કારણકે જે શ્રીવલ્લભ, એક તરફ વૈષ્ણવને ઠાકુરજી સાથે ખેલના ભાવથી રમણ કરવાનું કહે છે એ જ શ્રીવલ્લભ, એ જ વૈષ્ણવને, બીજી તરફ, સેવા પછી દીનતા અને આશ્રયના પદો ગાવાની આજ્ઞા કરે છે. જેથી જીવ પોતાનું મૂળસ્વરૂપ ન ભૂલે.

"नंदनंदन कर घर को ठाकुर" એમ જયારે સૂરશ્યામ ગાય છે, ત્યારે, આપણને પણ એક પ્રશ્ન થાય કે ભગવાન, એવું તે શું વૈકુંઠમાં miss કરી રહ્યા છે, જેના કારણે, આપને, કૃષ્ણ બનીને કલિયુગમાં

ભૂતલ પર ઘરનો ઠાકુર બનવાની ચાહના થાય છે ? અવની પર પધારીને ઠાકુરજીનો એક પણ મનોરથ અપૂર્ણ ન રહે, એના માટે, પ્રભુને "પૂર્ણાનંદ" કહેનાર શ્રીમહાપ્રભુજીએ ભૂતલ પર પધારીને કેવી કેવી અનિર્વચનીય તૈયારીઓ કરી છે તથા ભક્ત મનોરથ પૂરક ઠાકુરજીના મનોરથની પૂર્તિ કરવા માટે, પોતાની વલ્લભીસૃષ્ટિના જીવોને કેવું દાન કર્યું છે એ સંક્ષીપ્તમાં અવલોકવાનો મારો અહીં યથામતી પ્રયાસ છે. આ પ્રયાસમાં જ શ્રીવલ્લભ-વિઠ્ઠલના અનંત માહાત્મ્ય અને અપરિમિત ગુણોનું સુક્ષ્માં ગુણગાન સમાવિષ્ટ છે.

વૈકુંઠધામમાં ભગવાનનો દિવ્ય શ્રીવિગ્રહ હોવાથી, પ્રભુને ત્યાં કાંઈપણ શારિરીક પિડા હોવી અશક્ય છે. પરંતુ તે જ ભગવાન, કૃષ્ણ બનીને જ્યારે જગન્નાથ જોશીના ઘેર પધારે છે, ત્યારે એમને "પેટમાં દુઃખાવો" થાય છે. પ્રભુના "પેટના દુઃખાવા"ને નિવારવા જે ભોળપણાથી, આર્તિથી, તડફડાટથી, આદૃતાથી જગન્નાથ જોશી, પ્રભુ માટે અજમો આદિની દવા બનાવીને ઠાકુરજીનો ઉપચાર કરે છે, એ વખતે આવિષ્કૃત થતી જોશીજીની પ્રેમની મૃદુલ લાગણીઓનો અનુભવ વૈકુંઠસ્થ ભગવાનને ક્યાંથી થઈ શકે! અથવા તો બીલાડીનો ડર લાગવાથી પોતાના સેવક ભક્ત માજીની સોડમાં સમાઈ જવાની સંભાવના સર્વસમર્થ ભગવાનને નિત્યલીલામાં ક્યાં ઉપલબ્ધ થવાની ! પોતાના બાળકોને ઠાકુરજીના રમકડાં માને છે, એવા અમ્મા માના દિકરાઓ જ્યારે લીલામાં પધારી જાય છે, ત્યારે રૂદન કરતાં અમ્મા માને, એમના સેવ્યસ્વરૂપ

સાન્તવના આપતી વખતે અનેકવિધ કુણી લાગણીઓનો આનંદ ભગવાનને વૈકુંઠમાં ક્યાંથી મળવાનો ! મોહના ભંગીના કાંધે બેઠા પછી, "છૂવાયેલા" ઠાકુરજીને અછૂત બનાવવા માટે ગોવિંદસ્વામી, પરબ્રહ્મને જળમાં નવડાવે છે. આવી "ડૂબકી મરાવવાની" ગોવિંદસ્વામી જેવી હિંમત વૈકુંઠમાં ભગવાન માટે કોણ કરી શકે ! આવી રીતે ગુસાંઈજીના એક નિ:સાધન સેવક, ચમચાના અભાવમાં, દાતણમાં ચમચાનો ભાવ કરીને, જયારે એને પ્રભુસન્મુખ ધરે છે, ત્યારે સર્વજ્ઞ પ્રભુ, ભાવજ્ઞ બનીને દાતણરૂપી ચમચાથી સામગ્રી આરોગવાનો આનંદ ભૂતલ પર માણી શકે છે, વૈકુંઠમાં નહિ. રામદાસ સારસ્વતનું રૂપ ધરીને, એમનું કરજ ચૂકવવાનું કાર્ય, કૃષ્ણ કરી શકે, ભગવાન નહિ. કારણકે વૈકુંઠમાં પૈસાની લેણદેણ નથી. ખરબૂજાવાળા શેઠ, ભાવથી હજાર રૂપિયાનું ખરબૂચ લાવે છે તો ઘરનો ઠાકુર, શેઠજીના આવા ભાવથી રોમાંચ અનુભવીને ખરબૂચ સાથે ખેલવા બેસી જાય છે. આવી રીતે ખરબૂચ સાથે ખેલવાનો પ્રસંગ વૈકુંઠમાં ઉદ્ભવતો નથી, કારણકે ત્યાં ખરબૂચનો કોઈ મોલ અપાતો નથી. પરંતુ ભૂતલ પર પુષ્ટિજીવ, પોતાના મમતાત્મક વિત્તની, પ્રભુ માટે સામગ્રીની શું કિંમત આપવા તૈયાર છે, એના પરથી ઘરનો ઠાકુર એના ભાવની કિંમત આંકી લે છે. સાક્ષાત્ લક્ષ્મીજી જેમના પત્ની છે, અને જે ભગવાન "શ્રી"ધર્મયુક્ત છે, એવા પ્રભુને દરિદ્રતાની અવસ્થામાં પ્રકટ થતી ભક્તોના ભાવની સુકોમલ લાગણીઓ કે અગાધ ઉર્મિઓ માણવી હોય, તો ભગવાને પદ્મનાભદાસજીના ઘેર, મથુરાનાથજી બનીને પ્રગટ થવું

પડે છે. એના પછી ઠાકુરજીને પદ્મનાભદાસજીના એક એક છોલામાં સખડી, દાળ કે શાકનો અપૂર્વ સ્વાદ માણવા મળે છે. આતો આપણા શ્રીવલ્લભનો અનિર્વચનીય પ્રતાપ છે કે આપ, ઠાકુરજીને પોતાને વિવિધ ભક્તોની અનેકરંગીભાવ તરંગીવલીઓથી સદા ભીંજવેલા રાખે છે અને પોતાની વલ્લભીસૃષ્ટિને ન્યાલન્યાલ કરી દે છે.

ઠાકુરજીના ષડ્ધર્મો અને ધર્મી સ્વરૂપને અગાધ માન- સન્માનની વિશાળ ભાવનાથી જોનાર, શ્રીમહાપ્રભુજીએ, શ્રીસુબોધિનીજીના પ્રત્યેક અધ્યાયમાં પ્રભુના ષડ્ધર્મો અને ધર્મીને અદ્ભુત રીતે અવસ્થિત કર્યાં છે. તદ્ઉપરાંત પોતાના ષડ્ધર્મોને ઠાકુરજી, ભૂતલ પર પ્રતિપલ વાપરી શકે એના માટે તો શ્રીમદ્ આચાર્યચરણે ષોડશગ્રંથમાં અનેક અવકાશ આપ્યા છે. કેવલ એક વિવેકધૈર્યાશ્રય ગ્રંથનો જ વિચાર કરીએ તો निजेच्छातः करिष्यति કહીને, શ્રીમહાપ્રભુજી, કૃષ્ણને પોતાની સર્વસત્તા વાપરવાની પળો અર્પે છે. "सर्वत्र तस्य सर्वं हि"નો ઉચ્ચાર કરીને, વાક્પતિ, ઠાકુરજીને પોતાનો "ઐશ્વર્ય"ધર્મ વાપરવાની મોકળાશ કરી આપે છે. "सर्व सामर्थ्य मेव च" કહેતા જ શ્રીવલ્લભ પ્રભુ, ઠાકુરજીના "વિર્ય"ધર્મની સર્વ potentialityને ઉદ્ભુત થવાનો સુઅવસર આપે છે. "अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः", આચાર્યજીની એ ઉક્તિમાં પ્રભુના "યશ"ધર્મનો વિસ્તાર પુષ્ટિસૃષ્ટિમાં અનાયાસ થઈ જાય છે. "अलौकिक मनः सिद्धौ", ભગવાનના "શ્રી"ધર્મને પ્રેરિત કરે છે તો "स्वाम्यभिप्रायसंशयात्"માં કૃષ્ણનો

"જ્ઞાન"ધર્મ અંગડાઈ લઈ રહ્યો છે. ચાતકભાવ, પ્રભુના "વૈરાગ્ય"ધર્મને અનાયાસ અભિવ્યક્ત કરી દે છે કારણકે જયારે ભક્તને, પ્રભુ માટે પ્રપંચવિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ એવો ચાતકભાવ સિદ્ધ થઈ જાય છે ત્યારે પ્રભુને પણ અન્યવિસમારક એવી વૈરાગ્યયુક્ત ભક્તાસક્તિ આવિષ્કૃત થઈ જાય છે. કલિયુગમાં, આવો દુર્લભ "ફલ નિરોધ" સુલભ બની જાય છે, એનું રહસ્ય કહેતાં છીતસ્વામીજી રસમસ્તીમાં ગાન કરે છે;

"जहाँ देखो तहाँ रस की रास,
महारसमय श्रीवल्लभविट्ठल
रसभरी सेवा रस भरे दास ।"

******

(૧૧) કૃષ્ણાર્થી : ૮૪ વૈષ્ણવ વાર્તા : ૬

શેઠ પુરુષોત્તમદાસ

મહાનુભાવ શેઠ પુરુષોત્તમદાસની વાર્તાને લીલાના એક શાસ્ત્રાર્થ રૂપે લખવાનો મેં જ્યારે પ્રારંભ કર્યો, ત્યારે, મને પણ આશ્ચર્ય થવા લાગ્યું કે જે આનંદ કે આસ્વાદ લીલામાં વિદ્યમાન છે, એવો જ આનંદ અને સ્વાદ, લીલાના શાસ્ત્રાર્થમાં પણ અભિરમે છે. એનો થોડો સો આસ્વાદ આપણે સાથે માણીએ.

પ્રભુમાં સચ્ચિદાનંદની દૃષ્ટિથી ક્રિયા, જ્ઞાન અને આનંદ એકરૂપે વિદ્યમાન છે. ભગવાને, ત્રણેયને લીલા માટે નોખા પાડયા છે. "સત્"માંથી પ્રકટ થતી "ક્રિયા"ને, શેઠ પુરુષોત્તમદાસે સેવામાં પર્યવસિત કરી છે. "ચિદ્"માંથી આવિષ્કૃત થયેલ "જ્ઞાન"ને શેઠજીએ મદનમોહનજીના માહાત્મ્યજ્ઞાનમાં તથા શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો સમજીને જીવનમાં અપનાવવા માટે, એને વિનિયુક્ત કર્યું છે. તેમજ "આનંદ"માંથી નિઃસૃત થતી "ગતિ"ને પ્રભુ સાથે રમણ કરવામાં પુરુષોત્તમદાસ શેઠે વાપરી છે. તેથી જ શ્રીમહાપ્રભુજીના નિતાંત કૃપાપાત્ર અને અંતરંગ આ સેવકમાં મદનમોહનજી માટે નિરોધ સિદ્ધ થઈ ગયો છે અને પ્રભુનું સચ્ચિદાનંદ તત્ત્વ, એમનામાં આવિર્ભૂત થઈ ગયું છે. શેઠ પુરુષોત્તમદાસની આ અવસ્થાને જ શ્રીઆચાર્યચરણ દર્શાવતા ન હોય, તેમ નિરોધલક્ષણ ગ્રંથમાં આપશ્રી આજ્ઞા કરે છે; "सदानंद पैरैर्गेहाः सच्चिदानंदता ततः ।" પુરુષોત્તમદાસની ભક્તિની આવી ઉત્કૃષ્ટ અવસ્થાને અવલોકીને શેઠજીનું

માહાત્મ્ય જાણતા મંદાર મધુસૂદન ઠાકુર, એમને કહે છે કે તમે કૃપા કરીને મારા પર્વત પાસે આવો તો આ સ્થળનાં પાપો દૂર થાય. વાર્તા કહે છે; "तातें सगरे तीर्थ गंगाजी आदि भगवदीय के आइवे को मार्ग देखत हैं । तातें तुम या देस में आये हो तो पवित्र करो ।"

ભગવાનના સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી ઉપલબ્ધ થયેલ ક્રિયા, જ્ઞાન અને ગતિનો આવી રીતે અવિરત ભગવદ્‌વિનિયોગ કરનાર શેઠ પુરુષોત્તમદાસનું અખિલ જીવન કૃષ્ણાર્થી જ બને તે સ્વાભાવિક છે. એના અવાંતરફલરૂપે, આવા કૃષ્ણાર્થી પુષ્ટિજીવન જીવવાવાળા શેઠને સંસાર માટે અવિચ્છિન્ન સાક્ષિભાવ હોય તે પણ સહજ છે. તેથી જ એક સિદ્ધ બ્રાહ્મણ એમને જ્યારે મણિ આપે છે, ત્યારે, આ પરમભગવદીય, એ મણિને લેતા નથી. આ પ્રસંગમાં શેઠજીના સાક્ષિભાવના કે ભક્તિમૂલક વૈરાગ્યનાં દર્શન થાય છે. આ પ્રસંગની એક અન્ય અદ્‌ભુત ખૂબસૂરતી પણ સમજવા જેવી છે. શેઠજી, વિરક્ત બ્રાહ્મણને કહે છે; "तब सेठ ने कही, तोकों सेर चून देइगें तो मोको दस सेर हू देइगें । कहा जगदीस के कछु टोटो है ? सो ब्राह्मण बावरे ! मैं श्रीठाकुरजी को आश्रय छोडि मणि को आश्रय करुं ?" આનું રહસ્ય એવું છે કે શેઠ પુરુષોત્તમદાસજી, પ્રભુને સર્વ સમર્થ માનીને, સામર્થ્ય પોતાનું વાપરતા હોત તો ભગવાનમાં એમનો કેવલ વિશ્વાસ લેખાત. પરંતુ આ મહાનુભાવ, પોતાને અસમર્થ માનીને નિતાંત સ્નેહથી પ્રભુના સર્વસામર્થ્ય પર અવિરત વિશ્વાસ રાખે છે. એ એમના પ્રભુ પ્રત્યેના રસાત્મક વિશ્વાસની અભિવ્યક્તિ છે.

ભગવાનના સત્, ચિત્ અને આનંદરૂપનો આવી રીતે ભગવદ્વિનિયોગ કરાવનાર પુરુષોત્તમદાસજીમાં સદાય નિર્ગુણ ભાવ અભિરમણ કરતો હોય છે. પુષ્ટિભક્તિના આ નિર્ગુણભાવનું સ્વરૂપ છે; માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રભુમાં સુદૃઢ સર્વોતોધિક સ્નેહ. આના કારણે શેઠની મદનમોહનજી માટે ભાવની એકાગ્રતા એટલી તીવ્ર હોય છે, કે એમને સેવ્યસ્વરૂપમાં લીલા અને રસની અનુભૂતિ થાય છે. પુરૂષોત્તમદાસજીની આવી લીલાનુરક્તિને અનુલક્ષીને વાર્તાના પ્રારંભમાં જ ભાવપ્રકાશ કહે છે; "तातें पुरुषोत्तमदास ने बावन बीडा राखे । सो श्रीठाकुरजी के भाव तें बीस और बत्तिस बीडा श्रीस्वामिनीजी के भाव तें ।" વાર્તા પુનઃ કહે છે તેમ "जितनी सेवा सेठ पुरुषोत्तमदास करते, सो भावपूर्वक करते । सामग्री वस्त्र आभूषण हू में ।" અહીં કોઈને એક પ્રશ્ન એવો થાય, કે, વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ એમ કેમ કહેતા હશે કે શેઠ પુરુષોત્તમદાસ, મદનમોહનજીની સેવા ભાવથી કરે છે, અને એમ કેમ નહિ કહ્યું હશે, કે, આ ભગવદીય, સેવા સ્નેહથી કરે છે. આનું રહસ્ય સમજવા જેવું છે. સ્નેહ કે રતિ એ sentiment કે ઊર્મિ હોવાથી, એ ભાવ નથી. પરંતુ ભક્તના સ્નેહનું સ્વરૂપ ભાવરૂપ ત્યારે બને છે, જયારે એ સ્નેહ aesthetically કે સૌંદર્યશાસ્ત્રની દૃષ્ટિથી અભિવ્યક્ત થતો હોય છે. અર્થાત્ ભક્તિરૂપે સ્નેહને પ્રભુ માટે પેશ કરવો, એ ભાવનું સ્વરૂપ છે. તેથી જ ભાવપ્રકાશ કહે છે; "जितनी सेवा शेठ पुरुषोत्तमदास करते, सो भावपूर्वक करते ।" ભાવ, એ કૃષ્ણ માટેનો એક સૌંદર્યશાસ્ત્રથી સંપૂર્ણ

બનેલ સ્નેહનું સ્વરૂપ હોવાથી, પુરુષોત્તમદાસ શેઠ પોતાના મદનમોહનજીના સ્નેહને પ્રત્યેક સેવામાં ભાવભાવનાથી શ્રૃંગારિત કરે છે. તેથી જ ભાવપ્રકાશ પુનઃ કહે છે; "सामग्री वस्त्र आभूषण हू में ।" પણ ભાવની સજાવટ છે.

પ્રભુ માટેના સ્નેહમાં ભક્ત, જયારે પ્રભુનું માહાત્મ્યજ્ઞાન ઉમેરે છે, ત્યારે, એ ભક્તના અંતરમાં ભાવનું સ્વરૂપ સાકાર થાય છે. આવા માહાત્મ્યજ્ઞાન અને ભાવને ઉદ્દીપન કરે, એના માટે શેઠજી, નિત્ય સત્સંગ કરે છે. વાર્તા કહે છે; "यह कहि के यह जताये, जो-शेठ ऐसे कृपापात्र भगवदीय हते । परन्तु वैष्णव के संग अर्थ आपु चलाइ के जाते । तातें वैष्णव को संग अवश्य करनों । काहे तें ? श्रीआचार्यजी लिखे हैं, "पोषकाभावे तु शिथिलम्" (अर्थात्) पोषक को अभाव होई तब मन सिथिल व्है जाइ भक्ति घटि जाइ । सो पोषण सत्संग तें होइ ।" આચાર્યચરણ કથિત સેવા અને કથા પક્ષને ઉત્તમ રીતે જીવનાર મહાપ્રભુજીના નિતાંત પ્રિય શેઠ પુરુષત્તોમદાસનું જીવન સ્વાભાવિકતાથી સદા કૃષ્ણાર્થી જ રહે છે.

શેઠજીની આવી ભક્તિમાંથી જયારે વિવિધ ભાવાત્મક લીલાઓ પ્રકટ થઈ જાય છે, ત્યારે, ભક્ત શેઠ પુરુષોત્તમદાસ, લીલાઓના ડ્રાઈવર બની જાય છે. અર્થાત્ ભગવલ્લીલાના એ કેવલ સાક્ષી નથી બનતા પણ એ લીલામાં પોતે પહેલ કે contribution પણ કરી રહ્યા છે. જેમ કે, પ્રિયાપ્રીતમને શું પ્રિય છે, એ લક્ષમાં રાખીને, તત્સંબંધી "પહેલ" કરીને,

પુરુષોત્તમદાસ શેઠ એના લીલાભાવમાં પોતાની સેવાને ઢાળે છે. વાર્તા કહે છે; "श्रीस्वामिनीजी कों श्रृंगार प्रिय हैं, तातें जुगल रूप के सिंगार सोरह दूने वत्तीस भये । या प्रकार श्रीस्वामिनीजी कों प्रसन्न किये । या प्रकार कहि (यह जताए, जो-) जितनी सेवा सेठ पुरुषोत्तमदास करते, सो भावपूर्वक करते ।" આમ કૃષ્ણાર્થી જીવન, જીવંત રીતે જીવનાર આ ભગવદીય, ભક્તિની આવી ચરમાવસ્થામાં સદા વિહરી રહ્યા હોય છે. શ્રીમહાપ્રભુજી આને સ્વતંત્રભક્તિ કહે છે. "स्वाधीनां पुष्टिरुच्यते." એટલે જ વલ્લભાખ્યાન ગાય છે; "પુષ્ટિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવલ ભક્ત ન થાય." અર્થાત્ આ ભગવદીયને મદનમોહનજીની કેવલ ભક્તિ નથી કરવી, પરંતુ સ્વતંત્ર ભક્તિ કરવી છે, જેનું પ્રદાન શ્રીવલ્લભે એમને કર્યું છે. આવી રીતે શ્રીમદનમોહનજીનું સ્નેહાત્મક દાસત્વ કરતા શેઠજી પ્રભુ પર નિર્ભર છે અને આ ભગવદીયની સ્વતંત્ર ભક્તિના કારણે સેવ્ય, સેવક પર નિર્ભર છે. સેવક અને સેવ્ય વચ્ચે એક અણમોલ નિર્ભરતા સ્થિર થઈ ગઈ છે. આવી પરસ્પર નિર્ભરતાવાળા ભગવદીયો બહુ વિલક્ષણ હોય છે અને એમના પુષ્ટિજીવનમાં કૃષ્ણાર્થિતા અનાયાસ રીતે પનપી જાય છે. સંપૂર્ણતયા કૃષ્ણ માટે એકાગ્રતા અને સર્વગ્રાહ્યતા એ બન્નેનો આનંદ શેઠજી માણી રહ્યા હોય છે. સર્વગ્રાહ્યતાની અવસ્થામાં શેઠજી અન્યના મનની વાત પણ જાણવા સક્ષમ હોય છે. એમના પુત્ર ગોપાલદાસને જ્યારે એમ લાગે છે, કે, શેઠજી હવે વૃદ્ધ થયા છે, તો તે હવે સેવા કેવી રીતે કરશે ? ત્યારે વાર્તા કહે છે તેમ; "तब गोपालदास के मन की जानि के बुलाए । बेटा !

आगे आउ । तब गोपालदास निकट आइ कें देखे बीस पच्चीस बरस के सेठ हैं । तब सेठ पुरुषोत्तमदास ने गोपालदास सों कही, जो-भगवदीय सदा तरुन हैं । परन्तु जो अवस्था होइ ताको मान दियो चाहिए । तातें आजु पाछें ऐसी मनमें मति लाइयो।"

આ લીલા પ્રસંગનો શાસ્ત્રાર્થ કરવાથી આપણને એક અદ્‌ભુત રહસ્ય સમજાશે. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે, કે, જ્યારે સેવક સેવ્યને કહે છે કે; "હે પ્રભુ ! હું તારો છું," ત્યારે સેવકનો "અહંકાર" ભગવદીય બને છે. પરંતુ ભક્ત જયારે ભગવાનને એમ કહે છે કે; "હે પ્રભુ ! હું તારા લીલા પરિકરનો એક part છું", ત્યારે આવા ભગવદીયનો અહંકાર પ્રભુના અહંકારમાં merge થઈ જાય છે કે મળી જાય છે. આજ વસ્તુ શેઠ પુરુષોત્તમદાસ પોતાના પુત્રને સમજાવી રહ્યા છે કે "હું તો ઠાકુરજીના લીલાપરિકરનો એક અંગ છું, તેથી સદા તરુણ છું. હવે તુ પણ, તને પ્રભુના લીલાપરિકરનો એક part માન." યશોદાજીના સુકુમાર તરુણ એવા નંદકુંવરને સોહાય એવો તરુણભાવ જેમને સદા સિદ્ધ થઈ ગયો છે; એવા પુરુષોત્તમદાસ શેઠની શી સરાહના કરવી !

આવા સ્વતંત્રભક્તિના ઉચ્ચ અધિકારી એવા પુરુષોત્તમદાસ શેઠને શ્રીવલ્લભપ્રભુએ બીજા પુષ્ટિજીવોને નામ આપવાની આજ્ઞા કરી છે.

સેવા વખતે શેઠજીનો અગાધભાવ પ્રભુ પ્રત્યે બહાર પ્રકટ થાય છે, તો કથા-વાર્તા વખતે પ્રકટ થતો લીલાનો ભાવ, પુરુષોત્તમદાસ શેઠ સદા પોતાના

સેવ્યસ્વરૂપ સાથે અંતરમાં જોડે છે. એના કારણે માથે બિરાજતા ભજનીય ઠાકુરજી, શેઠજીનાં હૃદયમાં ભાવનીય સ્વરૂપે બિરાજી ગયા છે. આવી રીતે આ ભગવદીયને જયારે ઠાકુરજીની બાહ્યાભ્યંતર અનુભૂતિ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તેમનું પુષ્ટિજીવન અસ્ખલિત "કૃષ્ણાર્થી"રૂપે વહી રહ્યું હોય છે અને શેઠજી ચતુ:શ્લોકી ગ્રંથના સિદ્ધાંતને સદંતર જીવી રહ્યા હોય છે. "स्मरणं भजनं चाऽपि न त्याज्यमिति मे मतिः ।" આમ શેઠજીની ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ, ભાવશક્તિ, ધ્યાનશક્તિ આદિ સર્વે સેવ્યસ્વરૂપમાં જ વિનિયુક્ત છે. એમની ભગવત્સેવા चेतस्तत्प्रवणं सेवा કથિત "ચિત્ત"નું ચોગાન વટાવીને એમના મનના ચોગાનમાં અખંડિત વસી ગઈ છે. શેઠજીમાં કૃષ્ણાર્થી ભાવ પ્રકટ થવાનું એક કારણ એ પણ છે, કે, આ ભગવદીયની સેવાની ક્રિયા માટે એમનું મન એટલું અનાયાસ ઉત્સુક બની જાય છે, કે, એમની સેવા માનસીરૂપ થઈ જાય છે; એમને માનસી "કરવી" પડતી નથી.

અહીં કોઈને પ્રશ્ન થઈ શકે છે કે શેઠ પુરુષોત્તમદાસ જેવા આચાર્યજીના પરમ કૃપાપાત્ર અને મહાન ભગવદીય, કૃષ્ણાર્થી જીવન જીવી શકે એ સ્વાભાવિક છે. પરંતુ આધુનિક કાલના "સંસારગ્રસ્ત" જીવો આવું કૃષ્ણાર્થી જીવન કેવી રીતે સંપાદન કરી શકે ? અહીં મુખ્ય સમજવાની વાત એ છે કે આપણા કૃપાનિધિ શ્રીવલ્લભપ્રભુના સિદ્ધાંતો "સર્વકાલ"માં સિદ્ધ છે, અને તેથી જ આચાર્યજીની વાણીને યથાર્થ રીતે સમજીને કોઈપણ પુષ્ટિજીવ, તદનુસાર પોતાના મન

અને જીવનને ઢાળે, તો આજે ય એવો વૈષ્ણવ "કૃષ્ણાર્થી" જીવનના પથનો પથગામી બની શકે છે. આની પ્રતીતિ કરવા માટે શ્રીમહાપ્રભુજીની અગાધ વાણીના પીયૂષસાગરમાંથી કેવલ એક જ વચનામૃત પર્યાપ્ત છે; असमर्पितवस्तुनाम् तस्माद् वर्जनमाचरेत्. અર્થાત્ શ્રીવલ્લભપ્રભુએ સમજાવેલ સમર્પણના માર્ગમાં અભિગમન કર્યા સિવાય, કૃષ્ણાર્થી બની શકાતું નથી. તેથી જ આપણે, આપણા જીવનના વિવિધ પાસાંઓને, સમર્પણના ઉદ્યાનમાં રંગબેરંગી સૌરભ ભર્યા પુષ્પો તરીકે કેવી રીતે ખિલવી શકીએ, એની સિફત પણ શ્રીવલ્લભપ્રભુએ જ સમજાવી છે. જેમ કે સેવા કરતી વખતે આપણે પ્રભુને સમર્પિત રહી શકીએ છીએ, તેમ, અનોસરમાં પણ આપણે direct કે પરંપરાથી આચાર્યજીના સમર્પણના સિદ્ધાંતોને સહેલાઈથી નિભાવી શકીએ છીએ. ધંધો કે નોકરી કરતી વખતે આપણે એ ભાવના રાખીએ કે એમાંથી ઉપાર્જિત થયેલ ધનનો આપણે પ્રભુ સેવામાં વિનિયોગ કરી શકીશું, તો આપણા ધંધા કે નોકરીમાં વ્યતીત થતો સમય પણ આપણી સેવા કે સમર્પણનું જ એક અંગ બની જાય છે. તેવી જ રીતે આપણું માથું દુ:ખતું હોય, ત્યારે, આપણે એ ભાવનાથી ગોળી લઈએ કે ગોળી લેવાથી આપણો દુ:ખાવો નિવૃત્ત થઈ જશે અને તે, સેવામાં બાધક નહિ થાય, તો આપણે આ ભાવનાથી લીધેલી દવા પણ, પરંપરાથી ભગવત્સમર્પણનું જ અંગ બની જાય છે. અથવા તો આપણે એકલા બેઠા હોઈએ ત્યારે આપણો અહંકાર પણ આપણે પ્રભુને સમર્પિત કરી શકીએ છીએ. આમ શ્રીમહાપ્રભુજીની વાણીમાં જે "અગ્નિબીજ" છે, તે

આપણને આપણી ભક્તિમાં બાધક થતા તત્ત્વોનું નિવારણ કરવા પ્રેરણા કરે છે અને આપણા ભાવનું ઉદ્દીપન પણ કરે છે. તેમ જ શ્રીવલ્લભની વાણીનું "અમૃતબીજ" આપણને આપણા કૃષ્ણ સાથેના વિહારમાં સતત સહાય કરે છે. નિષ્કર્ષમાં કહું તો એક સાચી હકીકત એ છે, કે, ત્રિભુવનમાં એવો કોઈપણ આચાર્ય પ્રકટ થયો નથી અને થશે પણ નહિ, જેમની વાક્‌સુધાના આધારથી, ભક્ત, ગોલોકમાં, મૃત્યુલોકમાં કે કોઈપણ લોકમાં પોતાના જીવનને "કૃષ્ણસાત્" કરી શકે.

"પ્રતિપલ સમર્પિત" રહેતા કૃષ્ણાર્થી પુરુષોત્તમદાસ શેઠના ભગવલ્લીલા સંબંધી ત્રણ facets કે પહેલુઓ છે, જેનો "શાસ્ત્રાર્થ" પણ અતિ સોહામણો છે. લીલાના શાસ્ત્રાર્થની દૃષ્ટિએ, આ ત્રણે પહેલુઓનાં નામ છે; સ્થિતપ્રજ્ઞતા, રસાનુભાવન, રસાનુભૂતિ. કેવી વિલક્ષણતાથી શેઠજી, લીલાના ત્રણે પહેલુઓમાં વિહરી રહ્યા છે, એનાં વિલક્ષણ દર્શન વાર્તામાં કરી લઈએ.

(૧) સ્થિતપ્રજ્ઞતા :- ભગવલ્લીલાનુરક્તિ અને લીલાનુભૂતિને સિદ્ધ કરવા શેઠ પુરુષોત્તમદાસનો સંસાર પ્રતિ સ્થાયી સાક્ષીભાવ છે. આ છે શેઠજીની "સ્થિતપ્રજ્ઞતા." એના કારણે પુરૂષોત્તમદાસ શેઠ પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિની નિરોધાવસ્થામાં અવિરત રમણ કરતા હોય છે. શેઠજીની સંસાર પ્રત્યેની અનાસક્તિ કે સ્થિતપ્રજ્ઞતાને દર્શાવતા વાર્તામાં કાશીના રાજાનો પ્રસંગ આવે છે. આ રાજા, જ્યારે શેઠ પુરુષોત્તમદાસને મળવા આવે છે, ત્યારે શેઠજી, ગોબરવાળા હાથથી રાજાને મળે છે. આ એમની સંસાર પ્રત્યેની સ્થિતપ્રજ્ઞતાનું

અનુપમ ઉદાહરણ છે.

(૨) રસાનુભાવન :- કૃષ્ણાર્થી શેઠજીની આ અવસ્થા "રસનાટન"ની છે, જેમાં, આ ભગવદીય, પોતાના ગુરુ અને આરાધ્ય સ્વરૂપના ચરિત્રનું "ભાવન" કરે છે. અર્થાત્ પુરુષોત્તમદાસ શેઠ, અહીં મદનમોહનજી અને ઉપદેશક એવા શ્રીમહાપ્રભુજીની identityને share કરી રહ્યા છે. શ્રીઆચાર્યજીની identityની મુખ્ય હકીકત એ છે કે શ્રીવલ્લભપ્રભુ, કૃષ્ણને પોતાનું સર્વસ્વ માને છે, પ્રભુને અવિરત માણે છે અને ઠાકુરજીને પ્રતિપલ સમર્પિત છે. તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીની identity કે ભાવને share કરતા પુરુષોત્તમદાસજીની વૃત્તિ પ્રભુના સમર્પણ ભાવમાં સદા જોડાયેલી છે. આના કારણે પોતાના મામાની સાથે ગયા જવા નીકળેલા શેઠજી, પાંચ કોષ સુધી જાય છે, ત્યાં, એક સુંદર રિંગણાનું ખેતર જુએ છે, ત્યારે એમને મદનમોહનજીને ઉત્તમ સામગ્રી એવા રિંગણા સમર્પિત કરવાનો તાપ જાગૃત થઈ જાય છે. પુરુષોત્તમદાસ શેઠની પોતાના તરફ આવી પ્રેમાસક્તિ મહેસુસ કરીને શ્રીમદનમોહનજી પણ પ્રેમવિવશ થઈ જાય છે અને રુકિમણીબેટીને આજ્ઞા કરે છે, કે, "बेग तू उठि कै न्हाइ कें पूरी करि, सेठ साक लेकें आवत हैं । तब रुकिमिनी ने कही, महाराज ! सेठ तो गया कों गये हैं । तब श्रीठाकुरजीने कही, सेठ गया करि आयो, उनकी गया पूरण भई । तू उठि के पूरी बेगे करि ।" આમ શેઠજીની પ્રીતિથી વશ થઈને ઠાકુરજી, આ પ્રસંગમાં બીજી વખત સેનભોગ આરોગે છે. ભાવપ્રકાશ કહે છે; "तब श्रीठाकुरजी प्रसन्न होंइ । सेठ की प्रीति अर्थ दूसरे फिरि सेनभोग श्रीठाकुरजी अरोगे ।"

(૩) રસાનુભૂતિ :- રસાનુભાવન અવસ્થામાં શ્રીમહાપ્રભુજીની સમર્પણ ભાવની identityને સદા ઠાકુરજી સાથે share કરી રહેલા શેઠ પુરુષોત્તમદાસ માટે મદનમોહનજી પરવશ થઈ જાય છે અને એ વખતે પ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ આવિષ્કૃત થઈ જાય છે. તેથી "રસાનુભૂતિ", એ શેઠજીના "ભોક્તૃભાવ"ની અવસ્થા છે. પ્રકટ થઈ ગયેલા ગૂઢ સ્ત્રીભાવની લાવણ્યમયી અવસ્થામાં શ્રીમદનમોહનજી ચાહે છે, કે, "મારો પુરુષોત્તમદાસ મને અને મારી લીલાને અખિલ પારદર્શકતાથી માણે." એ વખતે શેઠજીને ઘેર પધારેલા શ્રીમહાપ્રભુજી, પ્રભુના આ મનોરથને જાણીને એક અપ્રતિમ લીલા ત્યાં સાક્ષાત્ પ્રકટ કરે છે. જેની સુલલિત ઝાંખી આપણે પણ વાર્તામાં કરી લઈએ. વાર્તા કહે છે; "सो ऐसे सेवा करत जन्माष्टमी आई । तब श्रीआचार्यजी ने नंदरायजी के घर जन्म-उत्सव भयो ता लीला के भाव तें पलना नंदमहोत्सव किये । तब नंदरायजी, यशोदाजी, गोप-ग्वाल सों रह्यो न गयो । सो साक्षात् पधारे । नंद-महोत्सव अनिर्वचनीय भयो । सो दरसन सेठ पुरुषोत्तमदास कों, रुक्मिनी कों, गोपालदास कों भये ।" અહીં "અનિર્વચનીય" શબ્દ કહીને શ્રીગોકુલનાથજી આપણને એ સમજાવી રહ્યા છે, કે, આ પ્રસંગમાં પુરુષોત્તમદાસ શેઠ ઠાકુરજીના પ્રકટ ગૂઢ સ્ત્રીભાવને માણી રહ્યા છે, આ અનિર્વચનીય પ્રસંગના અપરિમિત આનંદને ચિરસ્મરણીય રાખવા અને ચિરકાલ માણવા માટે શેઠજી નિત્ય મદનમોહનજીને પાલને ઝુલાવે છે. વાર્તા કહે છે; "ता पाछें सेठ पुरुषोत्तमदास नित्य श्रीमदनमोहनजी कों पालने झुलावते । जन्म - उत्सव के भाव में सदा मगन

रहते ।" અર્થાત્ ઠાકુરજીના એ વખતે પ્રકટ થયેલા ગૂઢ સ્ત્રીભાવના આવેશમાં શેઠજી સદા મગ્ન રહે છે.

આમ, પુત્ર ગોપાલદાસજીને તરુણ સ્વરૂપે દર્શન દેનારા, તનુનવત્વ ધરનારા, શ્રીવલ્લભની પૂર્ણકૃપા પ્રાપ્ત કરનારા, અધિકારી દૈવી જીવોને નામમંત્ર આપનારા અને તેથી વૈષ્ણવોના દુલારા, ઠાકુર મદનમોહનજીના અતિ પ્યારા, કેવલ કૃષ્ણાર્થી પુષ્ટિજીવન જીવનારા શેઠ પુરુષોત્તમદાસજી માટે શ્રીગોકુલનાથજી વાર્તાના અંતમાં કહે છે; "सो वे सेठ पुरुषोत्तमदास श्रीआचार्यजी महाप्रभुन के ऐसे कृपापात्र भगवदीय है । तातें इनकी वार्ता को पार नाहीं, सो कहां तांई कहिए ।"

અહીં સમજવાનું એ છે કે, ઠાકુરજીની કૃપા એ "કૃપારસ" છે અને રસની ઝીલવા પાત્ર જોઈએ. આના અનુસંધાનમાં વાર્તાના અંતમાં ગોકુળનાથજી શેઠ પુરૂષોત્તમદાસને "કૃપાપાત્ર" કહે છે અર્થાત્ ઠાકુરજીએ શેઠજી પર કેવલ કૃપા નથી કરી, પરંતુ મહાપ્રભુજીના આ અંતરંગ ભગવદીય, વાસ્તવમાં તો પ્રભુની આવી અર્નિવચનીય કૃપારસને ઝીલવાનું એક અણમોલ, અપ્રતિમ "પાત્ર" છે. તેથી જ શેઠજીના અંત:કરણમાં મદનમોહનજી બિરાજે છે અને ઠાકુરજીના અંતરમાં શેઠ પુરૂષોત્તમદાસ. આ રહસ્યને જાણે ઉજાગર ન કરતા હોય તેમ નંદદાસજી ગાય છે;

"मो मैं उनमें अन्तरौ एकौ छिन भरि नाहिं ।
ज्यों देखो मो मांझ वे त्यों हौ उनही मांहि ॥"

******

(૧૨) "जीवन जो ऐसे बनी आवे"

ભાવસિન્ધુ : "श्रीगुसांईजी के सेवक दोय भाई कुम्हार, राजनगर में रहते."

ગોકુલવાસ કરેલા આ બન્ને કુંભાર ભાઈઓનું પુષ્ટિજીવનચરિત્ર નિરખીને મારા મનમાં ય ક્યારેક એવો વિચાર આવી જાય છે કે આવું જીવન મારું ક્યારે બનશે ? "जीवन जो ऐसे बनी आवे ।" પુષ્ટિભક્તિની કેવી વિલક્ષણ તરંગાવલીઓમાં આ બન્ને ભાઈઓનું જીવન શ્રીગુસાંઈજીની કૃપાથી અનાયાસ વહી રહ્યું છે, એના સોહામણા દર્શન આપણે ભાવસિંધુમાં કરી લઈએ. વાર્તા કહે છે કે ગોકુળમાં આ બન્ને ભાઈઓ; "सवारे तीन बजे जागें । सो देहकृत्य कर आपके (श्रीगुसांईजीके) चरणपरस कर घरमें न्हावें । श्रीठाकुरजी सों पहोंच महाप्रसाद लेय कें नौ-बजें श्रीमथुराजी जाय पहोंचे । सो अन्न उठायवे की मजूरी करें नित्य आठ दस आना कमावें, फेरि चार बजे चले सो पाँच बजे श्रीगोकुल आय कें घरमें न्हाय श्रीठाकुरजीसों पहोंचकें आप के (श्रीगुसांईजी के) वचनामृत कथा सुनिवे कों जाँय ।"

ભક્તિવર્ધિનીગ્રંથ કથિત "सेवायां वा कथायां वा"માં આ બન્ને ભાઈઓનું જીવન જે લાવણ્યમયતાથી અભિસરણ કરી રહ્યું છે, એનું કારણ સમજાવતાં વાર્તા કહે છે; "सो देहकृत्य कर आपके चरणपरस कर घरमें न्हावें ।" અર્થાત્ એમના પુષ્ટિજીવનના પ્રતિદિનનો

પ્રારંભ જ શ્રીગુસાંઈજીનાં દર્શન અને આપના ચરણાવિંદની રજના સ્પર્શનથી થાય છે. શ્રીપ્રભુચરણના ચરણકમલ આ બન્ને ભાઈઓના હૃદયમાં દૃઢ રીતે નિવાસ કરી રહ્યા હોવાથી ભાવસિંધુ કહે છે; "रात्रि में कथा वचनामृत सुनिवे कों आपके चरणारर्विंद पास जाते ।" આનું રહસ્ય એ છે કે આ ભાઈઓનો સેવાનો ક્રમ સવારના શ્રીવિઠ્ઠલેશપ્રભુના ચરણકમલના સ્પર્શ કર્યા પછી થાય છે તેમ એમના કથા પક્ષમાં પણ આ બન્ને ભગવદીયો સૌથી પ્રથમ શ્રીપ્રભુચરણની શ્રીચરણકૃપાનું અવગાહન કરે છે. શ્રીવિઠ્ઠલનાથજીના ચરણકમલના પ્રતાપમાં આવિષ્ટ થયેલા મુગ્ધભાઈઓ માટે જ જાણે ન ગવાયું હોય !

"श्रीविठ्ठलनाथ बसत जिय जाके
ताकी रीति प्रीति छबी न्यारी."

તેથી જ શ્રીગોકુલનાથજી વાર્તામાં કહે છે આ બન્ને ભાઈઓ; "आपके चरणारर्विंद पास जाते ।" શ્રીપ્રભુચરણના કથામૃતમાં અવસ્થિત રહેલ અર્થ, ગૂઢાર્થ અને નિગૂઢાર્થનું પાન પુષ્ટિજીવ ત્યારે કરી શકે, જયારે એના માથે શ્રીગુસાંઈજીના ચરણામ્બુજની આવી અમૃતભરી અમિત કૃપા વરસતી હોય. શ્રીગુસાંઈજીના કૃપાયુક્ત શ્રીચરણ તો વૈષ્ણવને ભક્તમાંથી નિજજન બનાવીને અધિક કૃપા કરે છે. ગોવિંદસ્વામી ગાય છે;

"भक्ति मुक्ति देत सबनको
निजजन कों कृपा प्रेम बरखत अधिकाई ।"

શ્રીવિઠ્ઠલેશપ્રભુ જયારે વચનામૃત કરતા હોય

છે, ત્યારે, એ વખતની આપશ્રીની ઝાંખી કેટલી દિવ્ય અને મંગલમય હશે ! આપની વચનસુધાનું શ્રવણ કરીને સેવકજનો કેવી અદ્‌ભુત અવસ્થામાં મસ્ત થઈ ગયા હશે, એની ઝાંખી ભગવદીયની વાણીથી કરવા જેવી છે;

"कोटि अमृत सम हँस मृदु बोलन सबके जीवन प्राण ॥
करुणासिंधु उदार कल्पतरु देत अभय पद दान ।
शरन आये की लाज चहूंदिश बाजे प्रकट निशान ॥
तुमारे चरण कमल के मकरंद मन मधुकर लपटान ।"

તો આ બન્ને ભાઈઓના મન મધુકર ક્યાં લપટાઈ ગયા છે ? એક તો, એમના શ્રીઠાકુરજીની ટહેલમાં, બીજુ શ્રીવિઠ્ઠલેશના ચરણરજના સ્પર્શાનંદમાં અને ત્રીજુ, પ્રભુના લીલાપરિકરરૂપ વૈષ્ણવની સેવામાં. આ બન્ને ભગવદીયોના હરિ, ગુરુ, વૈષ્ણવની સેવાના ભાવની મકરંદની મહેક આપણે પણ વાર્તામાં માણી લઈએ. વાર્તા કહે છે; "मजूरीको द्रव्य महिना में जोरें तामें सों तीन भाग करें । एक भाग तो श्रीगुसांईजी के चरणारविंद में धरें । दूसरे भाग सों आप घरमें निर्वाह करे । और तीसरा भागमें सों वैष्णवन की सेवा करें । વૈષ્ણવ માટે આવો ભાવ ક્યારે આવે તે કૃષ્ણદાસજી સમજાવે છે;

"गिरिधर जब अपनो करि जाने ।
ताको मन भक्तन की सेवा भक्त चरन रज सदा लुभाने ॥
भक्तन में मति भक्तन सु गति
हरिजन हरि एक करि माने ।

कृष्णदास मन वचन कर्म करि
हरिजन संग हरि उर आने ॥"

પોતાની વૈષ્ણવ પ્રત્યેની નિતાંત પ્રીતિને આ બન્ને ભાઈઓ ગુપ્ત રાખે છે. વાર્તા કહે છે; कोई जाने नांही । जो दोऊ भाई वैष्णवन की कोठरी में जाय सो एक भाई तो भगवद्वार्ता करे और दूसरो भाई अगल बगल वैष्णवन की पथारीमें द्रव्य धरि आवे ।" આ કુંભારભાઈઓ વૈષ્ણવસેવા ગુપ્ત રીતે કરે છે, જેના કારણે એમની વૈષ્ણવ સેવાનો દાસાનુદાસભાવ રસાત્મક બની જાય છે. અર્થાત્ એમના વૈષ્ણવ પ્રત્યેના સ્નેહની તીવ્રતાના કારણે એમાંથી રસ સ્રવિત થતો જાય છે અને આ રસ વૈષ્ણવોની અધિકાધિક સેવા કરવા એમને વિશેષ ઉદ્દીપન કરે છે. કોઈ પણ પુષ્ટિજીવે કરેલી સેવાને ગુપ્ત રાખવાની આ ફલશ્રુતિ છે. ગુપ્ત રાખવાથી રસ પ્રકટ થાય છે અને પ્રકટ કરવાથી રસાભાસ થઈ જાય છે. શ્રીમહાપ્રભુજી કહે છે;

"गुप्तो ही रसः रसत्वम् आपद्यते अगुप्तस्तु रसाभासःस्याद्."

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવ પાસેથી વિત્તજા સેવા કરાવીને એવા વૈષ્ણવની "મમતા"ને પ્રભુમાં સમર્પિત કરાવે છે. આ બન્ને કુંભારભાઈઓ પોતાના ધનરૂપી મમતાનો બટવારો અતિલીલાત્મક રૂપે ત્રણ ખંડમાં કરે છે. આ ભગવદીયો ઉપાર્જીત થયેલ ધનરૂપી મમતાનો એક પહેલુ લીલાના અધિનાયક એવા ઠાકુરજીમાં સમર્પિત કરે છે, તો એમનો બીજો પહેલુ ઠાકુરજી અને પ્રભુની લીલાનું દાન કરનાર એવા આચાર્યરત્ન ગુરુ શ્રીગુસાંઈજીમાં સમર્પિત છે અને

એમની સમર્પિત થયેલી મમતા, સ્નેહનું રૂપ ધારણ કરીને પ્રભુના લીલા પરિકર રૂપ વૈષ્ણવમાં પણ ન્યોચ્છાવર થઈ જાય છે. આ નિર્ગુણભાવ છે. "જીવન જો ઐસે બની આવે"ની પદપંક્તિના અપરિમિત સોહામણી સુકોમલતાના આ પ્રસંગમાં સૌંદર્યમય દર્શન થાય છે.

આ બન્ને ભાઈઓના આવા પુષ્ટિજીવનની પ્રણાલીનો યશવિસ્તાર કરતા વૈષ્ણવો શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે "तब और वैष्णवने कही जो - राज सवारे ही आपके चरणपरस करकें अपने घरमें श्रीठाकुरजी सों पोहोंचि कें श्रीमथुराजी जाय अन्नकी मजूरी करे है । फेरि अपने घरमें पोहोंचि कें आपके कथा वचनामृत सुने हैं । और मजूरी को द्रव्य आवे है ताकों जोरि कें ताके तीन भाग करें हैं । सो एकभाग की तो आपके भंडार में सामग्री लाय कें धरें हैं । एक भाग वैष्णवन कों अँगीकार करावे हैं जो वैष्णवन की कोठरी में जाय एक भाई तो भगवद् वार्ता करे दूसरो भाई अगलबगल पथारी में धरि आवे । या रीति सों श्रीगोकुल वास करे है । यह सुनि कें श्रीगुसांईजी आप को हृदय भरि आयो । श्रीमुखसों आज्ञा करी । जो श्रीगोकुलवास इनने ही करि जान्यो है ।"

"जो कोई श्रीगोकुल रस चाखे ।
ताको चित्त अनत न भटके लोभ दिखावे लाखे ।"

આ બન્ને ભાઈઓના હૃદયમાં વહેતા અગાધ ભાવના મહેરામણને જોઈને શ્રીગુસાંઈજીનું હૃદય ભરી આવે છે. એમના ભાવ સાગરમાં વહેતી સમર્પિત થયેલ

અહંતા અને મમતાની ધવલરંગી અગણિત તરંગાવલીઓની મૃદુલાવલી, શ્રીગુસાંઈજી પ્રેમાવેશથી નિહાળી રહ્યા છે, ત્યારે, આપનું હૃદય દ્રવીત થઈ જાય છે. આ બન્ને ભાઈઓની ભાવતરંગોના અહંતાના પાસામાં ઠાકુરજી માટે એમનો દાસભાવ ઉભરી આવે છે, ગુરુ માટે દાસાનુદાસભાવ અને વૈષ્ણવો માટે દાસાનુદાસના દાસનો ભાવ પ્રકટ રહે છે. તેમ જ એમની સમર્પિત મમતા, હરિગુરુ વૈષ્ણવ સાથે શુદ્ધ રમણ કરી રહી છે. તદુપરાંત એમના વૈષ્ણવ પ્રત્યેના સુલલિત અને અવિરત સ્નેહના કારણે આ બન્ને ભગવદીયોના અંતરમાં એવો વિશાળ નિર્ગુણભાવ અવિચ્છિન્ન અભિરમે છે કે પોતાના પહેલા વિશેષ સુખ, શ્રીઠાકુરજી એમના લીલાપરિકરને આપે. આ બન્ને ભગવદીયોના અંતરમાં વૈષ્ણવ પ્રત્યે વહેતી સ્નેહાવલી અને ભાવાવલી કેટલી સુકોમલ અને સોહામણી છે તેના દર્શન રસિકદાસજીના પદમાં કરી લઈએ;

यह मांगो गोपीजनवल्लभ ।
मानुष जन्म और हरि सेवा
ब्रज बसवो दीजे मोहे सुलभ ॥
श्रीवल्लभकुलको हो हुं चेरो
वैष्णवजन को दास कहाऊँ ।
श्रीयमुना जल नित्य प्रति न्हावुं
मन क्रम वचन कृष्ण गुण गावुं ॥
श्रीभागवत श्रवण सुनु नित्य
इन त्यज चित्त कहुं अनत न लावुं ।
परमानंद दास यह मांगत
नित्य निरखु कब्हु न अघाऊँ ॥

આનો નિષ્કર્ષ એમ થાય છે કે સેવામાર્ગમાં અહંતા અને મમતાનું સમર્પણ શ્રીમહાપ્રભુજીએ જે પ્રકારથી શીખવ્યું છે, તે પ્રકાર આ બન્ને ભગવદીય ભાઈઓને પહેલેથી જ સિદ્ધ થઈ ચૂકયું છે. પરંતુ આવી રીતે જે નિ:સીમ સીમ સુધી આ બન્ને ભાઈઓએ પોતાની સમર્પિત થયેલી અહંતા અને મમતાના પહેલુનો નિતાંત વિસ્તાર કહી દીધો છે, એને નિરખીને શ્રીવિઠ્ઠલેશપ્રભુનું હૃદય ભરી આવે છે. તેથી જ શ્રીપ્રભુચરણ વાર્તામાં આજ્ઞા કરે છે; "तब आपने आज्ञा करी जो इनकों या रहनिपे कहा देंय जो मारग की रहनि है सो इननें पहेले सों ही राखी है ।" આમ આ બન્ને ભાઈઓની અહંતા-મમતાનું સમર્પણ જે એક ક્ષિતિજ પર વિદ્યમાન થઈને પોતાની આભા પ્રકટ કરી રહ્યું છે, તેનાથી પ્રભાવિત થઈને શ્રીગુસાંઈજીને પણ "વિચાર કરવો પડે છે" કે આ ભાઈઓને હવે શું ફલ આપવું ? વાર્તા કહે છે; "सो आप को बडो ही विचार करनो पर्यो । फेरि आपने आज्ञा करी । जो ए सांझकों आवेंगे तो इनकों में देऊंगो । सो, जो - ए, कहा मांगे । सो इनको आशय सब वैष्णव जानेंगे ।" શ્રીગુસાંઈજીને એના માટે "बडो ही विचार करनो पर्यो" કારણકે આ બન્ને ભાઈઓનું પુષ્ટિજીવન અસામાન્ય અને અલૌકિક છે અને તેથી જ એનો પ્રતિસાદ પ્રભુચરણ સામાન્ય રીતે નહિ પણ અસામાન્ય પ્રતિભાવથી આપવા ચાહી રહ્યા છે.

નિર્ગુણભાવના અણમોલ પહેલુરૂપે આ બન્ને ભાઈઓના અંતરમાં નિ:સાધનતા અને દીનતાનો ભાવ

સ્થાયિભાવ રૂપે વિદ્યમાન છે. તેથી જ શ્રીગુસાંઈજી એમને જયારે આજ્ઞા કરે છે કે "हम तुम पर प्रसन्न भए हैं । तुम कछु मांगो ।" ત્યારે, એ સાંભળતાં જ આ નિ:સાધન ભગવદીયના અંતરમાં વહેતા સુકોમલ ભાવો, અનુભાવરૂપે એમના અંગેઅંગમાં પ્રકટ થઈ જાય છે. વાર્તા કહે છે; "सो सुनते ही गद्गद् कंठ होय गए । नेत्रन में सों जल की धारा चली । मुखसों बोल निकसें नांही । फेरि मनमें कही जो ऐसो हमने कहा कृत्य करो है ता पर आप प्रसन्न भए ।" એમની અહંતા અને મમતા હરિ, ગુરુ, વૈષ્ણવમાં એટલી સમર્પીત થઈ ગઈ છે કે એમણે કરેલી વિલક્ષણ કૃતિ પણ પોતાને દેખાતી નથી. નિર્ગુણભાવના આવેશમાં આ બન્ને ભાઈઓમાં સદા એવા વિચાર રમતા હોય છે કે અમારા જીવનના કર્તા કારયીતા પ્રભુ જ છે. એટલે પણ આ કુંભારભાઈઓને પોતાની કૃતિની વિલક્ષણતા દર્શાતી નથી. બન્ને ભાઈઓના અંતરમાં ઉમટતી આવી મંજુલ ભાવતરંગોને શ્રીવિઠ્ઠલેશપ્રભુ માણતા જાય છે અને એમને પુન: આજ્ઞા કરે છે; "फेरि आपने आज्ञा करी जो वैष्णव सकुचो मत । मैं तुम पर प्रसन्न हों । तुम कछू माँगो । तब इन दोऊन ने विनती करी जो - राज और अधिक कहा माँगे जो आपकी प्रसन्नता के लिए जीव अनेक साधन करे है । तो हम सरिके पतितन के ऊपर कृपा करि कें स्वतः ही प्रसन्न व्है गए । यासों अधिक माँगनो कहा है । तब आपने आज्ञा करी । जो और मांगो । तब दोऊ भाई मनमें विचारें और अधिक कहा मांगे । फेरि आपनें इनके हृदयमें विराजि

कें यह मंगायो जो - राज जैसे प्रसन्न भए हो सो ऐसे ही हम पर सदा प्रसन्न रहे आवे ।" અર્થાત્ પોતાના હરિ, ગુરુ, વૈષ્ણવ પ્રત્યેનો સમર્પણનો ભાવ અનંતકાળ સુધી એમનામાં અવિચલ રહે એવો ગર્ભિત આશય, આ કુંભારભાઈઓના માંગવામાં આવી જાય છે. શ્રીગુસાંઈજીના હૈયામાં તો આ બન્ને ભાઈઓ માટે પ્રસન્નતાનો હેત એટલો તુંદિલીત થઈ રહ્યો છે કે આપ આ બન્ને ભગવદીયોને કરુણાભરી વાણીથી વિશેષ વરદાન આપે છે કે; "जो तुम पर प्रसन्न सो हमारे दास, जो तुम पर प्रसन्न नाहीं सो वह हमारो दास नहीं । ऐसो आपने महा फल दोऊ भाईन कों दियो ।" અહીં "महाफल" કહેવાનું રહસ્ય એ છે કે શ્રીવિઠ્ઠલેશપ્રભુએ આ બન્ને ભાઈઓ સાથે પોતાનું તાદાત્મ્ય સ્થાપિત કરી દીધું છે અને તાદાત્મ્યના આવેશમાં આપ કહી રહ્યા છે કે તમારા પર જે પ્રસન્ન હશે તે હમારો દાસ અને જે તમારા પર પ્રસન્ન નહિ તે હમારો પણ દાસ નહિ. અહીં એક સમજવાનું રહસ્ય એ છે કે જેમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે કૃષ્ણાશ્રય ગ્રંથનો પાઠ કરવાથી પુષ્ટિજીવને કૃષ્ણનો આશ્રય સિદ્ધ થાય છે, તેમ, આ પ્રસંગમાં મહાફલરૂપે શ્રીગુસાંઈજી આપ બન્ને ભાઈઓને એવું વરદાન આપે છે કે, શ્રીગુસાંઈજીનું જે અતિ દુર્લભ દાસત્વ છે, તે દાસત્વ પણ આ કુંભારભાઈઓ પર પ્રસન્ન રહેનાર કોઈપણ વૈષ્ણવને સહજ સિદ્ધ થઈ જાય છે. આમ આ બન્ને ભગવદીયોની કાનિથી પુષ્ટિસૃષ્ટિ પર આવી વિશાળ કૃપા શ્રીગુસાંઈજીને કરવી હતી એના માટે

વાર્તા કહે છે તેમ; "सो आपको (श्रीगुसांईजी को) बडो ही विचार करनो पर्यो ।" જેમ કોઈ રાજા કોઈ ફરમાન કર્યા પછી એના પર પોતાની મહોર મારે છે, તેમ રાજાઓના રાજા એવા મહારાજાધિરાજ શ્રીગુસાંઈજી પણ આ ભાઈઓને આવું વરદાન આપીને એના પર આપના ચરણકમલની મહોર મારી પોતાના ચરણયુગલ આ બન્નેના મસ્તક પર ધરી દે છે. વાર્તા કહે છે; "ऐसो आपने महा फल दोऊ भाईन कों दियो । फेरि आपनें दोऊ चरणारविंद दोऊ भाईन के माथे धरिकें श्रीमुख सों आज्ञा करी जो तुम पर दोऊ रीतिसों कृपा हमारी तथा हमारे दासनकी रही आवेगी । तुम या रीतिसों श्रीगोकुलवास करो । सो तातें इन दोऊभाई कुंभारन कछु लिखिवे में आवे नाहीं । सो तातें इनकी वार्ता कहां तांई लिखिये ।"

પુષ્ટિભક્તિની દૃષ્ટિથી આ એક સંપૂર્ણ વાર્તા છે.

******

(૧૩) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર

૨૫૨ વૈષ્ણવ વાર્તા-૧૪ : एक दलाल बनिया

કોઈક જીવમાં મમતાનું પાસું એટલું જોર કરી રહ્યું હોય છે કે, એવો મનુષ્ય, પોતાની અહંતાના ભોગે મમતાને પોષવા ચાહે છે. આ દલાલ બનિયા પણ, મમતારૂપ લોભના કારણે પોતાની અહંતારૂપી ઈન્દ્રિયાદિના સ્વાદના પોષક એવા ખાનપાનમાં સંકોચ કરીને પૈસાની બચત કરે છે. શરૂઆતમાં જ વાર્તા કહે છે; "सो याके गांठि में निन्यानवे हजार रुपैया हते । परि यह बनिया लोभी हतो । सो कहतो, जो - लाख रुपैया होंइ तो आछो । तातें द्रव्य कौ संग्रह करे । खानपान में हू संकोच करे । सो बारह आना नित्य कमावे । सो आठ आना सो जमा करे । और बाकी चार आना में निर्बाह करे ।"

શરણે આવ્યા પછી, આ દલાલને શ્રીગુસાંઈજીની કૃપાથી, ભગવત્સેવા કરવાની ચાહના થાય છે. પરંતુ મમતારૂપી દ્રવ્યનો આ દલાલ, સેવામાં ભાગ કાઢવા તૈયાર નથી. તેથી શ્રીગુસાંઈજીને વિનંતી કરતાં તે કહે છે કે; "यामें तें कोडी खरच होंइ नाहीं । ऐसी सेवा कृपा करि बताईए ।" એના પ્રતિસાદ રૂપે શ્રીવિઠ્ઠલેશપ્રભુ આજ્ઞા કરે છે; "जो - तू मानसी सेवा करि । तामें तेरो कछू खरच न होयगो ।"

આમ તો કીર્તનમાં ગવાયું કે "સેવા રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રગટાઈ." પરંતુ આ બનિયાનો

મમતાત્મક લોભ, એમના ઉદ્ધારમાં બાધક ન થાય, એના માટે, શ્રીપ્રભુચરણ એમને વ્રજની રીતને સ્થાને, એનાં લોભિયા સ્વભાવને સાધન બનાવીને એમને માનસી સેવાની રીત બતાવે છે જેમાં આ બનીયા વ્રજભક્તોની પ્રીતની રંગોળી પૂરે છે. "દૈવોદ્ધાર પ્રયત્નાત્મા" એવા શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, પુષ્ટિજીવનો ઉદ્ધાર કરવા સર્વકરણ સમર્થ છે. તેથી જ વલ્લભદાસજી ગાય છે;

"अनहोनी होनी करि थापी पुष्टि अलौकिक रीति ।
कलिमल ग्रसित दैवीजीवन कों व्रजवनितनि की प्रीति ॥"

પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવને, પ્રભુને conditioning કરવાની પદ્ધતિ સમજાવી છે. એ જ પદ્ધતિ અપનાવીને શ્રીગુસાંઈજી, આ દલાલ બનિયાને, એના લોભને સુરક્ષીત રાખીને, માનસી સેવાથી પ્રભુને condition કેવી રીતે કરવા એની રીત એને શીખવાડે છે. તેથી જ નામરત્નાખ્યમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુનું નામ છે; आचार्यरत्नं सर्वानुंग्रह कृन्मन्त्र वित्तमः. આ વૈષ્ણવને શ્રીમદ્ પ્રભુચરણ, નિત્યની અને ઉત્સવની માનસીની "રીતિ" બતાવે છે ત્યારે આ દલાલ, પોતાની ભક્તિની દલાલી પ્રભુ સાથે શરૂ કરી દે છે. વાર્તા કહે છે; "सो ताही रीति सों वह सेवा करन लाग्यो । सो एकाग्र चित्त सों श्रीठाकुरजी कों हृदय में पधराय के भक्तिभाव सों सेवा करे ।" વૈષ્ણવ જો આચાર્યચરણની વાણીની મર્યાદામાં રહીને પોતાની રુચિ પ્રમાણે ભગવત્સેવા કરે તો, એનું ચિત્ત પ્રભુમાં અનાયાસ પ્રવણ થઈ જાય છે. અને ઠાકુરજી પણ એની રુચિના માહોલમાં ઉછરીને એ માહોલથી એટલા ટેવાઈ (conditioned થઈ) જાય છે

કે પ્રભુને માટે એ જ માહોલમાં રસમસ્તી આવવા માંડે છે.

આમ શ્રીગુસાંઈજીએ આપેલ રીતિના "package"માં આ વૈષ્ણવ, શ્રીવિઠ્ઠલેશે એમને દાન કરેલ ભગવત્પ્રીતિની સામગ્રી બાંધી, એ સામગ્રીને માનસીમાં ઠાકુરજીને સમર્પિત કરીને, વિના અપેક્ષા આ બનીયા, સ્નેહની દલાલી શરૂ કરી દે છે ત્યારે, પ્રભુ આ વૈષ્ણવનો હાથ પકડીને, આ દલાલને, કૃપારૂપી દુર્લભ દલાલીનું વળતર આપવાની શરૂઆત કરે છે. વાર્તા કહે છે; "सों ऐसें करत कोई उत्सव आयो । सो वह खीरि करन लाग्यो । तब खीरि सिद्ध भई । तब यामें बूरा पधराये । सो बूरा बोहोत पर्‌यो । सो पाछें काठिबे लग्यो । तब ताही समै श्रीठाकुरजी ने आय कै हाथ पकरि कै कह्यो, जो-यामें तेरी गांठि कौ कहा खरच होत है ? जो - तू पाछो काढत है ।"
આ પ્રસંગની ખૂબસૂરતી એ છે કે આ વૈષ્ણવને ખાંડ, પોતાની "સત્તા"ની જ છે એવી દૃઢભાવના હોવાથી, એમનો લોભ, ખીરમાં વધારે પડી ગયેલી ખાંડ પાછી લેવા માટે એમને પ્રેરિત કરે છે. એના પ્રતિસાદમાં, ઔદાર્ય ઉદધિ ઠાકુરજીને, એ લોભમાં બનિયાના દુર્ગુણ નથી દેખાતા પણ મહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર સામગ્રીને પોતાની સત્તાની માનીને એમણે માનસીમાં સમર્પિત કરી છે, એનું ગૌરવ પ્રભુ મહેસુસ કરે છે અને એમના પર આફીન થઈને ઠાકુરજી એમનો હાથ પકડી લે છે. તો ઠાકુરજીએ હાથ કેમ પકડયો ? જેમ તનુજાવિત્તજા અને પછી માનસી છે તેમ માનસી

સેવામાં ભાવાત્મક તનુવિત્તજા છે. અર્થાત્ ભાવાત્મક હાથથી આ વૈષ્ણવ માનસીમાં ખીરમાં ખાંડ પધરાવે છે, તેથી ઠાકુરજી પણ એમની એવી ભાવાત્મક ક્રિયાને, એમનો હાથ પકડીને એમને ખાંડ પાછી કાઢતાં અટકાવે છે.

પ્રભુ હાથ પકડે છે એનું બીજું રહસ્ય એ છે કે, આ ભ[illegible]ોયે અતિ ભાવથી સમર્પિત કરેલી ખાંડને એ પાછો લઈ લે, એ, ઠાકુરજીને સુહાતું નથી કારણકે એમણે ભાવભક્તિથી ધરેલી સામગ્રીનો પ્રભુ સ્વાદ લેવા ઉત્સુક છે. તેથી પ્રભુ એનો હાથ ઝાલીને રોકે છે. વલ્લભાષ્ટક કહે છે;

"यस्मादस्मिन् स्थितो यत्किमपि कथमपि क्वाप्युपाहर्तुमिच्छ ।
त्यक्त्वा तद् गोपिकेशः स्ववदनकमले चारुहासे करोति ॥"

પ્રભુ જયારે કોઈ પરમ ભાગ્યશાળીનો હાથ પકડે ત્યારે એવા વૈષ્ણવના સ્વભાવમાં અનાયાસ પરિવર્તન આવે તે સ્વાભાવિક છે. વાર્તા કહે છે; "तब तो यह दलाल मन में बिचार्यो, जो-अब तो यह सब द्रव्य श्रीठाकुरजी के विनियोग में लगावनो । पाछें वाने जाय कै श्रीगुसांईजी सों बिनती करि कै श्रीठाकुरजी पधराये । तब वह सब द्रव्य श्रीठाकुरजी के विनियोग में आयो ।" આ વૈષ્ણવ, એમના લૌકિક લોભના નિવારક અને સમર્પણના પ્રેરક શ્રીગુસાંઈજીને જાણે વિનન્તી ન કરી રહ્યા હોય કે;

"तिहारी कृपा विठ्ठलेश गुसाँई ।
अपथ मारग तजे, भक्तिमारग रुचि
श्रीगिरिवरधर दई दिखाई ।"

મહાપ્રભુજી ગુસાંઈજીના અવતારકાળમાં કેટલાય ભગવદીયોને પિતા-પુત્રએ પહેલાં ફળનું દાન કર્યું છે અને પછી એમને સાધનના processથી પસાર કરાવ્યા છે. તેવી રીતે આ બનિયા વૈષ્ણવને શ્રીગુસાંઈજી, પહેલા માનસી સેવાનું દાન કરે છે અને તત્પશ્ચાત્ આ વૈષ્ણવ ઠાકુરજીને પધરાવીને પછી તનુવિત્તજા સેવા કરે છે. સારસ્વતકલ્પના કૃષ્ણાવતાર કાલમાં, ઠાકુરજી પણ, ગોપીજનોને રાસની ફલદશાનો તામસફલ પ્રકરણમાં અનુભવ કરાવે છે અને એના પછી રાજસ અને સાત્ત્વિક પ્રકરણમાં એમને સાધનાવસ્થામાં અભિગમન કરાવે છે. ભક્તિની પૂર્ણપકવતા માટે પુષ્ટિભક્તોએ સાધન અને ફલ એ બન્ને અવસ્થાનો અનુભવ કરવો આવશ્યક છે.

આ વાર્તાનું વિલક્ષણ રહસ્ય એ છે કે કોઈપણ પુષ્ટિજીવ પોતાના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ સ્વભાવના દોષોનો વધારે વિચાર કર્યા વગર, જો ભગવત્સેવામાં મન લગાવીને પ્રવૃત્ત થઈ જાય, તો એમના દોષોનું, સમર્પણ માર્ગમાં અનાયાસ શુદ્ધિકરણ થઈ જાય છે. જેમ કે આ બનિયા વૈષ્ણવ શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે માનસી સેવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે એમનો લોભ પણ ભગવાન સાથે જોડાઈને એ "ભગવદ્કામ" ભગવત્સમર્પણનું અંગ બની જાય છે. એક સમયે ધન માટે લોભ કરનાર આ બનિયાનો જયારે ઠાકુરજી હાથ પકડે છે, ત્યારે, એમના લોભનું પણ ઉદ્દાત્તીકરણ થઈ જાય છે અને એમનામાં એ લોભ જાગે છે કે, ઠાકુરજી મારો હાથ પકડી જ રાખે

અને ક્યારેય છોડે નહીં. વાર્તાના આ સારને પ્રકટ કરતાં હરિરાયચરણ ભાવપ્રકાશમાં કહે છે; "यामें यह सिद्धांत जतायो, जो-पुष्टिमार्ग में ठाकुर जीव कौ जैसो स्वभाव होत हैं ता भांति वाकों अंगीकार करत हैं । सो ऐसें प्रभु कारुनिक भक्तवत्सल हैं । तातें जा प्रकार बनि आवें ता प्रकार वैष्णव कों भगवत्सेवा करनी । सेवा तें विसुख रहनो नाहीं ।"

******

(૧૪) પ્રભુ સાથે માણવાનો ભાવ, સર્વસમર્પણ અને અંગીકૃતૌ સમર્યાદો

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૯૭ - સ્ત્રી-પુરુષ ક્ષત્રી, जो साडी बेचि कै सामग्री लाये

પ્રભુ સાથે માણવાનો ભાવ :-

પોતાની સૃષ્ટિમાં પ્રભુ પોતે બધું માણે છે ત્યારે આવું સર્વ માણવાની પહેલ પ્રભુ પોતે કરી રહ્યા છે. પરંતુ આવી પહેલ કરીને જો કોઈ પુષ્ટિજીવ પોતાની દેહેન્દ્રિયાદિથી જોડાયેલી અહંતામમતાત્મક સર્વવસ્તુઓને, ઠાકુરજી સાથે માણવાની અભિલાષા કરે, ત્યારે, ઠાકુરજીને અત્યધિક આનંદ આવી જાય છે અને એવા વૈષ્ણવની સમર્પણાત્મક સેવા નિખાર પામી જાય છે. આને અનુલક્ષીને શ્રીમહાપ્રભુજી ચતુ:શ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે; **"सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ."**

વાર્તાના પ્રારંભમાં, શ્રીગુસાંઈજી, સ્ત્રી-પુરુષને ઠાકુરજી પધરાવતી વખતે આજ્ઞા કરે છે કે; **"तिनकी तुम भावप्रीति सहित सेवा करियो ।"** તો ભાવપ્રીતિ એટલે ? પોતાના સેવ્યસ્વરૂપમાં સ્નેહ રાખવો એ **"પ્રીતિ"**નું સ્વરૂપ છે અને પ્રભુ સાથે સર્વવસ્તુ માણવાની ભાવના કરવી એ વૈષ્ણવનો સમર્પણનો "ભાવ" છે.

સંયોગાવસ્થામાં પણ ભગવાન સાથે share કરવાનો આપણો ભાવ ન હોય તો એ સમર્પણ નથી બનતું. એનું કારણ એ છે કે ઠાકુરજી સાથે માણવાનો ભાવ, એ લીલાનો ભાવ છે. પરમાત્માએ આનંદથી

તુંદિલિત થઈને લીલાના moodમાં, સૃષ્ટિને પ્રકટ કરી છે, જેને પ્રભુ આપણી સાથે માણી રહ્યા છે. તો તેના પ્રતિસાદ રૂપે પુષ્ટિજીવ પણ પ્રભુ સાથે માણવાનો ભાવ અપનાવે તો એવો ભાવ, લીલાનું અંગ બની જાય છે અને સેવ્ય અને સેવક વચ્ચે એક ખેલ શરૂ થઈ જાય છે. તેથી જ ગોપીજન ઠાકુરજીને કહી રહ્યા છે કે "लीजे लालन अपनी छाक ।_ _ _ _ ज्यों भावे त्यों खेल करो तुम मेरे आगे निषांक ॥"

સમર્પણાત્મક સેવામાં ખુબસુરતી તો એ છે કે, ઠાકુરજી જયારે મહાપ્રભુજીને, પુષ્ટિજીવને બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા કરે છે, ત્યારે, સૌપ્રથમ સમર્પિત તો પ્રભુ પોતે જ થઈ જાય છે અને એના response રૂપે ગદ્યમંત્ર દ્વારા શ્રીવલ્લભપ્રભુ, વૈષ્ણવમાં સમર્પણનો ભાવ જગાડે છે. આમ સમર્પણનો ભાવ કહો કે પ્રભુ સાથે માણવાનો ભાવ કહો, એ પર્યાયવાચક બની જાય છે. કેવલ સંયોગદશા સુધી જ સમર્પણ સીમિત નથી રહેતું, પરંતુ પ્રત્યેક અવસ્થામાં આપણે મનથી, પ્રભુ સંગ આપણી પળો share કરીએ તો આપણી સર્વ અવસ્થા સમપર્ણાત્મક બની જાય છે. सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिप એવી આચાર્યજીએ જીવને કરેલી આજ્ઞા સાર્થક બની જાય છે. અનોસરની પળો પ્રભુ સાથે કેવી રીતે માણવી એનું અદ્‌ભુત ઉદાહરણ શ્રીહરિરાયજીના પદમાં અભિરમે છે.

"जैसो हूं तैसो तिहारो श्रीवल्लभ
अब जिन छांड देहो मोहि करते ॥
बांह गऐ की लाज मन धर हो

नाहिं भरोसो मोहि साधन बल ते ॥१॥
तुम तज और ठोर नहिं मोको
जासों जाय कहों दुःख भरतें ॥
रसिक शिरोमणि श्रीवल्लभ प्रभु
राखो मोहिं चरण शरण भव डरतें ॥२॥"

"जैसो हूं तैसो तिहारो श्रीवल्लभ" કહીને હરિરાયજી એવો ભાવ અભિવ્યક્ત કરે છે કે; "પ્રભુ ! હું સારો છું કે નરસો છું, પણ હું આપનો છું." એનો અર્થ એમ થાય છે કે મારામાં જે સારાપણું છે એ પ્રભુ, આપની કૃપાથી છે અને મારી જે બૂરાઈઓ છે એ મારા સ્વભાવને કારણે છે. તેથી જ મારા પરમાત્મા, પરમેશ્વર આપની સાથે હું મારો એ ભાવ share કરવા માંગું છું કે આપની કૃપાથી મારું સારાપણું સ્થિર થઈ જાય અને આપની દયાથી મારામાં જે ત્રૂટીઓ છે તે ક્ષમ્ય બની જાય અને નિવૃત્ત થઈ જાય. "बांह गहे की लाज मन धर हो" એમ કહીને શ્રીહરિરાયજી, ઠાકુરજીના "ઐશ્વર્ય" ધર્મને ઉદ્દીપન કરી રહ્યા છે અને પ્રભુ સાથે પોતાનો દાસભાવ share કરી રહ્યા છે. કારણકે શરણે આવેલા દાસનું ભરણપોષણ, રક્ષણ એનો સ્વામી નહિ કરે તો કોણ કરશે ? "नाहिं भरोसो मोहि साधन बलते" કહીને હરિરાયપ્રભુ પોતાની "નિ:સાધનતા"નો ભાવ પ્રભુ સાથે માણી રહ્યા છે. કારણકે પ્રભુ નિ:સાધનફલાત્મા છે. "तुम तज और ठोर नहिं मोको ." એમાં શ્રીહરિરાયજી પોતાની "અનન્યતા"નો ભાવ પ્રભુ સાથે share કરી રહ્યા છે અને એ વખતે પ્રભુને પોતાના ભક્ત માટે पतिव्रतापति એવા ભાવનું વ્હાલ આવી જાય છે. "राखो

मोहिं चरण शरण भव डरतें .” ગોપીજનો જેમ **पादमूल** કહીને ઠાકુરજીને વિનંતી કરે છે અને સર્વ છોડીને આપને શરણે આવ્યા છીએ, તેમ હરિરાયચરણની આ પદપંક્તિમાં એવી જ વિનંતીનો ભાવ છે. આ સંબંધી આચાર્યજીએ સુબોધિનીજીમાં એવો ભાવ પ્રકટ કર્યો છે કે પોતાના શરણસ્થ પત્નીનું પતિ રક્ષણ કરે એનાથી અનંતગણું રક્ષણ પ્રભુ, પોતાના ચરણમાં શરણ લીધેલા જીવોનું કરે છે. અહીં આચાર્યજીની વિવેકધૈર્યાશ્રયગ્રંથમાં ગુંજન કરતી પંક્તિ છે; **“ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः .”** પદમાં **“रसिक शिरोमणि”** કહીને શ્રીહરિરાયજી, પ્રભુને એ પણ વિનંતી કરી રહ્યા છે કે; “હે નાથ ! આપ મને ભગવદ્રસનું પ્રદાન કરો. જેથી **रसो वै सः** એવા રસિક શિરોમણી આપની સાથે હું મારી ભક્તિભાવ રસાતમકતાને આપની સાથે share કરી શકું.”

આમ સંયોગાવસ્થા કે અનોસરમાં પુષ્ટિભક્તમાં ઠાકુરજી સાથે પ્રત્યેક પલને વિવિધરૂપે માણવાની તાસીર આવી જાય ત્યારે, આવો બડભાગી ભક્ત પ્રતિપલ સમર્પણનો પથગામી બની જાય છે અને મહાપ્રભુજીએ સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં કરેલી આજ્ઞાનું જીવંત ઉદાહરણ બની જાય છે. **“असमर्पित वस्तूनां तस्माद्वर्जनमाचरेत् .”** અર્થાત્ આવા ભગવદીયની કોઈપણ પલ અસમર્પિત રહેતી નથી. અથવા તો એની પ્રતિપલ આવી રીતે સમર્પિત થઈ જાય છે; પછી ભલેને એ સમર્પણ સીધુ હોય કે પરંપરાથી. જેમ કે નોકરી કે ધંધો કરનાર પુષ્ટિજીવ એવી ભાવના કરે કે મારી કમાણીમાંથી પ્રભુ

માટે મારા ધનનો વિનિયોગ કરી શકીશ તો એની એવી નોકરી કે ધંધો સેવાના અંગરૂપે પરંપરાથી સમર્પિત રહે છે. આ વાર્તામાં પણ લાકડાં વેચીને પોતાનો જીવન નિર્વાહ પ્રભુસંગ કરતા આ ક્ષત્રીનો આવો વ્યવસાય પણ સેવાના અંગરૂપે જ ઉભરી આવે છે. આ સ્ત્રી-પુરુષનો સેવાનો સમય કે અનોસરની સર્વપળો, અસમર્પિત ન રહે એના માટે, એમના પુષ્ટિજીવનની અદ્ભુત રીતે વ્યવસ્થા કરાવતાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પતિ-પત્નીને આજ્ઞા કરે છે કે; "पाछें आज्ञा किये, जो-इनकी नीकी भांति सों सेवा करियो । और आए गए वैष्णवन की टहल प्रीति सों करियो । और उन कौ संग करियो ।" તદનુસાર સ્ત્રીપુરુષ ઠાકુરજીની સેવા નીકી ભાંતિ સો કરે છે.

સર્વસમર્પણ અને अंगीकृतौ संमर्यादो :- પુરુષ વૈષ્ણવ, લાકડા વેચીને, એમાંથી ઉપાર્જિત થયેલ દ્રવ્યમાંથી અડધુ બચાવીને બાકીના દ્રવ્યમાંથી ઠાકુરજીની સામગ્રી નિત્ય લાવે છે. આમ કરતાં ધીરે ધીરે બચાવેલું દ્રવ્ય રૂપિયો એક બને છે, ત્યારે, પુરુષ પોતાની પત્ની માટે એ દ્રવ્યથી સાડી લે છે. સાડી લાવવાના બીજા જ દિવસે આ સ્ત્રીપુરુષની સ્નેહાત્મક સમર્પણાત્મક સેવાને, "સર્વસમર્પણાત્મક" બનાવવા માટે ઠાકુરજી એક કૌતુક રચે છે. વાર્તા કહે છે; "तब दूसरे दिन इन के घर आठ वैष्णव जुरि कै आए । तब उन वैष्णवन कों श्रीकृष्ण - स्मरन करि बोहोत आदर सन्मान करि बैठारे । तब अपनी स्त्री सों कह्यो, जो अब कहा प्रकार करिये ? जो - वैष्णव आये हैं उन कों महाप्रसाद लिवाइए । और घर

में तो कछू नाहीं है । जो - वैष्णवन कौ समाधान करिए । तब स्त्री ने कह्यो, जो - यह साडी बेचि कै सामग्री ल्याऊ । तब वह पुरुष साडी बेचि कै सामग्री ल्याए ।" સદા સમર્પિત રહેતાં આ સ્ત્રી - પુરુષ પાસે કેવલ એક સાડી જ રહી ગયેલ હોય છે, તેને પણ વેચાવીને તેમાંથી ઠાકુરજી માટે સામગ્રી લાવે છે, ત્યારે પ્રભુ એમની પાસે સર્વસમર્પણ કરાવી લે છે. એ વખતે આ સ્ત્રી ભગવદીયની એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે કે એમને કોઠીમાં બેસવું પડે છે. ઠાકુરજીને પોઢ઼ાવીને જ્યારે પુરુષ, ઘેર આવેલા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા વિનંતી કરે છે, ત્યારે વાર્તા કહે છે તેમ ભગવત્પ્રેરણાથી; "तब उन वैष्णवन ने कही जो - तुम्हारी स्त्री आय कै हम कों परोसेगी तब हम महाप्रसाद लेइंगे ।" આ વાત જ્યારે પુરુષ, પોતાની સ્ત્રીને કહે છે ત્યારે અલૌકિક મનવાળી આ ભગવદીય બાઈ ઉત્તર આપે છે કે; "जो - भगवान और भगवदीय तो एक ही स्वरूप हैं । इन में कछू भेद नाहीं है । जो - मैं नग्न हों । सो भगवान तो देखत हैं तो भगवदीयन की कहा लाज है ? में आऊंगी । तब वह स्त्री कोठी में सो निकसन लागी । तब इतने ही में श्रीस्वामिनीजी आप साडी लेकै पधारे ।" ન તો એ વખતે શરણાયું કે દુંદુભી વાગી રહી છે, ન તો નભમાં દેવો સ્તુતિ કરી રહ્યાં છે કે ન અપ્સરાઓ નૃત્ય. તો ય એ સમયનું વાતાવરણ મહાપ્રાગટ્યોત્સવ ને અનુકૂલ એવું અતિ મંગલમય બની જાય છે. આ વાર્તામાં એ ક્યારે બને છે ? જ્યારે, સ્ત્રી ભગવદીય, કોઠીમાંથી

બહાર નીકળવાનો પ્રથમ પ્રયાસ કરે છે ત્યારે. અંગીકૃતૌ સમર્યાદો એવા શ્રીવલ્લભાચાર્યચરણની મર્યાદાનું રક્ષણ કરવા માટે એ વખતે કોઠીમાં અનુપમ દિવ્ય, તેજપૂંજ દેદીપ્યમાન થઈ જાય છે અને મકરંદી વાતાવરણની મધુરાઈમાં, કોઈને પણ ખબર ન પડે તેમ શ્રીઠાકુરજીના પ્રકટ આનંદના સાકાર ઘનીભૂત સ્વરૂપ એવા પુષ્ટિના સ્વામિની, શ્રીરાધિકારાણી, કોઠીમાં તુરત જ સાક્ષાત્ પ્રકટ થઈને, પોતાની સેવક સ્ત્રી - ભગવદીયની લાજને સુરક્ષિત રાખવા એને સાડી પહેરાવે છે. એ વખતે પધારેલ લાવણ્યના સારરૂપ સ્વામિનીજીની મુખારવિંદની સુધાનું પાન કરતાં બડભાગી આ સ્ત્રી ભગવદીય, કોઈ આવા ભાવમાં તો ઓતપ્રોત નહિ થઈ ગયા હોય ને !

"कुंवरी राधीके तुम सकल सौभाग्य की सीमा ।
या वदन पर कोटि शत चंदवारो ॥"

કૃષ્ણપ્રાણેશ્વરીના લાવણ્યામૃતનું પાન કરતાં કરતાં આ સ્ત્રી ભગવદીય અતિ લાગણીવશ થઈને દીનતાથી ઝૂકી ગયા હશે અને શ્રીસ્વામિનીજીના ચરણકમલની આભાની પ્રતિભામાં વિભોર થઈને મનોમન ગાતા હશે;

"धनधन लाडिली के चरन ।
अतहि मृदुल सुगंध सीतल कमल के से बरन ॥"

આત્મરતિના પતિ શ્રીસ્વામિનીજી, કોઠીમાં એટલા માટે પણ પ્રકટ થાય છે કે આ સ્ત્રી ભગવદીયની આત્મરતિમાંથી ઉદ્ભૂત થયેલ એમની વૈષ્ણવ પ્રત્યેની

નિ:સીમ પ્રીતિ, જયાં સુધી, એમના મનમાં સીમિત રહે છે, ત્યાં સુધી તે સરાહનીય છે. પરંતુ આ સ્ત્રીની આત્મરતિ જનિત વૈષ્ણવપ્રીતિ, જયારે એક કૃતિરૂપે પરિધાન વિના, વૈષ્ણવપ્રતિ શુદ્ધભાવથી કોઠીમાંથી બહાર અભિગમન કરવા ચાહે છે, ત્યારે આત્મરત્યાત્મક શ્રીસ્વામિનીજી, મહાપ્રભુજીની મર્યાદાનું રક્ષણ કરવા, વિના વિલંબે, ત્યાં પ્રકટ થઈ જાય છે. આનું એક રહસ્ય એ છે કે; શ્રીવલ્લભાચાર્યચરણ, શ્રી અને કૃષ્ણ એમ બન્નેના આસ્ય હોવાથી, શ્રી એવા શ્રીસ્વામિનીજી, મહાપ્રભુજીની મર્યાદાનું મંડન કરવા કોઠીમાં સ્વયં પ્રકટ થાય તે અતિ સ્વાભાવિક છે. શ્રીવલ્લભપ્રભુને અભિપ્સિત મર્યાદા મંડનનો ઉદ્‌ઘોષ કરતાં આચાર્યજીની વધાઈમાં કૃષ્ણદાસજી ગાય છે;

"कृष्ण रस पोषको पूंज पूंजन दीये,
सकल मर्याद मंडन प्रभु अवतरे ।"

આમ મર્યાદાનું મંડન કરતાં પુષ્ટિભક્તિને કહેવી, એ, श्रीकृष्णास्य વલ્લભની સિફત છે, આવી સીફત, કૃષ્ણની કેવી રીતે હોઈ શકે ! કારણકે કૃષ્ણ માટે તો मर्यादाभंगो हि पुष्टिः છે. તેથી જ પરમાનંદદાસજી ગાય છે;

"परमानंद वेदसागर की मर्यादा गई टूट,
कोन रस गोपिन लीनो घूंट ।"

અહીં ખૂબસુરતી તો એ છે કે કોઠીમાં રહેલા આ સ્ત્રી ભગવદીયનો પ્રસંગ હોય કે કોઈ પણ વૈષ્ણવના ભાવનો પ્રસંગ હોય, ત્યારે दैवोद्धारप्रयत्नात्मा

એવા શ્રીમહાપ્રભુજી હંમેશાં પડદા પાછળ રહીને પોતાની કૃતિ, રતિ, મતિ વૈષ્ણવને, બહુરંગી ભક્તિનું દાન કરવા સદા પ્રયત્નશીલ હોય છે. મહાપ્રભુજીની આવી ગુપ્ત રહેલી કરુણાને ઉજાગર કરવા માટે તો શ્રીસ્વામિનીજી, મર્યાદા મંડનનું નિમિત્ત લઈને અહીં સાક્ષાત્ કોઠીમાં પ્રગટ થાય છે. ભગવદીય ગાય છે;

"भाग्यवान वृषभानु सुता सी, को तिय त्रिभुवन मांहि ।
जाकौ पति त्रिभुवन मनमोहन, दिये रहति गलबाही ।
है आधीन संग हि डोलत, जहाँ कुंवरि चल जाही ।"

તેથી જ સ્વામિનીજીને સાડી સાથે પધારતા જોઈને વાર્તા કહે છે તેમ; "तब श्रीठाकुरजी आप कहे, जो-तुम कहां जाति हो ? तब श्रीस्वामिनीजी कहे, जो-अपनी सेवा करत हैं तिनकी लाज जाति है । तातें आपुन लाज न राखेंगे तो कौन राखेगो ?" ભગવદીય ગાય છે; "હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે." વાર્તા આગળ કહે છે; "तब जुगलस्वरूप नें वा कोठी में ही दरसन दीनो ।" એ વખતે દર્શનમુગ્ધ સ્ત્રીના ભાવની મનોવૃત્તિ દર્શનીય છે;

"बसो मेरे नैनन में दोउ चंद
गौरवरण वृषभाननंदिनी श्याम वरण नंदनंदन ."

યુગલસ્વરૂપની સેવા કરતાં આ સ્ત્રી ભગવદીય માટે શ્રીસ્વામિનીજીનો આશ્રય સિદ્ધ થઈ જાય છે અને તેથી એમના માટે શ્રીગોવર્ધનધરની ઉપલબ્ધિ આસાન બની જાય છે. કારણકે શ્યામાજૂની પછવાડે ઘનશ્યામ નિરંતર અભિગમન કરતાં જ હોય છે. વલ્લભદાસજી ગાય છે;

"सांची श्यामा जू की शरण
जा बल सहज नंद के नंदन गोवरर्धन उद्धरण ।
जाके बल लवलेश कृपा तें जगजन तारन तरन
जन वल्लभ के सो श्रीश्यामा संकट सहज हि हरन ।"

વાર્તા કહે છે; "तब जुगल स्वरूप नें वा कोठी में ही दरसन दीनो । तब श्रीस्वामिनीजी ने तो साडी पहराई । और श्रीठाकुरजी नें अपनो पीतांबर उढायो । और वाही कोठी में जुगल स्वरूप के दरसन भए ।"

આ વાર્તામાં સમજવાનું રહસ્ય એ છે કે આ સ્ત્રી પુરુષના ઘેર આવેલા વૈષ્ણવો કહે છે; "वैष्णव तो आपुस में बहनि-भाई हैं ।" છતાંય મહાપ્રભુજીનું નામ "अंगीकृतौ समर्यादो" હોવાથી, "ભાઈ બહેન" એવા વૈષ્ણવમાં પણ લોકવત્ મર્યાદાનું પાલન કરવું અનિવાર્ય છે. વૈષ્ણવની વૈષ્ણવ પ્રત્યેની ઉત્કૃષ્ટ પ્રીતિ તો ફલરૂપ બને જ છે, પરંતુ આવા નાજુક સંજોગોમાં, આવી પ્રીતિને કૃતિરૂપે અમર્યાદ રીતે અભિવ્યક્ત કરતાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતનું અતિક્રમણ થઈ જાય છે અને એવું થાય તો શ્રીસ્વામિનીજીથી એ કેમ સહન થાય ? એના માટે સર્વનું સદા હિત વિચારનાર પુષ્ટિસ્વામિની અહીં પ્રકટ થઈ જાય છે. વલ્લભદાસજી ગાય છે;

"श्रीवृषभानु सुता "यह अवसर" राखि लेहु जन लाज ।"

આમ કૃપા સાગર યુગલ સ્વરૂપની કૃપાની અસીમ વર્ષા, આ સ્ત્રી ભગવદીય પર વરસી રહી છે, એના કારણે એમને શ્રીસ્વામિનીજીની અલૌકિક સાડીનું અને

પ્રભુના અલૌકિક પીતાંબરનું પ્રદાન થાય છે. આ પ્રદાનમાં યુગલ સરકારે, આ સ્ત્રી ભગવદીયને કેવા અપરિમિત લીલાત્મક ભાવોનું દાન કર્યું હશે, એ મારા માટે કલ્પનાતીત છે. બહુ સુધી તો ઠાકુરજીએ કુમારિકાઓને વસ્ત્ર પ્રદાન કર્યા, એ પ્રસંગની આપણે અહીં શુદ્ધિ કરી શકીએ. પરંતુ આ વાર્તામાં તો કેવલ કૃષ્ણકૃપા નહિ પરંતુ સ્વામિની પ્રેરિત કૃષ્ણકૃપા હોવાથી આ ભગવદીય સ્ત્રીના કેવાં કારજ સર્યાં હશે એ તો મારા માટે અનુમાનાતીત વિષય છે. વલ્લભદાસજી ગાય છે;

"यद्यपि परम समर्थ राधिका कुटिल कर्म कहा करि है ।
तिनकी कृपा कटाक्षि कोर तें मेरो कारज सरि है ।"

અહીં સમજવાનું એક વિલક્ષણ રહસ્ય એ છે કે શ્રીસ્વામિનીજીનો સ્થાયિભાવ તામસ છે અને તેથી જ દશમસ્કંધનો પ્રારંભ તામસ ફલ પ્રકરણથી થાય છે. પરંતુ શ્રીકૃષ્ણ પ્રાણેશ્વરીના તામસ ભાવની અદ્વિતીય અપ્રતિમતા એ છે કે, શ્રીકિશોરીજીના સર્વભાવોમાં "પ્રગાઢતા" વિદ્યમાન છે. પછી એ વિપ્રયોગનો ભાવ હોય, માનનો હોય કે કૃપાનો. આ દૃષ્ટિથી જોઈશું તો આપણને સમજાશે કે શ્રીસ્વામિનીજીની કેવી નિરવધિ કૃપા આ ભગવદીય પર વરસી હશે ! ભગવદીય ગાય છે; "जयति श्रीराधिके सकल सुख साधिके ."

આ પ્રસંગમાં બીજી એક અદ્‌ભૂત રહસ્યની વાત એ છે કે, આ ભગવદીય સ્ત્રી, શ્રીયુગલ સરકારના અમિત લાવણ્યનું પાન કર્યા છતાં ય, પ્રસાદી સાડી તથા પીતાંબરનું દાન મેળવ્યા છતાંય, આ સમગ્ર

પ્રસંગને કોઈ એક અલૌકિક સામર્થ્યથી અનાયાસ પચાવી ગયા છે. આવી સંપૂર્ણ અલૌકિક ઘટના પછી, આ ભગવદીય સ્ત્રી, વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવતી વખતે, પોતાને શું ઉપલબ્ધ થયું છે એનો અણસાર પણ આવવા દેતાં નથી. આવી જ આસાનીથી, ઘેર આવેલા એ ભગવદીયો સાથે ભગવદ્વાર્તા, કીર્તન કરવામાં નિમગ્ન બની જાય છે. આ ભગવદીય સ્ત્રી પર ત્યારે વારી જવાય છે, જ્યારે આવી કલ્પનાતીત ફલસિદ્ધિ ઉપલબ્ધ કર્યા પછી પણ અતિ દૈન્યથી અને દાસાનુદાસ ભાવથી વૈષ્ણવોની ચરણસેવામાં ઓતપ્રોત થઈ જાય છે. વાર્તા કહે છે; "पाछें सब वैष्णव जब सोये तब उन स्त्री-पुरुष मिलि कै सबन के पांव दाबन बैठे ।" આવા ભગવદીયોની ઝાંખી અતિ દુર્લભ છે અને એમની કથા જગતને પવિત્ર કરનારી છે. અહીં આપણને શ્રીમદ્ભાગવતજીની પંક્તિ સ્ફૂર્ત થઈ જાય એ સ્વાભાવિક છે;

"वंदे नंदव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥"

******

(૧૫-અ) શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે; ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्भाव में मन रहे । (પૂર્વાર્ધ)

૨૫૨ વૈષ્ણવની વાર્તા ૧૩૭ - हृषिकेश क्षत्री, आगरे के

નામરત્નાખ્ય સ્તોત્રમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુનાં નામ છે; कृष्णलीलारसाविष्टः, रासलीलारसमहोदधिः. તો જેના શ્રીઅંગે અંગમાં અનંતભાવો અને કૃષ્ણની રસાત્મક લીલાઓનો મહેરામણ વહી રહ્યો છે, એવા પ્રભુચરણ, હૃષિકેશ માટે એમ કેમ કહેતા હશે કે; "ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्भाव में मन रहे !" અહીં સમજવાનું ગંભીર રહસ્ય એ છે કે શ્રીગુસાંઈજીની કૃષ્ણભક્તિ "माहात्म्यज्ञानपूर्वस्तु सर्वतोधीकसुदृढ स्नेहो भक्ति"વાળી હોવાથી શ્રીવિઠ્ઠલેશપ્રભુમાં નિર્ગુણભાવ વિદ્યમાન છે. પુષ્ટિપુષ્ટિની કક્ષાવાળા આવા નિર્ગુણભાવવાળા, પોતાના વિપ્રયોગને માહાત્મ્યજ્ઞાનથી balance કરવા સક્ષમ હોય છે. પુષ્ટિપુષ્ટિવાળા મહાનુભાવો પોતાના વિપ્રયોગને નિર્ગુણ ભાવસ્થ निजेच्छातः करिष्यतिના "વિવેક"ના કારણે આવા વિપ્રયોગને "આશ્વાસન" આપી શકે છે કે પ્રભુ જે કરે છે તે એમના હિતમાં છે અને પોતાની ઈચ્છાથી કરે છે. તેથી તેઓ સર્વદા ભગવદિચ્છાને અનુકૂલ બનવા ચાહે છે. અથવા તો એમનામાં સ્થિત રહેલ "ધૈર્ય"ના કારણે, નિર્ગુણભાવવાળા, त्रिदुःखसहनંના સિદ્ધાંતથી એમનામાં જનિત થયેલા વિપ્રયોગને સહન કરવાની ટેવ પાડે છે. તેથી જ

પુષ્ટિપુષ્ટિના નિર્ગુણભાવયુક્ત મહાનુભાવોને પોતાના વિપ્રયોગને પ્રવૃદ્ધ કરવો હોય તો એમને, ભગવદ્પ્રેમી રાજસ કે તામસ ભક્તોનો સંગ અભિપ્સિત હોય છે. એના માટે તો પુષ્ટિપુષ્ટિમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી, શ્રીદામોદરદાસજીને પોતાના વિપ્રયોગને ઉદ્દીપન કરવા માટે સંગ રાખે છે અને દમલાજીને આપ કહે છે; "दमला ! बडी बार भई है, श्रीठाकुरजी की वार्ता नाहीं करी ।" તેવી જ રીતે વિપ્રયોગના ઉદ્દીપન માટે પુષ્ટિપુષ્ટિસ્થ શ્રીગુસાંઈજી પણ રાજસભાવવાળા ચાચા હરિવંશજીને સંગ રાખે છે. આવા ગંભીર રહસ્યના કારણે શ્રીગુસાંઈજી રાજસભાવવાળા હૃષિકેશનો સંગ ચાહી રહ્યા છે અને આજ્ઞા કરે છે કે; "ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्‌भावमें मन रहे ।" વાસ્તવમાં પુષ્ટિપુષ્ટિભાવવાળા કે શુદ્ધપુષ્ટિભાવવાળા મહાનુભાવો સમકક્ષ હોય છે. તેથી એમની વચ્ચે કોઈ ભાવાવસ્થાનો ભેદ હોતો નથી. रासलीलारस महोदधी અને महद् એવા શ્રીવિઠ્ઠલેશપ્રભુ, પોતાના જ કૃપાપાત્ર સેવક ભગવદીય હૃષિકેશનો સંગ ચાહી રહ્યા છે, એમાં, પ્રભુ ચરણમાં વિદ્યમાન રહેલ દૈન્યની મુલાયમ સુકોમલતાના આપણને દિવ્ય દર્શન થાય છે.

તો શ્રીગુસાંઈજી જેનો સંગ ચાહે છે એવા હૃષિકેશમાં કેવો અકલ્પિત, અલૌકિક, અપ્રતિમ અને અપરિમિત ભાવ વિદ્યમાન છે, એને જાણવાની ઉત્કંઠાથી હું અતિ વિનમ્ર થઈને, દીનપણે, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીને દંડવત્ કરું છું કે આ પરમ ભગવદીયના અગાધ ભાવની અલ્પ ઝાંખી કરવા મને દૃષ્ટિ આપો.

સૌથી પ્રથમ તો એ સમજવું આવશ્યક છે કે હૃષિકેશને ઉપલબ્ધ થયેલો આવો વિલક્ષણ ભાવ, કેવલ ભગવત્કૃપાલભ્ય છે અને શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત જીવનમાં ઉતારવાથી એમના પર મહત્ એવા શ્રીગુસાંઈજીની આવી મહત્ કૃપા અવતરી છે. શ્રીવલ્લભાચાર્યચરણના વિવિધ સિદ્ધાંતોનું હૃષિકેશે કેવા વિશુદ્ધભાવથી પરિપાલન કર્યું છે એનાં અણમોલ દર્શન શ્રીગોકુલનાથજી આ વાર્તામાં સતત કરાવી રહ્યા છે. જેના લીધે આપણે પણ સમજી શકીશું કે વાક્પતિના કયા સિદ્ધાંતને હૃષિકેશે કેવી અદા અને ગાંભીર્યથી જીવનમાં ઉતાર્યો છે અને એની ફલશ્રુતિ રૂપે એમને કેવા લચીલા ભાવનું દાન થયું છે. શ્રીવલ્લભની વાણીમાં ગૂઢાર્થ અને નિગૂઢાર્થ રૂપે અનુક્રમે ભાવ અને લીલા વિદ્યમાન હોવાથી, વાક્પતિની વાણીના અનુસરણથી હૃષિકેશમાં ભાવ અને લીલાનો સાગર ઉમટી રહ્યો છે. તેથી જ વલ્લભદાસજી શ્રીમહાપ્રભુજી માટે ગાય છે; "લીલા જલધિ રસાત્મક પૂરણ ભાવ તરંગ અપાર." હૃષિકેશનાં હૃદયમાં વહેતા આવા ભાવસાગરની વિવિધ લહેરોના આપણે પણ દર્શન કરી લઈએ, જેના કારણે, શ્રીવિઠ્ઠલનાથજી એમના સંગ માટે અતિ ઉત્સાહિત રહે છે.

ભગવત્સેવા કરતી વખતે પુષ્ટિજીવમાં ભાવ કેવી રીતે પ્રકટ થાય છે, એની સમજણ આપણને શ્રીવલ્લભપ્રભુએ, એ આપી છે કે સેવા કરતી વેળા શ્રીઠાકુરજીનું લીલાવિશિષ્ટ પુરુષોત્તમનું impression સેવકના હૃદયમાં આવવું જોઈએ અને એ impression લીલારૂપે પ્રકટ થાય ત્યારે ભગવત્સેવા, ભાવરૂપ બને

છે. તેમ જ ગુણગાનમાં પ્રભુની લીલાનું ભાવાત્મક expression છે. આના અનુસંધાનમાં, શ્રીમહાપ્રભુજીએ ઉદ્‌બોધ કરેલ "सेवायां वा कथायां वा"ના રહસ્યને હૃષિકેશે કેવી અદ્‌ભુત રીતે જીવનમાં ઉતાર્યો છે એ સમજાવતા શ્રીગોકુલનાથજી વાર્તામાં આજ્ઞા કરે છે; "पाछें हृषिकेश प्रीतिपूर्वक श्रीठाकुरजी की सेवा करन लागे । और वे नित्य रूपचंदनंदा के इहां भगवद्वार्ता सुनिवे जाते ।"

ગોપીજનોની જેમ હૃષિકેશના ભાવની ઉત્કર્ષતા લોક કે વેદથી નથી થઈ પરંતુ એમનો ભાવ, આચાર્યચરણના સિદ્ધાંતનું પાલન કરતાં કરતાં સહજ રીતે આવિષ્કૃત થઈ ગયો છે અને તેથી તે ઉત્કૃષ્ટ છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુને ઘોડો સમર્પવાની હૃષિકેશની ઈચ્છા, ભાવના બની જાય છે અને એ ભાવનામાંથી ભાવની ઉત્તરોત્તર બહુરંગી તરંગાવલીઓ આવિર્ભૂત થઈને અંતમાં એ ચરમ સીમા સુધી કેવી રીતે પહોંચી જાય છે, એનાં સંપૂર્ણ દર્શન શ્રીગોકુલનાથજીની કૃપાથી આપણે પણ આ વાર્તામાં કરી લઈએ.

મહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે ઠાકુરજીને સમર્પિત થતી વસ્તુ ઉત્તમ હોવી જોઈએ કારણકે પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે. તેથી હૃષિકેશ પણ શ્રીગુસાંઈજીને ઘોડો સમર્પિત કરતાં પહેલાં, સૌથી પ્રથમ ઉત્તમ અશ્વની પહેચાન કરે છે. વાર્તા કહે છે; "सो एक दिन हृषिकेस के मन में यह आई, जो - मोकों बहोत दिन घोडान की दलाली करत भए हैं । परंतु कोई घोडा श्रीगुसांईजी कों भेंट नाहीं कियो । तातें बिना एब कौ घोडा, एकहू दोष न होंइ ऐसो घोडा श्रीगुसांईजी कों भेंट

अवस्य करनो ।" ઉત્તમ સામગ્રી ઓળખ્યા પછી એને સમર્પિત કરવાના મનોરથમાં અડચણ આવે અને હૃષિકેશ જેવા ભક્તમાં જ્યારે આર્તિનું વર્ધન થાય છે, ત્યારે એમના ભાવને નિખાર પામવાનો અતિ વિશેષ અવકાશ મળી જાય છે. હૃષિકેશનું કુટુંબ મોટું હોવાથી એમની પાસે ખાસ પૈસાની છૂટ હોતી નથી. આમ હૃષિકેશને એક તરફ ધનનો સંકોચ છે અને બીજી તરફ શ્રીવિઠ્ઠલેશપ્રભુ માટે એમને નિરતિશય સ્નેહ અને ઉત્કૃષ્ટ સમર્પણનો ભાવ છે. આ માહોલમાં હૃષિકેશના શુદ્ધ ભાવને પનપવાનો નિરવધી અવકાશ કેવી રીતે મળી જાય છે, તે વાર્તા સમજાવે છે; "सो हृषिकेस के मन में बोहोत आरति भई ।" પરંતુ જ્યારે કોઈ ભક્તને પોતાનો મનોરથ સિદ્ધ કરવાનો ભાવ દૃઢ હોય, ત્યારે એવો આર્ત કૃપાપાત્ર પુષ્ટિજીવ, પોતાના આર્તિના માર્ગ પર ઉપાય શોધવા અભિગમન કરે છે. આવી ભાવધારા આવા ભક્તને પુનઃ સમર્પણના તાપની માધુરીમાં એમને વહાવી દે છે. હૃષિકેશ પાસેથી આપણને શીખવાનું એ છે કે એમણે પોતાના પ્રત્યેક પ્રતિકૂળ સંજોગોનો ભક્તિભાવથી "ઉપયોગ" કરી લીધો છે. પોતાના ભાવની આંચ આપીને પોતાના વિપરીત પ્રસંગોને એમણે ફલાત્મક વિપ્રયોગથી પ્રજ્જવલિત કરી દીધા છે અને પોતાનો મનોરથ સિદ્ધ કરવાનો માર્ગ હૃષિકેશ હંમેશાં શોધી રહ્યા હોય છે. વાર્તા કહે છે; "तब हृषिकेस ने सब घोडान कों देखे, आछी भांति सों । तामें एक घोडा अवलख रंग कौ बोहोत सुंदर देखे । तामें एक हू एब नाहीं । तब हृषिकेस ने अपने मन में विचार्यो, जो-यह घोडो श्रीगुसांईजी के लायक है, परंतु मैं अब कौन

प्रकार यह घोडा श्रीगुसांईजी को भेंट करों ? मेरे घर में तो कछू द्रव्य नाहीं है । पाछे हृषिकेस ने उह सोदागर सों कहे, जो - सगरे घोडा तुम कों इहां बेचि कै दाम करि कै देउंगो ।"

સોદાગરે લાવેલા ૨૦૦૦ ઘોડામાંથી પ્રભુચરણને લાયક અશ્વની અર્થાત્ ઉત્તમ સામગ્રીની હૃષિકેશે પહેચાન કરી લીધા પછી, પોતે એ "સામગ્રી"ને ગુપ્ત રાખવાનો સંકલ્પ કરે છે. વાર્તા કહે છે; "और वह अबलख घोडा काहूँ कों दिखाए नाहीं ।" આવા ઘોડાને કોઈ જોશે કે છૂશે તો હૃષિકેશને મહા દુ:ખ થશે એવો જ ભાવ શ્રીગોપીજન પણ ઠાકુરજી સમક્ષ અભિવ્યક્ત કરતાં કહે છે;

"सामग्री धरी राखी छिनक पर
आवे सो लीजिये यह तुम्हारी देह ।
जन कोऊ ओर छिए यह बडो ताप दिए ।"

પોતાની પ્રભુ માટેની ઉત્તમ સામગ્રી પર કોઈની પણ દૃષ્ટિ ન પડે એવી ગુપ્તતાનો ભાવ જેનાં હૃદયમાં હોય છે, એવા ભગવદીયના ભાવને વિલસવાનો બહુ જ અવકાશ મળે છે. કારણકે એમના અંતર્ગત રહેલો સમર્પણ ભાવનો રસ પરિપક્વ થઈને મદમસ્ત થઈ ગયો હોય છે, અર્થાત્ આવો રસ વહી જતો નથી પણ "પ્રૌઢ" બને છે. પોતે પ્રાપ્ત કરેલી અશ્વરૂપ ઉત્તમ સામગ્રીને શ્રીવિઠ્ઠલેશ પ્રભુને ક્યારે અંગીકાર કરાવશે એની તત્પરતા હૃષિકેશના ગહન ભાવને વિશેષ ઉદ્દીપન કરે છે. આવી ઉત્તમ સામગ્રીનું સમગ્ર પાસું ઉત્તમ હોવું જોઈએ અને એની પેશ પણ ઉત્તમ રીતે થવી જોઈએ, ત્યારે, ઉત્તમ વસ્તુના ભોક્તા રસો વૈ સઃ પુરુષોત્તમ,

એવા ભાવને લીલાત્મકરૂપે અંગીકાર કરે છે. આવા જ ભાવાવેશમાં હૃષિકેશ પોતાનાં મનમાં કહે છે; "जो - घोडो तो हाथ में आयो । अब वाके ऊपर सुंदर जीन चाहिए ।" પોતાની અશ્વરૂપ સામગ્રીને જીનથી શણગારીત કર્યા પછી વાર્તા કહે છે તેમ હૃષિકેશ "अबलक घोडा कों ले आपु पाइन सों श्रीगोकुल चले । मन में यह बिचारे, जो यह घोडा श्रीगुसांईजी कौ है । सो यापैं हों कैसें चढो ? या प्रकार चले ।" કેટલી વિનમ્રતા અને પ્રીતિથી હૃષિકેશ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતરહસ્યગ્રંથની વાણીનું પાલન કરી રહ્યા છે કે અર્ધભુક્ત વસ્તુ ઠાકુરજીને ન સમર્પવી.

"न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ."

પુષ્ટિસૃષ્ટિને સમજવા માટેનું એક સર્વોત્તમ રહસ્ય એ છે કે શ્રીમહાપ્રભુજીની પ્રત્યેક વાણીમાં આચાર્યચરણના આશીર્વાદ વિદ્યમાન છે અને તેથી જ એ વાણીનું પાલન કરનાર હૃષિકેશના હૃદયમાં એ આશીર્વાદની ફલશ્રુતિરૂપે એમના અંતરમાં ભાવના અવિચ્છિન્ન અનેકવિધ અને અનેકરંગી ફૂવારાઓ ઉછળી રહ્યા છે. આવી રીતે આ ભગવદીયમાં જ્યારે સમર્પણના આવા સિદ્ધાંત્મક, ભાવાત્મક, લીલાત્મક આનંદના સૂરની સુરમ્ય સૂરાવલીઓ પ્રકટ થાય છે, ત્યારે, એ સૂરની માધુરી પ્રભુચરણમાં અનેકવિધ સ્પંદનો ઉદ્‌ભૂત કરે છે. આવાં સલુણાં સ્પંદનો જે શ્રીવિઠ્ઠલેશપ્રભુને થઈ રહ્યા છે, એની ઝાંખી વાર્તા કરાવે છે; "पाछें प्रातःकाल भयो तब इहां श्रीगुसांईजी न्हाय कै श्रीनवनीतप्रियजी कों जगाए । पाछें मंगला करि सिंगार करि पाछें गोपीवल्लभ सों पहोंचि

कै मन में यह विचार किये, जो - अवलख रंग कौ घोडा ता पर मखमल की जीन होंई ऐसो घोडा होंइ तो ता पर चढि श्रीनाथजीद्वार जइवे ।" શ્રીગુસાંઈજી ગોકુળથી શ્રીનાથદ્વાર વેગથી પહોંચી શકે એના માટે પ્રભુચરણ આવા ઘોડાનો મનોરથ કરે છે. શ્રીવિઠ્ઠલનાથજીના અભિલસિત ઘોડાને લઈને હૃષિકેશ શ્રીવલ્લભનંદનના દ્વાર પર આવે છે, ત્યારે, શ્રીવિઠ્ઠલનાથજી ત્યાં પધારે છે. ઉત્તમ સામગ્રીને પ્રભુને કેટલી દીનતાથી સમર્પિત કરવી એની વિલક્ષણ શીખ હૃષિકેશ આપણને આપી રહ્યા છે. વાર્તા કહે છે; "तब हृषिकेसने श्रीगुसांईजी कों दंडवत् करि बिनती कीनी, जो-महाराज ! यह घोडा आपु की भेंट है । या प्रकार हृषिकेस की बिनती सुनि कै घोडा कों देखि कै बोहोत प्रसन्न भए, श्रीगुसांईजी । तब आपु श्रीमुख सों आज्ञा किये, जो - आजु मेरे मन में यह आई हती, जो - अवलख रंग कौ घोडा और मखबल कै साज की जीन ता पर चढि कै श्रीनाथजीद्वार चलिये ।" આવી રીતે શ્રીજીદ્વાર પધારતા શ્રીગુસાંઈજીની લાવણ્યમય છબીનો, આ ઘોડા સહિતનો વિડિયો ગોપાલદાસજીએ સ્વયં live ઉતાર્યો હોય તેમ બાલગોપાલ વલ્લભાખ્યાનમાં ગાય છે; "તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો, જાણે નૌકા ચાલી સિંધુ તરવા."

ભગવદીયનો ભગવત્સુખનો વિચાર જ્યારે અવધિ પર હોય છે, ત્યારે, ભગવદીય અને ભગવાનના ભાવમાં એક તાદાત્મ્ય સર્જાઈ જાય છે.

"मेरो मन ओर वह ढोटा को एक मेक कर सान्यो ।"

આવા તાદાત્મ્યના કારણે, હૃષિકેશ, શ્રીગુસાંઈજીના

મનની રુચિને જાણવા સક્ષમ બની ગયા છે. અર્થાત્ પ્રભુનાં સુખનો સતત વિચાર કરનાર આ ભગવદીય, પ્રભુના અંતર્યામી હોય તેમ, પ્રભુચરણના અંતર સુધી પહોંચીને શ્રીવિઠ્ઠલેશનો અશ્વ સંબંધી મનોરથ પહેલા જ જાણી જાય છે. એટલે તો વાર્તામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે; "सो तू मेरे मन की जानी ।" આમ શ્રીવિઠ્ઠલેશપ્રભુ જ્યારે હૃષિકેશના ભાવની પરાકાષ્ઠાની સરાહના કરી રહ્યા છે કે તે મારા મનની જાણી, તે વખતે પણ જેમનો અહંકાર અવિરત સમર્પિત છે, એવા, શ્રીગુસાંઈજીના અંતરને જાણી જનાર આ ભગવદીય, પોતાના દીનતાના સ્વરૂપમાં રહીને પ્રભુચરણને વિનંતી કરે છે. વાર્તા કહે છે; "तब हृषिकेस ने बिनती कीनी, जो - महाराज ! हम तो अज्ञानी जीव हैं । कछू जानत नाहीं । और आपु तो दयाल हो । सो हमारे ऊपर कृपा करत हो । यह दैन्यता के बचन सुनि कै श्रीगुसांईजी बोहोत प्रसन्न भये ।" અર્થાત્ હૃષિકેશમાં પ્રભુચરણના "કૃપાવલંબી"નો ભાવ અવિરત વહી રહ્યો છે. તેથી જ વલ્લભદાસજીએ, પ્રેમાસક્ત અને સેવાસક્ત કરતા હૃષિકેશ જેવા કૃપાસક્ત ભગવદીયોને અધિક માન્યા છે. આવા "કૃપાવલંબી" હૃષિકેશમાં ઉત્તરોત્તર ભાવની વૃદ્ધિ કરનાર છે, વાગ્ધીશ શ્રીવલ્લભની વાણીનું પાલન કરવાનો એમનો દૃઢ આગ્રહ. હૃષિકેશનો સમર્પણ માટેનો તાપ અને શ્રીવિઠ્ઠલેશપ્રભુ પ્રત્યેનો એમનો અગાધ સ્નેહ, ભાવ અને દીનતા. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં શ્રીઆચાર્યચરણ "असमर्पित वस्तुनाम् तस्माद् वर्जनमाचरेत्"ની આજ્ઞા કરે છે, એ આજ્ઞાનું સમર્પણાત્મક પર્યવસાન હૃષિકેશના આ પ્રસંગમાં છે. આવી કોમલ તાપમાધુરી અને કોમલતમ

દીનતાને કારણે હૃષિકેશના ભાવની મકરંદ અતિ મુલાયમ મંજુલતાથી શ્રીવિઠ્ઠલેશના અંતરમાં એક અત્તરના પરિમલ જેમ વ્યાપ્ત થઈ જાય છે, ત્યારે, આવા ભગવદીય હૃષિકેશ માટે શ્રીવિઠ્ઠલેશપ્રભુ કહે છે; "ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्‌भाव में मन रहे ।" હૃષિકેશ જેવા ભગવદીયનો સંગ કરવાથી, એમના હૃદયમાં પ્રજ્જવલિત રહેતો સમર્પણનો અગ્નિ, એમનો સંગ કરનારને, સદા ઉદ્દીપ્ત રાખે છે અને હૃષિકેશની દીનતા આવા ઉદ્દીપ્ત થયેલા અગ્નિને વિશેષ પ્રજ્જવલિત કરવા ધૃતનું કાર્ય કરે છે.

હૃષિકેશ જ્યારે ઘોડો અને રૂ. ૨૦૦ શ્રીગુસાંઈજીને સમર્પિત કરે છે, તે સર્વે એમને પોતાની મહેનતથી કમાયેલા વિત્તથી કરેલી ભેટ છે. તેથી જ હૃષિકેશ શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે "सो मैं अपनी महेनत कौ ले आयो हूं ।" પોતાના પરિશ્રમથી કમાયેલ પોતાની સત્તાની વસ્તુ શ્રીઠાકુરજીને સમર્પિત કરવી એવો શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે. વાસ્તવમાં તો આ સિદ્ધાંત અનુસાર હૃષિકેશે કરેલો ધન કમાવવાનો પરિશ્રમ પણ એમની ભક્તિનું અંગ બની જાય છે. અહીં સમજવાનું એ છે કે હૃષિકેશે કરેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થોને એમણે સ્વતંત્ર અસ્તિત્વ નથી આપ્યું પણ ભક્તિના અંગરૂપે એમનું ઘડતર કર્યું હોવાથી, આ ભગવદીયની ભક્તિ સ્વતંત્રભક્તિ છે. આચાર્યચરણના સિદ્ધાંતની આવી અનુપમ અવધિ છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતનું અસ્ખલિત પાલન કરનાર હૃષિકેશની પ્રતિપલ, તદીયત્વ અને તદાશ્રયના ભાવની ગરિમામાં અખંડિત અભિરમતી હોય છે અને એના

કારણે એમની ભાવની જાહોજલાલી પણ અપરિચ્છિન્ન અને અપરિમિત બની જાય છે. આવા ભગવદીયનો આપણને સંગ મળે ત્યારે એમના સાન્નિધ્યના vibration કે એમણે ઉચ્ચારેલા શબ્દોમાંથી પ્રસરિત થતી એમની પ્રભુ માટેની પ્રીત, ભાવની મહેક અને દીનતાની સરિતા આપણાં હૃદયમાં સહેજ ભાવવહન કરી દે ત્યારે સમજવું કે, આવા મહાનુભાવોનાં હૃદયમાં એ વખતે પ્રકટ થયેલું સર્વોત્તમજીનું નામ છે; "सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा विमुक्तिदः ." આ વાતને જ જાણે નિર્દિષ્ટ ન કરતા હોય તેમ વાર્તામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે; "ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्भाव में मन रहे ।"

હૃષિકેશ જેવા અંતરંગ ભક્તો પાસે, કોઈને ન કહેવાય એવો પોતાની ભીતર રહેલ ગુપ્ત ભાવ નાં રહસ્યને શ્રીગુસાંઈજી સ્પષ્ટપણે પ્રકટ કરતાં કહે છે; "ता समै दुपहरी की ताप बोहत भई । सो सूर्य कों देखि कै श्रीगुसांईजी सों हृषिकेस ने बिनती करी, जो-महाराज ! श्रीनाथजी और श्रीनवनीतप्रियजी एक ठोर बिराजे तो आप कों श्रम न होंइ । ऐसें घाम में पधारत हो । सो हम कों देखि कै महादुःख होत है । यह सुनि कै श्रीगुसांईजी हृषिकेस सों कहे, जो-सदा श्रीजी और श्रीनवनीतप्रियजी पास बिराजे तो इतनी आरति हम कों न होंइ । काहेतें, जब श्रीनवनीतप्रियजी के निकट हम रहत हैं तब तो श्रीनाथजी कौ स्मरन होत है । तब बिरह होत है । पाछें जब श्रीजीद्वार जात हैं । तब श्रीनवनीतप्रियजी कौ स्मरन होत हैं, जो - बालक हैं, बेगि जायो चाहिए । या प्रकार आरति सिद्ध होत है । तातें श्रीजी श्रीगोवर्धन पर्वत पर सदा बिराजे ।

श्रीनवनीतप्रियजी श्रीगोकुल में सदा विराजे । ताही में आछौ है ।" શ્રીગુસાંઈજી પોતાના હૃદયની આવી ગૂઢતમ વાત હૃષીકેશને કહે છે કારણકે તે સમભાવી છે અને તેથી જ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પણ એમનો સંગ ચાહતા કહે છે; "ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्‌भावमें मन रहे ।" પ્રભુ અને પ્રભુચરણ વચ્ચેની આવી નિતાંત પ્રીતિ અવલોકીને ગોવિંદસ્વામી ગાન કરે છે;

"ऐसी प्रीत कबहु न देखी
जसुमती सुत बल्लभसुत जैसी ।"

નવનીતપ્રિયજી અને શ્રીનાથજીને અલગ અલગ સ્થાને બિરાજમાન કરી શ્રીગુસાંઈજી પોતાના તાપભાવનું સદા વર્ધન કરતા હોય છે અને તેથી જ નામરત્નાખ્યસ્તોત્રમાં આપનું નામ છે; "गोपिकाविरहाविष्टः." શ્રીપ્રભુચરણની આવી લાવણ્યમય પ્રતિભા નિરખીને પદ્મનાભદાસજી ગુસાંઈજીની વધાઈમાં ગાય છે; "विरह वहिन अवगाहत ब्रजजन शिरताज."

શ્રીગુસાંઈજીને અશ્વ ઉપરાંત પોતે કમાયેલા રૂ.૨૦૦નું સર્વસમર્પણ કરનાર હૃષિકેશ માટે હર્ષોલ્લાસથી અંતઃકરણપ્રબોધ ગ્રંથની પંક્તિઓ ગુંજન કરી રહી છે કે; "सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव."

જ્યારે શ્રીગુસાંઈજી, હૃષિકેશની વિદાય વખતે એમને પ્રસાદી ઉપરણો ઓઢાડવા ચાહે છે, ત્યારે, પોતે સમર્પણ કરવા અસમર્થ હોય એવી દીનતાની મંજુલ ભાવનાથી હૃષિકેશ, શ્રીવિઠ્ઠલેશને બે હાથ જોડીને ના કહે છે. આ પ્રસંગમાં વાર્તામાં ઉચ્ચારેલ હૃષિકેશની નિઃસાધનતા અને દીનતાભર્યાં મૃદુલ વાક્યોની માધુરીથી

આપણને આ ભગવદીયની ભાવસમૃદ્ધિનો વિશેષ અહેસાસ થાય છે. વાર્તા કહે છે; "तब श्रीगुसांईजी ने कही, जो-तू प्रसादी उपरेना को नाहीं काहेंकों करावत है ? तब हृषिकेस विनती किये, जो - महाराज ! मोसों कछू राज की सेवा नाहीं बनि आई । और आप के घर कौ खरच अधिक करायो है । एक मनुष्य घोडा की चाकरी कों चाहिए । दाना घास भंडार तें खरच होइगो । सो कहा करों महाराज ! मेरो कछू वस नाहीं है । आप तो अंतरजामी हो ।" સર્વસમર્પણ કર્યા પછી પણ હૃષિકેશમાં રહેલો સમર્પણનો તાપ, પ્રભુચરણ પ્રત્યેની પ્રીત, દૈન્યની સોડમ અને એમના અંતરમાં રહેલી અપરિચ્છિન્ન ભાવની તરંગાવલીઓ શ્રીવિઠ્ઠલેશપ્રભુને એટલી રોમાંચિત કરી દે છે કે હૃષિકેશની શ્રીગુસાંઈજી પાસેથી થતી વિદાય, પ્રભુચરણને બહુ જ વસમી લાગે છે. વાર્તા કહે છે; "पाछें हृषिकेस श्रीगुसांईजी कों दंडवत् करि कै अत्यंत प्रीति सों बिदा भए । तब हृषिकेस की प्रीति देखि श्रीगुसांईजी को हृदय भरि आयो । जो - ऐसो वैष्णव पास रहे तो अष्टप्रहर भगवद्भाव में मन रहे ।" ઘોડા અને રૂ.૨૦૦ શ્રીગુસાંઈજીને સમર્પિત કરવાનો જે પ્રસંગ છે, એ એક જ પ્રસંગ વેળા હૃષિકેશમાં આવા ભાવના ધોધ પ્રકટ નથી થયા પરંતુ એમની આવી ભાવની જાહોજલાલી પ્રભુપ્રત્યે પ્રતિદિન ન્યોછાવર થતી જ હોય છે.

વાર્તાનો પૂર્વાર્ધ અહીં સમાપ્ત થયો, હવે પછીના પાને ઉત્તરાર્ધ છે.

******

(૧૫-બ) હૃષિકેશની વાર્તાગત લીલાનો શાસ્ત્રાર્થ (ઉત્તરાર્ધ)

૨૫૨ વૈષ્ણવની વાર્તા ૧૩૭ - हृषिकेश क्षत्री, आगरे के

એક શાસ્ત્રીય દૃષ્ટિથી હૃષિકેશની વાર્તાને નિહાળ શું તો આપણે આશ્ચર્યમુગ્ધ બની જઈશું કે આપણા શ્રીવલ્લભાધીશ સ્વામીએ માયા જેવા ingredientsમાંથી પરાકાષ્ઠાપન્ન પુષ્ટિભક્તિને કેવી રીતે પાંગરવા દીધી છે, જેમાં પ્રભુ ભક્તવશ્ય બની જાય છે. દ્વારકેશજી સમજાવે છે કે દેહમાં આત્મા છે. દેહ ભગવાનનો સદંશ છે, તો આત્મા ચિદંશ. સૃષ્ટિના નિર્માણમાં બે માયાનો role છે. એક તો "સર્વભવન સમર્થ"માયા, જેના કારણે પ્રભુના સદંશ એવા આપણા દેહ આદિ પ્રગટ થયા છે. આવા દેહાદિ તત્ત્વ એક હકિકત છે. કારણકે they really exist. પરંતુ આપણને જે ધનમાં મમતા છે, તે વિત્તમાં આત્મા નથી હોતો. તો પણ આપણને એમાં મમતા થઈ જાય છે. એનું કારણ ભ્રમાત્મક એવી "વ્યામોહિકા માયા" છે. આ બન્ને માયાથી ભગવાને આ સૃષ્ટિ રચી છે અને જીવને સંસારમાં બાંધ્યા છે. તો શ્રીમહાપ્રભુજીએ આ જ બન્ને માયાને અભૂતપૂર્વ એવા ભગવત્સમર્પણમાં યોજીને, ભ્રમાત્મક એવી પ્રભુની વ્યામોહિકા માયાને પણ એવો એક વિલક્ષણ દરજજો આપ્યો છે, જેની કલ્પના વિશ્વનો કોઈપણ વિદ્વાન ન કરી શકે. શ્રીમહાપ્રભુજીની વધાઈમાં વિષ્ણુદાસજી ગાય છે; "पंडित पावत लाज."

આ દૃષ્ટિથી હૃષિકેશની વાર્તા નિરખશું, ત્યારે આપણને સમજાશે કે એમણે સમર્પિત કરેલો ઘોડો, એ, સર્વભવન સમર્થ માયાનું product છે, એક હકિકત છે. તેમજ વ્યામોહિકા માયા રૂપ ધનનું સમર્પણ પણ હૃષિકેશ, શ્રીગુસાંઈજીને રૂા. ૨૦૦ ની ન્યોચ્છાવરી કરીને કરે છે. આમ પ્રભુની આ બન્ને માયાને, ભગવદ્ભક્તિમાં સંકેલી લઈને જયારે હૃષિકેશ એનું અનુપમ સમર્પણ, શ્રીવિઠ્ઠલનાથજીને કરે છે, ત્યારે પ્રભુચરણનું હૃદય ભરી આવે છે કે; વાહ ! વાહ ! મારા હૃષિકેશે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો કેવી અદ્ભુતતાથી જાણ્યા છે અને માણ્યા છે. આમ આ ભગવદીયમાં પ્રકટ થયેલી અપરિચ્છિન્ન "ભાવાવલી", એમની સમર્પિત થયેલ અહંતા અને મમતામાંથી એક સાગરની જેમ ઉલ્લસિત થઈને સર્વાત્મભાવમાં પર્યવસિત થઈ ગઈ છે. શ્રીમહાપ્રભુજીની આવી અદ્વિતીય વિલક્ષણતા છે કે જે માયાથી ઠાકુરજીએ જીવને બાંધ્યા છે, એ જ માયાથી આચાર્યચરણ પુષ્ટિજીવને ભગવત્સમર્પિત કરીને પોતાના સેવામાર્ગમાં પ્રભુને બંધાવે છે.

હૃષિકેશની કેટલી ઉત્કૃષ્ટ અવસ્થા છે એનાં દર્શન આપણે પરમાનંદદાસજીની વાણીમાં કરી લઈએ;

"सर्वभाव सर्वात्मा निवेदन रहत हैं त्रिगुणातीत ।
_ _ _ _जिनकी गति और नहीं जाने बिच जवनिका भीति ॥
कोई एक लहे दास परमानंद गुरुप्रसाद प्रतीति ॥"

અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પંચતનમાત્રાઓનો પ્રભુસંબંધી પોતાની પંચેન્દ્રિયથી અલૌકિક આસ્વાદ લેવો, એ હૃષિકેશની સમર્પિત

થયેલી "અહંતા"ની ચરમસીમાનો એવો "અહંતા"ના કારણે ઉદ્‌ભૂત થયેલો સર્વાત્મભાવ છે. તેમ જ સર્વાત્મભાવના બીજા પાસામાં હૃષિકેશને એવો ભાવ છે કે મારું જે કાંઈપણ છે, તે પ્રભુનું છે અને તેથી આવો સર્વાત્મભાવ, આ ભગવદીયને એમના "મમતા"ના પાસામાંથી સિદ્ધ થયો છે. તેથી જ હૃષિકેશ, પોતાની કમાણીમાંથી પ્રાપ્ત થયેલ ઘોડો અને રૂ.૨૦૦નું સર્વસમર્પણ પ્રભુચરણને કરી દે છે.

શ્રીગોકુલનાથજીએ હૃષિકેશના અહંતા અને મમતાના ingredientને આ ભગવદીયના ભાવથી એનું "હીરામાં" રૂપાંતર કરીને એ હીરામાં હૃષિકેશના ભાવથી અગણિત અતિ નાજુકડા પહેલુઓ પાડીને એમની અહંતા-મમતાના ભગવદીયત્વને વાર્તામાં અતિ ખૂબસૂરતીથી પેશ કર્યા છે. એનાં વિલક્ષણ દર્શન આપણે પણ વાર્તામાં કરી લઈએ. સૌથી પહેલા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એવી પંચતનમાત્રાની સુરમ્ય રંગોળીનાં અદ્‌ભુત દર્શન કરી લઈએ.

(૧) શબ્દ :- શ્રીગુસાંઈજીના માધુરીભર્યા અને રોમાંચિત કરે એવા સુલલિત "શબ્દો"નું અનુપાન કરતા હૃષિકેશનું સોહામણું ચિત્રાંકન વાર્તામાં છે; "तब श्रीगुसांईजी वाको नाम-निवेदन करवाए । पाछें श्रीमदनमोहनजी कौ स्वरूप पास में हुतो । सो श्रीगुसांईजी आपु हृषिकेस कों पधराइ दिए । और आज्ञा किये, जो-ये मेरोई स्वरूप है ।" શ્રીઠાકુરજીનો વેણુનાદ સાંભળીને જેમ ગાયો "कर्णपूटैः"થી પાન કરી રહ્યાં છે, તેમ, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પાસેથી હૃષિકેશ જયારે સાંભળે છે કે એમના માથે બિરાજતા

શ્રીમદનમોહનજી, શ્રીગુસાંઈજીનું સ્વરૂપ છે, ત્યારે, એમનામાં અનંત "કર્ણ" જાણે આવિર્ભૂત ન થયા હોય, તેવી મદમસ્ત ભાવનાથી હૃષિકેશ, શ્રીગુસાંઈજીની આવી અમૃતવાણીનું એ સુમધુર પાન કરી રહ્યા છે. એ વાણીનું પુન: પુન: સ્મરણ કરીને હૃષિકેશે આવી સુધાત્મક વાણીને પોતાના કર્ણમાં અવિરત કરી દીધી છે.

(૨) સ્પર્શ :- વાર્તા કહે છે; "तब हृषिकेस श्रीगुसांईजी की खवासी में रहें । सो बोहोत प्रीति सों सेवा करते । सो श्रीगुसांईजी हृषिकेस के ऊपर बोहोत प्रसन्न रहते ।" શ્રીગુસાંઈજીની ખવાસીમાં શ્રીઅંગે અંગના સુકોમલ "સ્પર્શ"થી રોમાંચ અને વિમુગ્ધ બની ગયેલા હૃષિકેશની રોમાવલીઓએ ચિરકાલ સુધી એ સ્પર્શાનંદને સંગ્રહીત કરી રાખ્યો છે.

(૩) રૂપ :- "રૂપ સુધા રસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી." કોટિકંદર્પલાવણ્યયુક્ત શ્રીવિઠ્ઠલેશપ્રભુની "રૂપ"ની સુધાસભર જાહોજલાલીનું પાન કરતા હૃષિકેશના દર્શન આપણે પણ વાર્તામાં કરી લઈએ; "तब ही हृषिकेस को श्रीगुसांईजी आप साक्षात् श्रीमदनमोहनजी के स्वरूप सों दरसन दिये ।" એ વખતે આ ભગવદીયની સ્થિતિ કેવી હશે ! "रूप देख नयना पलक लागे नहीं ।"

(૪) રસ :- રસનો આસ્વાદ જિહ્વા કે જીભ કરે છે. પ્રભુ જયારે દાન કરે, ત્યારે, ભગવદીય પ્રસાદીવસ્તુનો આધિભૌતિક રીતિથી એનું ખાન કે પાન કરતા નથી, પરંતુ, એ વખતે એમની જિહ્વામાં પણ એવું દૈવિત્વ પ્રકટ થઈ જાય છે કે, પ્રભુની એ પ્રસાદીમાં ભક્તજન

સાક્ષાત્ અધરામૃત "રસ"નો આસ્વાદ માણે છે. તેથી જ હૃષિકેશની જિહ્વા જયારે શ્રીગુસાંઈજીએ આપેલા પ્રસાદી દૂધને સહેજ ચાખે છે, ત્યારે એમના દેહાનુસંધાનને વિસ્મૃત કરી દેવા મજબુર કરે છે અને સ્વરૂપાનંદમાં વિભોર બનાવી દે છે. વાર્તા કહે છે; "सो एक मलरा में थोरो सो प्रसादी दूध हृषिकेस कों दियो । सो हृषिकेस ने श्रीगुसांईजी की बैठक में जाँइ कै लियो । सो लेत ही देहानुसंधान भूलि गये । सो बैठक ही में बैठि रहे । वाही ठौर रहे । और हृदय भीतर स्वरूपानंद कौ अनुभव होन लाग्यो ।" આવા અધરામૃત પાનની સિદ્ધિ એમને નિત્ય પ્રસાદ લેતી વખતે થઈ રહી હોય છે.

(૫) ગંધ :- હૃષિકેશના અનુભવની અભિવ્યક્તિ કરતી વખતે "ગંધ"રસ પણ ન રહી જાય, એના માટે, અતિખૂબસૂરતીથી શ્રીગોકુલનાથજી વાર્તામાં, શ્રીગુસાંઈજીએ હૃષિકેશને આપેલા ગુલાબના ફૂલને પેશ કરે છે. "तब श्रीगुसांईजी प्रसन्न होंइ कै एक गुलाब कौ फूल श्रीनाथजी कौ प्रसादी हृषिकेस कों दियो ।" એ ફૂલની સોડમ લેતી વખતે હૃષિકેશને શ્રીઠાકુરજીના रसो वै सः સ્વરૂપની મકરંદ તથા લીલાપરિકરના ભાવના પરિમલનો આસ્વાદ મળી રહ્યો હોય છે.

આવી રીતે પંચેન્દ્રિયથી અનુભવ કરતા હૃષિકેશની દશા વ્રજભક્તો સમકક્ષ છે, એની ઝાંખી આપણે શ્રીહરિરાયજીના પદથી કરી લઈએ;

"परम रस पायो व्रज की नारि ।
जो रस ब्रह्मादिक कों दुर्लभ
सो रस दियो मुरारि ॥

दरशन सुख नयनन कों दीनों
रसना को गुणगान ।
वचन सुनन श्रवणन को दीनो
वदन अधररस पान ॥
_ _ _ _दीनी चरण विविधगति रस की
नासा को सुखगंध ॥"

વાસ્તવમાં તો હૃષિકેશને સ્વતંત્રભક્તિ સિદ્ધ છે. તેથી જ પ્રારંભમાં વ્રજભક્તના ભાવના shade માં રહીને ભગવત્સેવા કરતા હૃષિકેશમાં જ્યારે સ્વતંત્રભક્તિ અંગડાઈ લઈ રહી છે, ત્યારે, કોઈ પણ વ્રજભક્તે ઠાકુરજીને સમર્પિત ન કરેલો એવો એક ઘોડો, હૃષિકેશ પોતાના સ્વતંત્ર ભાવના shadeના કારણે, પ્રભુચરણને સમર્પિત કરે છે. આ સમર્પણ એમના વિત્ત અંતર્ગત રહેલ મમતાનું ચરમસીમાનું સમર્પણ છે. વેણુનાદ થયો ત્યારે ગોપીજનો પુત્રાદિનો ત્યાગ કરીને કૃષ્ણ પાસે પહોંચી જાય છે. પરંતુ શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતના વેણુનાદમાં જ્યારે હૃષિકેશ गृहेस्थित्वा स्वधर्मतःનો સિદ્ધાંત સાંભળે છે, ત્યારથી એ સિદ્ધાંત પર કટિબદ્ધ રહેનાર હૃષિકેશ, ગૃહત્યાગ કરીને નહિ પરંતુ ગૃહમાં રહીને, પોતાની ભક્તિને ઉદ્દીપ્ત કરીને, પોતાના ભાવની અગાધતાના કારણે એને સર્વાત્મભાવ અને સ્વતંત્રભક્તિની પરાકાષ્ઠામાં પર્યવસિત કરે છે. ઘરમાં બેસીને આવી પરાકાષ્ઠાભક્તિનું પ્રદાન કરનાર શ્રીવલ્લભપ્રભુ માટે એટલે જ વલ્લભદાસજી ગાય છે;

"વંદો શ્રીવલ્લભ પદ કમલ
_ _ _ _અનિર્વચ્ય પથ પુષ્ટિ પ્રકટ કૃત
નિજ દૈવી ઉદ્ધાર ।

મહા પતિત પાવન વિરદાવલિ,
નિજ સુવંશ વિસ્તાર ॥
વિરહ ભાવ સર્વસ્વ સમર્પણ
પરમભક્તિ ફલ દાની ।
વલ્લભદાસ શરણ તકિ આયો,
મન કાયક ઔર બાની ॥”

******

(૧૬) "सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया"

૮૪ વૈષ્ણવ વાર્તા:૭૪ - गोपालदास जटाधारी

"श्रीवल्लभ कृपा कीजे मोय ।
ज्ञान भक्ति विवेक बलको आशरो न कोय ॥
एक बल हों येही विचारुं, क्षण दृष्टिभर जोय ।"

શ્રીમહાપ્રભુજી "નિ:સાધન" દૈવી જીવોના ઉદ્ધારાર્થે પ્રકટ થયા છે, એટલે, પોતાની અકિંચિતતા દર્શાવતા ગોપાલદાસજી, વાર્તાના પ્રારંભમાં જ શ્રીવલ્લભને વિનંતી કરે છે; "सो आपकी कृपातें या संसार समुद्र तरुंगो । और तो मेरो बल कछू नाहीं हैं । तातें कृपा करि मोकों अपनी सरन राखो ।" હું પોતે આપને શરણે આવવા અસમર્થ છું એવી ભાવના હૃદયમાં રાખીને ગોપાલદાસજી શ્રીઆચાર્યજીને વિનંતી કરે છે કે આપ પહેલ કરીને મને શરણમાં રાખો. "श्रीकृष्णः शरणं मम" અષ્ટાક્ષર મંત્રનો આ હાર્દભાવ છે. જયારે કોઈ વૈષ્ણવને એવું મહેસુસ થાય કે, આચાર્યજીની કૃપા વિના કોઈપણ સાધન મારો ઉદ્ધાર કરવા સમર્થ નથી, ત્યારે, સમજી લેવું કે આ વૈષ્ણવમાં ભગવત્કૃપાની ઉષાની લાલિમા છાઈ રહી છે. પુષ્ટિજીવની આવી નિ:સાધનતા શ્રીવલ્લભને, એના ઉપર વિશેષ કૃપા કરવા ઉદ્દીપન કરે છે. "साधन और नहीं या कलि में जासों होत निबेरो ।" આ સૂરદાસજીના સત્યપ્રતિજ્ઞ ઉદ્ગાર છે. તેથી જ શ્રીમહાપ્રભુજી ઉપદિષ્ટ નિર્ગુણભાવની ભક્તિનું "નિ:સાધનતા" એક અવિભાજય અંગ છે. કોઈપણ પુષ્ટિજીવ, પોતાના પ્રયત્નથી નિ:સાધન

બની શકતો નથી. નિ:સાધન ભાવની ચાહનાવાળા વૈષ્ણવો, પ્રભુને એમ વિનંતી કરે છે કે આપ આપના પ્રયત્નથી અમને દર્શન આપીને શાંત કરો. નિ:સાધનતા કે એનો ભાવ કે એની ભાવના, એ ભગવદાશ્રય માટેની precondition કે પૂર્વદશા છે. નિ:સાધનતાના પૂર્વભાવને કારણે, ગોપાલદાસજીને શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો આશ્રય સહજ બની ગયો છે.

આચાર્યજી ગોપાલદાસજીને નામ-નિવેદન કરાવે છે કે તુરત જ આ વૈષ્ણવ, શ્રીવલ્લભ પાસે "सेवाकृतिर्गुरोराज्ञा"ની ચાહના કરતાં વિનંતી કરે છે; "अब मोकों कहा आज्ञा हैं ! जो सेवा बतावो सो करुँ ।" શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના અનેક સેવકોએ ગદ્યમંત્રની દીક્ષા લેતાં જ પિતા-પુત્ર પાસે ભગવત્સેવા પધરાવવાની વિનન્તી કરી છે. એનું એક રહસ્ય એ છે કે શ્રીવલ્લભપ્રભુ સ્વયં "સેવાપતિ" છે. બ્રહ્મસંબંધના મંત્રથી પુષ્ટિજીવના પંચદોષ એને સેવામાં બાધક થતા ન હોવાથી અને ગદ્યમંત્રમાં સમર્પણનો ભાવ છલોછલ હોવાથી એની દીક્ષા લેનાર કેટલાય પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધ લેતા જ ભગવત્સેવા કરવાની લગની લાગી જાય તે સ્વાભાવિક છે કારણ કે ઠાકુરજીને એવા વૈષ્ણવોની સેવા લેવી છે. ભગવદીય ગાય છે;

"सावन सुदी एकादशी अर्धरात्री प्रगट भये
करुणा करि साधन बिनु जग सब उद्धरे ।।
आज्ञा दई श्रीवल्लभ प्रभुकों ब्रह्मसंबंध की
करुणा करि जिवन के पंचदोष टारे ।।
सेवा करवाय सवर्पें अपने मुख भोजन करि

अधरामृत जु दे परम फल विचारे ॥”

ગ્રંથ કહે છે; सेवाकृतिर्गुरोराज्ञा. શ્રીમહાપ્રભુજી ગોપાલદાસજીને શ્રીગોવર્ધનધરના બાગની રખેવાળી કરવાની સેવાની આજ્ઞા કરે છે. આનું રહસ્ય એ છે કે પરમાત્માએ લીલાના moodમાં પ્રકટ કરેલી સૃષ્ટિનો, પુષ્ટિજીવ પ્રત્યેથી પ્રતિસાદ સેવાનો હોવો જોઈએ. સેવામાં ભાવ ઉમેરીએ ત્યારે ભક્તિની જાહોજલાલી પ્રકટ થાય છે, નહિ તો ભાવ વગરની સેવા, વ્યવહાર બની જાય છે. સેવાની આવી ભાવાત્મક સંપદા ગોપાલદાસજીને કેવી રીતે ઉપલબ્ધ થઈ છે, એ સમજવા જેવું છે. શ્રીવલ્લભની પ્રત્યક્ષ કે ગ્રંથોક્ત આજ્ઞાની એવી અપ્રતિમ પ્રતિભા છે કે જે વૈષ્ણવ, આચાર્યજીની આજ્ઞા અનુસાર પોતાના પુષ્ટિજીવનને ઢાળે છે, ત્યારે, એ વૈષ્ણવને, શ્રીવલ્લભની આવી આજ્ઞામાં સ્થિત રહેલ આશીર્વાદ મળી જાય છે અને તેથી ગોપાલદાસજીના હૃદયમાં ભગવત્સેવા સંબંધી વિવિધ ઉમળકામય ભાવતરંગો સ્વયં વિલસવા માંડે છે. બાગની બેહદ સુંદર માવજત કરતાં ગોપાલદાસજીના હૃદયમાં, શ્રીનાથજીના સુખ માટે ઉત્કૃષ્ટ ભાવનો આવિર્ભાવ થઈ જાય છે. વાર્તા કહે છે; “यह भाव विचारे जो, यहाँ श्रीठाकुरजी खेलन कों पधारत हैं । तातें उत्तम जगह रहें तो आछो ।” આ પ્રસંગમાંથી શીખ એ લેવાની છે કે સેવા વેળા વૈષ્ણવ જ્યારે એવી ભાવના કરે છે કે પ્રભુ સાક્ષાત્ બિરાજ્યા છે અને સાક્ષાત્ સેવા લઈ રહ્યા છે, ત્યારે ભક્તના ભાવના બગીચામાં ઠાકુરજી સાક્ષાત્ ખેલવા પધારે એટલું અંતઃકરણ શુદ્ધ બની જાય છે. આ જ સિદ્ધાંતને ઉદ્બોધિત કરતા શ્રીમહાપ્રભુજી,

નિરોધલક્ષણગ્રંથમાં આજ્ઞા કરે છે;

"हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।
दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगति सदा ॥"

અર્થાત્ ભગવત્સેવા ભાવાત્મક હોવી જોઈએ. શ્રીનાથજીના બાગની માવજત કરતા ગોપાલદાસજીના ભાવને આકાર આપતા હોય એમ નંદદાસજી ગાય છે;

"अदभुत बाग बन्यो नव निकुंज मध्य
विविध पक्षी तहां गुंजार करतरी ।
उसीर महल रचे बैठे प्रियाप्रीतम
चहुंओर सहचरी होदन भरतरी ॥"

આચાર્યજીએ ગોપાલદાસજીને "ગુરોરાજ્ઞા"ની પ્રક્રિયાથી જે સેવા સોંપી છે, તે સેવા પુષ્ટિભક્તિના અંગરૂપ છે. એક સમયના નાગા વૈરાગી એવા ગોપાલદાસજી, ગોવર્ધનધરના બાગની અતિ પ્રીતિપૂર્વક સેવા કરીને ભક્તિના સ્નેહના આંગનમાં એ વિહરી રહ્યા છે. પરંતુ મહાપ્રભુજીની પુષ્ટિભક્તિનું સ્વરૂપ છે; માહાત્મ્યજ્ઞાન પૂર્વક સર્વતોધિક સુદ્રઢ સ્નેહ. તેથી ગોપાલદાસજી, વાર્તામાં આવ્યું તેમ ભક્તિના માહાત્મ્યજ્ઞાનના પાસાને એ ચૂકી જાય છે અને સ્વામી એવા શ્રીનાથજીના સાન્નિધ્યની મર્યાદાને તોડીને, ફૂલ ચોરનાર છોકરાને મારે છે. એના દંડરૂપે અંતમાં એમને શ્રીનાથજીથી છૂટા પડીને પ્રભુના વિપ્રયોગમાં દેહત્યાગ કરવો પડે છે.

"सेवाकृतिर्गुरोराज्ञा"ના માધ્યમથી શ્રીમદાચાર્યચરણે ગોપાલદાસને, પ્રભુના સુખ માટે એમના દેહ, ઈન્દ્રિય

અને અંગ અંગને કેટલા સચેત કરી દીધા છે એનાં અદ્‌ભુત દર્શન હવેના પ્રસંગમાં કરી લઈએ. વાર્તા કહે છે; "पाछें पानघर की सेवा में कोई न हतो । तब श्रीआचार्यजी गोपालदास जटाधारी कों पानघर की सेवा दीनी । सो पान की सेवा भली भांति सों करन लागे । सो अषाढ के दिन गरमी ऊमस बहोत परे, तब गोपालदास पान छाब पर बिछाय उपर आलो कपरा ढांकि सगरि रात्रि पंखा करें ।" પોતાના સેવકો શું કરી રહ્યા છે એ જોવા માટે રાત્રીના સમયે શ્રીમહાપ્રભુજી નિરંતર બે-ત્રણ વખત પધારે છે. ગોપાલદાસજી પાસે આવીને જુએ છે તો આ ભગવદીયને; "नींद को झोका आयो है, परन्तु पानन कों पंखा करत हैं । तब श्रीआचार्यजी महाप्रभु गोपालदास के उपर बहोत प्रसन्न भये । जो यह सबतें श्रेष्ठ है । जो नींद हू आवत में भगवद् सेवा करत हैं ।" શ્રીવલ્લભપ્રભુ ગોપાલદાસજીની સેવાને સર્વથી શ્રેષ્ઠ કહે છે, કારણકે એમના દેહ, ઈન્દ્રિયાદિમાંથી સેવા માટેની લગની એક અગ્નિરૂપે દિવસ રાત પ્રજ્વલિત થતી જુએ છે. "चेतस्तत्प्रवणं सेवा," એવું સેવાનું સ્વરૂપલક્ષણ, ગોપાલદાસજીમાં પ્રગટ થઈ ગયું છે. ઠાકુરજીની અસ્ખલિત સેવા આ ભગવદીયના consciousness કે ચિત્તમાં પ્રવિષ્ટ થઈ ગયેલી હોવાથી, નિંદ્રામાં પણ એમના હાથ સેવા વગર રહી શકતા નથી. આવા સેવા રસિયા ભગવદીયના હસ્ત એક ક્ષણભર પણ પંખો કરવાનું ચૂકે તો ગોપાલદાસના હૃદયમાં "સેવાના વિપ્રયોગ"ની આગ પ્રગટી જાય છે કે "હાય ! મારા શ્રીજીના પાન ગરમ

અને અંગ અંગને કેટલા સચેત કરી દીધા છે એનાં અદ્ભુત દર્શન હવેના પ્રસંગમાં કરી લઈએ. વાર્તા કહે છે; "पाछें पानघर की सेवा में कोई न हतो । तब श्रीआचार्यजी गोपालदास जटाधारी कों पानघर की सेवा दीनी । सो पान की सेवा भली भांति सों करन लागे । सो अषाढ के दिन गरमी ऊमस बहोत परे, तब गोपालदास पान छाब पर बिछाय उपर आलो कपरा ढांकि सगरि रात्रि पंखा करें ।" પોતાના સેવકો શું કરી રહ્યા છે એ જોવા માટે રાત્રીના સમયે શ્રીમહાપ્રભુજી નિરંતર બે-ત્રણ વખત પધારે છે. ગોપાલદાસજી પાસે આવીને જુએ છે તો આ ભગવદીયને; "नींद को झोका आयो है, परन्तु पानन कों पंखा करत हैं । तब श्रीआचार्यजी महाप्रभु गोपालदास के उपर बहोत प्रसन्न भये । जो यह सबतें श्रेष्ठ है । जो नींद हू आवत में भगवद् सेवा करत हैं ।" શ્રીવલ્લભપ્રભુ ગોપાલદાસજીની સેવાને સર્વથી શ્રેષ્ઠ કહે છે, કારણકે એમના દેહ, ઈન્દ્રિયાદિમાંથી સેવા માટેની લગની એક અગ્નિરૂપે દિવસ રાત પ્રજ્વલિત થતી જુએ છે. "चेतस्तत्प्रवणं सेवा," એવું સેવાનું સ્વરૂપલક્ષણ, ગોપાલદાસજીમાં પ્રગટ થઈ ગયું છે. ઠાકુરજીની અસ્ખલિત સેવા આ ભગવદીયના consciousness કે ચિત્તમાં પ્રવિષ્ટ થઈ ગયેલી હોવાથી, નિંદ્રામાં પણ એમના હાથ સેવા વગર રહી શકતા નથી. આવા સેવા રસિયા ભગવદીયના હસ્ત એક ક્ષણભર પણ પંખો કરવાનું ચૂકે તો ગોપાલદાસના હૃદયમાં "સેવાના વિપ્રયોગ"ની આગ પ્રગટી જાય છે કે "હાય ! મારા શ્રીજીના પાન ગરમ

થઈ ગયા હશે," એવી બેચેની આવી જાય છે. ચા પીવાની ટેવવાળાને નિર્ધારિત સમયે ચા ન મળે તો એનું માથુ દુ:ખે, તેમ, સેવાવ્યસની ગોપાલદાસના અંગે અંગ સેવાના અભાવમાં મુરઝાઈ જાય છે. આવી વિલક્ષણ સ્થિતિ એમને કેવી રીતે ઉપલબ્ધ થઈ, તે ક્રમશ: સમજવા જેવું છે. મહાપ્રભુજી એમને જયારે સેવા સોંપે છે, ત્યારે ગોપાલદાસજીના હૃદયમાં પ્રથમ એ ભાવ આવે છે કે મારા પરમભાગ્ય છે કે આચાર્યજીએ કોટિકંદર્પલાવણ્યયુક્ત પરાત્પર પરબ્રહ્મની સેવા મને સોંપી છે. તેથી જ જો એ સેવા ન કરી શકે તો એમનામાં એવો ભાવ ઘર કરી જાય છે કે મારા ભાગ્યમાં ક્ષતિ થઈ ગઈ છે. ઉત્તરોત્તર સેવાની બીજી કક્ષા એવી છે કે, વૈષ્ણવે કરેલ સમર્પણમાં એને સ્વાદ આવવો જોઈએ. તેથી જ ગવાયું; "સેવ્યો ન સ્વાદ કરી." તો સેવાવેળા સ્વાદ કયારે આવે ? સૌથી પહેલા તો જીવને પ્રભુની મહત્તા અને પોતાની અલ્પતા સમજાવી જોઈએ. પછી જયારે એને મહેસુસ થાય કે સહસ્ર વર્ષથી પ્રભુથી છૂટા પડયા પછી, આ યોનિમાં મને ઉત્તમ એવો મનુષ્ય જન્મ મળ્યો છે, હું વૈષ્ણવ થયો છું અને એમાંય મારા દુર્લભાતિદુર્લભ ભાગ્ય છે કે મારા પર મહત્કૃપા કરીને ઠાકુરજી મારી પાસેથી સેવા લઈ રહ્યા છે. આમ જયારે પોતાનું ભાગ્ય માનીને વૈષ્ણવ પ્રભુની સેવા કરે છે, ઠાકુરજીની તત્સુખ ભાવનામાં ઓતપ્રોત થઈ જાય છે, સેવામાં પોતે આનંદ અનુભવતો જાય છે, ત્યારે આવા ભક્તને સેવામાં સ્વાદ આવતો જાય છે. આવી રીતે જે ભક્તને સમર્પણાત્મક સેવામાં સ્વાદ આવી જાય છે

ત્યારે ઠાકુરજી સાથે આવો ભક્ત સ્નેહગ્રંથીથી જોડાઈ જાય છે. "सेवाकृतिर्गुरोराज्ञा"ના આશિર્વચનથી શ્રીમહાપ્રભુજીએ ગોપાલદાસજીને પ્રત્યેક સેવામાં સ્વાદથી પરિપુષ્ટ કરી દીધા છે. મંગળાના સમયથી સેવામાં સ્વાદ આવવાનું શરૂ થઈ જાય એના અદ્‌ભુત ઉદ્દીપનવિભાવનું રહસ્ય સમજાવતા રસિકદાસજી ગાય છે;

"भोर भयो भाव सों ले श्रीवल्लभ नाम ।
हे रसना तूं ओर वृथा बके क्यों निकाम ॥
सेवा रस स्वाद पावें निशदिन गुनगावें ।
और सब विसरावे यह मन आठो याम ॥"

"आठो याम" કહેવાથી એમાં નિરોધને પણ આવરી લીધો છે.

હવે, મહાપ્રભુજી ગોપાલદાસજીને શ્રીનાથજી સન્મુખ પંખાની ટહેલ સોંપે છે. વાર્તા કહે છે; "तब गोपालदास सवेरे न्हाइ कें श्रीनाथजी के मंदिर में श्रीनाथजी के निकट जाई पंखा श्रीनाथजी कों करन लागें । सो प्रेम में मगन ह्वै गये सो अनोसर में हू श्रीआचार्यजी की आज्ञा तें पंखा करते । श्रीआचार्यजी महाप्रभु कहें, जो-गोपालदास ! अनोसर में आंखि मीचि के पंखा करियो । सो ऐसे भगवदीय गोपालदास भये । जो शरीर को अध्यास लंघी आदि रात्रि कों बाधा न होती ।" પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિની આવી વિલક્ષણ ફલદશા જે ગોપાલદાસજીને ઉપલબ્ધ થઈ છે એનું મુખ્ય કારણ છે, મહત્ એવા શ્રીમહાપ્રભુજીની એમના

પર થયેલી નિઃસીમ કૃપા. વાર્તામાં ગોકુલનાથજી, ગોપાલદાસજી માટે કહે છે; "सो ऐसे भगवदीय गोपालदास भये ।" આનું એક વિલક્ષણ રહસ્ય છે. એક તરફ સેવાના સંયોગના સમયમાં, ગોપાલદાસજી પ્રભુના અપરિમિત લાવણ્યના સ્વરૂપામૃતનું પાન કરે છે અને લીલાને અવલોકે છે. તો અનોસરમાં આંખ મીચેલા ગોપાલદાસજી, શ્રીજી અને શ્રીસ્વામિનીજીના મૃદુલાતિમૃદુલ વચનામૃતનો આસ્વાદ લઈ રહ્યા છે. સ્વરૂપાનંદ અને ભજનાનંદની આવી વિવિધ કક્ષાઓમાં ઓતપ્રોત ગોપાલદાસજી હોવા છતાંય, જેના કારણે એમને આ સર્વ સિદ્ધિ ઉપલબ્ધ થઈ છે, એવા શ્રીવલ્લભપ્રભુને અને આપશ્રીની આજ્ઞાને એક ક્ષણ માટે પણ આ ભક્ત વિસરી શકતા નથી. વાર્તામાં એનાં અદ્‌ભુત દર્શન કરી લઈએ; "पाछें रात्रि कों एक दिन श्रीनाथजी कहें, जो-गोपालदास ! नेत्र खोलि, मेरे दरसन करि । तब गोपालदास कहें, महाराज ! मोकों श्रीआचार्यजी महाप्रभुन की आज्ञा नाहीं है । जातें नेत्र न खोलूंगो, तब श्रीनाथजी गोपालदास के मुखमें महाप्रसाद हू खवाय देते, परन्तु गोपालदास नेत्र न खोलते । ऐसे आज्ञा श्रीआचार्यजी की पालन करते, जो - श्रीनाथजी के कहे तें हू न खोलते ।" અનંતકોટિ બ્રહ્માંડના નાથ શ્રીનાથજી, જ્યારે કોઈ પુષ્ટિજીવને નેત્ર ખોલવાનું કહે ત્યારે પ્રભુના કોટિકંદર્પ લાવણ્યમય સ્વરૂપના દર્શન કરવાનું કે ત્યાં ઉપસ્થિત રહેલ શ્રીસ્વામિનીજીની અનંત ભાવભરી મંગલમૂર્તિ નિરખવાનું અથવા તો પ્રભુ પાસે ઉપસ્થિત રહેલ વ્રજભક્તોના પ્રભુ પ્રત્યે થતા અનેકવિધ મનુહારોને અવલોકવાનું પ્રલોભન, અવસર મળતાં કયો

પુષ્ટિજીવ ચૂકી શકે ! પરંતુ આ તો વલ્લભપ્રભુનો ગોપાલદાસ છે. આચાર્યજીની આજ્ઞાથી પંખાની ટહેલ કરતા ગોપાલદાસજીને પોતાના "सेवाकृतिर्गुरोराज्ञा"નો માહોલ એટલો safe અને સુરક્ષિત લાગે છે કે "बाधनंवा हरिच्छया"ના સંદર્ભમાં, હરિ એમને નેત્રો ઉન્મીલિત કરવાની આજ્ઞા આપે છે તો પણ આ ભગવદીય, પોતાના નયનોને ગુરુઆજ્ઞા અનુસાર નિબિડ જ રાખે છે.

"गुरु गोविन्द दोनो खडे किन्हे लागुं पाय
बलीहारी गुरुदेव की जिन्हे गोविंद दियो बताय ।"

बाधनंवा हरिच्छयाની દૃષ્ટિથી ગોપાલદાસે આંખો ખોલી હોત તો મહાપ્રભુજી એમના પર અવશ્ય પ્રસન્ન થાત, પરંતુ આચાર્યજીની આજ્ઞાની મસ્તીમાં નિબિડ નેત્રથી પંખાની ટહેલ કરતા ગોપાલદાસજીને વિમગ્ન જોઈને શ્રીજી નિતાંત પ્રસન્ન થાય છે અને એની ફલશ્રુતિ રૂપે, ઠાકુરજી, પોતાની અધરસુધારસથી પ્લાવિત થયેલ પ્રસાદી લાડુ ગોપાલદાસજીના મુખમાં મુકે છે. તદુપરાંત ગોપાલદાસજી પ્રિયાપ્રીતમ વચ્ચે થતો મંજુલ વાર્તાલાપ સાંભળી શકે છે. વાર્તા કહે છે; "श्रीस्वामिनीजी पधारते, श्रीगोवर्धनधर सों वार्ता करते, सो सब सुनते । या प्रकार की कृपा गोपालदास पर हती ।" એ વખતે બંધ નેત્રોથી આ ભગવદીયે શો અનુભવ કર્યો હશે, એનું તો આપણે કેવલ અનુમાન કરી શકીએ. ઉસીરના સમયમાં હોજમાં પોતાના ચરણકમલયુગલ પધરાવીને શ્રીકિશોર અને કિશોરીજી, મોજમાં શ્રીચરણોથી છબછબીયાં કરી રહ્યા હશે. એના મધુરનાદનો આહ્લાદ પરમભાગ્યશાળી ગોપાલદાસજી લઈ રહ્યા છે. ભગવદીય ગાય છે;

"महेल उसीर दोउ बैठे मोज में होद में पाम झुलावें ।
गरें बैयां झुक लेत फुहारन मुख ढिंग मुख हि डुलावें ।।"

ગોપાલદાસજીની વાર્તાની ખૂબસુરતી એ છે કે શ્રીનાથજી, એમને પંખાની ટહેલ કરતી વખતે નેત્ર ખોલવાનું કહે છે. એ વાત, આ ભગવદીયે શ્રીઆચાર્યજીને કહી હોય એનો ઉલ્લેખ વાર્તામાં કયાંય મળતો નથી. જેમ આચાર્યજીએ, સુબોધિનીજી લખવાની શ્રીજીની થયેલી સૌથી પહેલી આજ્ઞાના આવેશમાં, ઠાકુરજીની પછીથી થયેલ સ્વધામ પાછા પધારવાની આજ્ઞાને ન સ્વીકારી. તેમ ગોપાલદાસજીના અંતરમાં પણ મહાપ્રભુજીની આજ્ઞાનો આવેશ એટલો પ્રચંડ છે કે શ્રીનાથજીની પહેલી આજ્ઞા હોવા છતાંય, મહાપ્રભુજીની પ્રથમ થયેલી આજ્ઞાના આવેશમાં ગોપાલદાસજી નેત્ર ખોલતાં નથી. સંભવિત છે કે आन्तरंतु महाफलम् જેમને અભિપ્સીત છે અને એ ફલના જે મહાદાતા છે, એવા શ્રીવલ્લભપ્રભુએ પોતાની આજ્ઞાનું આવી રીતે પાલન કરતા ગોપાલદાસજીને, શ્રીજીની, બહાર થતી સર્વલીલાની, આ ભગવદીયને આંતરાનુભૂતિ સતત કરાવી રહ્યા હશે અને એની રસમસ્તીના હિલોળે ચઢીને ગોપાલદાસજીનું અંતર પણ ગાતું હશે;

"रंग मच्यो लाल रंगीली प्यारी राधा
एक तन, एक मन, एक ही समान दोउ ।
नेक हू न न्यारे व्है सतत पल आधा
छवी सों छबीली भांति नैनी में मुसकाती
मुसकनी में रंग बढयो है अगाधा ।।"

******

(૧૭) સેવ્ય માટે સેવકનો સેવામાં ઋણિયાનો ભાવ

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૨૨૬ - બલાઈ સ્ત્રી-પુરુષ

પુષ્ટિસૃષ્ટિ પર અમિત કૃપા કરીને, શ્રીગોકુલનાથજીએ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ પ્રકટ કરી છે. પ્રત્યેક વાર્તાના શબ્દોની ભીતર આપશ્રીએ ભાવના એવા લચીલા અને અણમોલ રત્નો સ્થાપિત કર્યાં છે કે, એમની કૃપાથી, જો આપણને કોઈ એક ભાવરત્નનાં પણ દર્શન થઈ જાય, તો, આપણે શ્રીગોકુલનાથજી પર આફીન બની જઈશું કે આપ કેવી મુલાયમતાથી મર્મની વાતો કરી રહ્યા છે. આવી ધન્યતાનો આપણે અનુભવ માણી શકીએ, એના માટે બલાઈ સ્ત્રી-પુરુષની વાર્તાના પ્રારંભના પ્રસંગનું સહેજ અવલોકન કરીશું, ત્યારે, આપણને સમજાશે કે આ પ્રસંગમાં બલાઈ સ્ત્રી-પુરુષને સેવ્ય માટે સેવકનો સેવામાં ઋણિયાનો ભાવ એમનામાં કેવી રીતે ઉદ્‌બુદ્ધ થાય છે. વાર્તાની શરૂઆતમાં જ શ્રીગુસાંઈજી, બલાઈ સ્ત્રી-પુરુષને સ્વરૂપાનંદમાં મુગ્ધ કરીને એમનામાં પ્રચૂર ભગવત્સ્નેહ આવિષ્કૃત કરે છે અને એ સ્નેહનો સેવામાં ભગવદ્‌વિનિયોગ કરાવીને એમનામાં સેવા માટે ઋણિયાનો ભાવ પ્રજ્જવલિત કરી દે છે. તેથી આ વાર્તાને બે ખંડમાં જોવાથી આપણને સમજાશે કે વાર્તાના પૂર્વાર્ધમાં બલાઈ સ્ત્રી-પુરુષના મનને સ્વરૂપાનંદથી આકર્ષિત કરીને, એમનામાં પ્રેમની અનેકવિધ સરવાણીઓ પ્રકટ કરીને, શ્રીવિઠ્ઠલેશપ્રભુ, વાર્તાના ઉત્તરાર્ધમાં આ

પતિપત્નીમાં આવિષ્કૃત થઈ ગયેલી ભગવત્સ્નેહની મજબૂરીને ભજનાનંદમાં પર્યવસિત કરે છે અને એની ફલશ્રુતિ રૂપે બલાઈમાં સેવા માટે ઋષિયાનો ભાવ અતિ સહેજમાં પનપી જાય છે.

વાર્તાના શરૂઆતના પ્રસંગમાં જ શ્રીગોકુલનાથજીએ અતિ ખૂબસૂરતીથી અને નિગૂઢતાથી પ્રેમની ચાર દશાઓ, આસક્તિની ત્રણ અને વ્યસનની બન્ને દશાઓને અદ્‌ભુત રીતે આવરી લીધી છે. આ નવ અવસ્થાઓ છે; દૃગરુચિ, સ્મૃતિ, અભિલાષા, ઉદ્વેગ (પ્રેમની ચાર દશાઓ) વ્યાધિ, પ્રલાપ, ઉન્માદ (આસક્તિની ત્રણ દશાઓ) તન્મયતા અને મૂર્છા (વ્યસનની બે દશાઓ).

(૧) દૃગરુચિ :- બલાઈની "દૃગરુચિ"ની પ્રેમાત્મક મજબૂરી ત્યારે પ્રકટ થાય છે, જયારે, શ્રીવિઠ્ઠલેશની "જૂઠની" લીધા પછી વાર્તા કહે છે તેમ; "सो जूठन लेत मात्र वा बलाई की दिव्य दृष्टि भई । सो श्रीगुसांईजी आप कौ साक्षात् नंदकुमार कौ दरसन भयो ।" આજ પ્રસંગને જાણે ઉજાગર ન કરતા હોય તેમ રસિકદાસજી ગાય છે;

"अपने मुख भोजन करि अधरामृत जु दे परम फल विचारे ।"

અહીં ખૂબસૂરતી એ છે કે બલાઈને નામનિવેદનની પ્રક્રિયામાંથી પસાર કરતા પહેલા જ સર્વતંત્ર સ્વતંત્ર શ્રીગુસાંઈજીએ એમને "દૃગરુચિ"ની અવસ્થામાં સ્વરૂપાનંદનું દાન કરીને વિભોર કરી દીધા છે. દૃગરુચિ સમયે બલાઈ એ માણેલો સ્વરૂપાનંદ કાંઈક આવો અદ્‌ભુત છે.

"वदन चंद आनंद कंदजु अंगअंग सुखधाम ।
रुप अनुप सकल भूप डारो वार फेर कोटि काम ॥"

(૨) સ્મૃતિ :- વાર્તા કહે છે તેમ જ્યારે; "तब नाव में बैठि के श्रीगुसांईजी पार उत्तरे" ત્યારે બલાઈ સ્ત્રી-પુરુષ "સ્મૃતિ"ની અવસ્થામાં પ્રવિષ્ટ થઈ જાય છે. આ અવસ્થામાં, પ્રભુચરણ સન્મુખ નથી અને તેથી બલાઈની દૃગરુચિ વિરહની વિહવળતામાં બેચેન બનીને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ સાથેની વિતાવેલી સંયોગની પળોની સ્મૃતિમાં રમણ કરે છે. આને સૈદ્ધાંતિક દૃષ્ટિથી જોઈએ તો બલાઈના હૃદયમાં "રતિ" પ્રકટ થઈ ગયા પછી, શ્રીગુસાંઈજીરૂપી "આલંબન વિભાવ" સન્મુખ નથી ત્યારે બલાઈમાં વિપ્રયોગ પ્રકટ થાય છે. ભાગવતજીના દશમસ્કંધમાં આલંબન વિભાવના અભાવમાં થયેલા આવા વિપ્રયોગનું વર્ણન "ગોપીગીત" અને "ભમ્રરગીત"માં છે.

(૩) અભિલાષા :- પ્રેમની તૃતીય એવી "અભિલાષા"ની અવસ્થામાં બલાઈ ત્યારે અભિનિવેષ કરે છે, જ્યારે, શ્રીવિઠ્ઠલવર સુંદર, વાર્તા કહે છે તેમ; "ता पाछें श्रीगुसांईजी अपनी बेठक में पधारे ।" શ્રીગોપીજનોની સમક્ષ અભિલાષાની આ અવસ્થા છે. જેનું આલેખન ગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં કરે છે; "તે પદ ક્યારે દેખીશું, જે ગોધન પૂંઠે ધાયે રે." તેમ અહીં પણ બલાઈ સ્ત્રી-પુરુષને શ્રીવિઠ્ઠલેશપ્રભુના પુનઃ દર્શનની અત્યધિક "અભિલાષા" પ્રકટ થઈ જાય છે.

(૪) ઉદ્વેગ :- જ્યારે બલાઈને શ્રીવલ્લભનંદનના દર્શનની

અભિલાષા તિવ્ર બને છે, ત્યારે, એમના પ્રેમનું ઊર્ધ્વગમન "ઉદ્વેગ"ની દશામાં થઈ જાય છે. વાર્તા કહે છે; "तब इन स्त्री-पुरुषन कों विरह करि कै ज्वर चढि आयो ।" એ વખતની એમની અવસ્થાનું દર્શન ભગવદીયની વાણીથી કરી લઈએ;

"भर भर आवे नैन, चित्त हु न परे चैन मुख हु न आवे बैन,
तन की दशा कछु और ही भई री ।"

વિરહની આવી વ્યથાભરી મજબૂરીમાં આ બન્ને પતિપત્ની ગદ્‌ગદીત થઈને મનમાં "હે, હે, શ્રીવિઠ્ઠલેશપ્રભુ !" રટતા રટતા શ્રીગુસાંઈજીને વિનવી રહ્યા છે;

"कृपा कर दर्शन दिखावो वह लीला वह वेश ।"

એ વખતની બલાઈ સ્ત્રી-પુરુષની, પ્રેમદશામાં એમની કેવી માનસીક સુકોમલ અવસ્થા હશે, એ પણ ભગવદીયની વાણીથી સમજી લઈએ;

"श्रीविठ्ठलेश विठ्ठलेश विठ्ठलेश कहि रे ।
इनके संबंध बिना दृश्यमान वस्तुमात्र
ताको तू जियमें कलेश कहि चहि रे ॥
रसना गुणरूप को निशवासर कर
यह सुख निरंतर अहार जैसें लहि रे ।
श्रीविठ्ठलेशके श्रीवल्लभ के पदको पराग पावे जहां
तिन के तू दासन को दास भयो रहि रे ॥"

(૫) વ્યાધિ :- આવા દાસાનુદાસ ભાવમાં અભિરમતા બલાઈ સ્ત્રી-પુરુષનો "ઉદ્વેગ" જયારે વિસ્ફોટક બને છે, ત્યારે, એમનો સ્નેહ એક નિ:સાધનતાની દશામાં,

આસક્તિની "વ્યાધિ"ની અવસ્થામાં પ્રવિષ્ટ થઈ જાય છે. આ અવસ્થાને પ્રતિબિંબિત કરતા વાર્તા કહે છે; "सो श्रीयमुनाजी ठकुरानी घाट ऊपर परि रहे ।"

(૬) પ્રલાપ :- સરોવરની જેમ પુષ્ટિભક્તનો કૃષ્ણ માટેનો પ્રેમ ક્યારેય સ્થિર રહેતો નથી પણ એક સરિતાની લહેરોની જેમ તે નિરંતર સાગરને મળવા આતુરતાથી વહેતો રહે છે. તેથી બલાઈ સ્ત્રી-પુરુષનું અંતર પણ પ્રેમના અતિ આવેશમાં "પ્રલાપ" કરતું થઈ જાય છે અને એમના અંતરની વિરહાવસ્થાનો અનુભાવ એમના અંગે અંગમાં પ્રકટ થાય છે. વાર્તા કહે છે; "तब बोहोत ही (बलाइ स्त्री-पुरुष) आतुर भए ।"

(૭) ઉન્માદ :- આસક્તિની અવસ્થાનો "પ્રલાપ" જયારે અસહ્ય બને ત્યારે તે "ઉન્માદ"નું સ્વરૂપ લે છે. બલાઈની આવી ઉન્માદની અવસ્થાનું રોમાંચક આલેખન કરતાં વાર્તા કહે છે; "सो मुख में तें नेत्र में ते अग्नि की सी ज्वाला उठे । और शरीर में तें धूंआ उठयो । और नेत्रन कों मूदें । और मुख में तें बास आवत हैं ।" આનું રહસ્ય એ છે કે બલાઈ સ્ત્રી-પુરુષનો વિરહ અલૌકિક છે પણ એમને હજી તનુનવત્વનું દાન થયું ન હોવાથી તેમનો દેહ લૌકિક છે. તેથી જ એમના મુખમાંથી વિરહાગ્નિની જ્વાલા પ્રકટ થાય છે, શરીરમાંથી ધૂંઆ પ્રકટે છે અને મુખમાંથી વાસ આવે છે. જયારે એમને તનુનવત્વનું દાન સિદ્ધ થશે, ત્યારે, પ્રલયાનલથી પણ અત્યધિક એવા વિરહાનલને સહન કરવાનું એમનામાં "અલૌકિક સામર્થ્ય" આવી જશે. અને તે વખતે, વિપ્રયોગાવસ્થામાં એમના શરીરમાંથી તાપમાધુરીની

મકરંદ વહેતી રહેશે.

(૮) વ્યસન :- બલાઈસ્ત્રી-પુરુષના આવા "ઉન્માદ"ની દશા પછી એમનો પ્રેમ "વ્યસનાવસ્થા"માં પ્રવિષ્ટ થઈ જાય છે. વ્યસનાવસ્થાની અવસ્થાનું દૃશ્ય ખડું કરતાં વાર્તા કહે છે; "उन स्त्री-पुरुषन के प्राण जात हैं ।"

(૯) તન્મયતા :- તત્પશ્ચાત્ સ્ત્રી-પુરુષની દશા મૃત્યુવત્ પણ મૃત્યુ નહીં એવી પરમોત્કૃષ્ટ વિપ્રયોગની "તન્મયતા"ની અવસ્થામાં પર્યવસિત થાય છે. એમની આવી ગહન વિપ્રયોગની પરિસ્થિતિનું વર્ણન કરતાં એક વૈષ્ણવ શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે; "वे दोऊ जने घडी दोई में प्रान छोडेंगे ।" આ અવસ્થાને સમજાવતાં દયારામભાઈ ગાય છે; "મૃત્યુ સદૃશ પણ મરણ ન છેક."

વિરહવહિન શ્રીમહાપ્રભુજી અને વિરહવહિનસુત શ્રીગુસાંઈજીનું હૃદય એટલું મૃદુલાતિમૃદુલ છે કે, પિતાપુત્ર, કોઈપણ વૈષ્ણવના તાપને સહેજ પણ સહી શકતા નથી. તેથી જ આ બન્ને અત્યદ્ભુત આચાર્યરત્નો જેવું કોઈ પણ સ્વરૂપ પ્રકટ થયું નથી અને થશે પણ નહિ. भावि न भूतोऽस्त्यपि. બલાઈ સ્ત્રી પુરુષની બાહ્ય અને આંતર સંયોગની સ્મૃતિ જ્યારે અતિ પ્રગાઢ બને છે, ત્યારે, એમના અનુભવની સ્થિતિ નિર્માણ થાય છે. તેથી બલાઈની વિરહવ્યથાને જાણતાં જ, શ્રીવિઠ્ઠલેશપ્રભુ, તુરત જ એમની પાસે પધારે છે. વાર્તા કહે છે; "सो ताही समै श्रीगुसांईजी उहां परम कृपा करि कै ठकुरानी घाट उपर पधारे । तब सब कोऊ कों दूरि किये । तब

श्रीगुसांईजी ने इन दोऊन कों चरन-स्पर्श करवाए ।” સર્વફલદાની શ્રીવિઠ્ઠલેશપ્રભુના ચરણારવિંદનો સ્પર્શ કરતાં જ બલાઈ સ્ત્રી-પુરુષમાં પ્રેમ અને દીનતાના આવેગનો એવો પ્રવાહ ઉમગે છે કે જે પ્રવાહની મને અલ્પ બુંદ પણ મળી જાય તો એમાં ય મારું જીવન કૃતકૃત્ય બની જશે. આવી પ્રેમલતાભરી આદ્રતાયુક્ત દશા કેવલ આદ્રાતાના સ્વામી શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલના અતિકૃપાપાત્ર ભગવદીયોને જ પ્રાપ્ત થાય છે. વાર્તા કહે છે; “तब उह बलाइ हाथ जोरि के स्त्री सहित श्रीगुसांईजी सों बिनती करी, जो-महाराजाधिराज ! आप के दरसन बिना हम जीवेंगे नाहीं । जो अब तो हमारी यह विवस्था है । जो हम कों आपने कृपा करि के अलौकिक दरसन दीने हैं । तातें आप भलो जानो सो करो । और हम तुच्छ जीव कहा कहें ? हम कों तो हमारे भले बूरे की खबरि नाहीं परत है । परि हमारे प्रान संबंधी आधार तो और नाहीं है । और आप अंतरजामी अंतःकरन की जानत हो । सो तो हम नाहीं जाने । और देह संबंधी तो महा निषिद्ध है । सो तो प्रसिद्ध ही दीसत है । हम कों तो कछु सुधि नाहीं । सो कहा उपाय कीजे ? हम तो जीव हैं । ताहू में नीच योनि संबंधी हैं । सो याही तें हमारी बुद्धि है सो ऐसी है । तातें आप भली जानो सो करो । परि अब तो आपु कौ विप्रयोग सहि सकत नाहीं । सो जैसे मीन जल बिना जीवे नाहीं सो अब ऐसी आय के बनी है । सो याही तें आप कृपा करि कै जैसे श्रीमुख तें आज्ञा करो तैसे ही हम करें । परि आपके चरनकमल कौ

आश्रय सदैव बढे सो उपाय कीजे ।" અહીં બલાઈ સ્ત્રી-પુરુષ શ્રીગુસાંઈજીના અહર્નિશ દર્શન નથી માંગતા પણ પ્રભુચરણનો નિશવાસર આશ્રય સિદ્ધ રહે એવી જે યાચના કરે છે, તેનો ભાવ છે;

"तुम्हारे चरण कमल के शरण ।
राखो सदा सर्वदा जनकों विट्ठलेश गिरिधरन ।।"

આનું રહસ્ય એ છે કે શ્રીવિઠ્ઠલેશના પદકમલનો आश्रय सदैव बढे એવું માંગવાની શ્રીગુસાંઈજી એમને અંતરમાં પ્રેરણા કરીને એમની પાસે વાસ્તવમાં તો સર્વસ્વ મંગાવી લે છે. કારણકે શ્રીવિઠ્ઠલેશના ચરણકમલનો આશ્રય જેને દૃઢ થઈ જાય, એવા ભાગ્યશાળી પુષ્ટિભક્તના સકલ પુષ્ટિ પુરુષાર્થો સ્વયં સિદ્ધ થઈ જાય છે.

"જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે;
તેને પ્રગટ પદારથ ચારે રે,
ઉપરાંત ભજન ફલ આપે રે;
વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે."

શ્રીવિઠ્ઠલેશપ્રભુના મંજુલ ચરણકમલનો સ્પર્શ થતાં જ આ બલાઈ સ્ત્રી-પુરુષને વિપ્રયોગમાં થયેલ પ્રેમ, આસક્તિ અને વ્યસનની દશાના તાપ, મહાતાપ અને ઉગ્રતાપ એવા ત્રિવિધ તાપ નિવૃત્ત થઈ જાય છે. ભગવદીય ગાય છે;

"નિરખત ત્રિવિધ તાપ તનકે ગયે, ભવસાગર તે તારે."

ભવસાગરમાંથી બલાઈ સ્ત્રી-પુરુષને બહાર ખેંચીને વલ્લભનંદન એમને આનંદના ભાવસાગરની અનંત

લીલાત્મક ધારાઓમાં વહેવાનો ઉપાય દર્શાવી રહ્યા છે અને વાર્તામાં કહી રહ્યા છે; "और तुम दोऊ स्त्री पुरुष भरतार हमारे हो । सो या बात में कछू संदेह नाहीं है । जो यहां हू लौकिक में निंदा नाहीं होय और उपाय हू कियो चाहिए । काहे तें ? जो-तुम्हारे देह संबंधी नीच हैं । याही तें "अंतर्वेद कुरुक्षेत्र" तें परे एक पर्वत है ।" આમ કહેવાનું કારણ ? શ્રીગુસાંઈજીનો આશ્રય સિદ્ધ થાય એવું દાન માંગનાર બલાઈને પ્રેમાત્મક દાસ્ય અને સમર્પણના ભાવમાં અભિગમન કરવાનો સુઅવકાશ આપે છે.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુનો આશ્રય સિદ્ધ થતાં બલાઈ, સર્વ સાધનોથી retreat થઈને કે પીછેહઠ કરીને સાધ્યને વળગે છે. શાસ્ત્રીય દૃષ્ટિથી આ "પ્રત્યાપત્તિ"ની અવસ્થા છે. આ દશામાં બલાઈ સ્ત્રી-પુરુષનો વિવેક અને ધૈર્ય, આશ્રયમાં અંતર્ગત થઈ જાય છે અને પતિપત્નીનો આશ્રય પ્રેમાત્મક હોવાથી તે રસાત્મક બને છે. આવો રસાત્મક વિવેક, રસાત્મક ધૈર્ય અને રસાત્મક આશ્રય, રસનો સમૂહ થતો હોવાથી એ રાસની અવસ્થાને નિર્માણ કરે છે. કારણકે રાસનું સ્વરૂપ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "रसानां समूहो रासः"

"વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે." બલાઈ સ્ત્રી-પુરુષ પોતાના ઠાકુરજી સહિત જે કંદરામાં વસશે એ સમસ્ત સ્થલી વ્રજ બની જશે. એનું ઉદ્‌બોધન જાણે ન કરતા હોય તેમ શ્રીગુસાંઈજી અતિ મીઠડા અને મધુર રસમાં બોળેલા શબ્દોથી વાર્તામાં કહી રહ્યા છે. "सो तहां पर्वत में एक कंदरा बोहोत सुंदर है । तहां सुंदर बन है ।

तहां फूल मेवा बोहोत ही सुंदर होत हैं । सो अति मीठे हैं । और अनेक जाति के फल हैं । तहां सुंदर जल के झरना है । सो कंदरा के समीप जल है । सो बोहोत ही आनंद कौ स्थल है ।" વ્રજની આવી રમણીયતાનું સુરમ્ય વર્ણન કરતાં ચતુર્ભુજદાસજી ગાય છે;

"त्रिविध पवन संचरे सुखद झरणा झरे,
अमित सौरभ तहां मधुप गाजे ।"

શ્રીવિઠ્ઠલેશ, બલાઈને પુનઃ કહે છે; "जो तुम दोऊ जने जाइ कै वा स्थल में रहो । तुम को उहां नित्य दरसन देउंगो । सो बोहोत ही आनंदसुख होंइगे । और तुम कों मेरी पादुकाजी और उपरेना देत हों । सो तुम इन की नीकी भांति सों सेवा करियो ।" આમ બલાઈ સ્ત્રી-પુરુષની સ્વરૂપાનંદથી શરૂ થયેલી યાત્રાને શ્રીગુસાંઈજી ભજનાનંદમાં મુલાયમતાથી અનાયાસ પ્રવેશ કરાવી દે છે. જેનું દર્શન આપણે ભગવદીયની વાણીમાં કરી લઈએ;

"भक्ति भाव और सेवा आय बताव हीं ॥
ऐसे प्रभु दयाल अभय पद दीनो है ।
सुख समुद्र रस प्याय निर्भर कर दीनो हैं ॥"

ભગવત્સેવા સમયે ઉત્તમ સામગ્રીનો કેવી રીતે વિનિયોગ કરવો, તે સમજાવતાં શ્રીપ્રભુચરણ આ પતિપત્નીના માધ્યમથી પુષ્ટિસૃષ્ટિને સમજાવે છે; "और सुंदरवन में जो वन-फल आछे पके मीठे हैं सो ल्याय कै सम्हारि कै धोय कै श्रीठाकुरजी कौ नाम लै कै श्रीपादुकाजी कों भोग धरियो । ता पाछें तुम वा फल-महाप्रसाद लै के अपनी देह

कौ पोषन करि कै निर्वाह कीजो । और जब तुम कों मेरो विरह-ताप होइ तब तुम इन श्रीपादुकाजी के दरसन करियो । तब तुम कों मेरो दरसन होइगो । और मैं तुम कों नित्य दरसन देऊंगो ।" છીતસ્વામી ગાય છે;

"सेवा रीति बताई विधि सों अपने मन की परम अनूप ।"

पितृप्रवर्तितपथप्रचारसुविचारकः એવા શ્રીગુસાંઈજી, શ્રીમહાપ્રભુજી કથિત सेवायां वा कथायां वा એમ ઉભય પક્ષને આવરી લેતા આ સ્ત્રી-પુરુષને ઉદ્‌બોધન કરી રહ્યા છે કે; "ता पाछें भगवद्‌वार्ता करियो । भगवद्‌नाम लीजियो ।" આ પ્રસંગનું સાક્ષાત્ દર્શન શ્રીદ્વારકેશજીની વાણીમાં છે;

"मधुर वचन पोषत निजजनकों श्रीभागवत उच्चार ।
मधुर रूप कृपादृष्टि सों सींचत वारंवार ॥
सेवानंतर कथा श्रवनको कह्यो आप विस्तार ।

द्वारकेश प्रभु प्रगट भये ते भूतल जयजयकार ॥"

બલાઈને ભક્તિના ઉત્તમ અધિકારી બનાવવા માટે શ્રીવિઠ્ઠલેશપ્રભુ એમને ભગવત્સેવા, ભગવત્કથા, સ્મરણાદિમાં પ્રવિષ્ટ કરાવે છે. પતિપત્નીની વિરહાત્મક અવસ્થા હોવા છતાં પણ, પ્રભુચરણ એમને સંન્યાસગ્રહણ કરવાની આજ્ઞા નથી કરતાં, પરંતુ ભક્તિમાર્ગીય સંન્યાસવત્ એમને ભગવત્સેવા સહિત એકાંતવાસ કરાવે છે, ગૃહત્યાગ નહિ.

ભગવત્સેવા કરતી વખતે પુષ્ટિજીવનું બાહ્યભજન સિદ્ધ થાય છે અને કથાપક્ષથી શ્રીઠાકુરજી અંતરમાં પધારે ત્યારે એનું આંતરિક ભજન નિખાર પામે છે. તદુપરાંત કથામાં ઉદ્‌બુદ્ધ થતી કોમલ "ભાવાવલીયોનો"

વિનિયોગ સેવા સમયે ઠાકુરજીમાં કરતી વખતે વિશેષ આહ્‌લાદ પ્રકટ થાય છે. અર્થાત્ બલાઈની વાર્તાથી આપણને સમજાશે કે જે વૈષ્ણવની સેવા કથાત્મિકા બની જાય અને કથા સેવાત્મિકા બને, ત્યારે, બાહ્યાભ્યંતર ભજનમાં આવો ભગવદીય રમણ કરતો થઈ જાય છે. તેથી જ શ્રીગુસાંઈજીએ બલાઈ પતિપત્નીને જે આજ્ઞા કરેલ છે, એની ભીતરનું રહસ્ય એ છે કે આપ, આ બન્નેને, નિર્ગુણભાવના ગાંભીર્યથી સીંચી રહ્યા છે, જેથી એમના મનની બાહ્ય અને અભ્યંતર ગતિ પ્રભુમય બની જાય. તદુપરાંત એમનામાં સ્વરૂપાનંદ અને ભજનાનંદનું ચક્ર ગતિમાન થઈ જાય. આવી અવસ્થા જે ભગવદીયને સિદ્ધ થઈ જાય, એમની દશા કેટલી અલૌકિકમય હોય છે, એ સમજાવતાં દયારામભાઈ ગાય છે;

"સાગર સમ ગંભીર મન બાહિર ભીતર એક
રમી રહ્યા જેને હૃદય સેવા તણા વિવેક,
એ માર્ગનું મૂળ ફળ શ્રીવલ્લભ સિદ્ધાંત
કરવી સેવા કૃષ્ણની અવિચ્છિન્ન પ્રેમાંત."

અહીં મહાપ્રભુજીના સિદ્ધાંતોને દયારામભાઈ "મૂલફળ" કહે છે કારણકે, શ્રીવલ્લભનો સિદ્ધાંત પાળવાથી વૈષ્ણવમાં સેવા માટે ઋણિયાનો ભાવ સહજમાં આવિષ્કૃત થઈ જાય છે. કારણકે, શ્રીમહાપ્રભુજીએ, પોતાનો ભાવ આ વાણીમાં સ્થિત કર્યો છે અને એનો વારસો, શ્રીવલ્લભપ્રભુ પોતાની વાણીનું પાન કરનારને અનાયાસ બક્ષે છે.

તત્પશ્ચાત્ પ્રભુચરણ બલાઈ સ્ત્રી-પુરુષને

શ્રીઆચાર્યચરણની બેઠકના સાન્નિધ્યમાં અષ્ટાક્ષર મંત્ર સંભળાવે છે; "श्रीकृष्णः शरणं मम." જેમ સારસ્વતકલ્પમાં ઠાકુરજીએ વેણુનાદ કરીને એની અલૌકિક સુધા ગોપીજનોના કર્ણ દ્વારા એમની દેહેન્દ્રિય, અંત:કરણાદિમાં વ્યાપ્ત કરી, તેમ, શ્રીવિઠ્ઠલેશપ્રભુએ પણ, વાર્તા કહે છે તેમ, "यह मंत्र आप कृपा करि कै उनकों कर्ण द्वारा देह-मन में स्थापन किए ।" વલ્લભાધીશ સ્વામીની વાણી સુધાત્મક હોવાથી આપના શ્રીમુખમાંથી પ્રકટ થયેલ અષ્ટાક્ષરમંત્ર પણ સુધાથી રેલમછેલ છે. ભાવપ્રકાશ કહે છે; "जो श्रीआचार्यजी महाप्रभु आप अग्निरूप हैं । सो मंत्रद्वारा तुम्हारे हृदय में स्थापित करत हैं । सो वे (व्याघ्र, सिंह) तुम कों देखि कै पहेले ही भाजि जाइंगे ।"_ _ _ _ सो वार्तामें अष्टाक्षर कौ स्वरूप जनाए, जो-अष्टाक्षर के धारन किये तें जीव निर्भय होत है । सो वैष्णव कों अष्टाक्षर कौ आश्रय सदा कर्तव्य है ।

यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम ।
अत एवास्ति नैश्चित्यं ऐहिके पारलौकिके ॥

શ્રીવલ્લભ रहप्रियः છે અને તેથી શ્રીમહાપ્રભુજીને બલાઈ સ્ત્રી-પુરુષના હૃદયમાં પધરાવીને શ્રીગુસાંઈજી પતિપત્નીને રહ:પ્રિયતાનું દાન કરે છે. તેથી પર્વતની કંદરામાં આ પતિપત્ની એકાંતવાસ કરીને પોતાનું ભગવદ્ભજન ગોપ્ય રાખી શકે છે. ગુપ્ત રાખવાથી ભગવદ્રસ હૃદયમાં પ્રવૃદ્ધ થાય છે અને અગુપ્તતામાં રસાભાસ થઈ જાય છે. તેથી જ વાર્તામાં શ્રીગુસાંઈજી, આ બન્ને સ્ત્રી-પુરુષને આજ્ઞા કરે છે કે; "और उहां तुम्हारी वैष्णवता सेवा और भगवद्भजन कार्य कीर्तन

कोई जानेगो नाहीं । सो गोप्य सेवा भक्त कों बोहोत ही फल रूप होत है । और सब जाने तब कीर्ति प्रतिष्ठा में सब जात रहे । सो जैसे नदी के प्रवाह में कोई वस्तु डारि देहू सो बहि जाइ तैसे जात रहें ।" પુષ્ટિભક્તિમાર્ગનું આવું ગંભીર રહસ્ય બલાઈને સમજાવીને વાસ્તવમાં તો શ્રીવિઠ્ઠલનાથજી અખિલ પુષ્ટિસૃષ્ટિ પર કૃપા કરીને ઉદ્‌બોધન કરી રહ્યા છે કે પ્રભુ માટેનો પોતાનો ભાવ કે વૈષ્ણવપ્રત્યેનો ભાવ ગુપ્ત રાખવાથી ધીરે ધીરે ભાવનાં વર્ધન સાથે વૈષ્ણવનું હૃદય પણ વિશાળ બનતું જાય છે. તેમ જ સંયોગરસને ધારણ કરવાનું ગાંભીર્ય પણ આવા ભક્તમાં આવિષ્ટ થઈ જાય છે અને આવા ભગવદીયમાં વિપ્રયોગ અને ભગવલ્લીલા પચાવવાનું સામર્થ્ય પણ પ્રવૃદ્ધ થાય છે. આ કક્ષાના ભગવદીયોને "પ્રૌઢભાવ" સિદ્ધ થાય છે. એના કારણે આ અવસ્થાના ભક્તો સેવાનું મુખ્યફલ, એવા "અલૌકિક સામર્થ્ય"ને સંપાદન કરવા સક્ષમ બની જાય છે. દયારામભાઈ ગાય છે;

"શ્રીવલ્લભ મારગ તણો આશય અતિ છે ગૂઢ
પ્રૌઢભાવ જેને હશે તેને હૃદયારૂઢ."

બલાઈ સ્ત્રી-પુરુષનાં હૃદયમાં શ્રીમહાપ્રભુજીના ભીતર પધારવાથી આવો પ્રૌઢભાવ સિદ્ધ થતાં એમનું બેસવું, ઊઠવું કે સર્વે વ્યવસાય કે વ્યવહાર કરતી વખતે એમનો માનસિક અભિગમ કે motivation ભગવત્સેવાનો હોવાથી, એમની પ્રત્યેક કૃતિ સેવા છે. બલાઈનું આવું અલૌકિક ચરિત્ર સમજવાથી આપણને ખ્યાલ આવશે કે કેટલી ઉચ્ચ કોટિના આ ભગવદીય છે.

એને માટે આ જ પદની બીજી જ પંક્તિમાં ગવાયું છે કે;

"उपजत ताप छीनक सान्निध्य में
देत विरह आनंद रस केवल ।"

પુષ્ટિજીવને સેવા માટે ઋણિયાનો ભાવ શા માટે હોવો જોઈએ તેનું હાર્દ આ પદપંક્તિ ગંભીર રીતે સમજાવે છે. પ્રત્યેક પુષ્ટિજીવને આ કીર્તનની પંક્તિઓ કહી રહી છે કે પ્રભુથી વ્યુચ્ચરણ થતી વખતે આપણને "મર્યાદા" કે "પ્રવાહ"ની catagoryમાં ન રાખતાં પ્રભુએ કૃપા કરીને આપણામાં પુષ્ટિબીજ સ્થાપિત કર્યું એ જ વૈષ્ણવનું ભાગ્ય છે અને પુષ્ટિજીવ પર ચઢેલું પ્રથમ ઋણ ત્યાંથી શરૂ થાય છે. તત્પશ્ચાત્ કલિકાલમાં, શ્રીમહાપ્રભુજીની પસારેલી ગોદમાં બેસીને જીવ જ્યારે બ્રહ્મસંબંધ લે છે ત્યારે આચાર્યજીની અંગીકૃતિનું એના માથે બીજું ઋણ સ્થાપિત થઈ જાય છે. આપણા પુષ્ટિના પરમોદાર શ્રીવલ્લભની કૃપાથી વૈષ્ણવને માથે ભગવત્સેવા પધારે છે, ત્યારે, પુષ્ટિજીવને ઠાકુરજીના ઋણને યત્કિંચિત્ અદા કરી શકે એનો અવસર મળે છે. એ જ વૈષ્ણવ પર આવિષ્ટ થયેલું ત્રીજું ઋણ છે. આ ઋણને અદા કરી શકે એના માટે તો શ્રીમહાપ્રભુજી વૈષ્ણવને ઠાકુરજીનો દાસ બનાવે છે અને તેથી ગદ્યમંત્રમાં દાસોઽહં કહે છે. તદુપરાંત ગદ્યમંત્ર વખતે કૃષ્ણ હું તારો છું એમ શ્રીમહાપ્રભુજી જીવ પાસે એના માટે બોલાવે છે કે હું તારો છું એટલે કે હે પ્રભુ, હું તારા માટે છું. અર્થાત્ તારી સેવા કરવા માટે તેં મને ભૂતલ પર મોકલ્યો છે, બીજા કોઈ પ્રયોજન માટે નહિ.

आनंदमात्रकरपादमुखोदरादि એવા પ્રભુની સેવાના

ભાવમાં આવી રીતે ઋષિયા બનેલા આ બલાઈ સ્ત્રી-પુરુષ, સેવાને મજદૂરી નથી માનતા પરંતુ સેવા કરવા માટે પ્રેમાર્દ્ર થઈને આનંદથી મજબૂર બની જાય છે. ધીરે ધીરે તાપભાવની માધુરીથી સેવામૃતનો વિસ્તાર તેઓ કેવી રીતે કરી રહ્યા છે, એનું, આપણા માટે, સ્મરણાત્મક અદ્‌ભુત દર્શન વાર્તામાં કરવા જેવું છે. વાર્તામાં બલાઈની સ્ત્રી તેના પતિને કહે છે; "तुम जाय कै या मनिका कों बेचि कै ताकौ द्रव्य आवे सो ताकी गाय वहोत सुंदर होय और बोहोत सील स्वभाव होंइ ऐसी मोल की ले कै आवो । और एक चरखा ले आवो । सो मैं नित्य बैठी कांतोंगी । और मुख सों भगवद्‌नाम लेउंगी । ता पाछें सूत होइ सो गाम में बेचि आइयो । ता पाछें बाकी सामग्री इकठोरी ल्याय के धरियो । ता पाछें गाय कौ दूध होंइ सो उत्सव पर कछू मनोरथ करिए । तब वा पुरुष कही, जो बोहोत आछौ । अब अेसें ही करियो । ता पाछें उह सुवर्ण कों मानिका ले कै बेचि कै गाय और चरखा दोई ल्याय कै स्त्रीकों सोंपे । ता पाछें उह स्त्री सब सेवा सों पहोंचि कै चरखा कांतवे बैठती । और मुख सों भगवन्नाम उच्चार करत हती ।" ઉપર લખ્યું તેમ, બલાઈ સ્ત્રી, જે ચરખો ચલાવે છે, તેમનું એ ચલાવવું તે કોઈ વ્યવસાયનો અંગ નથી પરંતુ તે એમની સેવાનું અંગ બની જાય છે. કારણકે સૂતર વેચીને જે દ્રવ્ય પ્રાપ્ત થાય છે, એનો ભગવન્મનોરથમાં વિનિયોગ કરવાનો આ બાઈનો ભવ્ય ભાવ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં જગતની વસ્તુઓ જગદીશ સાથે કેવી રીતે જોડવી એનું આ એક અદ્‌ભુત

ઉદાહરણ છે.

સેવાનું પ્રદાન કરનાર સેવાના અધિપતિ શ્રીમહાપ્રભુજી કોઈ ભગવદીયનાં હૃદયમાં બિરાજી જાય, ત્યારે, એવા વૈષ્ણવને શ્રીઆચાર્યચરણ સેવારસનો "નશો" ચઢાવી દે છે અને એના આવેશમાં એ ભક્તને તરબોળ કરી દે છે. કારણકે આચાર્યજીનું નામ છે "सुखसेव्यो". આવી રીતે સેવારસિક બનેલ ભક્તને સદા એમ લાગે છે કે આચાર્યજીની કૃપાથી બ્રહ્મસંબંધ લીધા પછી એને માથે સેવાનું એક નિતાંત ઋણ ચઢી ગયું છે. ગદ્યમંત્રની દીક્ષા પામેલા પુષ્ટિજીવ માટે આવું ઋણ અનિવાર્ય બની ગયું છે એ સમજાવવા માટે તો શ્રીવલ્લભપ્રભુ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં સ્વયં આજ્ઞા કરે છે કે; "भगवद्रूप सेवार्थं तत्सृष्टिः नान्यथा भवेत्." અર્થાત્ ભગવત્સેવાનું ઋણ અદા કરવા માટે તો પુષ્ટિજીવ પ્રકટ થયો છે. અન્યથા ભૂતલ પર આવવાનું એનું કોઈ પ્રયોજન નથી. લૌકિકમાં પણ કોઈ પૈસા લઈને ઋણિયો બની જાય, ત્યારે, રાતદિવસ એના મનમાં, એ ઋણ કયારે ચૂકવશે, એનાં વિચારોની "લૌકિક" ચિંતાથી એ ભરપૂર બની જાય છે. તેમજ જે કૃપાપાત્ર ભક્તમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, સેવાના ઋણિયાનો ભાવ જાગૃત કરી દે છે, ત્યારે, એવા બડભાગીની પરિસ્થિતિ કેવી હોય છે તે દયારામભાઈ સમજાવે છે;

"ઋણવત્ સેવાનું રહે નિત મનમાં પરિતાપ
ઋણી સુખે ન સોઈ શકે ઋણિયાનો સંતાપ."

સેવાને ઋણ માનનાર ભક્તજનની સેવા "ચિંતા"રૂપે

નથી થતી પરંતુ એ સેવા સમર્પણના અલૌકિક તાપાત્મક ભાવના આવેશમાં પ્રભુના અવિરત સુખ વિચાર અને નિત્ય મનોરથ કરવાના હેતુથી હોય છે. વાર્તામાં ભાવપ્રકાશ કહે છે; "जो वैष्णव कों अपने प्रभुन के नित्य नए मनोरथ करने । हृदय में ठाकुर के सुख के अनेक प्रकार के भाव विचारने । कहे तें ? जो - यह पुष्टिमार्ग में सीतल भाव उचित नाहीं ।"

બલાઈ, સેવાને એક ઋણરૂપ માને છે, તો એમના ઠાકુર પણ એમને આનંદથી તુંદિલિત થઈને એક પરિવારના member હોય તેમ સમ્યક્ પ્રતિસાદ આપી રહ્યા છે. તેથી જ બલાઈના ઘરની ગાય પણ પ્રભુ પોતે ચરાવવા લઈ જાય છે. વાર્તા કહે છે; "सो श्रीठाकुरजी आप वा गाइ कों दूब चरावते ।" ભગવદીય ગાય છે;

"गोविंद् को गायन में बसवो हि भावे री ।"

શ્રીઆચાર્યચરણના गृहे स्थित्वा स्वधर्मतः સિદ્ધાંતનું એક વિલક્ષણ રહસ્ય અહીં સમજવાનું છે. ઘરના સેવ્યસ્વરૂપને માટે આપણને પરિવાર કે family memberની ભાવના ન હોય તો સેવામાં ચિત્ત નહિ ચોંટે. જીવદૃષ્ટિથી એનું રહસ્ય એ છે કે, પ્રત્યેક જીવ એની "મમતા"માં પરિવારની ભાષા જલદીથી સમજી શકે છે અને તેથી જ પોતાના પરિવાર પ્રતિના મમત્વના કારણે પોતાના family membersને સુખ થાય, એના માટે એ સદા અનાયાસ સપ્રયત્નશીલ હોય છે. બલાઈ સ્ત્રી-પુરુષ પોતાના ઠાકુરને પરિવારના સભ્ય માને છે, એના માટે એમના સેવ્યસ્વરૂપ પણ એમની પાસે માંગી માંગીને

આરોગે છે. વાર્તા કહે છે; "श्रीठाकुरजी आप मांगि मांगि कै आरोगते ।"

આ પ્રસંગના સંદર્ભમાં આપણે આપણને પ્રશ્ન કરીએ કે ઋણિયો કોને કહેવાય, તો આપણી અંદરથી આપણને કદાચ એ જ ઉત્તર મળશે કે જેણે માંગીને બીજા પાસેથી કાંઈ લીધું હોય, તો તેના માથે ઋણિયાનું ઋણ ચઢે છે. અહીં અદ્‌ભુત અને આશ્ચર્યરસ પ્રકટ કરે એવી એક લીલાત્મક ઘટના વાર્તામાં એ બની રહી છે કે બલાઈ સ્ત્રી-પુરુષ પાસે માંગી માંગીને આરોગતા પ્રભુ શું સ્વયં એક ઋણિયાના મૂડને અભિવ્યક્ત નથી કરી રહ્યા ! ઋણીયા બનેલા સેવકને સ્વામી પણ ઋણિયાના ભાવથી પ્રતિસાદ આપે એનું પ્રમાણ તો સાક્ષાત્ પ્રભુ પોતે આપી રહ્યા છે. "यो यथा मां प्रपद्यंते स्तांतथैव भजाम्यहम् ।" ઘરનો ઠાકુર બલાઈ સ્ત્રી-પુરુષ પાસે માંગી માંગીને લે છે, છતાં પણ, એમની શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પ્રત્યેની સ્વરૂપાસક્તિનું વિસ્મરણ આ પતિપત્નીને ક્ષણ માટે પણ થઈ શકતું નથી. વાર્તા કહે છે; "और जब श्रीगुसांईजी के स्वरूप कौ विरह होतो तब श्रीपादुकाजी कौ मंदिर खोलि कै दरसन करते । तब देखे तो श्रीगुसांईजी तहां बिराजे हैं । और पोथी श्रीभागवत श्रीसुबोधिनीजी की देखत हैं । ता पाछें श्रीगुसांईजी के दरसन करि सन्मुख बैठते । तब श्रीगुसांईजी आप श्रीमुख तें कथा कहते । तब वे दोऊ कथा सुनते । पाछें सब मार्ग की रीति की वार्ता करते ।" આ પ્રસંગનું રહસ્ય અદ્‌ભુત છે. જેમ કોઈ ઋણિયાને કોઈ યાદ કરાવે કે તારે માથે આ ભાઈનું આટલું

ઋણ ચઢી ગયું છે, ત્યારે, એ ઋણિયાનો ઋણ ચૂકવવાનો સંતાપ અધિકતમ બની જાય છે. તેમ શ્રીગુસાંઈજી પણ અહીં બલાઈ સ્ત્રી-પુરુષને "મારગકી રીત" સમજાવીને, એમને નિરંતર સેવાના ઋણની યાદી અપાવી રહ્યા છે અને સેવા માટે તેઓ ઉદ્દીપ્ત રહે તેના માટે પ્રભુચરણ એમને ભગવદ્કથા કહી રહ્યા છે. કારણકે કથા, સેવા માટે ભાવને ઉદ્દીપન કરનારી છે.

બલાઈ સ્ત્રીપુરુષની આ સંપૂર્ણ વાર્તાના નિષ્કર્ષરૂપ હોય તેમ દયારામભાઈ વૈષ્ણવસૃષ્ટિને અતિ પ્રેમથી સમજાવી રહ્યા છે;

"પ્રભુ છે ભૂખ્યા ભાવના, જો નહિં સંપત્તિ ભોગ,
જલ લોટી મુઠ્ઠી ચણા, પ્રભુને છપ્પનભોગ.
ઘર જો ન હોય મોકળા, તોઉ ન છાંડે ટહેલ,
એક ગોખરો ઘર તણો ને પ્રભુ માને મહેલ.
અરે તું સેવક કૃષ્ણનો, સ્વામી શ્રીવ્રજરાય,
જેવી તું સેવા કરે, પ્રભુ તેવા વશ થાય.
પણ શ્રીવલ્લભ ચરણનું બલ મોટું મન માય.
તે સબ પૂરે કામના, કલ્પવૃક્ષની છાંય."

******

(૧૮) "પરચારગી"

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૮૪ - एक विरक्त ब्राह्मन गोवर्धन कौ

हरिजन संग छिनक जो होई ।
कोटि स्वर्ग सुख, कोटि मुक्ति सुख
ता सम लहे न कोई ॥१॥
पूरे भाग्य पून्य संचित फल कृष्ण कृपा व्है जाके ।
सूरदास हरिजन पद महिमा
कहत भागवत ताके ॥२॥

આ પદમાં વર્ણન કર્યું છે તેવો અગાધભાવ આ વાર્તામાં આ વિરક્તને વૈષ્ણવો માટે છે. "हरिजन पद महिमा" સમજી લીધેલ આ વિરક્ત જાણે છે કે કેવલ પોતાના સંચિત કર્મના ફલરૂપે આવી દુર્લભ વૈષ્ણવસેવા પ્રાપ્ત નથી થતી પણ સંચિતકર્મનું ફલ ત્યારે ફલિત થાય છે, જયારે એમાં કૃષ્ણકૃપારસનો સંચાર થાય છે.

વૈષ્ણવ પ્રતિ પ્રીતિથી આવિષ્ટ થઈ ગયેલા આ વિરક્ત, જયારે, એક બીજા વૈષ્ણવને એક આસન પર બેસીને ભજન કરતાં જુએ છે, ત્યારે, દયાર્દ્રભાવથી એમના મનમાં એવો વિચાર આવે છે કે બિચારા આ વૈષ્ણવ, પ્રસાદ ક્યાં લેતાં હશે ! વાર્તા કહે છે તેમ આ વિરક્ત, બીજા વૈષ્ણવને કહે છે કે; "सो ऐसें जानि कै वासों कहीं, जो-चलो, उहांई भगवद्भजन करियो । और उहांई महाप्रसाद लीजियो । सो ऐसे कहि कै अपनी कोठरी में ले गयो ।" આ નિષ્કિંચન વિરક્ત

ભગવદીય પોતે તો ચૂટકી માંગી લાવે છે. પરંતુ એમના ભાવની વિશાળતા તો જુઓ ! એ જાણે છે કે બીજા વૈષ્ણવને પોતાને ઘેર પ્રસાદ લેવડાવવો હોય તો એમણે ચૂટકી માંગવાનો વિશેષ પરિશ્રમ કરવો પડશે. વૈષ્ણવ પ્રત્યેના સ્નેહાવેશમાં આવા પરિશ્રમનો પહેલુ એમને બહુ ગૌણ લાગે છે. એવી તે કઈ વસ્તુ આ વિરક્તને ઉપલબ્ધ થઈ હશે, જેના લીધે એમનો વૈષ્ણવસેવાનો ભાવ પ્રતિદિન ઉત્કર્ષ પામી રહ્યો છે! આનું રહસ્ય સૂરદાસજી સમજાવે છે;

"हरि लीला आवेश होइ मन सकल बासना नासे ।
सूर यह निश्चै बिचार करि हरि स्वरूप जब भासे ॥"

આ વિરક્તને તો ઠાકુરજી આધીન થઈ ગયા છે, તો એમને લીલા અનુભૂતિ થાય એ તો સ્વાભાવિક છે. ભાવપ્રકાશ કહે છે; "जो कोउ वैष्णव की निष्काम भाव तें टहल करत है, ताके प्रभु आधीन व्है रहत हैं ।"

હરિ ગુરુ, વૈષ્ણવને શુદ્ધભાવે એકરૂપ માનનાર, આ વિરક્તની દિવ્ય કથા આ વાર્તામાં છે. આપાતતા સરળ લાગતી આ વાર્તામાં, આ વિરક્તના ભાવના મંજુલ તરંગો ઉછળી રહ્યા છે, તેથી જ વૈષ્ણવસેવા માટે સદા અતૃપ્ત રહેતા આ વિરક્ત ભગવદીય, ત્રીજા વૈષ્ણવને ભગવદ્ભજન કરતાં જુએ છે અને એમના મનમાં પુનઃ ઉમળકો આવી જાય છે કે એમને પણ પોતાના ઘરમાં સાથે રાખી નિત્ય પ્રસાદ લેવડાવવો. વાર્તા કહે છે; "तब एक तीसरो वैष्णव उहां आइ कै भगवद्भजन करिवे कों बैठयो । तब वा विरक्त वैष्णवने

कही, जो तुम्हारी यहां रहिवे की इच्छा है कहा ? तब वाने कही, जो - है तो सही । तब वाहू कों पातरि धरे । अब वे वैष्णव तो बैठे भगवद्‌भजन करें । महाप्रसाद लेई ।" वैष्णवत्वं ही सहजं. વૈષ્ણવતાના "સહજ" ધર્મને સમજાવતાં આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; "या वार्ता कौ अभिप्राय यह है, जो कोऊ वैष्णव भूखौ होंई, वाके खाइवे, पीवे कौ कछू साधन न होंई तो वाकों घर ल्याई प्रीतिपूर्वक प्रसाद लिवावनो । यह वैष्णव मात्र को धर्म कहै ।"

વૈષ્ણવનો, વૈષ્ણવ માટેનો આવો નિરપેક્ષ ભાવ અને સ્નેહથી કરેલી વૈષ્ણવ સેવાના કારણે આવો ભક્ત, ઠાકુરજીનો અતિ પ્રિય બની જાય છે અને આવા પ્રિયજનની "ન્યૂનભાવ"થી પરચારગી કરવા, પ્રભુ સ્વયં મજબૂર બની જાય છે. આ ભેદ સમજાવતાં વાર્તા કહે છે; "और वह विरक्त वैष्णव चुटकी मांगे, रसोई करे । सो वाकों बडो परिश्रम होइ । सो वाकौ श्रम देखि कै श्रीठाकुरजी ने कही, जो - तू रसोई करि, मैं परचारगी करूंगो ।" અનંતકોટિ બ્રહ્માંડનો નાથ, સુદામાની સદૃષ્ટ, એક ક્ષણમાં આ વિરક્તને સમૃદ્ધિવાન કરી શકે છે, છતાં પ્રભુ એમ કેમ કરતા નથી ? ઠાકુરજી આ ભક્તને સમૃદ્ધ કરી દે, તો પ્રભુને આ વિરકત ભગવદીયની પરચારગીની સેવાનું જે મનોરથ છે, તે અપૂર્ણ રહે. આપણા પુષ્ટિપ્રભુનું હૃદય નિતાંત કોમલ છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે "मम स्वामी अति कोमल ." તેથી ઠાકુરજી, આ વિરક્તને થતો ચૂટકી માંગવાનો વિશેષ પરીશ્રમ સહન કરી શકતા

નથી. ઠાકુરજીના આવા ફૂલની મકરંદથી પણ અત્યધિક કોમલ સ્વભાવને અનુલક્ષીને હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે; "और प्रसाद लेइवेवारे कों वा वैष्णव के घर की कछू टहल करि कै प्रसाद लेनो, यहू कहे । काहे तें ? जो-प्रभु बडे कोमल स्वभाव के हैं । तातें सेवा करत श्रम होंई तो आप व्याकुल होत हैं। सो कछू टहल करि कै प्रसाद लेइ तो वा वैष्णव कों श्रम न होंई । और प्रभुन की भक्तवत्सलता हू जताए ।"

વિરક્તની પરચારગી પોતે કરવી એવો મનોરથ, જો ઠાકુરજી સ્વયં પ્રકટ કરે છે, તો આવી પરચારગીનું સ્વરૂપ શું છે ? પરચારગી એટલે પરિચર્યા કે परिचरणं. चरणं એટલે ચાલવું અને परिचरणं એટલે સેવા માટે ચારે તરફ ચાલવું. અર્થાત્ પ્રભુ, આ વિરક્તને, એની સેવામાં "હાથ" આપવા ચોમેર ફરવાનો શ્રમ લેવા તૈયાર થયા છે. પરાત્પર પરબ્રહ્મની આવી ભક્તવત્સલતાને કારણે પ્રભુ પોતાના ભક્તને શ્રમ ન પડે એના માટે કાંઈપણ કરવા ઉત્સુક છે. અહીં મહાપ્રભુજીના સિદ્ધાંતની દૃષ્ટિથી જોઈશું તો એક સુલલિત ખૂબસૂરતી એ છે કે, પોતાનો આનંદ માણવા માટે ઠાકુરજી પોતે જ વિરક્ત પણ બન્યા છે અને વિરક્તના રૂપથી પ્રભુ, સેવકની ભક્તિનું અને સેવ્યના સ્વરૂપામૃતનું પાન કરી રહ્યાં છે. એ જ ઠાકુરજી જ્યારે પરચારગી કરવા તૈયાર થાય છે, ત્યારે, પોતે દાસાનુદાસ ભાવનો અને परिचरणंની સેવાનો લ્હાવો લેવા "પેશ" થઈ રહ્યાં છે. ભક્ત અર્થ માટે ઠાકુરજીનું માનસ નિરંતર તત્પર હોય છે એ સમજાવતાં પુરુષોત્તમસહસ્રનામ

કહે છે; "भक्तार्थाखिलमानसः."

આચાર્યજીના સિદ્ધાંતની દૃષ્ટિથી આ વિરક્તના ઘેર રહેતા બીજા બે વૈષ્ણવોની ભક્તિ પણ ઉત્કૃષ્ટ કક્ષાની છે, જેના લીધે એમને ઠાકુરજીની મૃદુલ વાણી સંભળાય છે અને પ્રભુના દર્શન થાય છે. વાર્તા કહે છે; "तब यह बात(ઠાકુરજીના વચનામૃત) उन दोऊ वैष्णवन ने सुनी । तब कही जो - यह दूसरो कौं है ? तब देखें तो श्रीठाकुरजी हैं ।"

મહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે ભગવન્નામ કેવલ વાણીથી ન બોલતાં એમાં પ્રભુનું સ્વરૂપાનુસંધાન પણ હોવું જોઈએ, તથા મન પણ ઓતપ્રોત થવું જોઈએ, ત્યારે, આવું ભગવદ્ભજન ફલાત્મક બને છે. આ બન્ને વૈષ્ણવોનું ભગવદ્ભજન આ પ્રકારનું હોવાથી ઠાકુરજીની અમૃતવાણી સાંભળે છે અને રૂપમાધુરીનું દર્શન કરે છે. તદુપરાંત એમની "સ્મરણભક્તિ"નું સ્વરૂપ પણ દર્શનીય છે. એમનું સ્મરણ કંઈક આવું છે; "भगवत्स्वरूपलीलापरिकरादिनां श्रद्धया चिंतनं स्मरणं ." અર્થાત્ ભગવાનનું સ્વરૂપ, પ્રભુની લીલા અને લીલાપરિકરના અનુસંધાનથી આ બન્ને વૈષ્ણવો, શ્રદ્ધાપૂર્વક ચિંતન કરે છે, ત્યારે, એમનામાં સ્મરણભક્તિનો આવેશ પ્રકટ થઈ જાય છે અને એની ફલશ્રુતિ રૂપે એમને ઠાકુરજીનાં દર્શન થાય છે. વાર્તા કહે છે; "तब देखें तो श्रीठाकुरजी हैं ।" અહીં લીલાનો પરિકર કહેતાં નંદયશોદાજી આદિ કૃષ્ણલીલાના પરિકર તથા શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના ભૂતલના પરિકર એવા ૮૪-૨૫૨ વૈષ્ણવોનો પણ સમાવેશ થઈ જાય છે.

અનંત લીલાયુક્ત ઠાકુરજીનાં દર્શન, વિરક્તના ઘેર બેસીને ભજન કરતા આ બન્ને વૈષ્ણવો કરી શકે છે એનું એ પણ કારણ છે કે, એમની ભક્તિનો ઉત્કર્ષ ભગવદીય એવા વિરક્તના સંગથી થયો છે. પરમાનંદદાસજી ગાય છે;

"हरिजन संग छिनक जो होंई ।
करें कृपा गिरिधरन जीव पर पातक लगे न कोई ।"

निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः . આ વિરક્તના સંગથી આ બન્ને વૈષ્ણવો પર શ્રીગિરિધર શી અધિક કૃપા કરે છે ? હજી સુધી આ બન્ને વૈષ્ણવોનું ભજન કેવલ કીર્તનાત્મક છે, સેવા સમર્પણાત્મક નહિ. તેથી એમની બીજી સર્વેન્દ્રિયો પ્રભુને અસમર્પિત છે. આ વિરક્તના સંગથી ઠાકુરજી એમનામાં સેવાસમર્પણનો ભાવ જાગૃત કરે છે. એકને પ્રભુ રસોઈની સેવા આપે છે અને બીજાને પરચારગીની. એના કારણે આ બન્ને વૈષ્ણવો કીર્તનાત્મક ભજનથી જે સ્વરૂપાનંદનો આનંદ માણી રહ્યાં છે, તેનાથી એમનું ઊર્ધ્વગમન કરાવીને, ઠાકુરજી, એમની દેહેન્દ્રિયાદિનો ભગવદ્‌વિનિયોગ કરાવવા એમને સેવા દ્વારા ભજનાનંદનું દાન કરે છે. દયારામભાઈ ગાય છે;

"સેવા સંગત હરિભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉત્પન્ન
તે કરે કૃતાર્થ એકલી, નવ જોઈએ કોઈ સાધન."

******

(૧૯) સાધારણીકરણ

સારસ્વતકલ્પમાં અને આધુનિક પુષ્ટિસંપ્રદાયમાં

૨૫૨ વૈષ્ણવ વાર્તા-૯૧ : एक साहूकार, मथुरा का

સાધારણીકરણને સિદ્ધ કરવા માટે બે શરત છે; એક તો, પ્રભુ અને પુષ્ટિજીવનું એકબીજામાં "involvement" અથવા તો ઓતપ્રોતતા હોવું જોઈએ. બીજું, વૈષ્ણવ અને ભગવાન એમ બન્નેએ એકબીજા માટે "અલ્પબુદ્ધિ" વાપરવી જોઈએ. જેમ કે આપણે ગૃહસેવા કરતી વખતે એવી ભાવના કરીએ કે પ્રભુ, ગાયોની સાથે આવનીમાં પધારી રહ્યા છે. તો એ વખતે, આપણે કે આપણા સેવ્યસ્વરૂપ એવી બુદ્ધિ નથી વાપરતા કે આ મુંબઈના flatમાં ગાયો ક્યાંથી લાવવી. તેથી જ શાસ્ત્ર કહે છે; "प्रतिमा सु अल्पबुद्धिनाम् ." તેવી જ રીતે નિત્યલીલાસ્થ ઠાકુર પણ પુષ્ટિજીવના ઘરે પધારીને એટલી જ અલ્પબુદ્ધિ રાખે છે કે આ પુષ્ટિજીવ "મારો છે" અને હું એના પરિવારનો એક સદસ્ય છું. આવી રીતે, પોતાના માનેલા જીવમાં, ઠાકુરજી પોતાની આસક્તિને સ્વાભાવિકતાથી ઢાળી દે છે. ભગવાન જો "स्वभावतो हि दुष्टः" એવા જીવના દોષ જોવાની બુદ્ધિ વાપરવાની શરૂઆત કરે, તો પુષ્ટિજીવનું ભક્તિમાર્ગમાં ક્યાંય સ્થાન જ ન રહે. આમ અલ્પબુદ્ધિ અને involvementના સંમિશ્રણથી સેવ્ય અને સેવક વચ્ચે, સાધારણીકરણના કારણે, એક સ્વાભાવિકતાથી સંબંધ

જોડાઈ જાય છે. આવો અનાયાસ સંબંધ ધીરે ધીરે સ્નેહમાં વિકસિત થાય છે અને લીલાને પનપવાનો સંપૂર્ણ અવકાશ આપી દે છે.

મહાપ્રભુજીના પુષ્ટિભક્તિમાર્ગમાં ભગવાન અને ભક્તિ, એમ બન્ને ભાવાત્મક હોવાથી, સાધારણીકરણ, ભક્તિના અંગરૂપ એવી સેવાનું એક અવિભાજ્ય અંગ બની જાય છે. ત્યારે જ તો આપણે સેવા વખતે ભાવનાઓ કરી શકીએ છીએ. પરસ્પરના સાધારણીકરણના કારણે વૈષ્ણવ અને પ્રભુ mutually tune-up થઈ જાય છે, ત્યારે તો વૈષ્ણવ પોતાના ઘરના માહોલમાં ઠાકુરજીનું લાલનપાલન કરીને, "ઉછેરીને" ગૃહસેવા કરી શકે છે. આવી રીતે tune-up થયેલા પ્રભુ પણ વૈષ્ણવની સેવા, વૈષ્ણવના limitations કે એની મર્યાદાઓ હોવા છતાંય પ્રેમથી લઈ શકે છે. સેવ્ય અને સેવકનું આવું સાધારણીકરણ, પુષ્ટિભક્તિને, વૈષ્ણવમાં, સહજતાથી ખીલવાની મોકળાશ આપે છે અને આવો સેવક, સેવ્યને પોતાના family member કે કુટુંબીજન તરીકે લડાવી શકે છે.

योगिनाम् हृदये हरिः . ઈશ્વરને હૃદયમાં ધારણ કરવા માટે યોગીઓને બહુ જ બુદ્ધિ વાપરવી પડે છે. તેથી યોગીઓને એવો વિચાર ક્યારેય આવતો નથી કે યોગેશ્વરને ઠંડી પણ પડતી હોય છે કે ભૂખ પણ લાગતી હોય છે. પરંતુ ભાવાત્મક એવા પુષ્ટિભક્તિમાર્ગના નશામાં ભક્તના **योगेश्वरेश्वर**ને ઠંડી, ડર, ભૂખ એમ "માનુષવત" બધું ય લાગે છે. પ્રભુને ભૂખ લાગે છે એ સંબંધી ભગવદીય ગાય છે;

"छाक कों भइ अबेर आइ नांही छकहारी
मोंहें लागी भूख भारी कैसे के रहोंगो ।"

તેવી જ રીતે ઠાકુરજી ડરની લીલાનો આનંદ કેવા મોજથી માણી રહ્યા છે એનાં પણ દર્શન કીર્તનમાં કરી લઈએ;

"अहो बल जीय अधिक डरात ।
गोधन किन ले आवो अबे कित पारत हो रात ।।"

પાછા આપણા લાડીલા ઠાકુર, ઉત્તમ વસ્તુના પણ ભોક્તા છે.

"સેવા રીત પ્રીત વ્રજજન કી" જે ભગવદીયએ ગાયું છે એમાં સેવાની રીત લૌકિક છે અને પ્રીત અલૌકિક છે. આવી લૌકિક રીતિના વૈવિધ્યથી થતી ભગવત્સેવામાંથી, ભાવભાવના કે લીલા અંગડાઈયું લેતી હોવાથી કહેવાયું છે કે; "सेवायां लौकिकी रीति" કે "यथा देहे तथा देवे." લૌકિકમાં જેમ આપણે આપણા સુખાદિનો વિચાર કરીને જીવનનિર્વાહ કરીએ છીએ તેમ અલૌકિકમાં પણ એ જ પ્રક્રિયાથી ભગવત્સુખનો વિચાર થાય છે. જેમ કે, આપણને કોઈ ચીજ ભાવતી હોય તો, સેવા વેળા આપણે એમ માની લઈએ છીએ કે ઠાકુરજીને પણ એ જ વસ્તુ ભાવે છે. ફક્ત ધ્યાન એટલું જ રાખવાનું હોય છે કે પ્રભુને સમર્પિત થતી વસ્તુ નિષિદ્ધ ન હોવી જોઈએ, તેમ અર્ધભુક્ત પણ ન હોવી જોઈએ.

પ્રભુ અને ભક્ત, એમ પરસ્પરના involvement અને અલ્પબુદ્ધિયુક્ત સાધારણીકરણ વિના, લીલાનો

આનંદ પ્રકટ થઈ શકતો નથી. તેથી જ યશોદાજી જયારે જુએ છે કે ઠાકુરજીનું involvement ભોજનમાં નથી થઈ રહ્યું, ત્યારે મૈયા, યશોદાનંદનને કહે છે;
"जेवो बेग खेलियें पाछे, भोजन में मन दीजे ।"
અલ્પબુદ્ધિ અને સ્નેહયુક્ત involvementના આવેશમાં કૃષ્ણાવતાર વખતે ગોકુલમાં સર્વજ્ઞ પ્રભુને એ પણ ખબર નથી પડતી કે એમની કામળી કોણ લઈ ગયું. "मैया मेरी कामल कोन लई" કહી પૂર્ણપુરુષોત્તમ રડે છે. પ્રભુ આવી રીતે અલ્પબુદ્ધિથી લીલાનો આનંદ પ્રકટ કરી રહ્યા છે, એ વખતે પરબ્રહ્મને કોઈ જીવ એવું માહાત્મ્યજ્ઞાન ન કરાવે કે પ્રભુ આપ તો સર્વજ્ઞાતા છો, તો આપની કામળી ક્યાં ખોવાઈ ગઈ એની પણ આપને ખબર પડતી નથી ? ઠાકુરજીને આમ કહેવાથી પ્રભુનો લીલાનો આવેશ ઓસરી જાય છે. रसो वै શઃને રસાભાસ થઈ જાય છે.

સારસ્વતકલ્પમાં સાધારણીકરણ :-

સારસ્વતકલ્પમાં કૃષ્ણાવતાર વેળા ગ્રામીણ વ્રજભક્તો સાથે અનંતકોટિ બ્રહ્માંડના નાથે ગોવાળિયા જેવો ગોપવેશ ધરીને સાધારણીકરણ કર્યું છે. ત્યારે તો ભક્ત અને ભગવાન પરસ્પર tune up થઈને કૃષ્ણલીલામાં આનંદરસ માણી રહ્યા છે. સૂરદાસજી ગાય છે;

"कौन सुकृत इन ब्रजबासिन कौ
वद्त बिरंचि सिव सेष ।
श्रीहरि जिनके हेत प्रगटे मानुष-बेस ॥"

કૃષ્ણલીલામાં કોઈ "વિજાતીય" હોત તો કૃષ્ણ અને

ભક્તો એમ બન્નેને રસાભાસ થઈ જાત. "ग्राम्यैः समं ग्राम्य- रसानुभवार्थं ग्राम्यवदेव रेमे अन्यथा विजातीये रसो नोत्पद्येत ।"

સાધારણીકરણ ચાર પ્રકારના છે; પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ.

પ્રમાણ :- સારસ્વતકલ્પમાં, ભક્તો સાથે સાધારણીકરણ કરવા માટે અજન્મા ભગવાને જન્મ લીધો છે. પોતાનો સ્નેહ પોતાના ભક્તોમાં છે, એવું પ્રમાણ આપતાં કૃષ્ણએ, ગોપીજનોની ઈચ્છાનુસાર, એમનું માખણ ચોર્યું છે. અજ્ઞાનના કારણે કોઈએ ઠાકુરજીને ચોર કહ્યા, તો તે સાચું કરીને ઠાકુરજીએ પ્રમાણલીલા સિદ્ધ કરી છે અને આપ "ચૌર્યવિદ્યાવિશારદ" તરીકે ઓળખાયા છે. અને આમ, પુરુષોત્તમનામસહસ્ર કહે છે તેમ પ્રભુ चौर्यविद्याविशारदःનું બિરુદ અંગીકાર કરે છે.

પ્રમેય :- પ્રભુએ નાગદમન કર્યું છે કે ગિરિરાજજીને ધારણ કર્યા છે, ત્યારે કોઈપણ વ્રજભક્તોએ એમને પ્રમેય દૃષ્ટિથી અલૌકિક પ્રભુ તરીકે માન્યા નથી. કનૈયો અમારામાંનો જ એક છે, એવી માન્યતા સર્વે વ્રજભક્તો રાખે છે. તેથી જ પ્રમેયદૃષ્ટિથી વ્રજભક્તો, જેવા પ્રભુને માને છે, તેવા ઠાકુરજીએ પણ વ્રજભક્તોની ભગવાન સંબંધી અજ્ઞાતભરી માન્યતા સાથે સાધારણીકરણ કરીને લીલાનો આનંદ લીધો છે અને દીધો છે.

સાધન :- સાધનરૂપે નંદરાયજી જયારે અંબિકાપૂજન કરે છે, ત્યારે એમને અજગર ગળી જાય છે. તે વખતે

નંદબાવા સાથે પુત્રરૂપે સાધારણીકરણ કરી ચૂકેલા પ્રભુ, એમને અજગરથી છોડાવે છે. કુમારિકાઓ કાત્યાયની વ્રતનું સાધન કરે છે, તે સાચું નથી થતું પણ એ સાધન એમણે કૃષ્ણ માટે કરેલ છે, એને ઠાકુરજી સાચું કરે છે.

ફલ :- સર્વસમર્થ પ્રભુ, રાસપંચાધ્યાયી વેળા ગોપિકાઓમાં નિર્ગુણભાવ ન હોવા છતાં ય એમના તામસભાવને અનુકૂલ એવી રીતે (ગુણાતીત રૂપે નહીં) સાધારણીકરણ કરીને રાસલીલા કરે છે.

આમ વ્રજભક્તોનું પોતાના સંબંધી અજ્ઞાન કે અન્યથાજ્ઞાનને ઠાકુરજીએ સાધન બનાવીને એમની સાથે સાધારણીકરણ કરીને પોતે લીલાનો આનંદ માણ્યો છે અને એની લ્હાણી વ્રજભક્તોમાં કરી છે.

આધુનિક પુષ્ટિસંપ્રદાયમાં સાધારણીકરણ :-

શ્રીવલ્લભની નિતાંત કૃપાથી ભગવાન પુષ્ટિજીવને કહે છે કે, તું મારા સ્વભાવને જાણી નહીં શકે, પણ તને જે ગમે છે, તે તું મારી સાથે માણ, તો હું પણ તેને માણતો થઈ જઈશ. આવું અદ્‌ભુત સાધારણીકરણ, ઠાકુરજીએ શ્રીવલ્લભના વલ્લભીઓ સાથે કરીને, પ્રભુએ, પુષ્ટિભક્તિમાં એક અલૌકિક મિજાજનું પુષ્ટિજીવને પ્રદાન કર્યું છે.

સાધારણીકરણના આવા મખમલી ભાવના વિવિધ પહેલુઓને મૃદુલતાથી લડાવતા, આ વાર્તામાં શાહુકારને, શ્રીગુસાંઈજી અમૂલખ સલાહ આપે છે, જે પ્રત્યેક પુષ્ટિમાર્ગીય માટે અતિ ઉપયોગી છે. આ સલાહ

આપતી વખતે પ્રભુચરણે સાધારણીકરણના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ ચારેય પહેલુઓને બહુ જ લાડથી લડાવ્યા છે અને સચોટતાથી કહ્યાં છે.

(a) સાધારણીકરણ = અલ્પબુદ્ધિ + involvement :- આપણે ત્યાં સેવા બાલભાવની છે. એનું કારણ એ છે કે બાલક અલ્પબુદ્ધિ લગાવે છે. તેથી એ સાધારણીકરણ તુરત કરી શકે છે. આ રહસ્યને અભિવ્યક્ત કરતાં શ્રીગુસાંઈજી પણ શાહુકારને એક લાલજીનું સ્વરૂપ પધરાવે છે. વાર્તા કહે છે; "तब श्रीगुसांईजी कृपा करि कै वा साहूकार कों एक लालजी कौ स्वरूप पधराय दिये ।" આવી રીતે અલ્પબુદ્ધિનું પ્રતિપાદન કરીને, શ્રીવિઠ્ઠલેશપ્રભુ, સાધારણીકરણના બીજા પહેલુ એવા involvementમાં શાહુકારને અભિનિવેશ કરાવતા વાર્તામાં આજ્ઞા કરે છે; "ता पाछें वा साहूकार सों श्रीगुसांईजी आप कहे, जो-तू इनकी सेवा मन लगाय कै (involvement) करियो । भावप्रीतिपूर्वक ।"

(b) પ્રમાણ :- પ્રમાણમાં "જીવનું સામર્થ્ય" સમાવિષ્ટ છે, તેથી જ સેવામાર્ગમાં જીવને પોતાના સામર્થ્યને અનુલક્ષીને, ઠાકુરજીનું લાલનપાલન કે ભરણપોષણ કેવી રીતે કરવું એનું શ્રીગુસાંઈજીએ ચિરસ્મરણીય પ્રમાણ, વાર્તામાં, આ વૈષ્ણવને આપ્યું છે; "जैसे तू अपने शरीर कौं सीत, उष्ण, भूख, दुःख, आदि सों जतन करत हैं ताही भांति इनकौ करियो । जो-कछू खान-पान करे सो इनकों समर्पि कै करियो ।" અર્થાત્ આપણને જે રુચે છે કે જેની આપણને આવશ્યકતા છે એની પ્રભુને પણ રુચિ અને આવશ્યકતા છે, એ માનવાથી પ્રમાણાત્મક

સાધારણીકરણ ઠાકુરજી સાથે થઈ જાય છે. ભગવદીય ગાય છે;

"सखियन रुचि रुचि सेज बनाई ।_ _ _
सीत समें ग्रीष्म ऋतु कीनी अति सुंदर बरराई ।"

મોડર્ન સાઈકોલોજીએ એવું સ્થાપિત કર્યું છે કે પતિ અને પત્ની કેવલ સ્નેહના કારણે સાથે નથી જીવી શકતાં પણ એકબીજાની આવશ્યકતા પૂરી કરી શકે છે, એટલે સાથે સુખથી જીવી શકે છે. આવશ્યકતાના કારણે સ્નેહ વિશેષ ઉદ્દીપન થાય છે. તેથી જ સાધારણીકરણના સિદ્ધાંતમાં આપણી આવશ્યકતા, એ પ્રભુની પણ આવશ્યકતા છે, એમ માનીને, આપણી આવશ્યકતાનો "આરોપ" આપણે પ્રભુમાં લગાડીએ છીએ, ત્યારે, પ્રભુ પણ કહે છે કે મને આ બધું બહુ જ આવશ્યક લાગે છે.

(c) પ્રમેય :- પુષ્ટિમાર્ગીય પ્રમેયને સમજાવતાં શ્રીવિઠ્ઠલેશપ્રભુ, શાહુકારને કહે છે કે; "इन कों तू साक्षात् करि कै जानियो ।" અર્થાત્ ઘરનો ઠાકુર એ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છે, એવી પ્રમેયાત્મક ભાવના આપણે સેવા વખતે કે અનોસરમાં ન કરીએ તો આપણી સેવા અલૌકિકતાના સ્તર સુધી પહોંચી શકતી જ નથી. પરંતુ મહાપ્રભુજીના સેવકોને એવું પ્રભુનું માહાત્મ્યજ્ઞાન છે કે ઠાકુરજી કેવલ મૂર્તિ સ્વરૂપ કે માનુષરૂપ નથી પણ ત્રિભુવનના રાજા છે. પરમાનંદદાસજી ગાય છે;

"आपुन हँसत हँसावत ग्वालन मानुस लीलारूप ।

परमानंद प्रभु हम सब जानत तुम त्रिभुवन के भूप ।।"

(d) સાધન :- વાર્તામાં શ્રીગુસાંઈજી, આ વૈષ્ણવને પુષ્ટિમાર્ગીય સાધનપ્રણાલિકા સમજાવતા કહે છે કે; "जो-कछू खान-पान करे सो इन कों समर्पि कै करियो । और श्रीठाकुरजी आप उत्तम वस्तु के भोक्ता हैं । ताते जगत में जो कछू उत्तम पदार्थ देखे तिनकों तू श्रीठाकुरजी की सेवा में विनियोग कराइयो । ता पाछें वाकों अपने कारज में लीजियो ।" ચતુર્ભુજદાસજી ગાય છે;

"तब कछु नीकी सोंज बनावत तब घर जिय अकुलात ।
अटक रहत तुम्हारे सुतपर इन बिन लियो न जात ।।"

ઠાકુરજી સાથે સાધારણીકરણ કરનારની આવી સરાહનીય અવસ્થા હોય છે.

(e) ફલ :- ફલદશા પ્રાપ્ત થતાં પહેલા પુષ્ટિજીવમાં ભાવની અભિવૃદ્ધિ થતી હોય છે. સ્ત્રી-પુરુષનો સંગ કરવાથી આ શાહુકાર વૈષ્ણવમાં વાર્તા કહે છે તેમ; "भगवद्‌भाव बढयो" અને તેની સાથે પ્રભુ જોડે સાધારણીકરણ કરવાની રીતિ પણ તેઓ સમજી જાય છે. આના ફલરૂપે આ શાહુકારને શું ઉપલબ્ધ થયું તે વાર્તા સમજાવે છે; "सो श्रीठाकुरजी थोरे ई दिन में वाकों सानुभावता जनावन लागे ।" એ સાનુભાવતામાં આ શાહુકાર ભગવદીયે સ્વરૂપાનંદનો કેવો આનંદ માણ્યો હશે !

"रूप देख नयना पलक लागें नहीं ।
गोवरधनधर के अंग अंग पर

दृष्टि परत चित्त रहत तहीं तहीं ।"

આ શાહુકાર વૈષ્ણવ કે અનેક વૈષ્ણવોની વાર્તામાંથી એવો ચિરસ્મરણીય સાર ઉભરી આવે છે કે પ્રભુમાં અલ્પબુદ્ધિ રાખ્યા છતાંય, ઠાકુરજીનું માહાત્મ્યજ્ઞાન પુષ્ટિજીવે વિસરવું ન જોઈએ અને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન અધિગ્રહણ કર્યા છતાંય, વૈષ્ણવે ઘરના ઠાકુરજી સંબંધી સાધારણીકરણમાં અલ્પબુદ્ધિને છોડવી ન જોઈએ. પરમાનંદદાસજીના હવે લખેલા એક કીર્તનના બે પહેલુ સમજવાથી આ paradox કે આપાતતા લાગતો વિરોધાભાસ સમજાઈ જશે. ભક્ત અને ભગવાનની અલ્પબુદ્ધિને અભિવ્યક્ત કરતાં આ ભગવદીય ગાય છે;

"कर पर पात भात ता ऊपर व्यंजन धर राखे ।
बालकेलि सुंदर व्रजनायक ग्वालिन देत आपही चाखे ॥"

તેમ જ ઠાકુરજીના માહાત્મ્યજ્ઞાનને વિલસાવતા પદ આગળ કહે છે;

"कहा वैभव वैकुंठलोकको भवन चतुर्दशकी ठकुराई ।
शिवविरंचि नारदपद वंदित उपनिषद् कीरति गाई ॥
यह पुरुष लीला अवतारी आदि मध्य अवसान एकरस ।
परमानंदप्रभु बालविनोदी गोकुलमंडन भक्त प्रेमवश ॥"

સાધારણીકરણના આવા અસાધારણ ભાવમાં વિભોર થઈને, જ્યારે કોઈ ભાગ્યશાળી પુષ્ટિજીવને એવો "ઉગ્ર"ભાવ આવી જાય કે મારો ઠાકુર "ખાસ મારા માટે" સ્વધામ છોડીને, મારે ઘેર, મારી સેવા લેવા પધાર્યો છે; ત્યારે_ _ _ ત્યારે _ _ _ પ્રભુની

સ્વરૂપાસક્તિમાં લોભામણો બનેલ આવો બડભાગી ભક્ત, ઘેલામણો બનીને, પોતાના કોડામણા ઠાકુરને સોહામણા ભાવથી લડામણા લાડ લડાવ્યા સિવાય બીજું શું કરી શકવાનો ?

******

(૨૦) પુષ્ટિભક્તિની ષોડશકલાઓ

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૩૩-गोविंददास खवास

"રીઝે રાબડી થકી ગરીબ લોક રે
ભોગીને નવ ભાવે રે
અમો રાજનાં ખાસા ખવાસ રે
મુક્તિ મન ન આવે રે."

એક સમયના "ગરીબ લોક"ની જેમ રાબડીથી રીઝાઈ જનાર ગોવિંદદાસ, રાગ રંગનો ઈશ્ક લાગવાથી સંસારમાં વિષયતાવાળી રંગીન તબિયતવાળા બની જાય છે અને નૃત્ય તથા ગાન કલામાં પ્રવીણતા પ્રાપ્ત કરે છે. એમની આવી રંગીલી તબિયતને "સાધન" બનાવીને, શ્રીવિઠ્ઠલેશપ્રભુ, કૃપા કરીને, પોતાના જનગોવિંદને શ્રીનવનીતપ્રિયજી સન્મુખ જ્યારે નૃત્ય કરવાની આજ્ઞા કરે છે, ત્યારે ગોવિંદદાસનો વિષયતાની "રાબડી"નો ક્ષુલ્લક સ્વાદ તે વખતે જ વિલુપ્ત થઈ જાય છે અને એમનામાં પુષ્ટિભક્તિમાર્ગીય સંબંધી "ભોગીને નવ ભાવે" એવા સમર્પણભાવનાં ચિન્હો અંગડાઈ લઈ રહ્યા છે. શ્રીનવનીતપ્રિયજી પણ, ગોવિંદદાસની અંકુરિત થયેલી ભોગ્યભાવની ભાવનાને વિશેષ પલ્લવીત કરવા માટે એમના નૃત્યને તબિયતભરી ગુલાબી મસ્તીથી નિરખી રહ્યા છે અને સ્વલોચનકમલમાંથી સરતી અમૃતધારાથી જનગોવિંદને રસમત્ત કરી રહ્યા છે. એની ફલશ્રુતિરૂપ વાર્તા કહે છે તેમ; "सो नृत्य करत करत गोविंददास रस में तदाकार होंइ गए ।" અર્થાત્ "ભોગી" બનેલા શ્રીનવનીતપ્રિયજી, ગોવિંદદાસને

ભોક્તૃભાવથી નિરખે છે, તો એના પ્રતિસાદ રૂપે દાસગોવિંદમાં ભોગ્ય એવા સમર્પણના ભાવની આકૃતિ પ્રકટ થઈ જાય છે. આ સ્થિતિને વાર્તા "रस में तदाकार होंइ गए" કહે છે. એ સમયે શ્રીનવનીતપ્રિયજીએ આપેલ લાવણ્યમય અલૌકિક દર્શનથી ગોવિંદદાસ "दरसन होत ही मूर्च्छित व्है गए ।" મૂર્ચ્છિત થયેલા ગોવિંદદાસને assurance કે ખાત્રી આપતા હોય તેમ ડિમડિમ ઘોષ કરીને અથવા તો "ટેરિ"ને શ્રીગુસાંઈજી એમને આજ્ઞા કરે છે કે આવાં દર્શન તમને શ્રીઠાકુરજી નિરંતર આપશે. વાર્તા કહે છે; "तब श्रीगुसांईजी गोविंद्दास कों टेरि कै कहे, जो गोविंद्दास ! उठो तुम कों नवनीतप्रियजी के सदैव ऐसें ही दरसन होइंगे ।" ભોગ્યભાવના દાન પછી ગોવિંદદાસજી "અમે તો ખાસાના ખવાસ" ત્યારે બને છે, જ્યારે શ્રીગુસાંઈજી એમને પોતાના ખવાસ બનાવે છે.

ગોવિંદદાસ, શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે; "मौंको कृपा करि सरन लीजिए । सदैव आप के चरन में राखिए ।" ગોવિંદદાસની આવી વિનંતી ભીતર અભિરમતા એમના સુકોમલ ભાવની ઝાંખી એમના જ રચેલા પદમાં કરવા જેવી છે;

"दैवीजन जीवन श्रीवल्लभपदरज धन
श्रीविठ्ठल करुणा तैं रास हुं गोविंद्जन ।"

શ્રીવિઠ્ઠલેશપ્રભુ જ્યારે ગોવિંદદાસને ચર્વિત તાંબુલ આપે છે, ત્યારે; "ता पाछें चर्वित तांबुल दिये । सो लेत ही गोविंद्दास कों श्रीआचार्यजी, श्रीगुसांईजी, के स्वरूप को ज्ञान भयो । तब गोविंद्दास श्रीआचार्यजी के पद करन

लागे । सो सुनि कै श्रीगुसांईजी बहोत प्रसन्न भए ।” શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થયા પછી, સર્વોત્તમજીના અષ્ટોત્તરશતનામ પર ગોવિંદદાસજીએ ૧૦૮ પદો રચ્યાં છે. ગોવિંદદાસજીનાં પદોની વિલક્ષણતા એ છે કે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યકાલમાં આપશ્રીએ અનુમોદિત કરેલી સર્વોત્તમજીની આ સૌથી પ્રથમ ટીકા છે અને તેથી સંપૂર્ણ રીતે પ્રમાણિત છે. એના કારણે આ લેખમાં મેં પણ ગોવિંદદાસજીના પદોમાંથી કેટલીક પંક્તિઓ ચુનીને આ ભગવદીયના ભાવની વિશાળતાને માણવાનો યથામતિ પ્રયાસ કર્યો છે.

જ્યારથી શ્રીગુસાંઈજીએ ગોવિંદદાસને પોતાનું ચર્વિત તાંબૂલ આપ્યું છે, ત્યારથી, આ ભગવદીયને "श्रीगुसांईजी को स्वरूपज्ञान भयो ।" અર્થાત્ કઈ સેવા કરતી વખતે શ્રીપ્રભુચરણનાં હૃદયમાં કયા પ્રકારના સુકોમલ તરંગો ઉમટી રહ્યા છે અને આપ પ્રત્યેક સેવામાં કેવા ભાવાન્વિત થઈ જાય છે, એનો સતત અનુભવ ગોવિંદદાસ કરી રહ્યા હોય છે. તેથી જ નિત્ય સિંગાર કરતી વખતે શ્રીવિઠ્ઠલેશપ્રભુએ ગોવિંદદાસને નવનીતપ્રિયજી સન્મુખ નૃત્ય કરવાની આજ્ઞા કરી છે. સિંગાર સમયે શ્રીગુસાંઈજીના હૃદયની બીન જે ભાવની સ્વરાવલી અભિવ્યક્ત કરી રહી છે, તે જ ભાવને અનુલક્ષીને, જનગોવિંદ, પોતાના નૃત્યમાં ઘૂંઘરુથી તાલ આપે છે અને તદ્નુકૂલ ભાવનો રસાભિનય કરે છે, પોતાના સ્વતંત્ર ભાવનો નહિ. એ વખતે પ્રભુ અને પ્રભુચરણ વચ્ચેની પ્રીત તથા આપલે થતી મંજુલ

મુસકાનને પર કયા આનંદથી ગોવિંદદાસ માણી રહ્યા છે, અને વારી જાય છે તેનું આસ્વાદન આપણે પણ કરી લઈએ;

"दोउजन की प्रीति कछु काहू पें न कही जात
उत नंदनंदन इत वल्लभवर कें ।
कर कें शृंगार आज लाडिले गोपाल जूके
लेत हें वलाय वारवार दोउ कर कें ।
वेउ मुसिकात जात फूले न समात गात
कहें हरिदास में निहारे दृग भरकें ।"

શ્રીગુસાંઈજીના સિંગારની એક વિશેષતા એવી છે કે આપ શ્રીઠાકુરજીને થોડા સા ટેઢા સિંગાર ધરવાનો આનંદ માણે છે. એને અનુલક્ષીને ગોવિંદદાસજી પણ નૃત્ય વેળા હલકીસી ટેઢી ચાલ, નાજુકડી ટેઢી ભંગીઓથી શ્રીગુસાંઈજીના ભાવને પેશ કરી રહ્યા છે અને શ્રીવિઠ્ઠલેશપ્રભુએ, પ્રભુને ધરાવેલ પીતાંબર, કુલ્હે, મૃગજ, વિવિધભાંત ભૂષણ આદિને રસાભિનય દ્વારા અને હસ્તમુદ્રાઓથી અભિવ્યક્ત કરી રહ્યા છે. આ માહોલમાં શ્રીગુસાંઈજીની સિંગાર સમયની સુમૃદુલ ક્રિયાઓ, શ્રીવિઠ્ઠલેશપ્રભુના અંતરનું એ વખતનું ભાવલાલીત્ય, ગોવિંદદાસની સુરમ્ય હસ્તમુદ્રાઓ, સુકોમલ નયનમુદ્રાઓ, સોહામણી મુખમુદ્રાઓ કે ઘૂંઘરુનો નમણો ઝણકાર અને એ જ વેળા પ્રકટ થતો ઠાકુરજીના અંતરનો મુલાયમ પ્રતિસાદ, આ સર્વે એકરસ થઈને એક "શુદ્ધાદ્વૈત રસ" રૂપે ત્યાં અનોખી અદાથી પ્રકટ થઈ ગયા છે. આ બધાયનું પાન "સાકારબ્રહ્મ" લાવણ્યમૂર્તિ શ્રીનવનીતપ્રિયજી આનંદથી તુંદિલિત થઈને

કરી રહ્યાં છે. શ્રીગુસાંઈજીની શૃંગારની સેવાનો આનંદ માણતા ખિલખિલાટ કરતા શ્રીનવનીતપ્રિયજીને નિરખતા અને હરખતા હરખતા ગોવિંદદાસનું અંતર પણ નર્તન કરતા જાણે ગાઈ રહ્યું છે કે; "भोग शृंगार यशोदामैया श्रीविठ्ठलनाथ के हाथ को भावें ।"

વાર્તા કહે છે; "सो एक समै श्रीराधाष्टमी के दिन राजभोग तें पहोंचि कै श्रीगुसांईजी सगरे बालकन सहित रावल पधारे । इहां श्रीसोभा बेटीजीने श्रीनवनीतप्रियजी कों उत्थापन की झारी भरी । पाछें भोग समै गोविंददास नृत्य श्रीनवनीतप्रियजी के आगें करन लागे ।" એ વખતે ગવાતા કીર્તનની માધુરીભરી સ્વરાવલીઓમાંથી સરતા શબ્દોને તાલ આપવા નૃત્યના "બોલ" સંભળાય છે ? તત થેઈ તત થેઈ તત તા થેઈ થેઈ.

"आज परम परमानंद बेला ।
श्रीवृषभानु भूप के द्वारें, भर्‍यो अनुपम मेला ॥
भादों शुक्ल अष्टमी नीकी, कुंवरि जनम सुखदाई ।
मूरतिवंत महा श्री मंडित, नाचत मनहु बधाई ॥"

ભાવ અને નૃત્યની મંજુલ નજાકતતા પેશ કરતા ગોવિંદદાસજી રસમાં વિભોર થઈ જાય છે. વાર્તા કહે છે; "रस में तदाकार भए । सो एक पग के घूंघरूं तूट्यो । तब श्रीनवनीतप्रियजी ने अपने चरन के नूपुर गोविंददास कों पहिराये । सोऊ सुधि गोविंददास कों कछू नाहीं ।" આનું રહસ્ય એ છે કે ઠાકુરજી પણ રસમાં એટલા "तदाकार" થઈ ગયા છે કે ગોવિંદદાસજીના નૃત્યમાં, ઘૂંઘરૂ તૂટવાને કારણે, લેશમાત્ર પણ વિક્ષેપ પડે તો रसो वै सः ઠાકુરજીને અસહ્ય રસાભાસ થઈ જાય. તેથી

શ્રીનવનીતપ્રિયજી, પોતાના નૂપુરને, શ્રીહસ્તથી, નૃત્ય કરતા ગોવિંદદાસના ચરણમાં એક વિજળીથી પણ અત્યધિક વેગની અદાથી પહેરાવી દે છે, જેથી ગોવિંદદાસજીનું નૃત્ય અવિરત નર્તન કરતું રહે છે. અથવા તો ગોવિંદદાસના નૃત્યમાં રસતદાકાર થયેલા કલાનિધિ નૃત્ય શિરોમણી શ્રીનવનીતપ્રિયજીનું અંતર પણ ઉદ્દીપન થઈને ગોવિંદદાસના નૃત્યને નૃત્યથી સંગ આપવાની મંજુલ મનીષાથી, ઠાકુરજી, ગોવિંદદાસના ચરણનું એક ઘૂંઘરૂ તોડાવીને ત્યાં પોતાનું નૂપુર બાંધે છે. આ પ્રસંગનો રસીલો વિરુદ્ધધર્માશ્રય એવો છે કે નૃત્ય માટે રસોદ્દીપન પામેલા શ્રીનવનીતપ્રિયજી, ગોવિંદદાસજીના નૃત્યનો આસ્વાદ છોડવા માંગતા નથી અને તેથી એમની સંગ પ્રભુ નૃત્ય કરતા નથી. પરંતુ ગોવિંદદાસજીના ચરણમાં પોતાનું સ્વરૂપાત્મક નૂપુર બાંધીને, ઠાકુરજી, ગોવિંદદાસજીના નૃત્યમાં જ પોતે નૃત્ય કરી રહ્યા હોય તેવો આનંદ પણ માણી રહ્યા છે. એ આનંદ કેવો હશે ?

"निर्तत रास मंडल मधि रंग रह्यौ फिरत
बांह जोटी गोपिन मिल कान्ह ।
पौंइन नूपुर बजावै हस्तक भेद बतावै
गिडगिड ता थेई ताथेई ता थेई
लेत उरप तिरप मान ॥"

શ્રીનવનીતપ્રિયજીએ ગોવિંદદાસજીને પહેરાવેલ એ સ્વરૂપાત્મક નૂપુરનો નાદ, જાણે, એક અકલ્પિત દિવ્ય મૃદુલ રણકારથી, વ્રજભક્તોને નોતરવા હળવાશથી ગર્જિત થઈ રહ્યો છે. તેથી જ, એ નાદને પોતાની

પાલખીમાં બેસાડીને, ગોકુલમાં એ વખતે વહેતો સમીર, એને વ્રજભક્તોના કર્ણ સુધી પહોંચાડે છે. આ આહ્લાદભર્યા નાદલાલિત્યના શ્રવણથી વ્રજની ગોપાંગનાઓનો તાપ નિવૃત્ત થઈ જાય છે અને એ નાદ એમને ગોકુલમાં શ્રીગુસાંઈજીના ગૃહ તરફ શ્રીનવનીતપ્રિયજી પાસે અભિસરણ કરવા પ્રેરિત કરી રહ્યો છે. આ સલૂણી લીલાને ચિત્રિત કરતા વલ્લભદાસજી ગાય છે;

"नूपुर नाद मधुर सुर गर्जनि, सुनत गये भजि ताप ।
----आई भक्ति भाव भरि सगरी, गोप वधू मिलि सोहे ॥"

રાવલથી પાછા ગોકુલ પધારેલા શ્રીગુસાંઈજી, શ્રીનવનીતપ્રિયજીના સેવાના ખંડમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે, ગોવિંદદાસના નૃત્યમાં મશગુલ થઈ ગયેલા શ્રીનવનીતપ્રિયજી, પ્રભુચરણને ઈશારો કરે છે કે "तुम बोलो मति ." વાસ્તવમાં તો "गीतसंगीतसागरः" શ્રીવિઠ્ઠલેશની કૃપાથી તો ગોવિંદદાસ ખવાસ, ઠાકુરજીને વિમગ્ન કરી દે તેવું અલૌકિક સૌંદર્યભર્યું નૃત્ય પેશ કરી રહ્યા છે, ત્યારે પ્રભુ, પ્રભુચરણને એમ કેમ કહેતા હશે કે "तुम बोलो मति !" અહીં એમ લાગે છે કે, એ વખતે, ગોવિંદદાસજી, શ્રીગુસાંઈજીના અપરિમિત ગુણગાન કરતા અનેક લાસ્યભાવની તરંગાવલીઓ નૃત્યમાં પેશ કરી રહ્યા છે અને તેથી જ શ્રીવિઠ્ઠલેશના ગુણગાન સાંભળતાં સાંભળતાં "આફીન" થઈ ગયેલા ઠાકુરજી, ગુસાંઈજીને ઈશારો કરી રહ્યા છે કે આપ ગોવિંદદાસની રસધારા વહેતી રહેવા દો. આપના ગુણગાન સાંભળવામાં હું પરમાનંદનો આહ્લાદ માણી

રહ્યો છું. ગોવિંદદાસના પદ દ્વારા જ શ્રીગુસાંઈજીના ગુણસાગરની લહેરોનો આનંદ આપણે પણ અનુભવી લઈએ;

"कलि में सुनत सब बतियां
तातै भरि आवत मेरी छतियां ।
श्रीबिठ्ठल पदरज "गोविंद"को दीनों
प्रमेयबल यह सब मतियां ॥"

આવી રીતે "નૃત્યાવલી"માં અભિવ્યક્ત થતી મધુરાવલી જ્યારે થંભી જાય છે, ત્યારે, વાર્તા કહે છે તેમ "पाछे अर्द्धरात्रि समै नृत्य रह्यो ।"

વાર્તા કહે છે; "गोविंददास सदा प्रेम तें रसमत्त भरे रहते." એટલે ? ભક્ત ભગવત્પ્રેમરસમત્ત ત્યારે બને જ્યારે ભક્તના અંગે અંગમાં ઠાકુરજી માટેની ભક્તિ પ્રસરાઈ જાય છે, જેના કારણે એમના આંખ, કાન, આદિ પ્રભુનાં દર્શન, સ્પર્શન, સેવાદિ માટે સર્વે ઈન્દ્રિયો પ્રભુની અતિ તીવ્રતાથી ચાહના કરે છે અને અતૃપ્તિથી પ્રભુના અનુભાવનો અનુભવ કરે છે. જેમ કે એ ભક્તનાં નેત્ર એટલી પ્યાસથી ઠાકુરજીના દર્શન કરવા ચાહતા હોય છે કે એવા પ્યાસાં લોચનો "નેત્રરસ" બની જાય છે. અથવા ઠાકુરજીના ગુણગાન સાંભળવાની અતિ તીવ્રતામાં એમની શ્રવણેન્દ્રિય "કાનરસ" બની જાય છે. ગોવિંદદાસની આવી સર્વેન્દ્રિયની રસમત્તતાનાં દિવ્ય દર્શનની ઝાંખી ભગવદીયના પદમાં કરી લઈએ; "आंखरस कानरस बातरस सबरस नंदनंदन पे पैये ।"

ગોવિંદદાસ ખવાસને આવી અવસ્થા ઉપલબ્ધ

થાય છે એનુ કારણ છે, શ્રીગુસાંઈજીએ નિતાંત કૃપા કરીને એમને ચખાવેલું પોતાનું ચર્વિત તાંબૂલ. આના કારણે આ "બડે ભગવદીય" અનુપમ એવી પુષ્ટિભક્તિની સોળ કલાઓના વૈભવથી સમૃદ્ધિવાન બની ગયા છે. આ સોળ કલાઓ છે; નવધાભક્તિ, દસમી પ્રેમલક્ષણા, નિ:સાધનતા, દીનતા, પ્રભુનું બાહ્યભજન, પ્રભુનું આંતર ભજન, નિર્ગુણભાવ અને શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના ચરણકમલનો દૃઢાશ્રય. ગોવિંદદાસજીના આવા સોળ કલાકલાપમાંથી આવિષ્કૃત થતી કલાની થોડીસી ઝાંખી આપણે પણ અહીં એમનાં જ પદનાં માધ્યમથી કરી લઈએ.

નવધા ભક્તિ :- નવધા ભક્તિમાં શ્રવણ અને સ્મરણભક્તિનો લડાવીને આનંદ માણતા ગોવિંદદાસજી ગાય છે;

"महिमा स्रवन सुनत कुमुदिनी से फूले भक्त समाज ।
अब उद्धार विषयिनी चिंता गइ सबनि की भाज ॥
जयजयकार भयौ त्रिभुवन में रहे भुवन सब गाज ।
सुमिरन तें आनंद होत है "गोविंद"जन सिरताज ॥"

અહીં ગોવિંદદાસજી એમ સમજાવે છે કે "શ્રવણ અને સ્મરણભક્તિ" વખતે પણ પુષ્ટિજીવને આનંદ આવવો જોઈએ. તો જ આવી ભક્તિ ફલાત્મક બને છે. વાસ્તવમાં તો આનંદથી કરેલી ષોડશ કલાત્મક ભક્તિ જ ભક્તની ફલદશામાં પર્યવસિત થાય છે. એક સ્વરૂપમાં અનન્યભાવ કેળવીને "વંદનભક્તિ"ને સમજાવતાં ગોવિંદદાસજી ગાય છે;

"मेरौ सर्वस्व सुभग मूरति बिनु कहुं न सीस नवाउँ ।
सर्वस्व लैहों समर्पन करि कै तिहारे सरन हौं जाउँ ॥"

આવા "શુદ્ધપ્રેમી"ભક્ત ગોવિંદદાસના ભગવત્સ્નેહના મર્મને ખરેખર માણવા જેવું છે;

"उर अंतर की विरह वेदना जात न काहु कही ॥
प्रीति की रीति अनित्य जानत जे तिनसों न जात कही
खानपान सुख बिसरी गयो विरहानल दे दही ॥
अति दुर्लभ आयु की घटिका जात है सब बही ।
यह जिय जानि समर्प्यो सर्वसु तब "गोविंद" निबही ॥"

નિ:સાધનતા અને દીનતા :- કેવલ બે જ લીટીમાં ગોવિંદદાસ ખવાસે "નિ:સાધનતા" અને "દીનતા"ને કેવા સૌંદર્યથી આવરી લીધા છે, એના પણ અદ્‌ભુત દર્શન કરી લઈએ;

"हौं सब साधन हीन सब कलाप्रवीन
रंक जानि मोहि कछु कृपा कीजै ।"

કોઈપણ સાધનથી પુષ્ટિજીવ જો ઠાકુરજીના એક કલાલાલિત્યને માણી શકતો નથી, તો "कलानिधि" પ્રભુની અનંતકલાઓને માણવા ને કાજ, પુષ્ટિજીવ પાસે નિ:સાધનતા જેવું કોઈ ઉત્તમ સાધન નથી અને દીનતા જેવી પુષ્પના પરિમલથી પણ સુકોમલ એવી માધુરીભરી મૃદુલતા નથી.

બાહ્ય અને આંતરભજન :- ગોવિંદદાસજીની ખૂબસુરતી એ છે કે થોડાશા શબ્દોમાં જ એ ભક્તિના મર્મને કહી દે છે, તેમ અહીં પણ કેવલ ત્રણ લીટીમાં જ આ ભગવદીય "બાહ્યભજન" "આંતરભજન" અને

"દાસ્યભાવ"ને અતિ સોહામણી સુખદતાથી સેવી રહ્યાં છે;

"हरि सेवा हरिकथा छांडिके अनत कहूं नहिं जाऊँ ।
निसिदिन गुणगान करौं नैननि ह्वै सिराऊँ ।
"गोविंद" जन इतनौ चाहत तिहारौ दास कहाऊँ ॥

"निसिदिन गुणगान करौं नैननि" કહીને જનગોવિંદ આપણને નિર્દેશ કરી રહ્યા છે કે એ નિત્ય ફલાત્મક ગુણગાન કરી રહ્યા છે. અર્થાત્ જનગોવિંદના ગુણગાનમાંથી ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમ નિરંતર પ્રકટ થઈને એમના નેત્રને અવિરત સુખ આપી રહ્યા છે.

નિર્ગુણભાવ :- "નિર્ગુણભાવ"નું સ્વરૂપ છે; "माहात्म्य ज्ञान पूर्वस्तु सर्वतोधिक सुदृढस्नेहो भक्तिः ." ગોવિંદદાસનું નિર્ગુણભાવાત્મક ભજન કેવલ ઠાકુરજી સુધી સીમિત નથી. પરંતુ ભગવદીયોનો પણ મહિમા ગાઈને ખવાસ ગોવિંદદાસ, અતિસ્નેહથી ભક્તિના દાસાનુદાસભાવમાં અભિરમણ કરતા હોય છે. તેથી જ ભગવદીયના મહિમામૃતનું પાન કરીને ભગવદીય જે પથથી આવી રહ્યા છે, એ માર્ગને પોતાના નેત્રની પાંપણથી સવારવા, એ કેટલા ઉત્સુક છે એની ઝાંખી તો એમના પદમાં જ થઈ જાય છે;

"जिन महिमामृत पान कियौ सब साधन तजि
सरनागत ह्वै तिनकौ पलकनि मग झारो ।"

શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના ચરણકમલનો દૃઢાશ્રય :- અશરણના શરણ એવા આચાર્યચરણ અને પ્રભુચરણના નિતાંત સુભગકરણ આશ્રયના અપરિમિત પ્રતાપને

ગોવિંદદાસ કેવલ પોતાની બે જ પદ પંક્તિમાં અભિવ્યક્ત કરી રહ્યા છે. એ જ દર્શાવે છે કે એમના હૃદયમાં દૃઢાશ્રયનું એક અનોખું "ઘનીભૂત" સ્વરૂપ બિરાજી રહ્યું છે. ગોવિંદદાસ ખવાસ ગાય છે;

"श्रीवल्लभ पदरज महिमा बिनु जानै भवसिंधु में जात बह्यौ ।
श्रीविठ्ठल पदरज धन "गोविंद" एहि उपाय कह्यौ ।"

******

(૨૧) દયારામભાઈ ગાય છે;
શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું
૮૪ વૈષ્ણવ વાર્તા : ૫૧ - જીવનદાસ ક્ષત્રી

"जो पैं श्रीवल्लभ चरण गहे ।_ _ _ _
जन्म जन्म के कोटि पातक,
छिन हीं मांझ दहे ।
साधन कर साधो जिन कोउ
सब सुख सुगम लहे ॥
कोटि कोटि अपराध क्षमा कर,
सदा नेह निबहे ।
अब संदेह करो जिन कोऊ
करुणा सिंधु लहे ॥
अब लो बिन सेवे श्रीवल्लभ
भव दुःख बहुत सहे ।
रसिक महानिधि पाय ओर फल
मनवच कर्म न चहे ॥"

સૃષ્ટિના સર્વ જીવોના અંતરમાં, સ્નેહના સ્રોત એવા પરમાત્મા બિરાજતા હોવાથી, પ્રત્યેક જીવ આનંદને શોધતો હોય છે. પુષ્ટિભક્તોની આવી શોધ પ્રભુમાં હોવાથી, એમને ભજનાનંદ ઉપલબ્ધ થવા માટે સંપૂર્ણ અવકાશ રહે છે. મર્યાદાવાળા જીવોની અભિરુચિ વેદમાં હોવાથી એને મોક્ષાનંદ મળે છે. પરંતુ સંસારની વિષયતામાં આનંદને ખોળનાર પ્રવાહીજીવોને વાસ્તવમાં વિષયાનંદ નથી મળતો, પણ એને આનંદનો આભાસ મળે છે. આવી જ કોઈ વિષયતાની લગનીની લગનમાં

જીવનદાસ, શરણે આવતા પહેલાં સંસારની વિષયતામાં ભમી રહ્યા છે. વાર્તા કહે છે; "जीवनदास कों राग रंग को इस्क बहोत, सो जो-कछू कमाय सो वेश्या भवैया कों दे नाच देखे ।" રાગ રંગની મસ્તી માણતા જીવનદાસનું જીવન આમ વ્યર્થતામાં વ્યતીત થઈ રહ્યું છે અને આવી "મદમસ્ત" દશામાં એમને ઠોકર વાગે છે ત્યારે, વાર્તા કહે છે તેમ, જીવનદાસને "तब वह बजाज ने बंदीखाने दिये । सो तीन दिन बीते, अन्न जल बिना ।" પ્રભુકૃપાથી, જેલના ઝંઝાવાતમાં અટવાયેલા જીવનદાસને વિષયવાસનાની સ્વપ્નાવસ્થામાંથી હવે જાગૃતિ આવી જાય છે ત્યારે એ બજાજને કહે છે; "तुम मोकों यमुना स्नान करावो । काहें तें, हमारे गाम में श्रीवल्लभाचार्यजी के सेवक सब वैष्णव आपुस में बात करत हते, जो - श्रीयमुनाजी में नाहेतें, पान किये तें, सगरो दुःख जात हैं । नौतन देह होत हैं ।"

જીવનમાં જાગૃતિની આવી પળો, વિષયવાસનામાં ભટકતા કેટલાક જીવોને આવે છે. પરંતુ એમના માટે, એ વખતે, પશ્ચાત્તાપ સિવાય બીજો કોઈ અવકાશ રહેતો નથી. પરંતુ જીવનદાસ તો દૈવીજીવ છે. તેથી પ્રવાહમય જીવન જીવતા જીવનદાસને જયારે કેદખાનાની ઠોકર લાગે છે ત્યારે, લાગેલી ઠોકરથી ઉછળીને એ પડે છે, એ પડે છે, પણ શ્રીયમુનાજલમાં. આવા યમુના સ્નાનથી શું થાય છે તે પદ સમજાવે છે. "प्रातः ही नहात अघ जात ताके सकल ।" તેથી તનુનવત્વ કરાવનારા શ્રીયમુનાજીના જલમાંથી બહાર નીકળતાં જ જીવનદાસનો નવો જન્મ થયો હોય તેમ, એમની

રૂ.૧૧૦ પાછા આપે છે, ત્યારે, એક સમયના રાગરંગની રંગીન તબિયતવાળા જીવનદાસ હવે મહાપ્રભુજી પ્રત્યેના રાગથી અને દીનતાના રંગથી રંગાઈ ગયા હોય છે. આ પ્રસંગ વખતની એમની શ્રીમહાપ્રભુજી પ્રત્યેની દૈન્યભરી વાણી પ્રત્યેક વૈષ્ણવ માટે મનનીય અને આત્મસાત કરવા જેવી છે. વાર્તા કહે છે; "आप जो उपकार कियो है, सो रोम रोम सब आपके देन हार हैं । आप जहाँ बेचोगे तहाँ बिकेंगे । बिना मोल के गुलाम हैं । संसाररूप नर्क भोगत हैं । सो आप छुडाये ।" એ સમયની જીવનદાસજીની મનસ્થિતિનું દર્શન રસિકદાસજીની વાણીમાં કરવા જેવું છે.

"इतनी मांगत महाराज कर जोर कें
जैसो हुं तैसो कहाऊं तेरो ।
रसिक शिर कर धरो भव दुःख परिहरो
करो करुणा मोहि राखी नेरो ॥"

જીવનદાસ જેવી દૈન્યતાસભર આવી વિનંતી જો મારાથી અંતઃકરણપૂર્વક, શ્રીવલ્લભપ્રભુ સન્મુખ પ્રકટ થઈ જાય, તો, મારો તો બેડો જ પાર થઈ જાય. કેવા મૃદુલભાવની ન્યોચ્છાવરી જીવનદાસે, દાસજીવન બનીને, એમના પ્રાણજીવન શ્રીઆચાર્યજી પ્રત્યે, કોમલતાના દૈન્યરસમાં ભીંજાયેલા શબ્દોથી કરી છે ! શ્રીમહાપ્રભુજીએ જીવોના ઉદ્ધાર માટે ત્રણ ત્રણ વખત પૃથ્વી પરિક્મા કરીને, જે અપૂર્વ પરિશ્રમ લીધો છે, એનું ઋણ પુષ્ટિજીવ શું ચૂકવી શકશે ? જીવનદાસનો અહીં કહેવાનો આશય એ છે કે શ્રીવલ્લભના આવા ઋણાનુબંધમાંથી ઉઋણ થવાને બદલે, અશરણના શરણ શ્રીમદાચાર્યચરણના

સન્મુખ શ્રીમહાપ્રભુજી, એમનો અંગિકાર કરવા, એમના માટે ગોદ પસારીને ત્યાં બિરાજેલા હોય છે. એ પલથી, પંકમાંથી પંકજ થાય તેમ, જીવનદાસનું વિષયીજીવન, વિષયતાને છોડીને પુષ્ટિભક્તિના આંગનમાં પ્રવેશી જાય છે.

"तब कुबेर सुत को गति दीनी
अब विषयिन कों गति दीनी हो ।"

જીવનદાસે બજાજને કહ્યું કે યમુનાસ્નાનથી દુઃખ જાય છે અને નૌતન દેહ પ્રાપ્ત થાય છે. આમ શ્રીયમુનાજીની કૃપાથી એમનાં દુઃખ તો નિવૃત્ત થઈ જાય છે પરંતુ એમને નૂતન દેહ પ્રાપ્ત થાય તેના માટે, શ્રીવલ્લભપ્રભુ, જીવનદાસને પુનઃ યમુના સ્નાન કરાવી નામ નિવેદન આપે છે, ત્યારે, વાર્તા કહે છે તેમ જીવનદાસની "देह उत्तम होई गई ।" એ વખતે જીવનદાસના મનમાં અભિરમતા શ્રીમહાપ્રભુજી માટેના સુકોમલ ભાવનાં દર્શન ગોવિંદદાસજીના પદમાં કરી લઈએ;

"श्रीवल्लभ बिना तीनहु लोक में
गोविंद नहिं सुने और कोउ भये त्राता ॥"

શ્રીમદાચાર્યચરણ એવા "ત્રાતા" છે કે, પોતાના દૈવીજીવોનું દુઃખ આપ ક્ષણ માટે પણ સહી શકતાં નથી, તેથી આપ વૈષ્ણવોને જીવનદાસ માટે કહે છે કે; "वेगे वाको छुडाय के लाव ।" પોતાને બંદીખાનામાંથી છોડાવવા માટે રૂ.૧૦૦ આચાર્યચરણે ભરપાઈ કર્યા છે. ગુરુનું આવું ઋણ ચુકવવા જીવનદાસ, આચાર્યજીને

આવા અદ્વિતીય ઋણના બંધનમાં સદા નિબદ્ધ થઈને, "विना मोल को चेरो" બનીને, આપણે પુષ્ટિજીવન જીવી શકીએ, એમાં તો વૈષ્ણવની સમ્યક્ પુષ્ટિઅસ્મિતાનું સાર્થક્ય સિદ્ધ થઈ જાય છે.

વાસ્તવમાં તો જીવનદાસને આવા સુમૃદુલ દૈન્યનું દાન કરનાર દીનતાના મહાસાગર શ્રીવલ્લભપ્રભુ પોતે જ છે. "दैन्य वियोग ज प्रकटि उर भावात्मक प्रद्नेम ." સ્વયં આચાર્યચરણનું હૃદયાંગન, દૈન્યના પુષ્પોથી મકરંદયુક્ત છે. તેથી જ શ્રીમહાપ્રભુજી માટે હરિરાયજી આજ્ઞા કરે છે કે "दीनतामात्र संतुष्ट दीनता मार्ग बोधक दीनता पूर्णहृदय ." આવા દીનજનોના શિરતાજ શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીની કારિકામાં સ્વયં આજ્ઞા કરે છે;

"न हि साधनसम्पत्या हरिस्तुष्यति कर्हिचित् ।
भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥"

તેથી જ ગોવિંદદાસજી શ્રીવલ્લભને દીનતાથી વિનવે છે કે; "गोद पसार मांगत गोर्विदजन चरनकमल रज पाऊँ ।"

"जो श्रीवल्लभ रूप न जान्यो ।
तो जननी उदर आइ कह कीनो
जन्म अकारथ मान्यो ॥"

અથવા તો

"जीन नहि जाने श्रीहरि मुख मूरति
तिन वृथा जनम गवाँए ।"

હરિના આસ્ય એવા શ્રીકૃષ્ણાસ્ય માટે જીવનદાસે

શું જાણ્યું અને શું માણ્યું ? આચાર્યચરણ માટે આ ભક્તએ શું જાણ્યું અને એ માણ્યું કે મહાપ્રભુજીએ જીવનદાસને કેવલ સંસારના સુખદુ:ખથી મુક્ત નથી કર્યાં, પણ એમના પર એવી અસીમ કૃપા કરી કે, ઠાકુરજી, જીવનદાસને સાનુભાવ કરાવતા થઈ જાય છે. એક વખતના અસમર્થ એવા જીવનદાસને સામર્થ્યનું દાન કરતા આચાર્યજી એમને વરદાન આપે છે કે; "और जो तुम मनमें धारोगे सो मनोरथ तिहारे सगरे पूरण होइगे ।" જીવનદાસે કોઈ મનોરથ ક્યારેય પોતાના સ્વસુખ માટે નથી કર્યો, પણ ઠાકુરજીને અને પ્રભુના વૈષ્ણવોને રસોઈમાં વિલંબ ન થાય, એના માટે જીવનદાસ મેઘ ને ન વરસવા માટે શ્રીવલ્લભની આન આપે છે. આચાર્યજી એમને પૂછે છે કે; "जीवनदास तू मेरी आन दिवायो हतो और मेह बरसतो तो तू कहा करतो ? तब जीवनदासने कही महाराज ! ऊह कौन हे, जो - आपकी आन दिवाए पाछे बरसे ? ईन्द्र सहित धरती पर डारि देऊ । आप के प्रताप तें ।" જીવનદાસનો જે આચાર્યચરણના ચરણકમલ પર દૃઢ વિશ્વાસ છે, એની ખુમારીના અંતર્ગત રહેલા વીરરસના આવેશમાં આ ભગવદીય શ્રીવલ્લભપ્રભુને આમ કહી રહ્યા છે. આવા જીવનદાસના અંતરમાં શ્રીમહાપ્રભુજીના દૃઢાશ્રયના કારણે કેવા ભાવો વિરમતા હશે, એની ઝાંખી આપણને રઘુનાથલાલજી કરાવે છે;

"श्रीमदाचार्य के चरणनख चिन्ह को
ध्यान उरमें सदा रहत जिनके ।
कटत सब तिमिर महादुष्ट कलिकाल के

भक्तिरस गूढ दृढ होत तिनके ॥१॥
जंत्र अरु मंत्र महातंत्र बहु भांति के
असुर अरु सुरनको डर न जिनके ।
रहत निरपेक्ष अपेक्ष नहि काहुकी
भजन आनन्द में गिने न किनके ॥२॥
छांड इनको सदा औरको जे भजे
ते परे संसार मांही भ्रमके ।
धार मन एक श्रीवल्लभाधीश पद
करन मनकामना होत जिनके ॥३॥
मत उन्मत सों फिरत अभिमान में
जन्म खोयो वृथा रातदिनके ।
कहत श्रुतिसार निरधार निश्चय करि
सर्वदा शरण रघुनाथ जिनके ॥४॥"

******

(૨૨) अनुग्रहः पुष्टिमार्गे नियामकः

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૭૩ - वेस्या की छोरी

આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે; "या वार्ता कौ अभिप्राय यह है, जो-पुष्टिमार्ग में कछू नियामक नाहीं । प्रभुन कौ अनुग्रह ही नियामक है । _ _ _ _ तातें इहां छोटो बडो कोऊ नाहीं । जा पर कृपा होंइ जाँइ सोई बडो । सो या वैष्णव के संग तें वा वेश्या की छोरी पर श्रीठाकुरजी की कृपा भई । सो ऐसी भई, जो-या वैष्णव हू तें ज्यादा भई । तातें या मार्ग में प्रभु कुल, जाति, कृति कछू देखत नाहीं । जो-कोऊ श्रीआचार्यजी महाप्रभुजी के सरनि में आवत हैं ताकौ प्रभु अपने प्रमेय बल तें उद्धार करत हैं ।"

અકબર બાદશાહ શ્રીગુસાંઈજીને પૂછે છે કે "साहीब कैसे मिले ?" શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ઉત્તર આપે છે કે, જેમ આપ આપની સ્વેચ્છાથી મને સહજ રીતે મળ્યા, તેમ જ અમારો પુષ્ટિનો ઠાકુર પણ પોતાની ઈચ્છાથી અમને મળે છે. શ્રુતિ કહે છે; "यमैवेष वृणुते तेन लभ्यः ." આધુનિક પુષ્ટિજીવોને ગુરુ એવા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની કૃપાથી પ્રભુ મળે છે. તેથી જ ભગવદીય ગાય છે;

"जिनकी गति और नहीं जाने बिच जवनिका भीति ।
कोइ एक लहे दासपरमानंद गुरुप्रसाद प्रतीति ॥"

ત્રિભુવનના શહેનશાહ શિરોમણિ, શ્રીઠાકુરજી, પોતાની આવી જ કાંઈ "તબિયત ભરી" મસ્તીમાં,

આનંદના તુંદિલિકરણમાં, શ્રીગુસાંઈજીની કાનિથી, આ વૈષ્ણવબેટી પર પોતાની પુષ્ટિની અનહદ - અવિરત કૃપાની વૃષ્ટિ કરે છે, ત્યારે, આ ભક્તને કૃષ્ણ અનાયાસ મળી જાય છે.

"કૃપાના ઘનમાં વસે છે મારો વ્હાલમો,
સ્નેહની વૃષ્ટિ કરે બાઈ
મારા કોરા અંતરના વનમાં,
ભક્તિની હરિયાળી છાઈ."

પ્રભુ કોના પર, કયારે, કેટલી, કઈ અવસ્થામાં પુષ્ટિ કરે એના નિયામક શ્રીઠાકુરજી પોતે જ છે. એટલે જ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે;
"अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।"

ભગવદીય ગાય છે;

"हरि रस वृंदावन ते आयो ।
भगवदीय जन पीवन के कारन श्रीव्रजनाथ पठायो ।"

અહીં સમજવાનું એ છે કે પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જયારે કોઈ ભક્ત પર આવી અગાધ કૃપા વરસાવી રહ્યા હોય છે, ત્યારે, એ અવસ્થામાં પણ પ્રભુનું આત્મરામત્વ તો સ્થિર જ રહે છે. તેવી જ રીતે, જે ભક્ત પર આવી કૃપા થઈ રહી છે, એ ભગવદીયમાં રહેલો ભગવત્સ્નેહ, એના પ્રભુપ્રત્યેના માહાત્મ્યજ્ઞાનને cancel કરતો નથી. તેવી જ રીતે પ્રભુ પ્રત્યેનું પુષ્ટિભક્તનું માહાત્મ્યજ્ઞાન, ઠાકુરજી પ્રત્યે રહેલા એ ભક્તના સ્નેહને cancel કરતું નથી. વાસ્તવમાં તો પુષ્ટિજીવમાં અવસ્થિત સ્નેહના સથવારે રહેલું

માહાત્મ્યજ્ઞાન એ જ તો મહાપ્રભુજી કથિત "પુષ્ટિભક્તિ"નું સ્વરૂપ લે છે. "माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकस्नेहो भक्तिः."

પ્રભુના માહાત્મ્યને અનુલક્ષીને, જો આપણે આ વેશ્યાની બેટીની વાર્તામાં આવતા પ્રસંગોને નિહાળશું, તો એક દિવ્ય ચમત્કૃતિના પ્રકાશમાં આપણી આંખો ય અંજાઈ જશે અને બુદ્ધિ સ્તબ્ધ બની જશે. અનંત માહાત્મ્યવાળા શુદ્ધ પુષ્ટિપુરુષોત્તમ, પોતાના અનુગ્રહિત જીવો માટે કઈ હદ સુધી સાધારણીકરણ કરી શકે છે એનાં સાક્ષાત્ દર્શન આ વાર્તામાં છે. ભગવદીય ગાય છે;

"गोविंद तिहारो स्वरूप निगम नेति नेति गावे ।
भक्त के वश श्यामसुन्दर देह धरे आवे ।"

તેથી જ, જે રીતે આ વૈષ્ણવ દીકરી પર વેગથી અને ઉત્તમોત્તમ ભગવદ્‌વર્ષા વરસી રહી છે, એ સમગ્ર પ્રસંગને ઠાકુરજીના અનંત માહાત્મ્યને અનુલક્ષીને સમજવાનો પ્રયાસ કરશું, ત્યારે, આપણને ખ્યાલ આવશે કે પ્રભુ પોતાના આનંદના તુંદિલીકરણમાં વિરુદ્ધધર્માશ્રયની લીલાઓ મસ્તીથી અનાયાસ કરી રહ્યા છે. विपरीतं ही भगवच्चरितम्. પરંતુ ઠાકુરજીના માહાત્મ્યને લક્ષમાં રાખ્યા વગર આપણે કેવલ વાર્તાના ભાવને અવલોકવાની કોશિશ કરીશું, તો પ્રભુની અનેકવિધ વિરુદ્ધધર્માશ્રયાત્મક લીલાઓમાંથી પ્રકટ થતા પરમાનંદને સંપૂર્ણ રીતે નહિ માણી શકીએ. આ "વેશ્યાની બેટી", ઠાકુરજીના આવા અચિંત્ય માહાત્મ્ય ચરીત્રને અપનાવીને સેવારસમાં વિભોર થઈ જાય છે,

એ કથા, શ્રીમદાચાર્યચરણના પુષ્ટિમાર્ગની અતિ રસભરી કથા છે.

પરમજ્યોતિરૂપ જગત્‌પિતા જગદીશ, જેના ઉદરમાં લોકત્રય વિદ્યમાન છે અને એનો કોઈ પાર પામી શકતા નથી, તથા શ્રુતિ પણ એને નેતિ નેતિ કહે છે, એવા અગોચર અને પૂર્ણકામ શ્રીમદનમોહનજી, વેશ્યાની બેટીને મંદિરમાંથી પૂકારીને પોતાની પાસે આવવાનું કહે છે, એ લીલા પ્રભુના અનુગ્રહ પ્રચુર સ્વભાવને અભિવ્યક્ત કરે છે. વાર્તા કહે છે; "जो-अमूकी ! तू इहां आउ । तब यह मंदिर खोलि कै जाँइ । तब उहां श्रीठाकुरजी वासों वात करें, हँसें, बोले, हास्यादिक करे । और हू अनिर्वचनीय सुख दें । सो कह्यो न जाँई ।" આવો અદ્‌ભુત લાભ, શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના સેવકોને મળે છે એ જાણ્યા પછી તો બ્રહ્માદિને पश्चात्ताप થાય છે કે એ વખતે અમે ભૂતલ પર કેમ જન્મ્યા નહિ ? વલ્લભાખ્યાન ગાય છે; "વિબુધવાંછે વાસ વસુમતિ તણો."

જેના રોમરોમમાં કોટિ બ્રહ્માંડ બિરાજમાન છે એવો અનંત કોટિ બ્રહ્માંડનો સ્વામી, જેની આજ્ઞા પાલનમાં શિવ વિરંચિ આદિ સદા તત્પર છે, એવા आत्माराम - आत्मकाम પ્રભુ, આ બેટીને મંદિરમાંથી બોલાવે છે, પણ સેવામાં હોવાથી બેટી પ્રભુ પાસે આવી શકતા નથી, ત્યારે, ઠાકુરજી સ્વયં એની પાસે જાય છે. આ લીલા શ્રીમહાપ્રભુજીના श्रीभागवत-गूढार्थप्रकाशनपरायणः નામનો ડિમડિમ ઘોષ કરે છે. ભક્ત ભગવાનનું ભજન કરે એ ભાગવતનો અર્થ છે,

પરંતુ ભગવાન જ્યારે આ બેટી જેવા ભક્તનું ભજન કરવાનું શરૂ કરી દે, એ ભાગવતનો ગૂઢાર્થ છે. આવી ભક્તવશ્ય લીલામાં, સેવક, સેવ્યનું આલંબન બની જાય છે અને તેથી વાર્તા કહે છે તેમ "श्रीठाकुरजी याके पाछें पाछें फिरे ।"

વાસ્તવમાં તો આ ભગવદીયબેટીને ઠાકુરજીનું માહાત્મ્યજ્ઞાન થયું તે પહેલાં જ નાગર બ્રાહ્મણની વાર્તામાં આવે છે તેમ મદનમોહનજી સન્મુખ નૃત્ય કરતી વખતે એમને પ્રભુમાં સ્નેહ થઈ ગયો છે. માહાત્મ્યજ્ઞાન પહેલા ઠાકુરજીમાં સ્નેહ થાય એ શુદ્ધપુષ્ટિનું સ્વરૂપ છે. પરંતુ અનોસરમાં નાગરબ્રાહ્મણ અને આ બેટી જ્યારે સત્સંગ કરે છે ત્યારે એમનામાં પ્રભુ માટે માહાત્મ્યજ્ઞાન પાંગરવા માંડે છે. વાર્તા કહે છે; "रात्रि कों दोऊजनें भगवद् वार्ता कीर्तन करें ।"

જેના શ્રીકર્ણમાં સાંખ્ય, યોગરૂપ કુંડળ બિરાજે છે, કૌસ્તુભમણિ બિરાજમાન છે અને જે પૂરણબ્રહ્મ વિવિધ શણગારોથી દેદીપ્યમાન થઈ રહ્યાં છે, એવા મદનમોહનજી, વેશ્યાની બેટીને પોતાના શણગાર કરવાની આજ્ઞા કરે, એ તો કેવલ શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલનો લાડીલો ઠાકુર જ કરી શકે. પ્રભુ વાર્તામાં નાગરબ્રાહ્મણને કહે છે; "जो - याकों मेरो सिंगारसेवा करन देऊ । मेरी आज्ञा है ।" ઠાકુરજી શણગારના કેટલા રસિયા છે એ વાત પ્રભુ સ્વયં યશોદાજીને કહે છે;

"आज गयो श्रीवल्लभ के घर बहुत लाड लडाये____
विविध भांत पटभूषण ले ले सरस सिंगार बनाये ।

सीस पाग सिरपेंच बांधे तहां मोर चन्द्रिका लाये ॥"

જેની સ્તુતિ સુરનરમુનિ દેવતાઓ કરી રહ્યાં છે પણ એવી સ્તુતિ શ્રીઠાકુરજીની પ્રસન્નતાનું કારણ બનતી નથી, તેવા શ્રીમદનમોહનજી, આ બાઈની "પ્રેમયુક્ત" સેવાના કારણે પ્રસન્ન પ્રસન્ન બની જાય છે.

"जब लग हैं सेवारस जगमें, नन्दनन्दन सों प्रीति बढाई ।
परमानन्द तासों हरि क्रीडत,
श्रीवल्लभचरन रेनुं जिन पाई ॥"

કમલાનાયક, વૈકુંઠદાયક એવા પ્રભુ, વૈષ્ણવ બેટી જ્યાં જાય ત્યાં પાછળ પાછળ ફરતા રહે એવી પ્રભુની ભક્તવશ્ય લીલા, એ તો કેવળ જ્યાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની કૃપા મહેકતી હોય ત્યાં જ એ મહેકના આકર્ષણમાં પ્રભુ ત્યાં ડોલતા ડોલતા પહોંચી જાય છે. વાર્તા કહે છે; "तब श्रीठाकुरजी याके पाछें पाछें फिरे । और ये जहां बैठे तहां श्रीठाकुरजी हु बैठें । सो यानें अपने पास एक माँची करि कै राखी ही । ता पर श्रीठाकुरजी आय बैठें, बात करें, और हु सुख देही । ऐसें नित्य करें ।" ગોલોકધામમાં પરમ લાવણ્યમય કુંજ-નિકુંજમાં બિરાજતો ઠાકુર, આચાર્યદ્વયની કૃપાથી આ વૈષ્ણવની દીકરીને ત્યાં "માચી" ઉપર બિરાજીને આનંદનો મહેરામણ માણે, એ સ્વતંત્ર પ્રભુની પરતંત્ર બનવાની કેવી અનુપમ મસ્તી અને પુષ્ટિ છે ! ઠાકુરજી જ્યારે "બહેકવા" ચાહે છે, ત્યારે, કોઈ નિઃસાધન જીવનું અવલંબન લઈને આપ આવી ભક્તવશ્ય લીલા પ્રકટ કરે છે. કારણકે પ્રભુ નિઃસાધન ફલાત્મા છે. પ્રભુ

કોઈ ભક્તને મળે તો એ ભક્તની ભક્તિનું "ફલ" કહેવાય છે. પરંતુ ઠાકુરજી જયારે એ ફલના આત્મા (फलात्मा) બનીને ભક્તની પછવાડે ફરે, એ "निःसाधन फलात्मा"નું ગૂઢાર્થયુક્ત વિલક્ષણ સ્વરૂપ છે.

જ્ઞાની શિરોમણિરાય એવા સર્વના અંતર્યામી શ્રીઠાકુરજીની અંતર્યામી આ દીકરી બને, એ તો પરમકૃપાળુ શ્રીવલ્લભનંદનની અનિર્વચનીય દેન છે. વાર્તા કહે છે; "श्रीठाकुरजी के मन की बात यह बाई जानें ।" પ્રભુને શેની ઈચ્છા છે, એવી ઠાકુરજીના મનની વાત જાણીને આ શ્રીગુસાંઈજીની સેવિકા, પ્રભુનો મનોરથ પૂર્ણ કરવા સદા ઉત્સુક અને તત્પર છે. પુષ્ટિભક્તિના અંગરૂપ સાખ્યભક્તિનું આ એક અનુપમ દૃષ્ટાંત છે. પ્રભુની આજ્ઞા પ્રમાણે કરવું એમાં પુષ્ટિભક્તનો દાસભાવ અભિવ્યક્ત થાય છે. જેમ કે આ વાર્તામાં, આ બેટી, પ્રભુની આજ્ઞાનું પાલન કરીને ઠાકુરજીના નિત્ય શૃંગાર કરે છે, એ એમનો દાસભાવ છે. પરંતુ, સદા ભગવત્સુખનો વિચાર કરતા ભક્તના "सख्यभाव"ની અવધિ, ભક્તમાં ત્યારે થાય છે, જયારે, ભગવાને કોઈપણ આજ્ઞા કરી ન હોય, તો ય પ્રભુના મનની વાત જાણીને, આવા ભક્તએ ઠાકુરજીના અંતરમાં રહેલી ઈચ્છા હોય તે પ્રમાણે સર્વ પૂર્વ તેયારી કરી રાખી હોય છે. "भगवति अप्रेरितप्रियकरणं सख्यम् ." આવી પરમોત્કૃષ્ટ ભગવત્સુખની લીલા, ભક્ત કયારે કરી શકે છે ? જયારે, એના હૃદયમાં ઠાકુરજી બિરાજતા હોય અને ઠાકુરજીના હૃદયમાં આવો ભક્ત. मयि ते तेषु चाप्यहम्. શ્રીમહાપ્રભુજીની સેવાનો મુખ્ય ભાવ છે

દાસ્ય અને સખ્યનો. જે ભગવદીય ઉપર ઉત્કૃષ્ટ કૃપા થઈ જાય છે, એ દાસ્ય અને સખ્યનું સમતોલન એટલી સક્ષમતાથી જાળવે છે કે ન તો એમનો માનસિક અભિગમ દાસ્ય તરફ અતિરેક પામે છે કે ન તો સખ્ય પ્રતિ. આ પથથી જે પુષ્ટિજીવ અભિશરણ કરે છે, એમને કયારેય પણ "પડવાનો" અવકાશ રહેતો નથી. શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, જે ભગવદીય પર આવી પુષ્ટિ કરે છે, તેવા સેવકને, પ્રભુની કૃપાને ઝીલી, પચાવી, એને સૂરીલો લચીલો પ્રતિસાદ આપી શકે એવા પરિપકવ બનાવે છે. વેશ્યાની બેટી પર ઠાકુરજીના પ્રત્યેક લીલાના કૃપા પ્રસંગોમાં, આ દીકરી, આચાર્યજીના સિદ્ધાંતોનું કેવીરીતે પ્રમેયબલથી અનાયાસ પરિપાલન કરી રહ્યા છે, એનું અદ્‌ભુત દર્શન આ વાર્તામાં છે. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે, પુષ્ટિજીવ, શ્રીઠાકુરજીની કૃપાને જેટલી appreciate કે વાહ વાહ કરી શકે છે, એટલી એ પુષ્ટિભક્તમાં, પ્રભુની અધિક કૃપાને વિશેષ આકર્ષવાની શક્તિ નિર્માણ થઈ જાય છે. તેથી જ પ્રભુની લીલાને સદા દાદ દેતા પરમાનંદદાસજી ગાય છે; "कहत भले भले लाल सुंदर सुखदाइ ." મદનમોહનજીની પ્રત્યેક લીલાને હર્ષોલ્લાસથી વાહ વાહ કહીને, આ બેટી બેસી નથી રહેતા, પણ વાર્તા કહે છે તેમ ભગવત્સેવામાં એ પુનઃ ઓતપ્રોત થઈ જાય છે અને એ જોઈને ઠાકુરજીનું અંતર વાહ વાહ કરી દે છે. આમ, આ બેટી, પ્રભુની કૃપાને વાહ વાહ કરીને એનો પ્રતિસાદ ભગવત્સેવાથી આપે છે, ત્યારે, મદનમોહનજી પણ એના પર વિશેષ કૃપા કરે છે અને વાર્તા કહે છે તેમ; "तब श्रीठाकुरजी याके पाछें

पाछें फिरे ।" આ વાર્તાની corollary એ છે કે જે પુષ્ટિજીવ ભગવત્કૃપાને appreciate કરી શકતો નથી, તેવા જીવના પુરુષાર્થને ભગવાન પણ appreciate કરતા નથી. ભગવત્કૃપાને વાહ વાહ કહેનાર ભક્તમાં દીનતા, આશ્રય અને નિ:સાધનતા સહજ પનપી જાય છે. તેથી જ નાગરબ્રાહ્મણ જ્યારે આ બાઈને અપશબ્દો કહે છે; "और तू विनु अपरस कैसें मंदिर में गई । सो गारी दीनी ।" ત્યારે આ બેટી નિ:સાધન અને દીનતાના ભાવથી કાંઈપણ ઉત્તર આપતા નથી. પરંતુ તેનો ઉત્તર ઠાકુરજી, આ નાગરબ્રાહ્મણને સ્વયં આપે છે. વાર્તા કહે છે; "जो-तू याकों काहेकों खीजत है ? याकों तौ मैं कह्यो तब यानें किवाड मंदिर के खोले ।" દીનાનાથ ઠાકુર, નિ:સાધન દીનજનોના આવા પક્ષપાતી છે.

अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिःના અનંત પહેલુઓ છે અને એમાંથી થોડાક લાવણ્યમય પહેલુઓના આપણે આ વાર્તામાં દર્શન કર્યા છે. વાસ્તવમાં તો ઠાકુરજી જ્યારે કોઈપણ જીવ પર નિગ્રહ વગરનો અનુગ્રહ કરવાના મૂડમાં આવી જાય છે, ત્યારે સ્વતંત્ર પ્રભુ, એવા પુષ્ટિજીવના સેવ્યસ્વરૂપ રૂપે પરતંત્ર બનવાનો અગણિત આનંદ માણી રહ્યા છે અને પોતાના આવા અંતરંગ પણ પરતંત્ર સેવકને, સ્વતંત્ર બનાવીને, એના ગૂઢપુંભાવને પૂર્ણરીતે વિલસવાનો અવસર બક્ષે છે. આવી મૃદુલાતિમૃદુલ ચરમાવસ્થામાં મહોરતા સેવ્ય, સેવકને કહે છે; "લે, હું તારી સામે ઠાડો છું અને તુ મારા સ્વરૂપનો ચાહે એવી રીતે આનંદ માણ." અમુકી

બેટી જેવા આવા વિરલભક્તોની આવી પરાકાષ્ટાની અવસ્થામાં પ્રભુને પણ પ્રપંચવિસ્મૃતિ પૂર્વક જીવાસક્તિ થઈ જાય છે. તેથી જ વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે; "सो वह बाई श्रीगुसांईजी की सेवकिनी ऐसी कृपापात्र भगवदीय भई । इनकी वार्ता कहां तांई कहिए ।"

"दोऊ छवी रास दोऊ सुख के निवास ।
सदा सहज प्रसन्न वदन हिये हुल्लास ॥
दोऊ रंग रसकी खान दुहुनीके एक प्रान ।
नागरीया नागर नीति निकुंजवास ।"

******

(૨૩) ततः संसारदुःखस्य निवृत्तिः-प्राप्तं सेवेत निर्ममः

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૭૮ - એક બ્રાહ્મણ ગંગાજી કે તીર રહેતો

ततः संसार दुःखस्य निवृत्तिः ः-

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં તનુવિત્તજાસેવાની, શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી છે, તેનું મુખ્ય ફલ છે; "मानसी सा परा मता" અને અવાંતરફલ છે; "ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्." બ્રહ્મબોધન એટલે વેણુનાદ.

મનુષ્ય પોતાના કર્મના કારણે સંસારના સુખદુ:ખ ભોગવતો હોય છે અને આ બ્રાહ્મણને પણ પૂર્વકર્માનુસાર મૃત્યુદંડ સુધીનો ભોગ ભોગવવાનો સમય આવી જાય છે. પરંતુ આ ભગવદીય, પોતાના આવા કર્મફલભોગથી અલિપ્ત થઈ જાય છે એનું રહસ્ય સમજવા જેવું છે.

આ બ્રાહ્મણ વૈષ્ણવને, ભગવત્સુખનો વિચાર કરતા પુષ્ટિજીવન વ્યતીત કરતી વખતે, ક્યારેય સંસારના સુખદુ:ખ, એમને, ભોગવવા નહિ પડે, એવા આશીર્વાદ તો શ્રીગુસાંઈજી પોતે, એમને શરણે લીધા પછી તુરત જ આપી દે છે. ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી કહે છે; "पाछें आज्ञा किये, जो-तुम इनकी सेवा करियो । इन तें तुम कों बोहोत सुख होइगो ।"

"श्रीविठ्ठलनाथ कृपा-छबि ऊपर
सर्वसु न्यौच्छावरि लै कीनौं । — — — —
छीतस्वामी गिरिधरन श्रीविठ्ठल कहा कहौं ?
जो सुख दीनौं ॥"

શ્રીવિઠ્ઠલેશની કૃપાથી આ બ્રાહ્મણવૈષ્ણવ જાણે છે કે સમર્પણનો દરિયો બહુ જ લાંબો અને ઊંડો છે. એમાં તરવું એ અતિ મોટા ગજાની વાત છે. પરંતુ વાર્તામાં પતિપત્ની, એ પણ સમજે છે કે સમર્પણના આ અગાધ સમુદ્રને તરવા માટે શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સેવારૂપી નાવ આપી છે, જેનાથી સમર્પણના દરિયામાં આનંદથી વિહરી શકાય છે. સમર્પણ સમુદ્ર છે કારણકે એના અનંત તરંગો, વ્રજભક્તોના ભાવથી સંપન્ન છે. વ્રજભક્તોના ભાવની અનેકવિધ લીલાઓની લહેરો લહેરાવતા, સમર્પણના મહેરામણમાં પુષ્ટિજીવ સહેલ કરી શકે એના માટે શ્રીમહાપ્રભુજીએ આપણને સેવાની નાવ બક્ષી છે. એની ફલશ્રુતિરૂપે આપણી સંપૂર્ણસેવા લીલાત્મિકા, ભાવાત્મિકા અને રસાત્મિકા બની જાય છે. આ સિદ્ધ કરવા, આ વૈષ્ણવ, ભગવત્સેવા કરતી વખતે સર્વવસ્તુઓને વ્રજભક્તોની ભાવાત્મક સમજીને, ભગવત્સમર્પિત રહે છે. ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ કહે છે; "तातें सेवा-सुमरन के समै वैष्णव कों व्रजभक्तन की अनेक लीला हैं तिनकी भावना करनी । तातें हृदय सुद्ध होंइ और भाव हू की सिद्धि होंइ । सो भावना ऐसो पदार्थ है ।" આવી ભાવભાવના કરવાથી વૈષ્ણવનું અંતઃકરણ શુદ્ધ થાય છે. એના કારણે આ બ્રાહ્મણનો સર્વસામગ્રીમાંથી જડત્વનો ભાવ નિવૃત્ત થઈને વ્રજભક્તોના ભાવથી સર્વસામગ્રીને ભાવિત કરીને આ ભગવદીય ઠાકુરજીને આનંદથી સમર્પિત કરે છે. આમ કરતા કરતા એમનામાં બ્રહ્માનંદ સહજ આવિર્ભૂત થાય છે (ब्रह्मबोधनं) અને ભજનાનંદની ધારાઓ આ ભગવદીયના હૃદયમાંથી અસ્ખલિત વહેતી

જાય છે. આવી રીતે જ્યારે તનુવિત્તજા સેવા ભાવાત્મક અને આનંદમય બને છે ત્યારે એવા ભગવદીયના ચિત્તમાં "चेतस्तत्प्रवणं सेवा"નું સ્વરૂપલક્ષણ સ્વયં આવિષ્કૃત થઈ જાય છે. તત્પશ્ચાત્ જેનું ચિત્ત આનંદાત્મક બની ગયું છે, એવા "પુષ્ટિજીવનો સ્પર્શ" સંસારના સુખદુ:ખ કરી શકતા નથી. અર્થાત્ સંસારના સુખદુ:ખો એમને છોડીને ભાગી જાય છે. તેથી જ રામદાસજી ગાય છે; "सहज हि छूटत भवसिंधु खारे." સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ કહે છે; "ततः संसारदुःखस्य निवृतिः." અહીં નિષ્કર્ષ એ છે કે ભગવત્સેવામાં પોતાનું ચિત્ત પ્રવણ કરીને અવિરત પ્રભુના સુખનો વિચાર કરતા આ પતિપત્ની, સેવામાં સંયોગરસનો આનંદ માણે છે, તો અનોસરમાં એમને જે દુ:ખ થાય છે, તે પ્રભુના વિરહનું; નહિ કે સંસારના સુખદુ:ખનું. આ બ્રાહ્મણવૈષ્ણવને ભવસાગર છોડી દે છે એનું કારણ એ છે કે એ કૃષ્ણના ભાવસાગરમાં વિલસી રહ્યા છે.

પુષ્ટિજીવન જીવતી વખતે આ ભગવદીયનું કર્તાપણું નિવૃત્ત થઈ ગયું હોય છે અને એમની મનસ્થિતિ છે; "कृष्ण ही कर्ता सदा जीय जानीये." તદુપરાંત આ ભગવદીયના મનમાં એવી ભાવના અવસ્થિત થાય છે કે એમનો આત્મા, કેવલ ભગવાનમાંથી ઉત્પન્ન નથી થયો, પણ પ્રભુ માટે જ આવિર્ભૂત થયો છે. તેથી પતિપત્ની, ગંગાજીના તીરે એકાંતમાં ગૃહસેવા કરીને, એમના ઠાકુરજી સાથે આનંદ માણી રહ્યા છે. "परमानंद पूरन कृपा हरि घर बसि आनंद दीनों ।"

જે વૈષ્ણવ આવી કક્ષામાં વિહરતા હોય એવા

ભક્ત માટે પ્રભુની દૃષ્ટિ કેવલ એમણે કરેલી સેવા અને સમર્પણ પ્રતિ હોય છે, નહિ કે એમના દોષ કે કર્મો તરફ. તેથી જ સૂરદાસજી ગાય છે;

"राइ जीतनी सेवा को फल मानत मेरु समान ।
समजीदास अपराध सिंधुसम, बूंद न एको आन ॥"

આમ પ્રભુ જયારે પોતાના આવા ભક્તના કર્મજનિત અપરાધોને માનતા જ નથી, ત્યારે એવા વૈષ્ણવને એમના કર્મના ભોગ કેવલ સ્વપ્નદ્વારા કે અન્યરૂપે ભોગવાવી દે છે, જેથી આવા પુષ્ટિજીવને કષ્ટ ન પડે. વાર્તા કહે છે; "तब वैष्णव ब्राह्मन की आंखि लागि गई । सो वाकों निद्रा आइ गई । सो वा ब्राह्मन कों महाघोर स्वप्न भयो । सो वा स्वप्न में ऐसो देख्यो, जो-जानें वा राजा के मनुष्य मोकों लैन कों आए हैं । सो मेरे माथे चोरी कौ कलंक लगाइ कै मोकों पकरि कै वा राजा के आगें जाँइ कै मोकों ठाढो कीनो है । तब वा राजानें अपने मनुष्यन कों आज्ञा दीनी, जो-याकों सूरी देऊ । सो वे मनुष्य लै जाँइ कै सूरी पें बैठाय कै खेंच्यो । या वैष्णव ब्राह्मन कौ मारि डार्‍यो । ऐसो स्वप्न ता समै वा वैष्णव कों भयो । तब इतने ही वह निद्रा में तें चौंकि उठ्यो ।" એમની સૂળી જેવી સજા સ્વપ્ન દ્વારા સોય બનીને નીકળી ગઈ. ભક્તિપોષણ ગ્રંથમાં શ્રીદયારામભાઈ ગાય છે;

"શરણ ગયે સરવે ઋણ છુટે, ચિત્રગુપ્તનું લેખું ત્રૂટે;
કાળ કર્મનો ભય નહી તેને, શિશ ધણી સમર્થ હરિ જેને."

વૈષ્ણવબ્રાહ્મણ આ સમાચાર જયારે બ્રાહ્મણીને આપે

છે, ત્યારે એમની સ્ત્રી કહે છે કે; "तब वैष्णव ब्राह्मन सों वह स्त्री बोली, जो - तुम्हारो प्रारब्ध-भोग हतो सो निवृत्त भयो । तातें तुम अब उठो ।" જીવનો કોઈપણ અપરાધ એટલો મોટો નથી હોતો કે સર્વસમર્થ પ્રભુ એનો ધ્વંશ ન કરી શકે. દયારામભાઈ કહે છે;

"કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થ શ્રીહરિરાય;
ના થાવાનો કરે પદારથ, થાનારો મટી જાય."

આવી રીતે સંસારના દુ:ખભોગનો સમય પ્રારબ્ધના કારણે બ્રાહ્મણને આવે છે ત્યારે કૃપા કરીને, ઠાકુરજી, વૈષ્ણવબ્રાહ્મણના ભાગ્યને ફેરવીને એમના સુખાત્મક ભગવદ્જીવનને વિક્ષિપ્ત થવા દેતા નથી. સૂરદાસજી ગાય છે;

"यह सब जानो भक्त के लच्छन_ _ _ _
सूर सुख दुःख जिनकों नहि व्यापे
तिनको गिरिधर मिले ततछिन ।"

ભગવત્સેવા અને સમર્પણમાં ઓતપ્રોત થયેલા પુષ્ટિજીવ માટે, એક અવાંતર ફલરૂપે સંસારના દુ:ખની નિવૃત્તિ કેવી અનાયાસ થઈ જાય છે એનું અદ્ભુત લીલા ઉદ્બોધન આ વાર્તામાં છે. "ततः संसारदुःखस्य निवृत्ति" એવી મહાપ્રભુજી કથિત વાણીનું આવું અદ્ભુત રહસ્ય છે.

प्राप्तं सेवेत निर्ममः :-

આ બ્રાહ્મણના પુષ્ટિજીવનમાં દુ:ખના પ્રસંગો આવી શકતા નથી એનું એક કારણ એ પણ છે કે આ

વૈષ્ણવ, મહાપ્રભુજીની "प्राप्तं सेवेत निर्ममः"ની આજ્ઞાનું સંપૂર્ણ પરિપાલન કરીને સંતોષથી જીવી રહ્યા છે. તથા એમની ભગવત્સેવા નિરુપાધિક છે. તદુપરાંત એમને જે યથાલાભ પ્રાપ્ત થાય છે, એનું એ મમતારહિત અથવા તો પ્રભુમાં મમતાથી જોડીને પછી એનો ઉપયોગ કરે છે. સંતોષના સંપૂર્ણગુણવાળા આ ભક્ત રોજ ભિક્ષા પણ એક દિવસ માટેની જ માંગી લાવે છે, વિશેષ નહિ. એનું કારણ એ છે કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર આ ભગવદીય કેવલ સમર્પણ નહીં પણ એક જ દિવસની ભિક્ષા માંગી લાવવાથી, એ નિત્યનું સર્વસમર્પણ કરી શકે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखीभव." આચાર્યચરણના સિદ્ધાંત અનુસાર એમને કાંઈપણ સંગ્રહ કરવાની ભાવના નથી. એનું બીજુ કારણ એ છે કે એમને ઠાકુરજીના ચરણકમલનો દૃઢ વિશ્વાસ છે અને પ્રભુમાં દૃઢ પ્રીતિ છે. એના કારણે એમની "प्राप्तं सेवेत निर्ममः"ની ભાવના અવિરત ટકી રહે છે. સંતોષામૃતનું વૈશિષ્ટ્ય દર્શાવતા વેણુગીતની સુબોધિનીજીમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે; "संतोष भक्त्यस्याधिक." આવા યથા લાભસંતોષવૃત્તિવાળા આ વૈષ્ણવને, પંડિત જ્યારે મણિ આપે છે ત્યારે તે મણિને, આ ભક્ત ગંગાજીમાં ફેંકી દે છે અને એમના અંતરમાં નિવસતા પુષ્ટિમાર્ગીય વૈરાગ્યના આપણને દર્શન થાય છે. આ ભગવદીયના "ઐશ્વર્યધર્મ"ની અભિવ્યક્તિ ત્યારે દર્શિત થાય છે, જ્યારે એ એક પથ્થરના સ્પર્શથી લોહાને સુવર્ણ બનાવી દે છે. એમના આવા સામર્થ્યની પ્રતિભા, દૈવી જીવ

એવા પંડિત પર પડે છે, ત્યારે, પંડિતને મનમાં સ્ફૂર્ત થઈ જાય છે; "जो-इन कौ धर्म तो असाधारण हैं । तब वह पंडित ब्राह्मन वा वैष्णव ब्राह्मन के पाँयन पर्यो ।" અર્થાત્ લોઢું, પોતાના અલૌકિક રૂપાંતર માટે પારસમણિના ચરણસ્પર્શ કરે છે. બ્રાહ્મણના આ ભગવદીયત્વની આવી "આંચ" પંડિતને લાગે છે, ત્યારે પંડિત કહે છે; "जो-यह वैष्णव ब्राह्मन तो कोई बडो महापुरुष हैं । और इन कौ धर्म हू सबन तें बडो है । और इन के स्वामी बराबर कोई नाहीं ।" તત્પશ્ચાત્, વૈષ્ણવબ્રાહ્મણની આડીથી આ પંડિત, શ્રીગુસાંઈજીના શરણે આવે છે. ભગવદીયના સંગનો પારસમણિ જેવો આવો મહાપ્રતાપ છે કે કોઈ પાંડિત્યના અભિમાનવાળો લોહા જેવો જીવ પણ એના સંસર્ગમાં આવે તો એ પણ પારસમણિરૂપ બની જાય છે. ગંગાજીના તટ પરના પથ્થરોમાંથી જેમનું, સોનું પ્રકટ કરવાનું સામર્થ્ય છે, એવા આ ભગવદીય, ચમત્કારોના રત્નોથી ભગવત્સેવા નથી કરતા પણ મહાપ્રભુજીના સિદ્ધાંતરૂપી રત્નોથી, પોતે બ્રાહ્મણ હોવાથી, ભિક્ષા માંગીને પોતાની અહંતામમતાને ભગવદ્વિનિયુક્ત કરે છે. ભિક્ષા માંગતી વખતે એ ભક્તની દીનતાનું પોષણ થાય છે અને માંગી લાવેલી વસ્તુ, આ વૈષ્ણવ, પ્રભુમાં વિનિયુક્ત કરે છે, તેથી ભિક્ષા માંગવા જવું, એ પણ આ ભક્તની તનુજા સેવાનું અંગ બની જાય છે.

આ બ્રાહ્મણની ભક્તિનો ઉત્કર્ષ કરતા શ્રીહરિરાયજી, વાર્તાના અંતમાં, ભાવપ્રકાશમાં સમજાવે છે; "या वार्ता कौ अभिप्राय यह है, जो - लौकिक

व्यवहार सब तुच्छ करि जानर्नें । एक श्रीठाकुरजी कों ही सर्वस्व करि कैं जानने । तो प्रभु अपने जन कौ कष्ट प्रारब्ध सहज में भुगतवाई लेत हैं । ऐसो अनुग्रह करत हैं । और वैष्णव के संग कौ ऐसो प्रताप है, जो-वह पंडित ब्राह्मन हू श्रीगुसांईजी कौ कृपापात्र सेवक भयो ।"
હરિજનના સંગનો મહદ્ મહિમા પરમાનંદદાસજી ગાય છે;

"हरिजन संग छिनक जो होंई ।
करे कृपा गिरिधरन जीव पर पातक रहे न कोई ॥
- - - -माया काल कछू नहीं व्यापे जो हरिजन कों जाने ।
परमानंद यही मन निश्चय हरिजन गुन हि बखाने ॥"

******

(૨૪) અપરસ અને અપવાદ

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૭૪ - વાઘાજી રજપૂત

આ વાર્તામાં દર્શાવાતો ભક્ત વાઘાજીનો "અવિરુદ્ધ વિરોધાભાસ", એમની ભક્તિની અવસ્થા પર કેવો દિવ્ય પ્રકાશ પાડે છે તે ખરેખર અવલોકનીય છે. એક તરફ તો, કેડમાં તલવાર બાંધીને ઘોડેસવારી કરતા, રાજા સાથે શિકાર જેવા તામસકૃતિના હત્યાના કાર્ય માટે નીકળેલા વાઘાજી રજપૂતની "બાહ્ય"રૂપે એક છબી છે, તો બીજી તરફ, એ જ વાઘાજીભક્તના "અંતર"માં, એ જ સમયમાં, પ્રભુ માટેના પ્રેમની સરવાણી અને ઋજુતા અવિરત વહી રહી છે, એનાં ય દર્શન છે. "મજદૂરી" માટે વાઘાજી, રાજાની ચાકરી કરે છે અને કૃષ્ણપ્રેમની "મજબૂરી"થી એ ઠાકુરજીની ભક્તિ કરે છે. એમનો આવો માનસિક અભિગમ કેવી રીતે ઘડાયો છે, તે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતની દૃષ્ટિથી અવલોકનીય છે. "સદ્ધર્મ"ના આચરણથી, વાઘાજીના જ્ઞાન, ઈચ્છા અને સંકલ્પમાંથી "અસદ્ વાસના" ચાલી ગઈ છે અને ઠાકુરજીની સેવા કરવાથી એમને કૃષ્ણસંગ નિત્ય મળતો રહે છે. એના કારણે એમનામાં "કૃષ્ણ વાસના" પનપી ગઈ છે. તેથી રાજા સાથે શિકારે જતી વખતે પણ એમને કોઈ દુ:સંગ સ્પર્શ કરતો નથી. કારણકે વાઘાજી ભક્ત, જગતનો વ્યવહાર સાક્ષીભાવથી કરે છે.

શિકાર વેળા ઠાકુરજી એમને મૃદુલવાણીથી આજ્ઞા કરે છે કે; "ता पाछें श्रीठाकुरजी ने बाघाजी कों राजा की असवारी में जनायो, जो तबापूरी में ध्यो थोडोसोक

है सो मेरे गरे में खूंचत है । सो मैं कैसें आरोगो ?" પ્રભુના આવા મંજુલ શબ્દો સાંભળતાં જ વાઘાજીના અંતરમાં ઠાકુરજીના સુખ માટે તાપક્લેશ પ્રદિપ્ત થઈ જાય છે અને આ ભગવદીયનું અંતર દર્દભર્યા ભાવ ના આંસુથી ભરાઈ જાય છે. ભગવદીય ગાય છે; "जान्यो मनमोहन भूले है अखिल लोक के राय ।" અહીં ખૂબસૂરતી એ છે કે, ઠાકુરજીની આવી કોમલવાણી સાંભળીને, એ વખતે, વાઘાજીને એવું માહાત્મ્યજ્ઞાન નથી સૂઝતું કે "अखिल लोक के राय" આખી સૃષ્ટિનું ભરણપોષણ કરનાર સર્વસમર્થ પ્રભુ, એ સમયે પોતાના સામર્થ્યથી ઘીને આવિષ્કૃત કરી દેત, તો આપને તવાપૂરી આરોગતી વખતે શ્રમ ન પડયો હોત. પરંતુ ઠાકુરજીની કોમલ, "દયામણી" વાણી સાંભળતાં જ, પ્રેમના આવેશમાં વાઘાજીનું પ્રભુ માટેનું માહાત્મ્યજ્ઞાન એ જ ક્ષણે તિરોહિત થઈ જાય છે અને આ જ તો આ ભક્તની ભક્તિની ઉત્કૃષ્ટતા છે. તેથી જ પ્રભુની આવી હૃદયદ્રાવક વાણી સાંભળતાં જ, એક પ્રતિક્રિયા કે reflex actionરૂપે ભગવત્પ્રેમાવિષ્ટ થયેલા વાઘાજીના હૃદયમાં પ્રભુના શ્રમ નિવારણની આગ લાગે છે અને વાઘાજી તુરત જ પોતાનો ઘોડો વાળીને, વાયુવેગે ઘેર પહોંચી જાય છે. તે વખતે, વાઘાજીના, પ્રભુ પ્રત્યેના સ્નેહનો આવેગ એક આંધીરૂપે ઉછળી રહ્યો છે અને એ આંધીના પ્રભાવમાં, વાઘાજીની દેહ-ઈન્દ્રિયાદિની "સુધ" અને બુદ્ધિની "બુધ", એ સર્વે પ્રભુના સુખ વિચારમાં વહી જાય છે. એના કારણે, આ ભગવદીય, ઠાકુરજીને ઘીનો ભોગ જૂતા પહેરીને ધરાવે છે, એનું પણ એમને અનુસંધાન રહેતું નથી. પરંતુ શ્રીગુસાંઈજીની પ્રેરણાથી, ટેરો સરકાવીને ભોગ ધરાવતી

વખતે વાઘાજી, નેત્રને બંધ રાખે છે, કારણકે ત્યાં ઠાકુરજી પોતાની વ્રજમંડળી સાથે ભોજન આરોગી રહ્યાં છે.

"भोजन करत नंदलाल संग लीये ग्वाल बाल
करत है ख्याल बैठे शीतल छैया ।"

અહીં સમજવાની વાત એ છે કે શ્રીમહાપ્રભુજીની સેવાનો પ્રકાર, "કાયા થી વાણી" અને "વાણી થી મન"માં જવાનો છે. તેથી જ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સૌથી પહેલાં "કાયા"થી સેવાને નિર્દિષ્ટ કરતા આચાર્યચરણ આજ્ઞા કરે છે "ततः सिद्धयै तनुवित्तजा ." કાયાથી સેવા કરતી વખતે વૈષ્ણવ જયારે કીર્તન ગાય છે ત્યારે એની કાયાની સેવા, વાણી સુધી પહોંચી જાય છે. સેવાના સતત અભ્યાસથી જયારે વૈષ્ણવની સેવા એના ચિત્તમાં પ્રવેશે છે, ત્યારે ત્યાં સેવાનું પ્રકટ થતું સ્વરૂપલક્ષણ છે; "चेतस्तद् प्रवणं सेवा," જે વાઘાજીને સિદ્ધ થઈ ગયું છે. વાઘાજીની કાયાની સેવાના દર્શન કરાવતા વાર્તા કહે છે; "सो वह वाघाजी रजपूत और उन की स्त्री दोऊ जने श्रीठाकुरजीकी सेवा नीकी भांति सों करते । सामग्री घनी सुंदर नवीन करि कै श्रीठाकुरजी कों समर्पते । सो नित्य वैष्णव कों लिवावते ।" વાઘાજીની કાયાથી થતી ભગવત્સેવા, જયારે એમની "વાણી"માં પ્રવિષ્ટ થઈ જાય છે, ત્યારે એમની કૃષ્ણ પ્રત્યેની પ્રીતિ પ્રકટ કરતા વાઘાજી પોતાની સ્ત્રીને કહે છે; "तब वाघाजीने अपनी स्त्री सों कह्यो, जो-हों तो राजा की असवारी में जात हों सो अबेरि सुदोसो आउंगो । तातें तुम राजभोग श्रीठाकुरजी कों धरि भोग सराय कै आर्ति अनोसर करि कै वा अमूक वैष्णव कों

मैं न्यौत्यो है सो हौं वाकों कहत जात हौं, सो तुम बेगि ही जइयो ।" આ ભક્તની સેવા એમના ચિત્તમાં બિરાજી ગયેલી હોવાથી, પ્રભુ સાથે એમનો સ્નેહાત્મક સંબંધ છે. એની પ્રતીતિ આપણને ત્યારે થાય છે, જ્યારે "**अंतःकरण गोचर**" સેવ્યસ્વરૂપ વાઘાજીને આજ્ઞા કરે છે કે તવાપૂરીમાં ઘી ઓછું છે અને ઠાકુરજીને ગળામાં ખૂંચે છે, ત્યારે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર વાઘાજી, રાજાને અને રાજાના ભયને પડતો મૂકીને પોતાને ઘેર પહોંચી જાય છે. આમ વાઘાજી ભક્તની ક્રિયા, વાણી અને ચિત્ત, કૃષ્ણસેવામાં પ્રેમમય અને એકરસ બનીને વિભોર બની ગયા છે.

વાઘાજી જ્યારે એમના પત્નીને પૂછે છે કે, તેં ઠાકુરજીને ઘી કેમ ઓછું ધરાવ્યું, ત્યારે, એમના ભક્તપત્ની કહે છે કે મેં તો નિત્ય પ્રમાણે જ ઘી ધરેલ છે. તો પ્રભુને ઘી કેમ ઓછું લાગ્યું ? વાસ્તવમાં તો **आप्तकाम** ભગવાનને કોઈ અપેક્ષા હોતી નથી, છતાં ય અહીં ઠાકુરજી વાઘાજી પર વિશેષ કૃપા કરવા એક કૌતુકલીલા રચે છે અને વાઘાજીને "શિકાયત" કરે છે કે તવાપૂરીમાં ઘી ઓછું છે. આનું રહસ્ય એ છે કે ઠાકુરજીને, વાઘાજીની **चेतस्तद् प्रवणं सेवा**ની જે અવસ્થા છે, એનાથી એમને ઉત્કૃષ્ટ અવસ્થા એવી માનસીસેવામાં પ્રવિષ્ટ કરાવવાની છે. અર્થાત્ વાઘાજીની સેવા કાયા, વાણી અને ચિત્તનો ઉંબરો ઓળંગીને વિશેષ ઉત્કાંતી ઉપલબ્ધ કરીને એ સેવા, આ ભગવદીયના મન સુધી પહોંચી જાય એવો આ સેવકના સેવ્યસ્વરૂપનો મનોરથ છે. સેવામાં ચિત્ત પ્રવણ થયું હોય એનો અર્થ એ નથી કે એવા પુષ્ટિજીવનું મન

પણ સેવાપ્રવણ થઈ ગયું છે. કારણકે મન, સેવામાં પ્રવણ થઈ જાય ત્યારે વૈષ્ણવને માનસીસેવા સિદ્ધ થઈ જાય છે. જયારે સેવામાં મન પ્રવણ થઈ જાય છે ત્યારે, એની પાછળ એવા ભક્તના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણાદિ એમ સર્વે અનાયાસ ચાલતા થાય છે. તેથી જ વાઘાજીનું મન જયારે, પ્રેમના આવેશમાં, ઠાકુરજીને ઘી ધરવા બેબાકળુ બની જાય છે, ત્યારે, જૂતા પહેરેલા એમના પગ પણ, પ્રેમની મજબૂરીથી, પ્રભુને ઘી ધરવા અનાયાસ મનની પાછળ પહોંચી જાય છે. આ ક્રિયાની સુધિ વાઘાજીની બુદ્ધિને એ વખતે રહેતી નથી. પરંતુ, આ ભગવદીયને જયારે અપરસની સુધિ આવે છે ત્યારે ભાવપ્રકાશ કહે છે તેમ; "और जो-कदाचित् प्रेम में विह्वल व्है अपरस भूलि जौंई तोहू सुद्धि आइवे पें अपरस निकासे ।"

સેવા માટે અપરસ હોય છે, અપરસ માટે સેવા હોતી નથી તેથી જ વાઘાજીના મનને જયારે ઠાકુરજી પ્રેમવશ કરીને ખેંચી લે છે, ત્યારે, એમની અપરસમાં અપવાદ જનિત થઈ જાય છે. વાર્તા કહે છે; "प्रेम में पनही, कपडा की सुधि रही नाहीं । सो प्रेम तो भगवत्स्वरूप हैं । वार्ते मर्यादा कैसें छूवे ? सब मर्यादा प्रेम कौ प्रगट करन के तांई है ।_ _ _ _ तब प्रेम में विह्वल होंइ कै मर्यादा स्वतः छूटि जात हैं ।" જેમ અગ્નિ સોનાને શુદ્ધ કરે છે તેમ, વાઘાજીમાં પ્રજ્જવલિત થયેલો ભગવત્સ્નેહનો વિરહાગ્નિ, એમની અપરસને શુદ્ધ જ રાખે છે. તદુપરાંત સેવાકૃતિર્ગુરોરાજ્ઞાના સિદ્ધાંતથી વાઘાજી, અપરસની મર્યાદા રાખીને નિત્ય સેવા કરતા હોય છે પણ જયારે ઠાકુરજી એમને આજ્ઞા કરે છે કે

સામગ્રીમાં ઘી ઓછું છે અને પ્રભુને શ્રમ પડી રહ્યો છે, ત્યારે, શ્રીમહાપ્રભુજીનો બાધનં વા હરિચ્છયાનો સિદ્ધાંત, જૂતા પહેરીને ઠાકુરજીના મંદિરમાં ગયેલા વાઘાજીની અપરસને છૂવાવા દેતો નથી. વાસ્તવમાં તો પ્રેમના આવેશમાં, જૂતા ઉતારીને પ્રભુને ઘી ધરવાની સુધબુધ વાઘાજીમાં રહી જાત તો વાઘાજીની ભક્તિ પરાકાષ્ઠાપન્ન એવી રસાત્મક ભક્તિમાં અભિનિવેશ ન કરી શકત. પરંતુ વિરહાત્મક ભગવત્સુખના આવેગમાં, વાઘાજી જ્યારે અપરસ ચૂકી જાય છે, ત્યારે, એમનામાં આવિષ્ટ થઈ ગયેલા "સાખ્યભાવ"ની અવસ્થામાં એમના સેવ્યસ્વરૂપ, વાઘાજીના પ્રેમની અવધિનું રસપાન કરી રહ્યા છે. આ ભગવદીયને એ વખતે અપરસની સુદ્ધિ રહેત, તો, એમની તાપાત્મક માધુરીનું અનુપાન કરતા ઠાકુરજીને ય રસાભાસ થઈ જાત. અને એ વખતે, આ ભક્તના ભગવત્પ્રેમની શોભાનું સૌંદર્ય પણ ઝાંખું પડી જાત. આ પ્રસંગમાં પ્રકટ થયેલી વાઘાજીની ભક્તિ, ભક્તિરસના પ્રવાહમાં "બહેકી" ગઈ છે.

ચોરાસી-બસોબાવન વૈષ્ણવોની વાર્તાઓ વાંચતા આપણને ક્યારેક એમ લાગે છે કે જાણે, પ્રત્યેક ભગવદીય, એક સૌંદર્યભરી સુખપાલમાં પોતાના સેવ્યસ્વરૂપને પધરાવીને, ભક્તિસુંદરીના સથવારે ભારતની એક સુરમ્ય શોભાયાત્રામાં, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની કૃપાનો "યશોત્સવ" મનાવતા અભિગમન કરી રહ્યાં હોય છે. એ શોભાયાત્રા જ્યારે વાઘાજીના ગામ પાસેથી પસાર થાય છે, ત્યારે, વધૈયા બોલતા ભક્ત વાઘાજી અને એમના ઠાકુરજી પણ એમાં જોડાય છે.

એના લાવણ્યમય દર્શનની જાહોજલાલીથી આ વાર્તા સભર છે. એટલે જ ગવાયું કે;

"भक्ति का डंका भारत में बजवाया श्रीमहाप्रभुजीने,
पुष्टि का झंडा आलम में फहराया श्रीमहाप्रभुजीने ।"

******

(૨૫) સેવામાં આચાર, ક્રિયા, પ્રીતિ

૮૪ વૈષ્ણવ વાર્તા-૪૨ : एक ब्राह्मणी अडेल की

પુષ્ટિભક્તના ભગવત્પ્રેમનું નિતાંત સુકોમલ, પણ અતિ "વિકટ" એવું paradoxical કે વિરોધાભાસાત્મક સ્વરૂપને સમજાવતાં ભગવદીય ગાય છે;

"अति सुक्ष्म कोमल अति ही । अति पतरो अति दूर ।
प्रेम कठिन सब ते सदा नित इक रस भरपूर ॥"

તેથી જ અડેલના બ્રાહ્મણીના "આચાર" અને "ક્રિયા" જ જોનાર, એ વખતના કેટલાક લોકોને આ ભગવદીયમાં બિરાજેલ "સુક્ષ્મ" ભગવત્પ્રેમ ન દેખાયો. તો વળી કેટલાકની દૃષ્ટિ કેવલ આ બ્રાહ્મણી બાઈના દ્રવ્ય સંકોચ પર કેન્દ્રિત થયેલી હોવાથી, આ ભગવદીયના હૃદયના ભાવ"સંપદા"ની "અગાધતા" અને "કોમલ" ભગવત્પ્રીતિ એમને ન સમજાઈ.___ અને જેમણે કેવલ એટલું જ જોયું કે આ માજી નેત્રથી ઓછુ જુએ છે, તેઓ એ ન જોઈ શકયા કે બાહ્ય દૃષ્ટિથી ઓછુ જોનાર આ પરમભક્ત માઁ, ઠાકુરજીની "નજરીયું"માં "નજરીયું" મેળવીને ઠાકુરજી સાથે સ્નેહાત્મક વાર્તાલાપ કરી રહ્યાં છે. તદુપરાંત કીર્તનમાં ગવાયું તેમ, આ વિરલભક્તનો, ઠાકુરજી પ્રત્યેનો "અતિપતરો" સ્નેહ, પ્રભુના અંતરમાં એટલો "દૂર"સુદૂર "સરકી" ગયેલો હોય છે, કે, એ સમજવાને બદલે, એ વખતના કેટલાક જીવોને એવો ભ્રમ થયો કે આ માજી, ઠાકુરજીની ભલીભાંતી સેવા કરી શકતા નથી. શ્રીમહાપ્રભુજી વખતના આ સમકાલિન જનો, આ માજીના ગહન ભાવને ન ઓળખી શકવાથી,

તેઓ આચાર્યજીને ફરીયાદ કરે છે; "महाराज ! वह ब्राह्मनी के द्रव्य को संकोच बहोत है, और आचारक्रिया में समुझत नाहीं, नेत्रन सों बहोत सूझत नाहीं । श्रीठाकुरजी काहू और वैष्णव के माथे पधराई देउ तो सेवा भली भांति सों होइ ।"

આચાર્યચરણ પાસે આવી ફરીયાદ લઈ જનારને ખ્યાલ ન હતો કે, પહેલેથી જ પ્રભુએ, આ ભક્તના સ્વભાવમાં કેટલાય અદ્‌ભુત સિદ્ધસાધનો, લૌકિકરૂપમાં સ્થાપિત કરી દીધાં છે, જેનું દર્શન કરાવતા શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે; "सो वह ब्राह्मनी निष्कपट भोली बहोत हती और निष्कंचन, द्रव्य नाहीं ।" આ બાઈમાં રહેલા આવા લૌકિક સિદ્ધસાધનોને, કરુણાનિધિ શ્રીમહાપ્રભુજી જયારે સાધન બનાવીને એમને ભક્તિનું દાન કરે છે, ત્યારે, આ બ્રાહ્મણીમાં રહેલી સંસાર માટેની "નિષ્કપટતા"નું પર્યવસાન એમની "પ્રપંચવિસ્મૃતિ"માં થઈ જાય છે. તો અડેલના આ માજીમાં રહેલા "ભોળપણ"માં, શ્રીઆચાર્યજી, પોતાની પુષ્ટિનું એક બિંદુ છીરકે છે, એમાં તો આ ભગવદીયનું અંતઃકરણ શુદ્ધ બનીને પ્રભુને બિરાજવાનું રમણીય સ્થાન થઈ જાય છે. બ્રાહ્મણીની "નિષ્કંચનતા"માં આપણા શ્રીવલ્લભપ્રભુ, જયારે પોતાની કૃપાનું "મેળવણ" કરે છે, ત્યારે, આ વૈષ્ણવભક્તમાં નિઃસાધનતા અંગડાઈ લેતી થઈ જાય છે. તેમજ "આચાર"ક્રિયામાં બહુ ન સમજતાં આ અડેલની બ્રાહ્મણીમાં, શ્રીવલ્લભના અનુગ્રહનો સહેજ છંટકાવ થાય છે, ત્યારે, ઠાકુરજી પણ પોતાનો "આચાર" છોડીને, વગર ભોગ ધરેલી કે કાનિ ન આપેલી રોટી, માજીના હાથમાંથી લઈ સ્વયં પ્રેમથી આરોગી રહ્યા છે. તેથી

જ, શ્રીમહાપ્રભુજી, ફરીયાદ કરનાર વૈષ્ણવને આજ્ઞા કરે છે કે; "तब श्रीआचार्यजी ने कही, आचार, क्रिया, द्रव्य सों, श्रीठाकुरजी प्रसन्न नाहीं, श्रीठाकुरजी में प्रीति चहिये । सो उह ब्राह्मनी की परम प्रीति है । जैसे उह ब्राह्मनी करत है तैसे ही श्रीठाकुरजी मानि लेत हैं ।" શ્રીમદાચાર્યચરણ, આ વૈષ્ણવને જે સમજાવવા માંગે છે, એનો ભાવ પ.ભ. હરિશ્ચંદજી અદ્‌ભુત રીતે એમના પદમાં પ્રકટ કરે છે;

"प्रीति की रीति ही अति न्यारी ।
लोकवेद सब सो कछु उलटी केवल प्रेमन प्यारी ॥
को जाने समुझे को याको विरलो जानन हारी ।
"हरिश्चंद" अनुभव ही लखिये, जामें गिरिवरधारी ॥"

અર્થાત્ જે વૈષ્ણવના હૃદયમાં ગિરિવરધારી ઠાકુરજી બિરાજે છે, એ જ આ માજીની પ્રીતિને સમજી શકશે.

અડેલના આ ભગવદીય જાણે છે, કે, કોઈપણ જીવમાં એવું સામર્થ્ય નથી, કે પોતાના અંતરમાં તે પ્રભુ માટે પ્રીતિ પ્રકટ કરી શકે. પ્રભુ કે મહાપ્રભુજીની જે જીવ પર કૃપા થાય છે, એ કૃપા, એ વૈષ્ણવમાંથી પરાવૃત્ત થઈને પુનઃ પ્રભુ તરફ જાય છે, ત્યારે, એ પુષ્ટિભક્ત્યાત્મક પ્રીતિનું સ્વરૂપ લે છે. તેથી જ શ્રીમહાપ્રભુજી, જ્યારે અડેલના આ ભક્તની સરાહના કરે છે, ત્યારે, અતિ દીનતાથી આ વૈષ્ણવ, આચાર્યજીને વિનંતી કરે છે કે; "आपुकी कानि तें श्रीठाकुरजी आरोगे है ।" ઠાકુરજીની સાનુભાવનાની વિલક્ષણ અવસ્થામાં પણ એ, શ્રીવલ્લભને વિસરતા નથી, જેમની કરુણાદૃષ્ટિના કારણે, આ ભગવદીય માજી પર આવી અદ્‌ભુત કૃપા

વરસી રહી છે.

પિસ્તાલીસ વર્ષ સુધી સંસારના દુ:ખમાં અટવાઈ ગયેલા, અડેલના આ બ્રાહ્મણી, શ્રીવલ્લભપ્રભુના ચરણકમલરજની કૃપા થતાં જ, એમના સંસારના સર્વ સુખદુ:ખ ઓસરી જાય છે અને એમનું શેષ જીવન, એ કેવલ ભગવત્પ્રેમના હિંડોલે ઝૂલી ઝૂલીને માણે છે. ભગવદીય ગાય છે;

"जो या प्रेम हिंडोरे झूले तिनको और सब सुख भूले ।"

તેથી જ અડેલના આ માજી માટે શ્રીગોકુલનાથજી વાર્તામાં આજ્ઞા કરે છે; "सो प्रीतिपूर्वक सेवा करे । तातें श्रीआचार्यजी, श्रीठाकुरजी प्रसन्न रहैं ।" ગોવિંદસ્વામી ગાય છે;

"प्रीतम प्रीति ही ते पैये ।
यद्यपि रूपगुण सील सुघडता इन बातन न रिझैये ॥"

પ્રેમલક્ષણા ભક્તિમાં મ્હોરતા આ માજીને, કૃપાના મહેરામણ શ્રીમહાપ્રભુજીએ, આવી ઉત્કૃષ્ટ ભક્તિનું દાન કેવી રીતે કર્યું, તેના દર્શન વાર્તામાં કરી લઈએ; "तब श्रीआचार्यजी, श्रीनवनीतप्रियजी के आगे बैठारि नामनिवेदन कराई कहें, अब तू भगवत्सेवा करि, जासों कृतार्थ होई ।" ભક્ત કૃતાર્થ ક્યારે થાય, એ શ્રીઆચાર્યચરણ ભક્તિવર્ધિની ગ્રંથમાં સ્વયં સમજાવે છે;

"यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ।"

પુષ્ટિભક્તિનો બીજભાવ એની વ્યસનદશામાં સિદ્ધ થાય છે. આ માજીને શ્રીમહાપ્રભુજીએ વ્યસનોત્તર

કૃતાર્થતા એવી ફલનિરોધની અવસ્થાનું દાન કર્યું છે. આચાર્યચરણે કરેલા આવા દાનની, માજીને વેગથી સિદ્ધિ થાય, એમાં ઠાકુરજી પણ પોતાની "કૃતાર્થતા" માને છે. તેથી જ આ ભગવદીયે સિદ્ધ કરેલી, ભોગ ધરાવ્યા વગરની કે કાનિ આપ્યા વગરની રોટલીને, પ્રભુ, પોતાના હાથમાં લઈને આરોગવા લાગી જાય છે.

વ્યસનદશા સિદ્ધ થવા માટે વિપ્રયોગ અનિવાર્ય છે. પૂર્ણ અનુભવ અથવા તો અનુભવના અભાવમાં, પુષ્ટિજીવને વિપ્રયોગ થતો નથી. અપૂર્ણ અનુભવ, વિપ્રયોગ માટે આવશ્યક છે. જેમ કે, ઠાકુરજી નિત્ય સાનુભાવ હોવા છતાં ય માજીએ બનાવેલી રોટલી મૂસા બિલાઈએ ખાધી અને ઠાકુરજી ન આરોગી શકયા એની આર્તિ આ ભગવદીયને જે રહે છે, તે, એમના અપૂર્ણ અનુભવરૂપ સમર્પણના વિપ્રયોગની આર્તિ છે.

"નિત્ય લીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર."

માજી નિત્ય એમ જ કહે છે, કે એમણે બનાવેલી રોટલી મૂસા બિલાઈ ખાઈ જાય છે, અને ઠાકુરજી રહી જાય છે. જયાં સુધી આપણે આ ભગવદીયના અંતરમાં રહેલા વિવિધભાવોને પિછાણી નહિ શકીશું, ત્યાં સુધી, આપણને એવો જ ભ્રમ રહેશે કે ઠાકુરજી એમના હાથમાંથી જે રોટલી લઈ લે છે, એનો આ માજીને કયારેય ખ્યાલ આવતો નથી. તેથી જ માજીના અંતરમાં રહેલા ભાવવૈવિધ્યને સૌથી પહેલા અહીં અવલોકવાની આવશ્યકતા છે. થોડાક દૃષ્ટાંતોથી આનો

આનંદ આપણે પણ માણી લઈએ.

(૧) કોઈક દિવસે, માજીને એવો ભાવ આવે છે, કે એમણે બનાવેલી રોટલી, મૂસા બિલાઈએ ખાધી અને ઠાકુરજી ન આરોગી શકયા, ત્યારે, તાપમાધુરીના મૃદલભાવમાં આ માજી રમણ કરી રહ્યા છે.

(૨) તો કોઈક દિવસ "મૂસા" શબ્દનો ઉદ્‌ગાર કરતા આ ભગવદીયનું અનુસંધાન, શ્યામવર્ણ કૃષ્ણમાં છે અને શ્વેત વર્ણની બિલાડીનો ઉચ્ચાર કરતા માજીનું ધ્યાન ગૌરવર્ણ શ્રીસ્વામિનીજીમાં છે. તેથી જ આનંદના ઉલ્લાસમાં એ કહી રહ્યાં છે, કે, "વાહ ! મારી કરેલી સામગ્રી મૂસા-બિલાઈ ("શ્યામા-શ્યામ") આરોગી રહ્યાં છે."

(૩) તો વળી કોઈક દિવસે, ઠાકુરજી જલ્દી આરોગતા ન હોય, તો બાલભાવના આવેશમાં, આ ભગવદીય, બાલકૃષ્ણલાલજીને threat કે "હલકી ધમકી" આપી રહ્યાં છે કે; "લાલા ! આ સામગ્રી આપ જલ્દી અરોગી લો, નહિં તો મૂસાબિલાઈ ખાઈ જશે."

(૪) અથવા તો અડેલના આ વૈષ્ણવ, મનમાં તો સમજી ગયાં છે, કે એમની બનાવેલી રોટલી સાક્ષાત્ ઠાકુરજી આરોગી રહ્યાં છે. પોતાનો ભાવ ગુપ્ત રાખવા આ માજી કહે છે, કે; "એમણે બનાવેલી સામગ્રી મૂસાબિલાઈ ખાઈ ગયા." એનો પ્રતિસાદ આપતા પોતાનો આરોગવાનો ભાવ ગુપ્ત રાખીને ઠાકુરજી પણ લીલાત્મક ભાવથી કહે છે કે; "મેં તો નથી આરોગી". તો વળી કયારેક માજીના આવા ગુપ્ત રાખેલ ભાવને

ઠાકુરજી possitive પ્રતિસાદ આપતા કહે છે કે; "મેં સામગ્રી આરોગી છે અને આ એનો પ્રસાદ છે." એમ કહીને પ્રભુ, માજીના હાથમાં પ્રસાદી રોટલી પાછી ધરી દેતા હોય છે અને માજીને ઠાકુરજી આપની શ્રીમુખસુધાનું પાન કરાવે છે. વાર્તા કહે છે; "सो श्रीठाकुरजी या प्रकार सगरी रोटी नित्य हाथ में उठाई लेते । तब वह ब्राह्मनी कहती मैं सगरी रोटी करी । परन्तु जानी न परी मूसा बिलाई लिये । तब श्रीठाकुरजी अरोगि के वह ब्राह्मनी कों सब रोटी देते ।" આવી રીતે ભક્ત જયારે લીલા પ્રકટ કરે છે, ત્યારે, ઠાકુરજી પણ એ લીલામાં ચમત્કૃતિ પ્રાદુર્ભુત કરવા માટે એનો પ્રતિસાદ લીલારૂપે આપે છે.

(૫) આ પ્રસંગની એક બીજી અદ્‌ભુત લીલા એવી છે, કે, "મૂસા બિલાઈ" કહીને આ ભગવદીય, ઠાકુરજીને સૂચન કરી રહ્યા છે કે; "જેમ મૂસા અને બિલાઈમાં પરસ્પર વેર હોય છે, તેમ, હે બાલકૃષ્ણલાલ ! આપ પણ મૂરવૈરી હોવાથી મૂરારિ તરીકે ઓળખાવ છો. તેથી આપ ભક્તવત્સલ હોવાથી ભક્તના સમર્પણની અંગિકૃતીમાં વિલંબ થતો હોય એની સાથે સદા આપનું વેર હોય છે." આના કારણે પોતાની બનાવેલી રોટલીઓ, વિલંબ અસહિષ્ણુ, આદ્યકામી પ્રભુ, વિના વિલંબે આરોગે, એના માટે માજી અહીં "મૂસા બિલાઈ"ની "કથા"નું નિર્માણ કરે છે. નિષ્કર્ષમાં કહું તો મૂસાબિલાઈના નિત્ય બનતા આ પ્રસંગમાં "અનેકાર્થ" ભરી લીલાઓ અંગડાઈયું લઈ રહી છે.

અહીં સમજવાનું રહસ્ય એ છે કે, પ્રભુ પોતાની ઈચ્છાથી જે લીલા પ્રકટ કરે છે, એને જો ભક્ત

સહકાર આપે, તો એક જ લીલામાંથી આવું વૈવિધ્ય અને નૂતનત્વ પ્રકટ થઈ જાય છે. જે દિવસથી શ્રીમહાપ્રભુજીએ, આ ભગવદીયને કહ્યું છે કે તારી બનાવેલી રોટલી મૂસા બિલાઈ નહીં પરંતુ શ્રીઠાકુરજી અરોગે છે, ત્યારથી આ માજીને ખ્યાલ આવી જાય છે, કે, પ્રભુને એમની સાથે આવી મૂસા બિલાઈની લીલા પ્રકટ કરવાનો નિત્ય મનોરથ છે. તો ઠાકુરજીની ઈચ્છમાં, પોતાની ઈચ્છા મેળવીને, અડેલના આ વૈષ્ણવ એક જ લીલામાંથી લીલાઓની અનેકાર્થતાનો લીલાનંદ માણી રહ્યાં છે.

વેણુનાદની જેમ શ્રીમહાપ્રભુજીની વાણી પણ અમૂર્ત વિદ્યારૂપ છે. તેથી જ આ ભગવદીયને અમૂર્ત વિદ્યાનું દાન થાય છે, ત્યાર પછી, "મૂર્તવિદ્યા"રૂપ ઠાકુરજી આ વૈષ્ણવ માજીના હાથમાંથી સાક્ષાત્ રોટી લઈને આરોગી રહ્યા હોય છે. અડેલના આ બ્રાહ્મણીએ બનાવેલી સામગ્રીને આરોગવાની, શ્રીઠાકુરજીને તત્પરતા શા માટે છે ? એનું કારણ એ છે, કે, આ ભગવદીયની સેવા સમર્પણરૂપા છે, એમનું સમર્પણ ભક્તિરૂપા છે અને એમની ભક્તિ શ્રીબાલકૃષ્ણલાલજીમાં નિરોધરૂપ છે. આવી કક્ષાના ભગવદીયને કોઈપણ પ્રકારનો વિલંબ, ઠાકુરજી કરાવી શકતા નથી. તેથી જ માજીની આવી પ્રીતિને વશ થઈને પ્રભુ, આ ભગવદીયના હાથમાંથી લઈને નિત્ય રોટી આરોગી લે છે. વાર્તા કહે છે; "और श्रीठाकुरजी ऐसे प्रीति के बस भये ।"

અહીં સમજવાનું એ છે, કે, બિલાડી ખાઈ જાય છે એવા માજીના "અજ્ઞાન"ને સાધન બનાવીને, ઠાકુરજી,

એ અજ્ઞાનને જ આ વિલક્ષણ ભગવદીયના તાપનું કારણ બનાવે છે. પુષ્ટિભક્તિમાર્ગની અપ્રતિમતા એવી છે, કે, ભગવલ્લીલાના માહોલમાં કયારેક જ્ઞાન, સમસ્યા ઉત્પન્ન કરે છે અને અજ્ઞાન, સૌંદર્ય. તાપની પરંપરામાં આવી રીતે વિહરતા અડેલના આ ભગવદીય માજી, વ્યસનોત્તર કૃતાર્થતાની અવસ્થામાં સહજતાથી પહોંચી જાય તે સ્વાભાવિક છે. આવા વ્યસની ભક્તો માટે ઠાકુરજી, ઉદ્ધવજીને સ્વયં શું કહી રહ્યા છે, તે સાંભળશું તો આપણને સમજાશે, કે, આવા વંદનીય ભક્તોની અવસ્થા કેટલી ઉત્કૃષ્ટ હોય છે.

"मोहे गोपीजन नाहीं बिसरत ।
उनकी प्रीति रीति अंतरकी
तनक न मुख तें निसरत ।"

******

(૨૬) શ્રીમહાપ્રભુજીની ભક્તિનું રહસ્ય સારસ્વતકલ્પમાં ઠાકુરજી, ગોપીજનોને સમજાવે છે, તો એનો લીલોપદેશ કલિકાલમાં શ્રીઆચાર્યજીના સેવક કનૈયાશાલ ક્ષત્રીની વાર્તામાં ઉપલબ્ધ થાય છે. ૮૪ વૈષ્ણવવાર્તા : ૭૦

જેને ખ્યાલ નહિ હોય, એવા વૈષ્ણવોને, એ સાંભળીને અત્યંત આશ્ચર્ય અને આપણા શ્રીવલ્લભ માટે નિતાંત ગૌરવ થશે કે જે ગોપીજનોના, ઠાકુરજી ઋણિયા બને છે, એ જ વ્રજાંગનાઓને પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ, ઉદ્ધવજી દ્વારા સંદેશો મોકલીને, શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી અખિલ ભક્તિનું રહસ્ય એમને સમજાવી રહ્યા છે. શ્રીઆચાર્યજીના ભક્તિના ગંભીર રહસ્યનાં વિવિધ પાસાઓને શ્રીઠાકુરજીએ, ગોપીજનોને સમજાવવાની આવશ્યકતા શા માટે રહી, એ સમજ્યા સિવાય, પ્રભુ અને શ્રીમહાપ્રભુજીને અભિષ્ટ એવો ભક્તિનો નિર્ગુણભાવ શો છે અને તે કઈ પ્રક્રિયાથી ઉપલબ્ધ થાય છે તે આપણને સમજાશે નહિ. આ તરફ શ્રીઆચાર્યજી કલિયુગના પુષ્ટિજીવને ભક્તિનો પ્રારંભ નિર્ગુણભાવથી કરવા કહે છે. તો ગોપીજનોને એ ભાવની સિદ્ધિ દશમસ્કંધના અંતમાં ગુણ પ્રકરણના છ અધ્યાયો વેળા થાય છે. દશમસ્કંધના રાજસ પ્રકરણમાં ઉદ્ધવજી દ્વારા શ્રીવ્રજવનિતાઓને મોકલેલા સંદેશામાં ભગવાન શ્રીકૃષ્ણ, મહાપ્રભુજીના ઉપદેશને ઉદ્‌ઘોષ કરતા અને નિર્ગુણભાવનું બીજ રોપતા ગોપીજનોને આજ્ઞા કરે છે;

"भवतीनां वियोगो मे न हि सर्वात्मना क्वचित् ।
आत्मत्वाद्भक्तवश्यत्वात्सत्यवाक्त्वात्स्वभावतः ।।"

શ્રીઠાકુરજી ગોપીજનોને સમજાવી રહ્યા છે કે "તમારો વિયોગ કોઈ પણ પ્રકારથી થોડો શો પણ મને નથી. કારણકે હું સર્વનો આત્મા છું, ભક્તોને વશ હું, સત્યવક્તા છું અને સ્ત્રીઓ પર દયા કરવી એ તો મારો સ્વભાવ છે." आत्मत्वात् આદિ શબ્દોમાં, અનુક્રમે, શ્રીકૃષ્ણ ચાર પ્રકારના વિયોગને આવરી લે છે.

(૧) ભગવાનથી કરાયેલ વિયોગ
(૨) ભક્ત દ્વારા થયેલ વિયોગ
(૩) કાલને કારણે થતો વિયોગ
(૪) દેશને કારણે થતો વિયોગ

(૧) आत्मत्वात् :- आत्मत्वात्માં ભગવાનથી કરાયેલા વિયોગની અવસ્થાને આવરી લેવામાં આવી છે. આવા વિયોગનું સમાધાન કરતાં શ્રીકૃષ્ણ, ગોપીજનોને કહે છે કે મને આપનો વિયોગ નથી, કારણકે હું આપનો આત્મા છું; आत्मत्वात्. આનું રહસ્ય એ છે કે, આત્મા અને પરમાત્માનો સંબંધ નિર્ગુણભાવાત્મક હોવાથી, ઠાકુરજી, વ્રજાંગનાઓને, એ સિદ્ધાંત પર દૃષ્ટિગોચર કરાવે છે. શ્રીમહાપ્રભુજી आत्मत्वात्ને આત્મરતિરૂપે સમજાવે છે. एकमेव अद्वितीयम् એવા પરમાત્મા જ્યારે એકલા જ છે, ત્યારે, આપ "આત્મરતિ"ની અવસ્થામાં "આત્મરમણ" કરી રહ્યા છે. પ્રત્યેક જીવ પ્રભુનો અંશ હોવાથી, ભગવાનની આવી આત્મરતિ, દરેક જીવમાં અંશરૂપે વિદ્યમાન છે. તેથી જ જીવ પોતાની આત્મરતિનો સ્વામી હોવાથી, એને નક્કી કરવાનું છે કે આત્મરતિમાંથી ઉદ્‌ભૂત થયેલ "રતિ"ને એને સંસારના પથથી પ્રવાહમાર્ગમાં જવા દેવી છે કે વેદ તરફ વાળીને એને

મર્યાદામાર્ગના અધિકારી બનવું છે કે એની એ રતિને પરમાત્મારતિ રૂપે પ્રભુ તરફ વાળવાનો મનોરથ છે. વ્રજભક્તો અને કનૈયાશાલક્ષત્રી જેવા ૮૪-૨૫૨ વૈષ્ણવો અને કેટલાય આધુનિક પુષ્ટિભક્તોની આત્મરતિમાં પ્રભુની પુષ્ટિ થયેલી હોવાથી એમની રતિએ, ભગવદ્રતિનું સ્વરૂપ લીધું છે.

આમ આત્મરતિનાં મૂળિયાં પકડીને શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવને સમજાવે છે કે, "તારી આંતરગુહામાં આત્માના આત્મારૂપે પ્રભુ બિરાજે છે, એનો અને તારો સંબંધ નિર્ગુણભાવાત્મક હોવાથી એ ભાવને તારા અંતરમાં વસાવીને આત્મરતિનો તું અનુભવ કર." સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે; "परमानंद रूपे तु कृष्णस्वात्मनि निश्चयः ।" આવી રીતે ભક્તિરૂપ વૃક્ષના મૂળિયાં આત્મરતિમાં હોવાં જોઈએ. પરંતુ કેવલ આત્મરતિ હોય અને ભક્તિ ન હોય તો લીલાં ન રહે. "આત્મરતિ" શબ્દમાં "રતિ", સ્ત્રીભાવાત્મક કે સમર્પણાત્મક હોવાથી શ્રીમહાપ્રભુજી આપણને ભક્તિનું પુષ્પ આત્મરતિનાં ઉદ્યાનમાં ખિલવવાની શિખામણ આપે છે જેથી સમર્પણના માધ્યમથી જીવમાં પ્રભુ માટે નિર્ગુણભાવને પાંગરવાનો અવકાશ મળે છે. આમ આત્મરતિથી inspired કે પ્રેરિત પુષ્ટિભક્તિ હોવી જોઈએ, એવો આચાર્યચરણનો સિદ્ધાંત છે. આવી રીતે ભક્તિનો પ્રારંભ કરવાથી એ ભક્તિ નિરુપાધિક અને નિર્ગુણભાવાત્મક બને છે.

સ્નેહાત્મક ભક્તિનાં મૂળિયાં આત્મરતિમાં હોવાં જોઈએ એનું એક રહસ્ય એ છે કે આત્મરતિ શબ્દમાં

શ્રીસ્વામિનીજી સાક્ષાત્ "રતિ"રૂપા છે, જે કૃષ્ણ માટેના સ્નેહનો સ્રોત છે. જીવમાં જ્યારે "રાધસ્" તત્ત્વ પધારે, ત્યારે, એને કૃષ્ણસ્નેહનો અધિકાર પ્રાપ્ત થાય છે.

હજી સુધી તામસભાવ અને રાજસભાવના આવેશમાં કૃષ્ણનું બાહ્યાલંબન કરતા વ્રજભક્તોને ભગવાનથી કરાયેલો વિરહ અનુભૂત થાય છે કારણકે નિર્ગુણભાવના અભાવમાં એમનું લક્ષ્ય, કૃષ્ણની આંતરાનુભૂતિમાં નથી. તદ્‌વિપરીત, કૃષ્ણાવતાર વેળા, રાસલીલા વખતે ઠાકુરજી જ્યારે અંતઃધ્યાન થાય છે, ત્યારે, નિર્ગુણભાવવાળા ગોપીજનોને કૃષ્ણનો વિરહ અનુભૂત થતો નથી કારણકે એમને પ્રભુનું આંતરદર્શન અને આંતરરમણ થતું હોય છે. તામસફલ પ્રકરણમાં દર્શન થતી રાસલીલાની અવસ્થામાં પ્રકટ થયેલું કૃષ્ણનું સ્વરૂપ ગોપીજનોના તામસભાવને અનુકૂલ છે પણ એ વેળા ઠાકુરજી ગુણાતિત રૂપે ત્યાં પ્રકટ થયા નથી. અર્થાત્ પ્રભુનું ગુણાતિત સ્વરૂપ નિર્ગુણભાવવાળા ભક્તો જ માણી શકે છે. તેથી જ ઉદ્ધવજી દ્વારા સંદેશો મોકલીને, ઠાકુરજી વ્રજભક્તોને કૃષ્ણનો અનુભવ એમના આત્માના આત્મારૂપે કરવાની શિખામણ આપે છે. જેના કારણે ગોપાંગનાઓને નિર્ગુણભાવમાં અભિસરણ કરવાની પ્રેરણા મળી જાય છે અને ઠાકુરજીના આલંબન વિભાવરૂપે બહાર જ દર્શન થાય એવો એમનો તામસ ભાવાત્મક આગ્રહ ઓસરતો જાય છે. આ પરિસ્થિતિમાં વ્રજવલ્લવીઓને સમજ પડે છે કે એમને એ વખતે થતો વિરહ કૃષ્ણના કારણે નથી પણ એમના નિર્ગુણભાવના અભાવના

કારણે થઈ રહ્યો છે. પ્રભુ બાહ્યાભ્યંતર છે એવી અનુભૂતિના બીજ મહાપ્રભુજી आत्मत्वात्માં રોપી રહ્યાં છે.

ઠાકુરજીએ ઉદ્ધવજી દ્વારા મોકલાવેલ आत्मत्वात्ના સંદેશાનું વારંવાર અંતરમાં પુનરાવર્તન કરીને ગોપીજનોનો કૃષ્ણવિરહજ્વર મટી જાય છે, ત્યારે, વ્રજસુંદરીઓને अधोक्षज એવા ભગવાન પોતાના આત્માના આત્મામાં લાગે છે. ભાગવતજી કહે છે;

"ततस्ताः कृष्णसन्देशैर्व्यपेतविरहज्वराः ।
उद्धवं पूजयांचक्रुर्ज्ञात्वात्मानमधोक्षजम् ॥"

આમ, પ્રભુ, શ્રીમહાપ્રભુજીને અભિષ્ટ એવો નિર્ગુણભાવ અને આંતરન્તુ મહાફલમ્‌ની અવસ્થામાં ગોપીજનોને વહેતા મૂકી દે છે. આની ફલશ્રુતિ રૂપે ગુણ પ્રકરણના છેલ્લા છ અધ્યાયમાં વ્રજરત્નાઓને નિર્ગુણભાવ સિદ્ધ થઈ જાય છે.

(૨) भक्तवश्यत्वात् :- શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે बाह्याभावे आंतरस्य विफलता. અર્થાત્ પ્રભુની બાહ્યસેવા વિના આંતરની વિફલતા છે. કારણકે કેવલ પ્રભુના આંતર અવગાહનમાં ઠાકુરજીની સર્વેન્દ્રિયથી સેવા અને સમર્પણ સંભવિત નથી. શ્રીવલ્લભપ્રભુનો એવો અવિરત આગ્રહ છે કે પુષ્ટિજીવ, એને સિદ્ધસાધનરૂપે ઉપલબ્ધ થયેલ દેહેન્દ્રિયાદિનો એ સદા ભગવદ્‌વિનિયોગ કરે અને આવા સર્વ પદાર્થોને એ પ્રભુ સાથે માણે, ત્યારે, એનો સમર્પણનો ભાવ નિખાર પામી આવે છે. આના કારણે, સેવક અને સેવ્ય, ભક્તએ કરેલા સમર્પણને સાથે માણી શકે છે.

बाह्याभावे आंतरस्य विफलता. મહાપ્રભુજીના આવા દિવ્યાતિદિવ્ય અભિગમને પ્રભુ પણ જાણે ઉમળકાથી સ્વીકારતા હોય તેમ, એના પ્રતિસાદરૂપે, એ જ ભગવાન, જ્યારે, એકલા છે, ત્યારે, એક નૂતન મનોરથ પ્રકટ કરે છે કે;

"सएकाकि न रमते स द्वितीयमैच्छत्
स आत्मानं द्वेधापातयत् पतिश्च पत्नीश्चाभवेत् ।"

મહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર અહીં પણ ઠાકુરજી बाह्याभावे રહેવા ચાહતા નથી પણ બહાર બીજાની અપેક્ષા કરે છે તેથી બહાર દ્વિતિયનો મનોરથ કરે છે. આમ પ્રભુ, મહાપ્રભુજીના આ બેજોડ સિદ્ધાંતને વ્રજવૃંદા ગોપીજનોને સંભળાવે છે અને પોતે પણ આનંદ મસ્તિમાં એનું પાલન કરે છે. આનું રહસ્ય એ છે કે आत्मत्वात्માં પ્રભુ એકલા છે, ત્યારે, એમાં આપના આત્મરમણની કથા છે, પરંતુ भक्तवश्यत्वात्માં પ્રભુ પોતે જ અનેક સ્વરૂપો લે છે, ત્યારે, અહીં ઠાકુરજીના બાહ્યરમણની કથાનો પ્રારંભ થાય છે. પ્રભુ જ્યારે એકલા હોય, ત્યારે, પોતે જ પોતાને વશ કેવી રીતે થઈ શકે ? કિન્તુ, જ્યારે, સર્વસમર્થ અનંતલીલાયુક્ત શ્રીઠાકુરજીને, પોતે વશ થાય એવી લીલાનો મનોરથ આવિષ્કૃત થાય છે, ત્યારે, પ્રભુ પોતે જ ભક્તરૂપે પ્રકટ થઈને આ મનોરથને સિદ્ધ કરે છે. એનું કારણ એ છે કે અખિલ બ્રહ્મવાદમાં કેવલ બ્રહ્મનો જ વિલાસ છે, અન્ય કોઈનો નહિ. આમ પ્રભુ જેને વશ બન્યા છે, એવા ગોપીજન હોય કે કનૈયાશાલ ક્ષત્રી, પરંતુ એ સર્વે ભક્તરૂપે પ્રકટ થયેલું કૃષ્ણનું જ સ્વરૂપ છે. આ સર્વનો સારાંશ એ છે

કે ઠાકુરજીની બાહ્યસેવા થતી હશે, તો, પુષ્ટિભક્ત સર્વાત્મના સમર્પિત થઈને, પ્રભુને વશ થઈ જવા ઉદ્દીપન કરી શકે છે. તદુપરાંત કેવલ એકલા બિરાજતા પ્રભુ જ્યારે પોતે જ દ્વિતીય બને છે, ત્યારે પોતાના અનેકવિધ દ્વિતીય પુષ્ટિભક્તના સ્વરૂપે પોતાનો જ આનંદ અને પોતાની જ potentiality "સર્વાત્મના" માણી રહ્યા છે. પ્રભુને આવો પરમાનંદ માણવાનો અવિચ્છિન્ન અવકાશ મળે એના માટે તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ." અહીં ખૂબસૂરતી એ છે કે પોતે જ ભક્તરૂપે દ્વિતિય થઈને ભક્તકામત્વને અંગિકાર કરીને, ભક્તવશ્ય બનેલા પ્રભુ, પોતાનું આત્મરામત્વ ક્ષણેક માટે પણ ગુમાવી દેતા નથી. પણ આંતરબાહ્ય એમ પોતાની સર્વરૂપે, સર્વરીતથી "પૂર્ણાનંદ"રૂપે અનુભૂતિ કરે છે. તેથી જ આવા બાહ્યાભ્યંતર રમણ કરતા કૃષ્ણ માટે કૃષ્ણાશ્રય ગ્રંથ આજ્ઞા કરે છે કે; "पूर्णानन्दो हरिस्तस्मात् ."

જો आत्मत्वात्માં શ્રીમહાપ્રભુજીનું સર્વોત્તમજીનું પ્રકટ થતું નામ છે; "आनंदः" તો भक्तवश्यत्वात्માં શ્રીઆચાર્યજીનું "परमानंदः" નામ વિલસી રહ્યું છે.

भक्तवश्यत्वात् કહીને શ્રીઠાકુરજી, ગોપીજનોને સમજાવે છે કે "ભક્ત"ની દૃષ્ટિથી પણ પ્રભુનો વિયોગ બની શકતો નથી કારણકે પ્રભુ, ભક્તને વશ થઈ ગયા છે. આનું અપ્રતિમ પ્રમાણ રાસપંચાધ્યાયીમાં ઉપલબ્ધ થાય છે. પદ્મનાભદાસજી ગાય છે; "ताको प्रमाण रासमंडल में पाइयत ।" રાસલીલા વેળા, જ્યારે ગોપીજનોને સૌભાગ્યમદ ઉત્પન્ન થાય છે, ત્યારે,

શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ જાય છે અને એ વખતે ભક્તને થતો વિયોગ "ભક્ત"ના કારણે (સૌભાગ્યમદના કારણે) હોય છે. પરંતુ એ પ્રસંગ વખતે પણ અંતર્ધાન થઈ ગયેલા પ્રભુ, પોતાને નિતાંત પ્રિય એવા નિર્ગુણભાવવાળા ગોપીજનોને વિયોગ કરાવતા નથી, પણ, એમના અંતરમાં લીલા સહિત એમને અનુભૂતિ કરાવી રહ્યા છે. તેથી નિર્ગુણભાવવાળા ભક્તોને भक्तवश्य ઠાકુર ક્યારે ય પણ વિયોગનો અનુભવ કરાવી શકતા નથી.

આપણા આચાર્યચરણને અભિષ્ટ એવો ભક્તિનો નિર્ગુણભાવ દશમસ્કંધના અંતમાં ગુણ પ્રકરણમાં ગોપીજનોને સિદ્ધ થાય છે. પરંતુ કલિકાલના પુષ્ટિજીવોના મહદ્ ભાગ્ય છે, કે, આપણા શ્રીમહાપ્રભુજીએ, આપણી ભક્તિની શરૂઆત જ નિર્ગુણભાવથી કરાવી છે. જેથી આપણે "ગુણાતિત કૃષ્ણને" ભક્તવશ્ય બનાવે, એવી સેવા અને લીલાના પથગામી બની શકીએ છીએ. आत्मत्वात्માં જેમ આત્મરતિ અભિરમે છે, તેમ भक्तवश्यत्वात्માં જીવની ભગવદ્રતિનું પ્રાધાન્ય છે. આવી ભગવદ્રતિને કારણે જ પ્રભુ વશ થાય છે એવું ન કહી શકાય, કારણકે ઠાકુરજી સ્વતંત્ર છે અને તેથી આપ નિર્ગુણભાવ નથી એવી સકામ ભક્તિવાળી કુબ્જાને પણ વશ થઈ ગયા છે. અહીં સમજવાનું રહસ્ય એ છે કે આત્મરતિ અને ભગવદ્રતિ, એ આપણા શિરછત્ર શ્રીમહાપ્રભુજીને ગમતો ભાવ હોવાથી, આપણે સકામ કે સગુણ ભક્તિ ન કરતાં નિર્ગુણભાવની ભક્તિના અધિકારી બની શકીએ છીએ. જેથી અવિરત મહાપ્રભુજીના ચરણકમલની છાયામાં આવતું આપણું

પુષ્ટિમય જીવન વ્યતિત થઈ શકે.

(૩) सत्यवाक्त्वात् :- આ શબ્દ કહીને ઠાકુરજી, ઉદ્ધવજી દ્વારા મોકલેલા સંદેશામાં ગોપીજનોને "કાલભેદ"થી થયેલ વિયોગનું શમન કરે છે. सत्यवाक्त्वात्માં "ब्रह्मरति" વિદ્યમાન છે, અર્થાત્ सत्यवाक् પ્રભુ, વ્રજસુંદરીઓને સમજાવે છે કે न पारयेऽहं એ શ્લોકમાં મેં આપને વચન આપ્યું છે કે; "તમે સર્વે મારું નિર્દોષ ભજન કરનારા છો. તેથી તમારા ઉપકારનો બદલો બ્રહ્માના આયુષ્યથી પણ હું વાળી શકું તેમ નથી." તેથી सत्यवाक् પ્રભુએ આપેલું વચન ક્યારેય પણ અસત્ય થઈ શકતું નથી. વિયોગના કારણે ભક્તની ભીતર "रसात्मा" પ્રાદુર્ભૂત થતા હોવાથી આંતરભજન કરતા ગોપીજનોને ક્યારેય પણ "કાલ"થી વિયોગ થતો નથી. અહીં મહાપ્રભુજીનું પ્રકટ થતું સર્વોત્તમજીનું નામ છે; "सत्यप्रतिज्ञः"

(૪) स्वभावतः ઉદ્ધવજી દ્વારા સંદેશો મોકલીને ઠાકુરજી, ગોપીજનોને સમજાવે છે કે તમને "દેશ"થી પણ વિયોગ નથી. કારણકે મારો સ્વભાવ સ્ત્રીઓ પર કેવલ કૃપા જ કરવાનો છે અને કોઈપણ રીતે એમનો ત્યાગ પ્રભુ કરી શકતા નથી. કારણકે ભગવાને પોતાના ભક્તો સાથે સાધારણીકરણ કરી લીધું છે અને એવા ભક્તો સિવાય ઠાકુરજી રહી શકતા નથી.

આ સંપૂર્ણ વાતનું રહસ્ય કનૈયાશાલ ક્ષત્રીની વાર્તા અવલોકશું તો આપણને પ્રકટ રીતે સમજાઈ જશે અને તે પણ વાક્પતિ શ્રીવલ્લભાધીશના સાક્ષાત્ શ્રીમુખથી. વાર્તા કહે છે; "सो गिरिराज कों देखि कनैयाशाल बावरे व्है गये । न बुलाये बोलें, न उठाये उठें । जाकों देखे

ताकी ओर हँसे । काऊ मुख में डारि देंई तो खाय । पहिरावे जो वस्त्र पहिरें । या प्रकार सरीर की सुधि भूलि गये ।" જ્યારે આ ક્ષત્રીની માતા, શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાં કનૈયાશાલને સોંપી દે છે, ત્યારે; "तब श्रीआचार्यजी झारी में ते जल हाथ में ले वेद् मंत्र पढि कनैयाशाल के ऊपर छिरके । सो कन्हैयाशाल सावधान व्है गये । तब श्रीआचार्यजी को दंडवत् करि बिनती कीनी, महाराज ! मैं तो बहोत सुखी हतो, व्रज की गोवर्धन की लीला में मगन हतो । तहाँ तें मोको बाहिर आप क्यों निकासे ? आप तो अधिक दान देन अर्थ प्रगटे हो । सो यह कहा कियो ?" ઉદ્ધવજી દ્વારા સંદેશો મોકલીને જે વાત ગોપીજનોને ઠાકુરજી કહેવા માંગે છે, તે જ વાત શ્રીમહાપ્રભુજી કનૈયાશાલને કહે છે; "तब श्रीआचार्यजी कहें, उछलित रस, ऊपर को प्रेम एक दिन बहि जाय । तातें तोकों सावधान कियो ।" એના પછીનાં ચાર વાક્યોમાં વાગધીશ શ્રીવલ્લભપ્રભુ सत्यवाक्त्वात् આદિ શ્લોકના ચારે શબ્દોના અર્થના ભેદથી કનૈયાશાલને સંપૂર્ણ જ્ઞાત કરી દે છે. વાક્પતિએ ઉચ્ચારેલાં આ ચાર વાક્યો છે;

(૧) भीतर स्थिर प्रेम होय
(२) लीलारस को अनुभव होय
(३) जगत में कोई जाने नहीं
(४) सो प्रेम को कबहूँ नास न होय.

(૧) आत्मत्वात् :- आत्मत्वात्માં જેમ ઠાકુરજી ગોપીજનોને સમજાવે છે કે તમારા આત્માના આત્મામાં બિરાજતા પરમાત્મા પ્રતિ તમારા નિર્ગુણભાવાત્મક સ્નેહને સ્થિર કરો. એના જ અનુસંધાનમાં શ્રીમહાપ્રભુજી કનૈયાશાલને

કહી રહ્યા છે; "भीतर स्थिर प्रेम होय."

(૨) भक्तवश्यत्वात् :- અહીં જેમ ભગવદ્રતિ થકી બાહ્ય બિરાજતા ભગવત્સ્વરૂપમાં સ્નેહાવિષ્ટ થવાની આજ્ઞા છે, તેમ વાર્તામાં શ્રીમદાચાર્યચરણ કનૈયાશાલને આજ્ઞા કરે છે કે ઠાકુરજી સાથે બાહ્ય વિલાસમાં "लीला रस को अनुभव होय ।"

(૩) सत्यवाक्त्वात् :- ભક્તોને ભગવાન કદી છોડશે નહીં, એ રહસ્યને મનમાં સુસ્થિર રાખીને ભગવદીયોએ વિયોગાવસ્થામાં પોતાના ભાવને ગુપ્ત રાખવો. ભગવદ્રસ બહાર વહી ન જાય એ રહસ્યને સમજાવતા વાર્તામાં વાગીશપ્રભુ આજ્ઞા કરે છે કે; "जगत में कोई जानें नाहीं ।" અર્થાત્ પુષ્ટિભક્તએ પોતાના પ્રભુ સંબંધીત વિરહને પ્રચ્છન્ન રાખવો, પ્રકાશિત ન કરવો. આવી રીતે ભગવદ્રસને ગુપ્ત રાખનાર ભક્તોનો, કાલથી થતો વિયોગ પ્રભુ સહી શકતા નથી અને તેથી ઠાકુરજી એમને પુનઃ સ્વરૂપાનુભૂતિ અને લીલાનુભૂતિ કરાવે છે. એનું કારણ એ છે કે વિરહમાં પ્રદિપ્ત થયેલા આવા ભગવદીયો જાણે પોતાના વિરહાનલને ગુપ્ત રાખે છે, ત્યારે, એની પ્રચંડ આંચ, ભીતર બિરાજેલા ઠાકુરજીને લાગે છે. આવી આંચ લાગતા જ માખણથી પણ અતિ કોમલ એવા પ્રભુ, ભક્તોનો તાપ સહન ન કરી શકતા હોવાથી, તુરત જ બહાર પ્રકટ થઈ જાય છે.

"क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानंद हृदिस्थं निर्गतं बहिः ॥"

જો જગતને ભક્તના વિરહની ખબર પણ ન પડે તો પ્રભુને બહાર પ્રકટ થતા રસાભાસ ન થાય. કારણકે

ભક્ત અને ભગવાનની પરમ પ્રીતિની private વાત અહીં ગુપ્તની ગુપ્ત જ રહી જાય છે.

(૪) स्वभावतः - स्वभावतया ઠાકુરજીએ પોતાના સેવક સાથે સાધારણીકરણ કરી લીધું છે, એવો પ્રેમમૂલક વિશ્વાસ, જયારે ભગવદીયનાં હૃદયમાં પ્રભુ માટે ઘનિષ્ટ થઈ જાય છે, ત્યારે, શ્રીવલ્લભપ્રભુ કહે છે તેમ "सो प्रेम को कबहूँ नास न होय ।" આનું રહસ્ય એ છે કે, આવા ભગવદીયોનો ભગવત્પ્રેમ જ આલંબન વિભાવ બનીને એમને ઠાકુરજીની આંતરાનુભૂતિ કરાવે છે, દેશાંતર વિયોગ નહીં.

आत्मत्वात्, भक्तवश्यत्वात्, सत्यवाक्त्वात्, स्वभावतः એના અનુક્રમે લીલોપદેશની ઝાંખી કનૈયાશાલ ક્ષત્રીની વાર્તામાં ઉપલબ્ધ છે. વાર્તા કહે છે; "सगरे ग्रंथ के भाव, लीला के भाव, पुष्टिमार्ग को सिद्धांत कनैयाशाल के हृदय में स्थापन किये । पांच रात्रि रहे ।" અર્થાત્

(૧) જેના હૃદયમાં શ્રીમહાપ્રભુજીએ માર્ગના અખિલ सिद्धांत के भाव સ્થાપિત કરી દીધો હોય, એવા કનૈયાશાલજીના અંતરમાં आत्मत्वात्ना માર્મિક રહસ્યો સહજ સિદ્ધ થઈ ગયા છે.

(૨) તેવી જ રીતે लीला के भाव શ્રીમહાપ્રભુજીની કૃપાથી જેમને સહજ હૃદયસ્થ થઈ ગયાં છે, એવા भक्तवश्यत्वात्ना પહેલુથી આ ભગવદીયને અનેકવિધ બાહ્યલીલાની પણ સદંતર અનુભૂતિ છે. વાર્તા કહે છે; "या प्रकार श्रीआचार्यजी, श्रीगुसांईजी की अत्यंत कृपा तें कन्हैयाशाल संयोग रस विप्रयोग रस दोऊ लीला के रस में मग्न रहते ।"

(૩) सत्यवाक्त्वात्ની દૃષ્ટિથી કનૈયાશાલને કાલનો વિયોગ પણ નથી. એનું સ્પષ્ટ દૃષ્ટાંત વાર્તામાં મળી આવે છે. અરણ્યમાં અટવાયેલા કનૈયાશાલ માટે શ્રીનાથજી સ્વયં એક ગ્વાળીયાનો વેશ ધરી, જળ અને મહાપ્રસાદ આપે છે.

(૪) स्वभावतःમાં નિર્દિષ્ટ કરેલો દેશથી થતો ભગવદ્ વિયોગ કનૈયાશાલને નથી, એનું દૃષ્ટાંત આપતાં વાર્તા કહે છે કે જયારે આ ભગવદીય દ્વારકાથી આગ્રા પાછા વળે છે, ત્યારે, પુનઃ શ્રીનાથજી ગ્વાલિયાનું સ્વરૂપ ધરી કનૈયાશાલને કહે છે કે "तू यहां क्यों बैठयो है । श्रीयमुनाजी में स्नान करनो होंय, जलपान करनो होय, तो करिकें अपुने घर जा । तब कन्हैयाशाल की दृष्टि पोथी पर ही, सो ऊँची दृष्टि करिकें देखे तो श्रीयमुनाजी और आगरो सहेर है ।" અર્થાત્ પ્રભુએ કનૈયાશાલ ક્ષત્રી સાથે એટલું અનહદ સાધારણીકરણ કરી લીધું છે, કે, એમના વિના ઠાકુરજી એક ક્ષણ પણ રહી શકતા નથી. આવી ફલનિરોધની અવસ્થામાં અવિચ્છિન્ન વિહરતા આ મહાનુભાવના स्वभावનું નિરુપણ કરતાં વાર્તા કહે છે; "लौकिक वैदिक जब सरीर की सुधि होय तब करे । परंतु पाछे कछू सुधि न रहें । लीला रस में मगन रहते । सो कन्हैयाशाल की ऐसी लोक वेद विरुद्ध बात हैं । सो कही न जाय ।"

વનમાં ચાલતી વખતે, ભાવના આવેશમાં, લીલારસમાં આવિષ્ટ થઈ ગયેલા કનૈયાશાલ ક્ષત્રી, એ વખતે, શ્રીઠાકુરજીની જે લીલાનો અનુભવ કરી રહ્યા છે, એને એ "વાહ વાહ" કહી રહ્યા છે. એના કારણે

મંઝીલની આગળ શું છે એની એમને ખબર રહેતી નથી. ત્યારે આ ભગવદીય, પ્રભુને કહે છે કે તમે પણ મારી સાથે ચાલો, મારા હમસફર બનો. હું ક્યાંય પણ ભટકાઈ જાઉં, તો પણ મારા પ્રભુ ! આપ મારી પાસે પધારવા માટે ક્યાંય ભટકાઈ જતા નહિ. કનૈયાશાલનો આવો ભાવ નિતાંત મધુરાતિમધુર છે અને આ ભાવમાં દૈન્ય અને અધિકાર એમ બન્ને અવસ્થિત છે. આના જ પ્રતિસાદ રૂપે, અરણ્યમાં અટવાઈ ગયેલા કનૈયાશાલ ક્ષત્રી માટે, ઠાકુરજી ત્યાં જ પ્રકટ થઈને આ ભગવદીયએ જોયેલી મંઝીલની આગળ કયો રસ્તો છે, એનું એમને માર્ગદર્શન કરે છે.

રસનો સમૂહ રાસ હોવાથી, કનૈયાશાલ ક્ષત્રીને સિદ્ધ થયેલ વિવેકધૈર્યાદિ એવા સર્વ સાધનોના રસનો સમૂહ, એમના ભગવદાશ્રયરસમાં મળી જાય છે. આનું રહસ્ય એ છે કે કનૈયાશાલ ક્ષત્રી, પોતાના ઠાકુરજી પ્રત્યેના સર્વતોધિક સુદૃઢ સ્નેહના કારણે એમના વિવેક, ધૈર્ય, આશ્રય સ્થાયી emotions કે ઊર્મિમાંથી પ્રકટ હોવાથી તે સર્વે રસાત્મક છે. વાસ્તવમાં તો શ્રીવલ્લભનીવાણી વેણુનાદાત્મકની સુધાસભર અને રસાત્મક છે. શ્રીમહાપ્રભુજીએ પોતાની અખિલ વાણીને આ મહાનભગવદીયનાં હૃદયમાં સ્થાપિત કરી હોવાથી, કનૈયાશાલ, આચાર્યજીના અખિલ સિદ્ધાંતોને રસાત્મક પ્રતિસાદ આપે છે. રાસમાં જેમ પ્રપંચવિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ છે, તેમ, આ મહાનુભાવના આશ્રયમાં સર્વસાધનોના ત્યાગપૂર્વક પ્રભુનો રસાત્મક અનન્યાશ્રય છે. ભક્તનો આવો દૃઢાશ્રય, ઠાકુરજીમાં એના રક્ષણ

માટે "વીરરસ"ને પ્રકટ કરે છે, અર્થાત્ દૃઢાશ્રય કરનાર ભગવદીય માટે પ્રભુના ઐશ્વર્યવીર્યાદિ ધર્મો આવિષ્ટ થઈ જાય છે અને આવા ભક્તનું રક્ષણ કરવું, એ ભગવાનની responsibility કે જવાબદારી બની જાય છે. તેથી જ ગહેરાવનમાં અટવાઈ ગયેલા કનૈયાશાલ માટે, ઠાકુરજી, પ્રસાદ અને જલ લાવીને એમના પ્રાણનું રક્ષણ કરે છે. તથા એમને જે સ્થાનમાં જવું છે, એ સ્થાનની નજીક એમનું સ્થળાંતર કરી દે છે. અહીં સમજવાનું એ છે કે આશ્રય સિદ્ધ થાય, એના પહેલાં પુષ્ટિજીવને નિ:સાધનતાનો ભાવ આવિષ્કૃત થવો અનિવાર્ય છે.

કનૈયાશાલક્ષત્રીમાં નિ:સાધનતા અને દીનતા છલોછલ ભરેલી છે. આ ભગવદીય જયારે જંગલમાં અટવાઈ જાય છે, ત્યારે, એમાંથી બહાર આવવાનું કોઈ સાધન કરવાને બદલે, પોતાના નિ:સાધનતાના ભાવની મુદ્રામાં, એક ઝાડની નીચે બેસીને, આચાર્યચરણના ગ્રંથોનું એ અવગાહન શરૂ કરી દે છે. તેથી જ પુષ્ટિના પ્રભુ જયારે બહેકવા ચાહે છે, ત્યારે, એમને કનૈયાશાલ જેવા નિ:સાધન જીવોની અપેક્ષા હોય છે. કારણકે સુસાધન જીવો એમને મંઝીલ સુધી સાથ આપી શકતા નથી. કેવલ નિ:સાધન જીવો, ઠાકુરજીના અવિચ્છિન્ન સથવારે હોય છે. મર્યાદા ભંગો હિ પુષ્ટિ એવો બહેકવાનો અભિગમ ઠાકુરજી જયારે અંગીકાર કરે છે, ત્યારે, પ્રભુની ઈચ્છામાં પોતાની ઈચ્છા મીલાવનારા આવા નિ:સાધન ભક્તો ઠાકુરજીના એમના અખંડિત સાન્નિધ્યમાં હોય છે.

નિરંતર આત્મરતિના મૂડમાં લીલા કરતા आत्मत्वात् પ્રભુ, જયારે, કનૈયાશાલ ક્ષત્રી જેવા નિઃસાધન અંતરંગ ભક્તો પાસે બહેકી જાય છે, ત્યારે, પ્રભુ પોતાની આત્મરતિની મર્યાદાનો ભંગ કરીને, પોતાનો ગૂઢ સ્ત્રીભાવ भक्तवश्यात् દશામાં પ્રકટ કરીને सत्यवाक्त्वात् પ્રભુ નિખાલસ સત્યથી આવા ભગવદીયોને કહે છે કે; "હવે તું મને માણ." આવી વિલક્ષણ અવસ્થામાં પ્રભુએ પોતાના આત્મરતિના स्वभावतःના મૂડને જાણે થોડા સમય માટે વિમુક્તિ ન આપી હોય, તેમ, ઠાકુરજી, પોતાની આત્મરતિથી "અતિરિક્ત અન્ય" કોઈને પ્રભુ માણી રહ્યા છે, અને "એવા અતિરિકત" પ્રભુને માણી રહ્યો છે તેવો "દ્વૈત"ભાવ પૂર્ણકામપ્રભુ, કનૈયાશાલ ક્ષત્રી પાસે પ્રકટ કરે છે. आत्मत्वात् આદિમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિનું જે રહસ્ય સમજાવ્યું છે, તેની અહીં પરાકાષ્ઠા છે. આ અવસ્થામાં કનૈયાશાલ સાથે બહેકી ગયેલા ઠાકુરજી અને આ ભગવદીય વચ્ચે આવી અપ્રતિમ ગૂઢ અને નિગૂઢ લીલાઓ આવિષ્કૃત થાય છે, જે, સદા ગુપ્તતામાં નિબિડ હોય છે. આવા રહસ્યલીલાના ગૂઢ પ્રસંગો, ઠાકુરજી અને કનૈયાશાલ વચ્ચે નિરંતર નિર્માણ થતા હોવાથી, શ્રીગોકુલનાથજી વાર્તામાં આજ્ઞા કરે છે કે; "सो कन्हैयाशाल की ऐसी लोक वेद विरुद्ध बात है । सो कही न जाय ।" આનો વિસ્તાર કરતાં ભાવપ્રકાશમાં હરિરાયચરણ કહે છે; "काहे तें, कहिये जो लोगन कों श्रीठाकुरजी की लीला के भाव की खबरि नाहीं है, तातें उनको विश्वास न होय । तातें प्रकास नाहीं किये । प्रेम की रीति अटपटी हैं । सो सूरदासजी नें गायो है-

"ब्रज लीला कोऊ पार न पायो ।"

ઠાકુરજીની જે આનંદરૂપ હરેક લીલા છે એની અવધિ અવસ્થા આ પ્રસંગમાં અભિરમણ કરે છે.

"परमानंद वेदसागरकी मर्यादा गई टूट ।
कोन रस गोपिन लीनो घूंट ।"

******

(૨૭) श्री ठाकुरजी आपु वा जनार्दनदास बिनु एक क्षन रहते नाहीं.

૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૧૬ - जनार्दनदास क्षत्री, आगरे के

જેને શ્રીમુકુંદરાયજી અત્યંત વશ છે, એવા જનાર્દનદાસ ચોપડાની આ વાર્તા અતિ ગંભીર રહસ્યથી ભરપૂર હોવાથી, એનો સમ્યક્ આનંદ માણવા માટે, આપણને એ જાણવું આવશ્યક રહેશે કે, ભક્તિના કેવા નાજુક, સૂક્ષ્મ, ગંભીર અને અદ્‌ભુત અંગોથી જનાર્દનદાસ ચોપડા આવિષ્ટ થઈ ગયા છે. જેના કારણે સ્નેહવશ મુકુંદરાયજી એમના સિવાય ક્ષણવાર પણ રહી શકતા નથી. વાર્તા કહે છે; "तब श्रीठाकुरजी आपु वा जनार्दनदास बिनु एक क्षन रहते नाहीं ।" "કેલીડોસ્કોપ" ફેરવીએ તો આપણને એમાં અનેકરંગી ડીઝાઈનો દર્શાતી જાય છે, તેમ, જનાર્દનદાસ ચોપડાની ભક્તિમાં રુચિ, નિષ્ઠા, આરાધના, સ્વરૂપનિષ્ઠા, અનન્યાસક્તિ, પ્રભુ પ્રતિ નિરવધિ અને નિરુપાધિક પ્રેમ, નિર્ગુણભાવની અગાધતા આદિ વિવિધ પહેલુઓ દૃશ્યમાન થાય છે.

રુચિ :- "રુચિ"ની દૃષ્ટિથી જોઈએ તો પાંચ વર્ષની નાનકડી વયથી જ જનાર્દનદાસને ભગવદ્રૂચિ છે અને ત્યારથી જ એમના બીજભાવમાં પ્રભુ માટે કૂણો સ્નેહ અંકુરિત થઈ ગયો છે. વાર્તા કહે છે; "सो जनार्दनदास बरस पांच के भए तब तें वैष्णवन के घर जाइवे लगे । सो वैष्णव उन कों दैवी जीव जानि महाप्रसाद देतें ।

कहतें, जो-तू दैवी जीव है । तैरे पर बेगि कृपा होइगी ।” શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના સેવકોમાં પણ દૈવીજીવોને ઓળખવાનું સામર્થ્ય છે.

ભગવદ્‌નિષ્ઠા :- ભક્તિની દૃષ્ટિથી જોઈએ તો, આ ભગવદીયને પુરુષોત્તમના બ્રહ્મ, પરમાત્મા, ભગવાન અને કૃષ્ણરૂપ એવા સર્વ પહેલુઓ પોતાના સેવ્યસ્વરૂપમાં સ્વીકૃત છે અને શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી ભક્તિને જીવવા માટે એમની સતત તૈયારી છે, જે એમની "ભગવદ્‌નિષ્ઠા"ને અભિવ્યક્ત કરે છે. આચાર્યજીનો સિદ્ધાંત એમણે કેવી રીતે જીવ્યો છે એનું અદ્‌ભુત આલેખન કરતાં વાર્તા કહે છે; "सो अहर्निस चित्त सेवा के विषे रहे । उत्तम तें उत्तम सामग्री होंइ सोई आरोगावें । भांति भांति के वस्त्र आभुषन श्रीठाकुरजी आपु कों अंगीकार करावते । ऐसें करत बोहोत दिन भए ।” વૈષ્ણવની ભીતર આમ પ્રભુભક્તિ માટે અહર્નિશ "ભૂખ" રહે, એ શ્રીવલ્લભની પુષ્ટિભક્તિમાર્ગનો સાર છે.

આરાધના અને અનન્ય સ્વરૂપાસક્તિ :- જનાર્દનદાસમાં પ્રભુની "આરાધના"નો કે, ઠાકુરજીને સદા પ્રસન્ન રાખવાના ભાવની એક દિવ્ય જ્યોતિ અખંડ પ્રકટ છે. બાલમુકુંદજીમાં સિદ્ધ થઈ ગયેલા આવા અવિરત આરાધનાના ભાવનું પર્યવસાન જનાર્દનદાસની પ્રભુ માટેની "અનન્યાસક્તિ"રૂપ "સ્વરૂપનિષ્ઠા"માં સિદ્ધ થઈ જાય છે.

નિર્ગુણભાવ :- જનાર્દનદાસ ચોપડાને ઠાકુરજી પ્રત્યે નિ:સીમ અને નિ:સ્વાર્થ પ્રેમ છે અને પ્રભુ પ્રતિનો

નિર્ગુણ અને અગાધભાવ, આ ભગવદીયમાં સદા વિરમતો હોય છે. એના પ્રતિસાદરૂપે બાલમુકુંદજી પણ પોતાના નિતાંત પ્રિય એવા જનાર્દન વગર એક ક્ષણ પણ રહી શકતા નથી. ત્યાં સુધી જ આ લીલા સીમિત રહેતી નથી, પણ, આ ભગવદીય કામકાજ માટે બહાર જવા માટે જયારે પ્રભુની આજ્ઞા માંગે છે, ત્યારે એ વેળાની પ્રેમવશ ઠાકુરજીની અવસ્થા આપણને રોમાંચિત કરી દે તેવી અદ્‌ભુત છે. વાર્તા કહે છે; "सो जनार्दनदास चोपडा कछू कामकाज कों कहूं जाते तब श्रीबालमुकुंदजी कहते, जो मैं तेरे संग आऊंगो । तू कहां जात है ?" આનો ગૂઢાર્થ એ છે કે જયાં જયાં જનાર્દનદાસ જાય છે ત્યાં ત્યાં પ્રભુ તો બ્રહ્મરૂપે સર્વવ્યાપક છે જ, પરંતુ જનાર્દનદાસનું ભજનીય સેવ્યસ્વરૂપ ભક્તોદ્ધારક હોવાથી, અને આ ભક્ત વગર નહીં રહી શકવાથી, પ્રભુ પોતે, જનાર્દનદાસ સાથે ઘરની બહાર જવા પણ અતિ તત્પર હોય છે. આચાર્યજી કહે છે; "सेवकस्य तु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति ।" પોતાની સાથે "ઘરનો ઠાકુર" બહાર પધારવાનો "શ્રમ" ન લે એવો "સેવકધર્મ" બજાવતાં જનાર્દનદાસ ચોપડા, પ્રભુને બહુ લાડથી સમજાવે છે કે; "जो-महाराजाधिराज ! मैं अब ही बडी बेगि आवत हों ।" તદ્દુપરાંત, ઠાકુરજીને બહાર ન પધરાવવાનું એક એ પણ રહસ્ય છે કે, શ્રીવલ્લભપ્રભુએ પુષ્ટિજીવને ગૃહસેવા સોંપી છે અને તેથી વૈષ્ણવે, પ્રભુ સાથે રસાત્મક રમણ ગુપ્ત રીતે પોતાના ઘરમાં જ કરવાનું છે. તેથી જ ઠાકુરજીને બહાર પધરાવવાથી રસાભાસ થઈ જાય. અથવા તો એક પ્રેમીની દૃષ્ટિથી વિચારીએ

તો કોઈની "નજર" ન લાગી જાય, એ હેતુથી પણ જનાર્દનદાસ સેવ્યસ્વરૂપને બેરબેર વિનંતી કરીને ઘરમાં જ "છૂપાવી" રાખે છે.

વાર્તા કહે છે; "तब श्रीगुसांईजी आप श्रीमुख तें कहते, जो-जनार्दनदास चोपडा बडे कृपापात्र भगवदीय हैं ।" જ્યારથી શ્રીપ્રભુચરણે આવા શબ્દો શ્રીમુખથી આ ભક્ત માટે ઉચ્ચાર્યા છે, ત્યારથી, શ્રીવિઠ્ઠલેશપ્રભુની સ્વરૂપાત્મક વાણી હોવાથી, પ્રતિદિન જનાર્દનદાસની ભક્તિ અભિવૃદ્ધિ પામતાં પામતાં સર્વોત્કૃષ્ટ દશામાં પરિણમિત થઈ જાય છે. આનું રહસ્ય એ છે કે શ્રીપ્રભુચરણે જનાર્દનદાસમાં શ્રીમહાપ્રભુજીનું સર્વોત્તમજી કથિત "वैश्वानर" નામ પ્રકટ કરી દીધું છે. એ નામના અપરિમિત પ્રભાવના કારણે, જનાર્દનદાસમાં, મુકુંદરાયજી માટે પ્રગાઢ પ્રેમ, ભાવાવેશ અને લીલાવેશ આવિષ્ટ થઈ જાય છે, જે ઠાકુરજીને આ ભગવદીયને વશ થઈ જવા પરવશ કરી દે છે. વાર્તા કહે છે; "तब श्रीठाकुरजी आपु वा जनार्दनदास बिनु एक क्षन रहते नाहीं । जो चाहिए सोई मांगि लेते । वार्तें करते ।" "વૈશ્વાનર" નામનું નિતાંત માહાત્મ્ય એ છે કે વૈશ્વાનર વિના લીલા ન થાય. તેથી જ ગવાયું;

"नातर लीला होती जूनी ।
जो पें श्रीबल्लभ प्रकट न होते बसुधा रहती सूनी ॥"

તેમજ "વૈશ્વાનર" વિના પુષ્ટિજીવને ભાવોદ્દીપન ન થાય અથવા તો ભક્તને વિવિધ લીલાનુકૂલ અનુપમ ભાવનું દાન પણ ન થાય. તેથી જ કૃષ્ણના વદનાનલ

શ્રીવલ્લભપ્રભુ માટે, વલ્લભજી પોતાની ટીકામાં કહે છે કે શ્રીકૃષ્ણાસ્ય એવા શ્રીવલ્લભ, એ કેવલ પુરુષોત્તમનું આસ્ય નથી પણ લીલાનું પણ આસ્ય છે. વાસ્તવમાં તો પુષ્ટિજીવને, કૃષ્ણ વલ્લભ લાગે છે એનું કારણ વૈશ્વાનર જ છે. તેથી સર્વોત્તમજીમાં "वैश्वानर" પછી "वल्लभाख्य" નામ આવે છે. આ વૈશ્વાનર નામના પ્રતાપથી જનાર્દનદાસને બાલમુકુંદજીમાં અગાધ સ્નેહ થઈ જાય છે અને બાલમુકુંદજીને જનાર્દનદાસમાં.

અહીં સમજવાનું એ છે કે બ્રહ્મથી આપણને પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય છે, તો વૈશ્વાનરના કારણે વૈષ્ણવમાં ભાવોદ્દીપન થાય છે. જેના લીધે જનાર્દનદાસ પોતાના આત્મામાં રહેલા પરમાત્માને ચાહતા થઈ જાય છે. આમ બ્રહ્મના પહેલુથી આ ભગવદીયમાં માહાત્મ્યજ્ઞાન ઉભરી આવે છે, તો, વૈશ્વાનરના પહેલુથી તાદાત્મ્ય. ઠાકુર કૃષ્ણ અને પુષ્ટિજીવ વચ્ચે interaction કે સંવાદ ઉદ્‌ભૂત કરનાર વૈશ્વાનર જ છે. જનાર્દનદાસ અને બાલમુકુંદજી વચ્ચેના આવા અનુપમ તાદાત્મ્ય અને સુલલિત સંવાદના સુરમ્ય દર્શન વાર્તામાં કરવાં જેવાં છે. કામકાજ કરીને જનાર્દનદાસ ઘેર પાછા આવે છે, ત્યારે, "तब श्रीबालमुकुंदजी आपु कहते, जो-जनार्दनदास ! आयो ? जो-ऐसें बालमुकुंदजी आपु जनार्दनदास की देह चली तहां पर्यंत ऐसें ही किये ।" જનાર્દનદાસને આજીવન બાલમુકુંદજી આમ કહે છે એને એક નિત્યક્રમરૂપ routin નહીં સમજવું. પ્રત્યેક "સ્વાગત" વખતે શ્રીઠાકુરજીના મુખારવિંદ પર જે નાજુકડા ભાવો અભિવ્યક્ત થાય છે તથા પ્રભુની પ્રત્યેક સમયની અમૃતવાણીમાં જે લાલિત્ય,

મૃદુલતા કે લીલાભેદ સ્રવે છે, એ માધુરીનું પાન તો કેવલ જનાર્દનદાસે કર્યું છે, "નિત્યલીલા નિત્યનૌતન શ્રુતિ ન પામે પાર". એ નિત્યલીલા કેવી હશે ! ક્યારેક ધાર્યા કરતાં જનાર્દનને ઘેર આવતાં અવેર થઈ જાય છે, ત્યારે, એ વખતે ઘેર પાછા આવેલા જનાર્દનદાસને, પ્રભુનાં મુખારવિંદ પર અભિરમતી "ભવ્ય આતુરતા"નું પીયૂષભર્યું પાન, જનાર્દનદાસે મુગ્ધ રીતે કર્યું હશે ! અથવા તો નિર્ધારિત સમયથી ક્યારેક પોતાના સેવકને ઘેર વહેલા આવતા નિરખીને, હરખીને, "આશ્ચર્યચકિત" થયેલા ઠાકુરજી એમને અનિમિષ નયને નિહાળી રહ્યા છે. તો વળી ક્યારેક પોતાના નાજુક શ્રીહસ્તથી, પોતાના જનાર્દનનો હાથ પકડીને બાલમુકુંદજી મંજૂલવાણીથી કહેતા હશે કે "तु आयो ?" અથવા તો નાજુક નાજુક શબ્દોથી પોતાના લીલા પરિકરને "વધાઈ" આપી રહ્યા છે અને ખીલખીલાટ કરતા ખુશ મીજાજથી કહે છે; "मेरो जनार्दन दास आयो, मेरो जनार्दनदास आयो ।"

શ્રીગુસાંઈજીએ જનાર્દનદાસ ચોપડામાં સર્વોત્તમજી કથિત વૈશ્વાનરનું નામ જ્યારથી પધરાવ્યું છે, ત્યારથી આ ભગવદીય સેવા, સમર્પણ, સ્નેહ અને ભક્તિથી પ્રભુ સાથે ઘનિષ્ઠ સંબંધ જોડીને "તન્મયતા"ની અવસ્થામાં પહોંચી ગયા છે અને એના પ્રતિસાદરૂપે બાલમુકુંદજી પણ આ ભક્તમાં તન્મય થઈ ગયા છે. તેથી જ વાર્તા કહે છે; "सो जनार्दनदास बिनु बालमुकुंद सो रह्यो जाइ नहीं ।" તન્મયતા એ સેવ્ય સાથે સેવકનો જ્યારે "એકસૂર" મળી જાય છે કે rapport બંધાય જાય છે તે પછીની આ અવસ્થા છે. આવી

તન્મયતાની અવસ્થા જર્નાદનદાસે કેવી રીતે સિદ્ધ કરી હશે એ મહાપ્રભુજીના સિદ્ધાંતોથી સમજવું અતિ આવશ્યક છે. ભક્તિના અંગરૂપ સેવામાર્ગના એક એક પહેલુઓમાં આચાર્યચરણે તન્મયતાને ખિલવા સંપૂર્ણ અવકાશ આપ્યો છે. જેમ કે, પ્રભુ સાથે એક રાગ થવા માટે, કે rapport બાંધવા માટે સૌથી પહેલાં ઠાકુરજીને, બે હાથ જોડીને દંડવત્ કરવાની પ્રક્રિયા આપણને વૈશ્વાનર શ્રીવલ્લભે સમજાવી છે. તત્પશ્ચાત્ શૃંગારાદિ સેવા વખતે પણ કેવી તન્મયતા ઉદ્ભૂત થાય છે, તે, જનાર્દનદાસની વાર્તા સમજાવે છે; "भांति भांति के वस्त्र आभूषन श्रीठाकुरजी आपु कों अंगीकार करावते ।" ઠાકુરજીને સામગ્રી સમર્પિત કરતી વખતે પણ આ ભગવદીયની તન્મયતા અવલોકનીય છે. વાર્તા કહે છે; "उत्तम ते उत्तम सामग्री होंइ सोई आरोगावे ।" પ્રભુની "આર્તિ" કરતી વખતે શ્રીમહાપ્રભુજીએ, ભક્તને પ્રભુમાં તન્મય થવા માટે અદ્ભુત અવકાશ આપ્યો છે. આર્તિનું બહારનું સ્વરૂપ સ્વાગત કે welcomeનું છે. પરંતુ તન્મયતાની અવસ્થામાં જનાર્દનદાસ આર્તિ વખતે, બાલમુકુંદજીના પ્રતિપલના નૂતનરૂપને, આંખથી પોતાની ભીતર વારંવાર પધરાવતા હોય છે. આમ આ ભગવદીયમાં જે તન્મયતાનું સ્વરૂપ ઝાકળઝોમ થઈ રહ્યું છે, તે એમની ભીતર બિરાજતા વૈશ્વાનરના કારણે છે. આવા વૈશ્વાનરના અતુલ પ્રતાપને સમજાવતાં શ્રીહરિરાયજી ગાય છે; "वैश्वानर प्रभु सबसुख दाता, सुनि मन में धीर धारे ।" સર્વોત્તમજીની ટીકામાં "વૈશ્વાનર" નામનું નિરવધિ સામર્થ્ય સમજાવતાં

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે "जो श्रीमहाप्रभुजी अति अलौकिक श्रीपूर्णपुरुषोत्तम तिन के मुखारविंदरूप परम अलौकिक आधिदैविक अग्निरूप है, सो रसरूप अग्नि है ।" આમ વૈશ્વાનરદત્ત ભક્તિથી, જનાર્દનદાસનાં અંતરમાં, બાલમુકુંદજી માટે, પ્રેમ, ભાવ, લીલા આદિનો જલધિ અવિરત તન્મયતાની અવસ્થામાં ઉમટતો જ જાય છે, ત્યારે, એની માધુરીના પ્રવાહમાં બાલમુકુંદજી પરવશ થઈને, આનંદના તુંદિલીકરણમાં વહેતા જ રહે છે, વહેતા જ રહે છે. પ્રભુના અપરિમિત આનંદની આ અકલ્પનીય અવસ્થા છે. આપણા આવા શ્રીવલ્લભ પર બલિહારી જતા શ્રીગિરિધરજી મસ્તીમાં ગાન કરી રહ્યાં છે;

"जों वे अग्निरूप तन वल्लभरूप जलधि नहिं आने ।
भक्तन के हित कारण ऐसे नही देखे न कहाने ।"

******

(२८) प्रेम के सिंधु को मरम जान्यो नहीं

વાર્તા : ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની - ગ્રંથ સેવાફલ

સેવાફલ ગ્રંથ કથિત પુષ્ટિ, પ્રવાહ કે મર્યાદા એવા ત્રણ જીવભેદો નથી, પરંતુ પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા અને પુષ્ટિપ્રવાહ એવા ત્રણ અવસ્થાભેદો છે. આ અવસ્થાભેદોને સમજાવતાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે;

"पुष्टया विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः ।
मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णाति दुर्लभाः ॥"

શ્લોકનો ભાવાર્થ :-

(૧) પુષ્ટિપુષ્ટિ :- આ કક્ષાના ભગવદીયો "સર્વજ્ઞ" હોય છે. એમની પુષ્ટિભક્તિનું સ્વરૂપ છે; "माहात्म्यज्ञानपूर्वस्तु सर्वतोधिक सुदृढस्नेहोभक्तिः ." તેથી, આવા ભક્તો નિર્ગુણભક્તિના ઉત્તમ અધિકારી હોય છે. શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં સમજાવેલ સેવા અને કથા, એમ ઉભયપક્ષમાં અભિરમણ કરનારા પુષ્ટિપુષ્ટિના ભક્તો હોય છે. અર્થાત્ "સમજ, ભાવ અને ક્રિયા"ના ત્રિવેણી સંગમમાં તેઓ નિરંતર વિહાર કરનારા હોય છે. "સમજ"ની દૃષ્ટિથી જોઈએ તો, આવા અધિકારી પુષ્ટિજીવોને, ઠાકુરજીના અચિંત્ય માહાત્મ્યનું અંશીરૂપે, તેમ જ અંશરૂપે પોતાના સ્વરૂપનું જ્ઞાન હોય છે. "ભાવ"ના પક્ષથી અવલોકીએ, તો, આવા ભગવદીયોનું મન ઠાકુરજીની વિવિધ ભાવભાવનાઓમાં સદા રમણ કરતું હોય છે. આ કોટિના ભક્તો, કથાના શ્રવણ અને સત્સંગથી, પ્રભુનું માહાત્મ્યજ્ઞાન અને ઠાકુરજી

માટે ભાવની સંપદા સંપાદિત કરનારા હોય છે. તેવી જ રીતે "ક્રિયા"ની દૃષ્ટિથી જોઈએ, તો, આવા વૈષ્ણવો, સદા સેવાપરાયણ હોય છે. અર્થાત્ ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી, તેમ, "સેવાયાં વા કથાયાં વા" એમ સેવા અને કથા એવા ઉભય ભક્તિપક્ષના પુષ્ટિપુષ્ટિ ભક્તો અનુગામી હોય છે. સારાંશમાં આવા ભગવદીયોની સેવા કથાત્મિકા હોય છે અને કથા સેવાત્મિકા.

(૨) પુષ્ટિમર્યાદા :- કથા પક્ષને અનુસરનારા આવા વૈષ્ણવો, પ્રભુનાં ગુણગાન અને લીલાના પહેલુનું અવગાહન કરનારા હોવાથી, એમનામાં "સમજ" અને "ભાવ" છે, પરંતુ સેવારૂપ "ક્રિયા" નથી.

(૩) પુષ્ટિપ્રવાહ :- આ કક્ષાના અધિકારી જીવો "ક્રિયા"રત એવા કેવલ ભગવત્સેવા કરનારા હોય છે.

(૪) શુદ્ધપુષ્ટિ :- શુદ્ધ પ્રેમી દુર્લભ ભગવદીયોને, સૌથી પહેલાં પ્રભુ માટે અનાયાસ પ્રેમ સિદ્ધ થાય છે અને તેના પછી માહાત્મ્યજ્ઞાન. પરંતુ "પુષ્ટિપુષ્ટિ" અવસ્થાના ભક્તોને પહેલાં પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય છે અને તત્પશ્ચાત્ ઠાકુરજી માટે સ્નેહ. વાસ્તવમાં તો, શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિની કક્ષાવાળા ભક્તોમાં ભેદ હોતો નથી કારણકે આ બન્ને પ્રકારના ભગવદીયોની ભક્તિની અવસ્થા સમકક્ષ હોય છે.

સેવાફલ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી, પુષ્ટિજીવોના સંદર્ભમાં ત્રણ પ્રકારના નિર્દેશન કરે છે; અલૌકિક સામર્થ્ય, સાયુજય અને સેવાપયોગી દેહ. આ ત્રણેય

પ્રકારના ફલને, મેં લખેલ પૂર્વના ચારે ભાગોમાં, તદુપરાંત ભાગ-૩ના છેલ્લા પાના ઉપર "પ્રત્યેક ષોડશગ્રંથનો સાર" નામક શીર્ષક હેઠળ વિસ્તારથી આવરી લીધા હોવાથી એની અહીં હું પુનરુક્તિ કરતો નથી.

પરંતુ અહીં એક સમજવાની વાત એ છે, કે, રમાવૈકુંઠમાં બિરાજમાન વિષ્ણુ, ગુણાત્મક હોવાથી, પુષ્ટિજીવ પુષ્ટિપુષ્ટિનો હોય, પુષ્ટિમર્યાદાનો હોય કે પુષ્ટિપ્રવાહનો, પણ તેના અલૌકિક સામર્થ્યની સિદ્ધિ, સાયુજયમુક્તિ કે નિત્યલીલા પ્રવેશ, એ સર્વે ગુણાતીત એવા પુરુષોત્તમ સંબંધી હોય છે, ગુણાત્મક વિષ્ણુ સંબંધિત નહિ. એમાં ય જે પુષ્ટિજીવની અહંતા મમતા, ભૂતલ પર નિવૃત્ત થઈ ગઈ છે, તેઓ "દેહ" વિના પુરુષોત્તમમાં સાયુજય પામે છે. પરંતુ અલૌકિક સામર્થ્યયુક્ત તનુનવત્વ સંપાદિત કરેલા ભગવદીયો હોય, કે નવતનુત્વ ઉપલબ્ધ કરીને નિત્યલીલા પ્રવેશ થનારા પુષ્ટિજીવો હોય, તેઓ, તેમની અહંતા મમતા સાથે નિત્યલીલામાં સૂક્ષ્મ દેહ સહિત પ્રવેશ કરે છે. તેથી આવી લીલાસ્થલીમાં પણ એમની ભગવદીય થયેલી અહંતામમતાનું એમને સદા સાહચર્ય હોય છે. આ વિષયનો વિસ્તાર મેં મારા ચોથા ભાગમાં "બાબાવેણુ"ની વાર્તામાં કર્યો છે, તો કૃપયા ત્યાં જોઈ લેવું.

વાસ્તવમાં તો બાહ્ય દૃષ્ટિથી અવલોકતા કોઈપણ પુષ્ટિજીવ, કઈ અવસ્થાનો છે, તેની આપણને ઓળખ થવી બહુ જ મુશ્કેલ છે. એનું કારણ એ છે, કે, કયા

વૈષ્ણવની ભીતર, કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ કે ભાવ કઈ કક્ષાનો છે કે, કેટલો નિખાર પામેલો છે, કે કેટલો અગાધ છે, તેની આપણને જાણ થઈ શકતી નથી. આના અનુસંધાનમાં સૂરદાસજીની પંક્તિ સમજવા જેવી છે; "प्रेम के सिंधु को मरम जान्यो नहीं ।"

પ્રેમના સિંધુના મર્મને સમજવા આપણે કેટલાક વૈષ્ણવોની વાર્તાઓનાં ઉદાહરણ હવે લઈશું, ત્યારે, આપણને અદ્‌ભુત ચમત્કૃતિ એ થશે કે કોઈ વૈષ્ણવ, બાહ્ય દૃષ્ટિથી આપણને પુષ્ટિપ્રવાહની અવસ્થાના લાગતા હોય, પરંતુ વાસ્તવમાં તો એમના અંતરમાં પ્રભુને વશ કરી લે એવો પ્રેમના પીયૂષનો ઉદધિ ઉછળતો હોય છે, જેથી એમની દશા "અલૌકિક સામર્થ્ય" સમકક્ષ હોય છે. જેમ કે;

પુષ્ટિપ્રવાહ :- પરેભૈયાની વાર્તા. બાહ્યદૃષ્ટિથી પરેની અવસ્થા અવલોકશું તો આપણને એ પુષ્ટિપુષ્ટિની નહી લાગે. કારણકે એ ન તો ઠાકુરજીને ઘરમાં પધરાવીને ભગવત્સેવા કરે છે, કે ન તો કથા. અર્થાત્ सेवायां वा कथायां वाની સ્થિતિનાં દર્શન આપણને એમની વાર્તામાં થતાં નથી. તેમ જ ગુણગાનના અભાવમાં, પરે, પુષ્ટિમર્યાદાના જીવ પણ આપણને નહિ લાગે, પણ પરે, પુષ્ટિપ્રવાહના એ પથિક હોય એવો આપણને "ભાસ" થશે. પરેને એના "પરેભૈયા", પુરુષોત્તમ છે એવું પણ માહાત્મ્યજ્ઞાન નથી. પુષ્ટિપ્રવાહના જીવો માફક ફક્ત એ બે પ્રસાદી પાતળ લાવે છે. એમાંથી એક "પરેભૈયા"ને ધરે છે અને એક પોતે લે છે. પરંતુ પરેની પાસે એક જબરદસ્ત central force એવો છે કે

ઠાકુર "પરેભૈયા" પ્રત્યે એમને અગાધ sentiment કે પ્રેમ છે. પરેમાં, પ્રભુ માટે પ્રેમનો જે પ્રાદુર્ભાવ થયો છે, એનું કારણ, પ્રભુના ગુણ નથી, ઠાકુરજીનું લાવણ્યમય રૂપ નથી કે પરેને "પરેભૈયા" પાસેથી મેળવવાની કોઈ કામના કે સ્વાર્થ નથી. પરંતુ ઠાકુરજી પ્રત્યેનો એમનો પ્રેમ શ્રીગુસાંઈજીની કૃપાથી સહજ છે, "शुद्धाप्रेम्णा अति दुर्लभाः" જેવો છે. વાસ્તવમાં ઠાકુરજીએ પરેનું ચિત્ર ચોરી લીધેલું હોવાથી, આ ભગવદીયના પ્રેમની તરંગાવલીઓ નિરંતર ઠાકુરજી તરફ વહી રહી હોય છે. આ જ રહસ્યને સમજાવતાં સૂરદાસજી ગાય છે;

"अनुभवी बिना अनुभव कहा जान हि,
                    जाको पिया नहीं चित्त चोरे ।
प्रेम के सिंधु को मरम जान्यो नहीं,
                    सूर कहे कहा भयो देह बोरे ॥"

પરેભૈયાની પ્રેમ અવસ્થાનું જ જાણે વર્ણન હોય તેમ રસખાનજી ગાય છે;

"बिनु गुन जोवन रूप धन बिनु स्वारथ हित जानी ।
शुद्ध कामना ते रहित प्रेम सकल रसखानी ।"

તેથી, બાહ્ય દૃષ્ટિથી પુષ્ટિપ્રવાહમાં દર્શાતા આવા ઉત્કૃષ્ટ પ્રેમની જાહોજલાલીથી સંપન્ન પરેનો, પ્રભુ સાથેનો સંબંધ એટલો "પ્રત્યક્ષ", સાક્ષાત્ અને personal છે કે આવી અવસ્થાનું દર્શન કરતાં આપણને અવશ્ય એમ લાગે કે પરે, તો, સેવાફલ ગ્રંથ કથિત ઉત્તમ ફલ એવા "અલૌકિક સામર્થ્ય"ની અવસ્થામાં વિહરી રહ્યા છે. એમની વાર્તાનાં માધ્યમથી પરેની આંતરિક પ્રેમની ઉત્ક્રાંતિનો process સમજવા જેવો છે. ગુસાંઈજી

જ્યારે "પરે" એટલું જ કહે છે, તો એ વખતે એક reflex action અથવા તો અનાયાસ પ્રતિસાદરૂપે પરેને "પરેભૈયા" મળી જાય છે. ધીરે ધીરે પરેભૈયા (ઠાકુરજી) માટે એમનો સ્નેહ એટલો પ્રચૂર બની જાય છે, કે પરેભૈયા માટે પાતળ માંગવાની આદિ, પરે, જે જે "ક્રિયા"ઓ કરે છે, તે, સર્વે ક્રિયાઓ, એમના ઠાકુરજી પ્રત્યેના સ્નેહમાંથી આવિષ્કૃત થતી હોય છે. "સહજ પ્રીત ગોપાલ હી ભાવે" જેવી આ ભગવદીયની પરિસ્થિતિ છે. ઠાકુરજીએ પરેનું મન ચોરી લીધું છે. એટલે જ સૂરદાસજી કહે છે તેમ પરે "प्रेम के सिंधु को मरम" માણી રહ્યા છે. અર્થાત્ જ્યાં સુધી કોઈ પુષ્ટિજીવનું મન, પ્રભુ, પોતાની તરફ ચોરી નથી લેતા, ત્યાં સુધી આવો જીવ પ્રેમસિંધુના મરમને પિછાણી શકતો નથી. આ ભાવને ઉજાગર કરતા સૂરદાસજી ગાય છે; "जाको पिया नहि चित्त चोरे, प्रेम के सिंधु को मरम जान्यो नहीं ।" આવી રીતે પુષ્ટિજીવમાં જ્યારે, ઠાકુરજી માટેના પ્રેમની intensity કે પ્રેમના આવેગના અતિરેક થાય, ત્યારે, એવા વૈષ્ણવના આવા ભગવદ્પ્રેમાવેશને એમની પોતાની senses કે દેહેન્દ્રિયાદિ પણ ઝીલી શકતા નથી. એ વખતે આવો ભગવત્પ્રેમવેગ, આવા ભગવદીયનાં અંતરમાંથી બહાર આવવા ઉત્સુક બની જાય છે. તેના કારણે પરે, જ્યારે "પરે" બોલે છે, એટલામાં તો પરેના ભાવાત્મક સ્વરૂપ એવા "પરેભૈયા"રૂપ ઠાકુરજી ત્યાં સાક્ષાત્ પ્રકટ થઈ જાય છે. આ પ્રસંગમાં પ્રભુના પ્રાકટ્યનું કારણ છે, પરેના પ્રેમની ઉગ્ર આવેગતા પરે અને "પરેભૈયા"નો સંબંધ એટલો સાક્ષાત્ છે, કે, એનાં આપણે દર્શન કરીશું તો

આપણને લાગશે કે બન્ને એકબીજાના હાથમાં હાથ મિલાવીને આનંદથી ચાલી રહ્યા છે. પરેની આવી દશા, એમના તનુનવત્વની સિદ્ધિનું આપણને દર્શન કરાવે છે. અહીં સમજવાનું રહસ્ય એ છે કે પરેભૈયા કે કોઈપણ ભગવદીય પ્રેમ કે સિંધુનો મર્મ ક્યારે માણી શકે છે, જ્યારે ઠાકુરજીએ એમનું ચિત્ત ચોર્યું હોય; આ pre condition છે.

તો આ તરફ વાઘાજી રજપૂતની વાર્તાની ઝાંખી કરીશું, તો, આપણને સમજાશે, કે વાઘાજીની સર્વક્રિયા એમના પ્રભુ માટેના પ્રેમમાંથી પ્રકટ થયેલી હોય છે. વાઘાજી પણ પ્રેમના આવા અતિ આવેશના કારણે જૂતા પહેરીને, ઠાકુરજીને ઘીની કટોરી ધરે છે. આ પ્રસંગમાં વાઘાજી રજપૂતના કૃષ્ણપ્રેમની જયજયકારીનો ડીમડીમઘોષ થતો હોવાથી, એમની અપરસ છૂવાઈ ગઈ, એ વાત ગૌણ બની જાય છે. વાસ્તવમાં તો ભગવદ્રસના આવેશમાં વાઘાજીને "અપ"રસનું અનુસંધાન થાત, તો, આ પ્રસંગમાં આ રજપૂતને, પ્રેમનો રસાભાસ થઈ જાત અને એ "પ્રેમનો મર્મ" માણી ન શકત. ભગવત્સ્નેહના મર્મને માણતા આ રજપૂતની અપરસ છૂટે છે અને ન કે જાણીબૂઝીને અપરસ છોડીને એ પ્રેમના મર્મનો અનુભવ કરે છે. તેવી જ રીતે જગન્નાથ જોષી, પ્રભુ પ્રત્યેના પ્રેમની વિવશતામાં, ઠાકુરજીનું માહાત્મ્યજ્ઞાન વિસરી જઈને, પોતાના સેવ્યસ્વરૂપ જ્યારે કહે છે, કે એમને પેટમાં દુઃખે છે, ત્યારે સ્નેહઘેલા જગન્નાથ, પ્રભુને એ વખતે અજવાઈનનો ઉપચાર કરવા બેસી જાય છે. આ પ્રસંગમાં, જો સર્વસમર્થ

ઠાકુરજીના માહાત્મ્યનું એમને સ્મરણ થયું હોત, તો કોઈ જ્ઞાનીની જેમ એમને પ્રશ્ન થાત કે બ્રહ્મને ક્યારેય પેટમાં દૂ:ખે ? આવા પ્રશ્નની, પ્રેમરસમાં ભીંજેલા જગન્નાથ જોષીના અંતરમાં સંભાવના ન હોવાથી, ઠાકુરજીના પેટના દર્દનો ઈલાજ કરતા જોષીજી, "પ્રેમ કે સિંધુ કો મર્મ" માણી રહ્યા છે.

ઠાકુરજી, જીવના સ્વભાવ સાથે સાધારણીકરણ કરીને કે જીવ, ઠાકુરજી સાથે adjust થઈ જાય, એમાં હજી કાંઈક ત્રૂટિ રહેલી હોય છે. પરંતુ ભક્તમાં જ્યારે ભક્તિની પરાકાષ્ઠાની અવસ્થા પ્રકટ થાય છે, ત્યારે, ભક્ત અને ભગવાન, એક સ્વાભાવિકતાથી પરસ્પર અનુકૂલ બની જાય છે; બન્નેને એકબીજા સાથે adjust કરવું પડતું નથી. આવી જ પરસ્પર અનુકૂલતા કે પરસ્પર નિર્ભરતા, મોહનાભંગી અને ઠાકુરજીની છે, જેમાં મોહના અને શ્રીજી અંગે અંગથી પરસ્પર ખેલી રહ્યા છે. મોહનાભંગીની આ દશા "प्रेम के सिंधु को मर्म" જાણી ગયેલા અલૌકિક સામર્થ્યવાળા કે તનુનવત્વ સિદ્ધ કરેલા ભગવદીયો જેવી નથી, તો શું છે ?

અહીં જાણવા જેવું એ છે, કે, કોઈપણ ભક્તના, ભગવાન પ્રત્યેના પ્રેમના સિંધુમાં ભાવનું સૌંદર્ય પ્રકટ થાય, ત્યારે, સૂરદાસજી એને કહે છે; "प्रेम के सिंधु को मरम जान्यो नहीं ।" આવા મર્મનો ભેદ માણવા તો સાક્ષાત્ પૂરણબ્રહ્મ, આવા ભગવદીયના ઘેર, સેવ્યસ્વરૂપ રૂપે બિરાજમાન થઈને આનો આનંદ માણી રહ્યા છે. આ બધા પ્રસંગોમાં સ્નેહથી જન્મેલ action કે ક્રિયાનું

દર્શન હોવાથી, એમાં આ બધા ભગવદીયોના ભાવના લાવણ્યની જાહોજલાલી અભિવ્યક્ત થતી હોય છે. ભક્તની આવી ભાવસંપદાને "લૂંટવા" તો અનંતકોટિ બ્રહ્માંડનો નાથ, એમના ઘરનો ઠાકુર બનીને એમની પાસેથી સેવા લઈ રહ્યા હોય છે.

પુષ્ટિમર્યાદા :- "પુષ્ટિમર્યાદા"ની દૃષ્ટિથી જોઈએ, તો, અષ્ટસખા, ભગવત્સેવા ન હોતા કરતા પણ લીલાગાન કરતા હોવાથી, કોઈને એમ લાગે કે એમની અવસ્થા પુષ્ટિમર્યાદાની છે. વાસ્તવમાં તો અષ્ટસખા, ઠાકુરજીની સેવાની કે લીલાની માનસી કરતા હોય છે. ઠાકુરજીના આઠે સખામાં પ્રેમપીયૂષનો મહેરામણ એટલો અગાધ અને અદ્‌ભુત વહી રહ્યો છે, કે, આપણે વિસ્મિત થઈ જઈશું કે આ મહાનુભાવો, પ્રભુનું લીલા ગુણગાન ભૂતલ પર બિરાજીને કરી રહ્યા છે, કે, નિત્યલીલાસ્થલીમાંથી. એમની ભગવદનુભૂતિ સાક્ષાત્ છે અને અષ્ટપ્રહારની ઠાકુરજીની લીલાનુરક્તિ એમની તાસીરમાં છે. પ્રભુ પોતાની કોઈપણ લીલા જેમની પાસે ગોપ્ય ન રાખતા હોય, એવા અષ્ટસખા, ફલનિરોધની અવસ્થામાં અવિરત અભિરમે છે; જેમ કે કુંભનદાસજીનો શ્રીનાથજી સાથેનો વ્યવહાર સાક્ષાત્ છે અને તેથી એમની ફલદશા "અલૌકિક સામર્થ્ય"ની છે. કૃષ્ણપ્રેમના પ્રેમસિંધુના મર્મથી એ એટલા પ્લાવિત છે, કે ઠાકુરજીનો અને એમનો સંબંધ માછલી અને જલ જેવો છે, જેમાં ક્ષણ માટે પણ મીન, નીર થી અલગ થાય, તો એ તરફડિયાં મારી જાય છે. કુંભનદાસજી ગાય છે;

"रस में जव मन परे आई । मिन निर की गति व्है जाई ॥
निशदिन ताहि न कछु सुहाई । प्रीतम के रस रहे समाई ॥"

તેમ જ અલૌકિક સામર્થ્યના ઉત્તમ અધિકારી, ગોવિંદસ્વામી સાથે પણ પ્રેમસિંધુમાં તરબોળ થઈને શ્રીનાથજી સાક્ષાત્ ખેલી રહ્યા હોય છે.

"सूर प्रेमसिंधु में प्रफुल्लित चल जहाँ करे निवास ।"

તો આ તરફ ઠાકુરજીના પ્રેમાવેશમાં સદા વિમગ્ન એવા નંદદાસજીની, કૃષ્ણનું નામ સાંભળતાં જ, કેવી દશા થાય છે, તેને આપણે એમના જ પદમાં નિરખી લઈએ;

"कृष्णनाम जव तें श्रवण सुन्यो री आली री
        भूली भवन हौं तो वावरी भई री ।
भरभर आवे नयन चित्त हूं न परे चेन
        मुख हूं न आवे वेन तनकी दशा कछू ओर भई री ॥"

પોતાના કૃષ્ણપ્રેમાત્મક સ્વભાવને અભિવ્યક્ત કરતા પરમાનંદદાસજીની વાણી બીજે ખૂણેથી સંભળાય છે ?

"परमानंद ताहि के हृदये जाके हृदये प्रेमप्रकाश ।"

તો બીજી દિશામાંથી પ્રેમને કારણે વિરહવ્યાકુલ ચતુર્ભુજદાસની આર્તવાણી સંભળાય છે કે;

"श्रीगोवर्धनवासी सांवरे लाल तुमबिन रह्यो न जाय हो ।"

તેથી જ "પુષ્ટિમર્યાદા"માં હોય એવી આભાસીત થતી અષ્ટસખાની વાસ્તવિક અવસ્થા, તો, એ કૃષ્ણના સંયોગમાં હોય કે વિયોગમાં, પરંતુ, આ મહાનુભાવો, પ્રભુના પ્રેમપીયૂષના પ્રાચૂર્યનું પરિમલ અવિચ્છિન્ન પ્રસરિત

કરતા હોય છે. સૂરદાસજી આને કહે છે કે "प्रेम के सिंधु को मरम जान्यो नहीं, सूर कहे कहा भयो देह बोरे ।" કુંભનદાસજી ગાય છે;

"रसलुब्ध एक निमिष नहीं छांडत ज्यों अधीन मृग गाने ।
कुंभनदास यह सनेह मरम कौ श्रीगोवर्धनधर जाने ॥"

પોતાની જ આ ઉક્તિનો અર્થ સમજાવતાં હોય, તેમ સૂરદાસજી એક કીર્તનમાં ગાય છે;

"कमल नयन कमलापति त्रिभुवन के नाथ ।
एक प्रेम तें सब बने, जो मन होवे हाथ ॥"

વ્રજવનિતાઓની જેમ અષ્ટસખા ભગવદીયોએ પણ ઠાકુરજીને પ્રેમથી વશ કરી લીધા છે.

"वेदविधिको नेम नहीं प्रीति की पहिचान ।
व्रजवधू वश किये मोहन सूर चतुर सुजान ॥"

પુષ્ટિપુષ્ટિ :- ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી, તેમ, "सेवायां वा कथायां वा" એમ સેવા અને કથા એવા ઉભય ભક્તિપક્ષના પુષ્ટિપુષ્ટિ ભક્તો અનુગામી હોય છે. ભગવત્સેવા અને ભગવત્કથા એમ બન્નેના મર્મજ્ઞ અને રસજ્ઞ પદ્મનાભદાસજીની અવસ્થા પુષ્ટિપુષ્ટિની છે. એમનો ઠાકુરજી માટેનો પ્રેમનો પ્રવાહ એટલો પ્રગાઢ છે, કે, તેનો પ્રભાવ, આ ભગવદીયની દેહેન્દ્રિયની સીમા વટાવીને, એ જયારે, એમણે સિદ્ધ કરેલા છોલામાં પ્રવિષ્ટ થાય છે, ત્યારે, છોલાની એક ઢગલીમાંથી પ્રભુને દાળનો સ્વાદ આવે છે, તો બીજી ઢગલીમાંથી સખડીનો. આમ ત્રીજી, ચોથી ઢગલીઓમાંથી પ્રભુ અનેક સામગ્રીનો સ્વાદ માણી શકે એમ છોલાની

પ્રત્યેક ઢગલીનું "તનુનવત્વ" કરાવનાર પદ્મનાભદાસજી પ્રેમના સિંધુનો મર્મ જાણનાર કોટિન મેં વિરલા છે. આ કક્ષાનું અદેયદાન એમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થયું છે, એનું નિર્દેશન કરતાં પદ્મનાભદાસજી સ્વયં ગાય છે;

"यशोदा उत्संग रासादि लीलामृत
तत्पाद प्रताप पद्मनाभ शिरसि छाय आवेशं ।"

પદ્મનાભદાસજીની વાર્તાથી પ્રત્યેક વૈષ્ણવને પુષ્ટિભક્તિમાંથી ભાવ અને રસ સંપાદન કરવાનું એક અદ્‌ભુત રહસ્ય મળે છે. सेवायां वा कथायां वा વેળા પદ્મનાભદાસજીનો માનસિક અભિગમ કેવો હોય છે, તે જયારે આપણને સમજાશે, ત્યારે ખ્યાલ આવશે કે આ ભગવદીય કોટિનમેં વિરલા તરીકે કેમ પ્રસિદ્ધ છે. મથુરાનાથજીની સેવા કરતી વખતે, પદ્મનાભદાસજી, ઠાકુરજીનો સર્વેન્દ્રિયથી અનુભવ કરે છે કારણકે સેવા કરતી વખતે એમના હૃદયમાં, પ્રભુની impression લીલાત્મક રૂપે પડે છે. જેના કારણે એમની સેવા ક્રિયાત્મક નહિ રહેતાં, ભાવાત્મક બની જાય છે. તેમ જ कथायांના અનોસરના પ્રસંગમાં એમણે મન લગાડીને કરેલું ભગવદ્‌ ગુણગાનનું expression કે અભિવ્યક્તિ અતિ સંવેદનશીલ હોવાથી, એમનાં ગુણગાનમાંથી પ્રભુનું ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમસ્વરૂપ પ્રકટ થતું હોય છે અને ગુણગાન વેળા પદ્મનાભદાસજી પોતે રસાનુભૂતિ કરતા હોય છે. સેવા કરતી વખતે પદ્મનાભદાસજીને એવો ભાવ છે, કે, મથુરાનાથજીની સેવા, એમનામાં બિરાજીને, શ્રીમહાપ્રભુજી કરાવી રહ્યા છે. જેમ કે

પોતાના હાથમાં શ્રીવલ્લભપ્રભુના શ્રીહસ્ત બિરાજતા હોય (અને એવી રીતે પ્રત્યેક અંગમાં) એ ભાવથી ભાવિત થઈને આ મહાનુભાવ, ઠાકુરજીની સેવા કરતા હોય છે. ભીતર બિરાજતા શ્રીવલ્લભપ્રભુનો આવેશ પદ્મનાભદાસજીને સતત હોવાના કારણે તો, એમની વાર્તામાં આવે છે, તેમ પુત્રની ઈચ્છા વેળા એક ક્ષત્રાણીને પદ્મનાભદાસજી પોતાનો અંગૂઠો ધોઈને એમને જલ આપે છે. વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ લખે છે; "पद्मनाभदास सदा श्रीआचार्यजी के स्वरूप में मगन रहते हैं ।" આવી રીતે શ્રીમહાપ્રભુજી પ્રદત્ત પ્રેમ, ભાવ, લીલા અને રસના સમૂહનો આવેશ પ્રકટ થતાં પદ્મનાભદાસજી, પ્રત્યેક વ્રજભક્તની ગૂઢલીલાની વાતનો અનુભવ કરતા હોય છે. એમ આ ભગવદીય, સ્વયં કહી રહ્યા છે. "વ્રજજન ઘર ઘર રવન કલા કેલી જાની."

શુદ્ધપુષ્ટિ :- સિંહનંદના ક્ષત્રાણી, ઠાકુરજીના સ્નેહના આવેશમાં અષ્ટપ્રહર તલ્લીન હોવાથી, ઠાકુરજી પણ એમની ચોતરફ અષ્ટપ્રહર ફરતા હોય છે અને વગર અપરસે, એમને સ્પર્શે છે, એમના ખોળામાં બેસે છે કે એમના કંધા પર ચઢી જાય છે. આ અવસ્થા ક્ષત્રાણીને સિદ્ધ થયેલા પ્રેમના સિંધુના મર્મની ચરમાવસ્થા છે.

ઉપર જોઈ ગયેલા દૃષ્ટાંતોમાં, પુષ્ટિની ચારેય અવસ્થાની ફલદશામાં એક જ મધુર પણ બેજોડ સ્વર, જે નિ:સૃત થઈ રહ્યો છે, તે કેવળ પ્રભુ માટેના નિ:સીમ sentimentનો કે પ્રેમના મર્મનો છે. એને અનુલક્ષીને ગોવિંદસ્વામી ગાય છે; "प्रीतम प्रीति ही ते

पैये," કે સૂરદાસજી કહે છે; "प्रेम के सिंधु को मरम जान्यो नहीं." પ્રેમના આવેગમાં તો સર્વાત્મભાવ પણ સિદ્ધ થાય છે. જેમ પ્રેશરથી પાણી ફેંકાય, તો એ વખતે નિકટની જમીન પર જલ ન પડતાં, લાંબે દૂર ફેંકાઈ જાય છે. તેમ પુષ્ટિજીવમાં પ્રગાઢ બનતા પ્રેમનો આવેગ, એમની દેહેન્દ્રિયાદિથી ન ઝીલાતા, તે, આસક્તિ ભ્રમ ન્યાયથી સર્વાત્મભાવ પ્રકટ કરી દે છે અને એ વખતે ભક્ત, એક કૃષ્ણથી તૃપ્ત ન થતાં, આવા ભગવદીય માટે અનેક કૃષ્ણ પ્રકટ થઈ જાય છે. પ્રેમના સિંધુની આ ચર્માવસ્થા છે.

प्रेम के सिंधु को मरम जान्यो नहीं કહીને સૂરદાસજી, વૈષ્ણવસૃષ્ટિને એક અદ્‌ભુત રહસ્ય સમજાવવા માંગે છે. તે ગહન વાત એ છે કે આવા ભક્ત, જે ઠાકુરજીને નિઃસીમ પ્રેમ કરી રહ્યા છે, તે હરિ પોતે પણ પ્રેમનું જ સ્વરૂપ છે. તેથી અનંતકોટિ લાવણ્યમય પ્રભુને માણવાનું સાધન જ પ્રેમ છે. ભગવદીયનું પ્રેમરૂપ સાધન પણ હરિનું જ સ્વરૂપ છે.

"प्रेम हरि को रूप है त्यों हरि प्रेमस्वरूप ।
एक होई द्वैमे लसै ज्यों सूरज अरू धूप ॥"

અહીં જોઈએ તો શ્રીમહાપ્રભુજી માટે પણ ચોખડામાં ગવાયું,

"प्रेम गावें प्रेमभावें प्रेममें अनुदिन रहें ।
प्रेम स्नेही प्रेमदेही प्रेमवांनी नित्यकहें ॥
प्रेम सेवा करें करावें नंदसुत हृदे रहें ।
वल्लभी निजदासदासी सुखसमुह कहा कहें ॥"

આમ પ્રેમીભક્ત અને પ્રેમસ્વરૂપ કૃષ્ણમાં સમભાવિત્વ અને તાદાત્મ્ય અનાયાસ આવી જાય છે. પુષ્ટિભક્તના આવા પ્રચૂર પ્રેમને ઠાકુરજી વશ થઈ જાય છે. આ કક્ષાના ભગવદીયો, પોતાના કૃષ્ણ પ્રત્યેના પ્રેમનું એક ક્ષણ માટે સ્ખલન ન થાય, એનો એમને સદા એક "અણકલપ્યો" ડર રહે છે. એના કારણે, તેઓ પોતાના ભગવત્સ્નેહને ક્ષણ માટે પણ અન્યમનસ્ક થવા દેતા નથી અને દીનતાથી સાચવી રાખે છે. આવા ભગવદીયનું અખિલ પુષ્ટિજીવન, કૃષ્ણપ્રેમમાં સમર્પિત હોય છે. તેથી જ ભગવદીય ગાય છે;

"डरे सदा चाहेन कछू सहे सब जो होय ।
रहे एक रस चाही के प्रेम बखानो सोय ॥"

કોઈ પણ જીવને પ્રભુ માટે સ્વયં પ્રેમ પ્રકટ થઈ શકતો નથી. તે પ્રેમ મહત્ એવા શ્રીવલ્લભ - શ્રીવિઠ્ઠલની કાનિથી, ઠાકુરજી કૃપા કરે ત્યારે પુષ્ટિજીવને સિદ્ધ થાય છે. ભગવદીય ગાય છે; "कृपा तो लालन जू की चहिये ।" કોઈ વૈષ્ણવ પર પ્રભુની આવી જયારે કૃપા વરસે છે, ત્યારે, એ જ કૃપા, એ જ જીવમાંથી પરાવૃત્ત થઈને, પુનઃ પ્રભુ પ્રત્યે જાય છે, ત્યારે, એ કૃપા, પ્રેમભક્તિનું સ્વરૂપ લે છે. આમ વૈષ્ણવમાં વહેતી પ્રેમની સરવાણીઓ ભગવદ્દત્ત હોવાથી દયારામભાઈ ગાય છે;

"પાવો પ્રેમરસ પ્રાણજીવન રે દીન થઈ જાચું રે."

વૈષ્ણવમાં પ્રકટ થયેલી દીનતા, પ્રભુને એના પર કૃપા કરવા પ્રેરિત કરે છે. આવી દીનતાના કારણે તો

દેવકીજીમાં ભગવત્સ્નેહ પ્રવૃદ્ધ થતો હોવાથી, શ્રીઆચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે; "तस्या दीनत्वेन स्नेहातिशयात् ।"

સ્નેહ ભલે કૃપાવલંબી છે, તો ય એ ભગવત્પ્રેમ પુષ્ટિજીવમાં કેવી રીતે પનપતો જાય છે, એનું અદ્‌ભુત નિર્દેશન શ્રીમહાપ્રભુજી કરે છે. શ્રીઆચાર્યજી સમજાવે છે કે કોઈપણ જીવને કૃષ્ણ માટે જ્યારે પ્રેમ આવિષ્કૃત થઈ જાય છે, ત્યારે, સમજી લેવું કે આવા જીવમાં "રાધસ્" તત્ત્વ પ્રકટ થઈ ગયું છે. રાસેશ્વરી શ્રીરાધાજીના રાધસ્ તત્ત્વ વિના કોઈને પણ કૃષ્ણપ્રેમ થઈ શકતો નથી. કારણકે રાધાજી, એ કૃષ્ણની આત્મરતિ છે. અર્થાત્ આપ આત્મરતિના પતિ છે. પોતાનાથી વ્યુચ્ચરિત થતી વખતે પ્રભુએ, દૈવીજીવમાં જે બીજભાવ સ્થાપિત કર્યો છે, એ જ બીજભાવ આત્મરતિરૂપ હોવાથી, એમાંથી ઉદ્‌ભૂત થઈને વૈષ્ણવને કૃષ્ણમાં પ્રેમ થાય છે. અર્થાત્ શ્રીસ્વામિનીજી જ્યારે પુષ્ટિજીવની આત્મરતિને જગાડે છે, ત્યારે એ રતિ, કૃષ્ણપ્રતિ ગતિ અને પ્રીતિ કરે છે. તેથી જ કહેવાયું કે; "कृपयति यदि राधा." સૂરશ્યામની વાણીમાં ઠાકુરજી સ્વયં કહે છે કે જ્યારે પ્રભુ યમુનાતીર પર પોતાના લીલા પરિકરમાં વિભોર થઈને રમણ કરી રહ્યાં હોય છે, ત્યારે, વ્રજપતિની "બાંહ" પકડીને વ્રજસ્વામિની, પોતાના કૃપાપાત્ર જીવ પાસે ઠાકુરજીને સ્વયં લઈ આવે છે.

"यमुनातीर काल हों भूल्यो बाँह पकरि लै आई ।— — — —
सूरस्याम ऐसे गुन आगरि नागरि बहौत रिझाई ॥"

અનવતારકાલમાં શ્રીઆચાર્યચરણની વાણીનું અવગાહન

કરવાથી વલ્લભપ્રભુને એવા પુષ્ટિજીવ માટે સ્નેહ આવી જાય છે. શ્રીવલ્લભાધીશને જે જીવ માટે સ્નેહ થઈ જાય, એવા ભાગ્યશાળી વૈષ્ણવ માટે ઠાકુરજીને પણ સહજમાં પ્રેમ આવી જાય છે. ઊંડી ખીણમાં અવાજ કરો, તો જેમ પડઘો પડે છે, તેમ, ઠાકુરજી કોઈ પુષ્ટિજીવ માટે સ્નેહનો "સાદ" કરે છે, તો પ્રભુનો એ સાદ જીવમાંથી પ્રેમરૂપે પડઘો કે પ્રતિસાદ બનીને પ્રભુ તરફ પાછો વળે છે. આ જ વાતને પ્રકટ કરતા ગોપીજન, ઠાકુરજીને વિનંતી કરે છે; "जब तुम टेरे तब मैं बोली ।"

મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજી પણ વૈષ્ણવમાં, ઠાકુરજી માટે પ્રેમનું પ્રવર્ધન કરનાર છે અને તેમ જ શ્રીવલ્લભ - શ્રીવિઠ્ઠલની કૃપા. રસિકદાસજી ગાય છે;

"जय जय जय श्रीवल्लभप्रभु विठ्ठलेश सार्थे ।
निजजन पर करत कृपा धरत हाथ मार्थे ॥
दोष सब दूर करत भक्तिभाव हिये धरत
काज सब सरत सदा गावत गुण गार्थे ॥"

વાસ્તવમાં તો પુષ્ટિ આધારિત પ્રેમપંથને પ્રકટ કરવા શ્રીવલ્લભાચાર્યચરણ ભૂતલ પર પ્રકટ થયા છે.

"रतिपथ प्रकट करणकुं प्रकटे
करुनानिधि श्रीवल्लभ भूतल ।
हूलसे सकल दैवीजन के मन
साधन बिन हम पावेंगे फल ॥"

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બધું જ ભગવત્કૃપાથી થતું હોવા છતાંય પુષ્ટિજીવે પુરુષાર્થ

અવશ્ય કરવો જોઈએ. અર્થાત્ "ઠાકુરજી મારા પર કૃપા કરશે, ત્યારે, મારામાં પ્રભુ માટે પ્રેમ જાગશે" એમ વિચાર કરીને કોઈપણ વૈષ્ણવે "હતાશ" કે "શાંત" થઈને બેસવું ન જોઈએ. શ્રીવલ્લભપ્રભુએ સમજાવેલા સિદ્ધાંતો જીવનમાં અપનાવવાથી, ઠાકુરજીને એવા જીવ માટે વહાલ આવી જતાં, પ્રભુ એવા વૈષ્ણવને પોતાના પ્રેમપંથનો પથિક બનાવે, એવો અવકાશ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો ઠાકુરજીને આપે છે. જેમ કે આચાર્યચરણ આજ્ઞા કરે છે, કે, असमर्पित वस्तुनाम् तस्माद्वर्जनमाचरेत्. શ્રીમહાપ્રભુજીએ સમજાવેલ સમર્પણના માર્ગ પર જવાથી પુષ્ટિજીવની અહંતા-મમતા, ભગવત્સમર્પિત થઈને ભગવદીય બને છે અને સમર્પિત થયેલ વૈષ્ણવમાં ધીરે ધીરે પ્રેમનો આવિષ્કાર થવાની સંભાવનાઓ વધી જાય છે. કારણકે સમર્પણ, પ્રેમને જગાડનારું છે. અખિલ ગદ્યમંત્રમાં આ રહસ્ય ગર્ભિતરૂપે વિદ્યમાન છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં ભક્તિનું પ્રવર્ધન કરવા માટે જે ઉપાયો કે સાધનો બતાવ્યા છે, તે સાધનોનાં માધ્યમથી, પુષ્ટિજીવન વ્યતીત કરવાથી, વૈષ્ણવમાં, પ્રભુકૃપાથી, કૃષ્ણપ્રીતિ પ્રકટ થઈ જાય છે. તેમ કૃષ્ણની પણ પ્રીતિનું એવા પુષ્ટિજીવ માટે વર્ધન થાય છે. દ્વિતીય સ્કંધની સુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે; "यमैवेष वृणुते तेन लभ्यः" એ શ્રુતિમાં "પ્રીતિ" અવાન્તર વ્યાપારરૂપ છે. મુખ્ય સાધન ભક્તિ છે. આ શ્રુતિથી શ્રીમહાપ્રભુજી, ભક્તિનું નિર્દેશન કરે છે અને સ્નેહને અવાંતરફલ કહે છે. "यमैवेष वृणुते इत्यादिवाक्यैः प्रीत्यमेवाऽवान्तर व्यापार ज्ञात्वा भक्त्यैव तुष्टिमभ्येतीति विचार्य, मुख्य साधनं भक्तिः." તો સ્નેહ,

જેનું અવાંતર ફલ છે, એવી ભક્તિ વૈષ્ણવહૃદયમાં ક્યારે સ્ફુરિત થાય ? પ્રભુ, પોતાનાં ભક્તિરૂપ ચરણોને પુષ્ટિજીવના હૃદયમાં સ્થાપિત ન કરે, ત્યાં સુધી, વૈષ્ણવોને ભક્તિ સ્ફૂરે નહિ. પોતાનાથી વ્યુચ્ચરીત થતી વખતે, ભગવાને, પુષ્ટિજીવમાં બીજભાવ સ્થાપિત કર્યો છે, ત્યારથી, પ્રભુએ પુષ્ટિજીવના હૃદયમાં ભક્તિરૂપી ચરણ સ્થાપિત કરવાનો plan કે મનોરથ કરી લીધો છે. તો પ્રભુ, આવા planને Impliment કરવા ક્યારે ઉત્સુક બને છે ? શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતનું પાલન કરનાર વૈષ્ણવનાં હૃદયમાં ઠાકુરજી પોતાનું ભક્તિચરણ સ્થાપિત કરવા નિતાંત ઉત્સાહિત બને છે. કારણકે શ્રીમહાપ્રભુજીની વાણી જેના અંતરમાં પધારે, ત્યારે, એ વાણી એક લોહચુંબકની જેમ ઠાકુરજીના શ્રીચરણકમલને પોતા તરફ ખેંચે છે. શ્રીભગવદ્‌ગીતામાં ઉજાગર કરેલ ભક્તિયોગનો process શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં અવગત છે, અને એ પથ પર જનાર વૈષ્ણવનું અંતઃકરણ પ્રભુને પોતાનું ચરણકમલ એમાં પધરાવવા નોતરતું હોય છે. આ process અને તેનું પુષ્ટિભક્તિકરણ નીચે પ્રમાણે છે.

(૧) અભ્યાસ યોગ :- **कृष्ण सेवा सदा कार्या**ની આચાર્યચરણે આજ્ઞા કરી, એનું એક કારણ એ છે, કે, વૈષ્ણવે સેવા થકી "કૃષ્ણસંગ" રાખવાનો અભ્યાસ કરવો જોઈએ. કારણકે **संगात् संजायते कामः** છે. અર્થાત્ પ્રેમરૂપ હરિ સ્વરૂપનો સંગ પ્રાપ્ત થવાથી પુષ્ટિજીવમાં કૃષ્ણપ્રેમ જાગી જાય છે.

(૨) જ્ઞાન :- આવો અભ્યાસ કરતી વખતે જો પ્રભુનું

માહાત્મ્યજ્ઞાન પણ થઈ જાય, તો, ભક્તિયોગમાં વિશેષ ચમત્કૃતિ આવી જાય છે. આમ થતા, મહાપ્રભુજી કથિત માહાત્મ્યજ્ઞાન પૂર્વક ભગવત્સ્નેહયુક્ત ભક્તિનું સ્વરૂપ ઉભરી આવે છે.

(૩) કર્મફલ ભાવના ન કરવી :- શ્રીવલ્લભની આવી પુષ્ટિભક્તિનું નામ છે; નિર્હેતુક કે નિરુપાધિકભક્તિ.

(૪) ઝીદાદીલી :- અર્થાત્ બહેકવું. તેથી જ ભાવના આવેશમાં બહેકી ગયેલા પદ્મનાભદાસજી, મથુરાનાથજીને પૂછે છે કે; આપને શ્રીમહાપ્રભુજીને ત્યાં બિરાજવું છે કે મારે ત્યાં ? પદ્મનાભદાસજીનાં મનમાં એ વખતે એવો તીવ્રભાવ છે, કે, પ્રભુ મારો સાથ ન છોડે. બહેકી ગયેલા આવા મહાનુભાવના ભાવને પ્રતિસાદ આપતા મથુરાનાથજીમાં પણ એ વખતે એવો તીવ્રભાવ છે, કે, "મારો પદ્મનાભ, મને ન છોડે." તેથી જ આવા ભાવમાં બહેકી ગયેલા ઠાકુરજી, સેવકને કહે છે કે, "હું તારે ત્યાં જ બિરાજીશ."

પુષ્ટિજીવની પાસે પ્રભુના નામાત્મક ભાગવતજી છે, રૂપાત્મક કૃષ્ણ સ્વયં છે અને કર્માત્મક સેવા છે. માહાત્મ્યજ્ઞાનથી ઘરના ઠાકુરને પુરુષોત્તમરૂપે માનીને, એમાં, "આ મારા પ્રભુ છે" એવી મમતા કે આત્મીયતાની રંગોળી પૂરીએ, ત્યારે, આપણામાં એક લચીલો ભાવ પ્રકટ થાય છે અને લાડકવાયા પ્રભુ માટે વ્હાલ આવી જાય છે. એ વખતે જીવને પોતાનું મહદ્ભાગ્ય લાગે છે, કે, શ્રીમહાપ્રભુજીની કૃપાથી પૂર્ણપુરુષોત્તમ એની પાસે સેવા લઈ રહ્યા છે અને એનું હૃદય ઉદ્ગાર કરી રહ્યું છે; વાહ !____ વાહ ! તો સેવા શું છે ?

સેવા=સમર્પણ+દાસ્ય. આવા ભાવથી આવિષ્ટ થયેલ ભક્તનાં હૃદયમાં, ભગવલ્લીલાને પ્રકટ કરવાના માનસિક અભિગમનો પ્રારંભ થાય છે, કારણકે, સમર્પણ ભાવમાંથી સર્વાત્મભાવ તરફ જવાનો રસ્તો મળી જાય છે.

પ્રભુ આપણા આત્માની ભીતર બિરાજે છે, એ સમજવાથી આપણને પરમાત્મા માટે સ્નેહ પ્રકટ થાય છે. કારણકે જે આત્માના કારણે આપણને બધુ પ્રિય લાગે છે, તે આત્માના નિતાંત પ્રિય એવા પરમાત્માના કારણે આપણને ઠાકુરજી પ્રિયતમ લાગવા માંડે છે. પુષ્ટિસૃષ્ટિ પર કેવી અચિંત્ય કૃપા કરીને અશરણનાં શરણ એવા આપણા શ્રીમદાચાર્યચરણે આપણને કૃષ્ણ માટે પ્રેમ કેવી રીતે પ્રકટ કરી શકાય એના સુરમ્ય રસ્તાઓ બતાવ્યા છે. પુષ્ટિજીવને એટલું જ જાણવું આવશ્યક છે, કે, ભગવાનમાં સાચો સ્નેહ લૌકિક વિષયવાળો ન હોવો જોઈએ. પ્રભુ સાથે નિષ્કામ અને નિરુપાધિક સ્નેહ કરવા માટે, વૈષ્ણવને, ઠાકુરજીના માહાત્મ્ય અને આનંદ સ્વરૂપને જાણવું બહુ જ ઉપયોગી બને છે. જીવની શ્રદ્ધા, એનામાં, પ્રભુ માટેનું માહાત્મ્યજ્ઞાન લાવે છે. હર રચનામાં ભગવાનનું અનુચિંતન કરવું, તે માહાત્મ્યજ્ઞાન છે. હરરચનામાં લીલા મહેસુસ કરવી તે સર્વાત્મભાવ છે. શ્રદ્ધામાં રતિ ઉમેરવાથી તે ભક્તિ બને છે. આવા માહાત્મ્યજ્ઞાનવાળા સ્નેહી ભક્તો જ ઠાકુરજી સાથે આનંદથી નિર્ગુણભાવથી ક્રીડા કરી શકે છે. સ્નેહ અને ભક્તિમાં તારતમ્ય એ છે, કે, ભગવાનને જાણીને પ્રભુને ચાહવું એ ભક્તિ છે. પરંતુ પરમાત્માને પહેચાન્યા વગર પરેભૈયાની જેમ એને ચાહવું, એ સ્નેહ

છે. શ્રીવલ્લભે આપણને વ્રજભક્તોના ભાવથી સેવા કરવાની જે આજ્ઞા કરી છે, તેનું રહસ્ય સમજવા જેવું છે. વ્રજભક્તોના ભાવથી સેવા કરતા કરતા ધીરે ધીરે કીટભ્રમર ન્યાયથી આપણે જ વ્રજભક્તો છીએ એવું મહેસુસ કરીએ છીએ અને આમ વ્રજભક્તોના ભાવની ભાવના કરવાની ફલશ્રુતિ આવિષ્કૃત થઈ જાય છે.

કૃષ્ણ માટે સ્નેહને નિષ્પન્ન કરવા માટે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીએ સેવામાર્ગમાં પ્રકટ કરેલા એવા રાગ, ભોગ, શૃંગારાદિ પણ બેજોડ સાધનો છે. સંગીત કે રાગના રસિયાઓ માટે અષ્ટછાપે આપણને અદ્ભુત કીર્તનો આપ્યાં છે, જેનું લીલાગાન કરતા સંગીતના રસિયા કે કોઈપણ પુષ્ટિજીવ પ્રભુ સાથે પ્રેમ કરતા થઈ જાય, એ સ્વાભાવિક છે. અથવા તો કોડામણા ઠાકુરજીને, લડામણા શૃંગારોથી રુડામણા બનાવીને, પ્રભુનું નિત્ય નવીનરૂપ ઘડીને, ઠાકુરજીની આવી નિત્ય નૂતન ઝાંખી કરતા કરતા, પ્રભુ માટે કોઈને અનાયાસ સ્નેહ થઈ જાય, એવું પણ બની શકે છે. તેવી જ રીતે ખાવાના શોખીન જીવો, પ્રભુ માટે મધુર સામગ્રી બનાવતા હોય છે, ત્યારે, આ સામગ્રી મારો વ્હાલો અરોગશે, એવો સોહામણો ભાવ એ વૈષ્ણવમાં અભિરમણ કરતો થઈ જાય છે.

પુષ્ટિજીવનો સર્વ વ્યવહાર જયારે ભક્તિનાં અંગરૂપે અને કૃષ્ણપ્રીત્યર્થ થતો હોય છે, ત્યારે, આવા વૈષ્ણવની આત્મરતિ, ભગવદ્રતિ તરફ ગતિ કરે છે. આમ ભગવદર્થ જો આપણી સર્વ ક્રિયા રહેશે, તો આપણું મન, બુદ્ધિ, ધ્યાન, ક્રિયા આદિમાં પરમાત્મરતિ વ્યાપ્ત થઈ જાય છે. તેથી જ ભગવદીય ગાય છે;

નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા, રટે મુખ નામ;
નાસિકા સૂંઘે પ્રેમશું, પ્રસાદી તુલસી પુષ્પ-દામ.
દામ ઘ્રાણ કરે, કર હરિ - સેવા.
દોડે ચરણ પ્રભુ-દર્શન લેવા;
મને ધ્યાન નટવર - છબિ શ્યામ,
સર્વાંગે કરે પ્રભુને દંડ - પ્રણામ.

******

(૨૯) ગોપીજનો અને રુક્મિણીબેટીજીના ઠાકુરજી ઋણિયા બને છે

૮૪ વૈષ્ણવ વાર્તા - ૬ : રુક્મિણીબેટીજી

અનંતકોટિ બ્રહ્માંડનો નાથ પૂર્ણાનંદ પૂર્ણકામ શ્રીકૃષ્ણ, જયારે, વ્રજની ગોપીઓ કે રુક્મિણી બેટી જેવા પ્રાત:સ્મરણીય ભગવદીયોના ઋણિયા બનવાના "મૂડ"માં આવી જાય છે, ત્યારે, આવા મહાનુભાવી ભક્તજનોમાં પ્રેમ અને ભાવના કેવા અનેકરંગી રસતરંગો વહેતા હશે એ સમજવા માટે હું યથામતિ પ્રયત્ન કરું, એ પહેલાં, પ્રેમ અને ભાવનું સ્વરૂપ શું છે એ સમજી લેવું અત્યાવશ્ક છે.

"સ્નેહ" "રતિ" એ એક sentiment કે ઊર્મિ હોવાથી, કેવલ સ્નેહની વ્યાખ્યા ભાવ તરીકે ન થઈ શકે. પરંતુ જયારે સ્નેહને aesthetically કે સૌંદર્યશાસ્ત્રની દૃષ્ટિથી અભિવ્યક્ત કરવામાં આવે છે, ત્યારે, એવો સ્નેહ, ભાવનું સ્વરૂપ લે છે. રસિકદાસ ગાય છે;

"मेरे पलकन सों मग झारुं ।
या मग में प्यारो मेरो आवत है
तन मन जोबन वारुं ॥
सेज सँवारुं चमर ढुरावुं
मधुर मधुर स्वर गाउँ ॥
रसिक प्रीतम पिये जो मिले मोहे
हंस हंस कंठ लगावुं ॥"

આ પદપંક્તિમાં પોતાના પ્યારા પ્રભુ માટેની સ્નેહની

અભિવ્યક્તિ કરતા હરિરાયજી ગાય છે; "या मग में प्यारो मेरो आवत है ।" બાકીની પંક્તિઓમાં ભાવભાવનાના રંગબેરંગી ફુવારાઓ ઉછળી રહ્યા છે, જેમાં સ્નાન કરીને અલૌકિક સૌંદર્યશાસ્ત્ર પ્રસન્નતાથી ખિલખિલાટ કરી રહ્યું છે. કોઈ વૈષ્ણવને એમ લાગે કે એને પ્રભુ માટે હજી સ્નેહ પ્રકટ નથી થયો, તો શ્રીમહાપ્રભુજી, એ વૈષ્ણવને આશ્વાસન આપે છે કે; "તુ ચિંતા ન કર." સેવા કરતી વખતે, વ્રજભક્તોના ભાવની વિવિધ ભાવનાઓ કરવાથી તારામાં "ભાવ" ધીરેધીરે અંગડાઈ લેવા માંડશે, જેમ કે કોઈ નૃત્યાંગનામાં સ્નેહ કે રતિ ન પણ હોય તો ય અભિનયથી એ ભાવને પ્રકટ કરી શકે છે, જેને જોઈને જોનારમાં રસનિષ્પત્તિ થતી જાય છે. તેવી જ રીતે સેવા વેળા યશોદાજીની ભાવના કરવાથી આપણે આપણા કૃષ્ણ સાથે યશોદાજીનું relation કે સંબંધ સ્થાપિત નથી કરતાં, પરંતુ યશોદામૈયામાં ઉચ્છલિત થતો વાત્સલ્યભાવ પ્રકટ કરીને આપણે, ઠાકુરજીને એ ભાવથી ઉદ્દીપન કરાવીને રસનિષ્પત્તિ કરાવી રહ્યા છીએ. પુષ્ટિભક્તમાં જ્યારે ભાવનો આવિર્ભાવ થઈ જાય છે ત્યારે એમાંથી પ્રેમ કેવી રીતે જાગૃત થઈ જાય છે તે ભગવદીય સમજાવે છે;

"भूतल प्रकट्यो भाव श्रुतिन को उपज्यो नंदनंदन पदनेह ।
मिटे ताप निजजन के मनके बरसे प्रेमभक्ति रसमेह ।"

જે ભક્તથી ઠાકુરજીને રસનિષ્પત્તિ થાય, એવા ભક્તના ભાગ્યની શી સરાહના કરવી !

"રતિ" કે "સ્નેહ" એ enjoyable કે સુખ

આપનારો હોય છે પણ "ભાવ"ને relish કરવાનો કે માણવાનો હોય છે. તેથી જ આપણામાં કેવલ રતિ કે પ્રભુ માટે સ્નેહ હોય, તો, ભગવદ્‌વિયોગમાં આપણને વિરહના "દુઃખ"નો અનુભવ થાય છે. પરંતુ એ જ વિરહ, "ભાવદૃષ્ટિ"થી, ઠાકુરજીના ઉત્તરદલનો આનંદ માણવા સક્ષમ બને છે. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ સેવામાર્ગમાં સંયોગ અને અનોસર વેળા પ્રભુના પૂર્વોત્તરદલ એમ બન્ને સમાવિષ્ટ થઈ જતા હોવાથી, "ભાવ"ની એક અલગ જ માઝદા છે. એની ગતિ નિઃસીમ છે.

સ્વસ્વાર્થની ભાવનાથી ભજન કરનાર જીવનું પણ પ્રભુ શ્રેય કરે છે, તો ભગવાન માટે જ જે નિઃસ્વાર્થ ભાવથી ભજન કરતો હોય એનું પ્રભુ સાક્ષાત્‌ શ્રેય કરે, એ તો ઔદાર્યમહોદધિ પ્રભુની કૃપાનું અને આપની સુકોમલ લાગણીવશતાનો મુલાયમ સ્વભાવ છે. પરંતુ ઠાકુરજીને ક્યારેક કોઈ ભક્ત પર અવધીકૃપા કરીને પોતાનું સર્વસ્વ લૂંટાવવાની મસ્તી આવી જાય છે, ત્યારે, સર્વકરણ સમર્થ પ્રભુને એ વખતે એવી "મજબૂરી"નો અહેસાસ થાય છે કે આવા નિજભક્તનું શ્રેય કરવા માટે "મારામાં" અભાવ છે. આનું અદ્‌ભુત દૃષ્ટાંત न पारयेऽहंમાં ઝાકમઝોળ થાય છે. શ્રીઠાકુરજી ગોપીજનોને કહી રહ્યાં છે કે; "તમે સર્વે મારું નિર્દોષ ભજન કરનારા છો. તેથી તમારા ઉપકારનો બદલો બ્રહ્માના આયુષ્યથી પણ હું વાળી શકું તેમ નથી."

"न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।"

આ પ્રસંગમાં નિતાંત "લાગણીવશતા"ના કારણે ઠાકુરજીની

આવી અદ્‌ભુત ભાવાત્મક રસલીલાવેળા કોઈ અકથિત આનંદના તુંદિલીકરણમાં "ચકચૂર" બનેલા સર્વસમર્થ પ્રભુને એમ લાગે છે કે ગોપીજનો જેવા પરમોત્તમ ભાવવાળા ભક્તોને યથાર્થ પ્રતિસાદ આપવા પોતે અસમર્થ છે. સર્વકરણસમર્થ એવા પુષ્ટિના "શહેનશાહ" શ્રીકૃષ્ણ પોતે એક "અકિંચતતા"નો અનુભવ કરવા ચાહે, એ પ્રભુનો એક વિલક્ષણ વિરુદ્ધધર્માશ્રય છે. વાસ્તવમાં તો પ્રભુને મહેસુસ થતી આવી સુલલિત લીલાત્મક "અસમર્થતા", એ પણ ઠાકુરના સર્વસામર્થ્યરૂપનું જ એક પાસું છે. પરાત્પર પરબ્રહ્મ જો આવું અસામર્થ્ય પ્રકટ ન કરે, તો, અનંતકોટિ બ્રહ્માંડના નાથના સર્વસામર્થ્યમાં કોઈ ઊણપતા આવી હોય એવું લાગે. આવા લચીલા "માનસિક અભિગમ"માં, અચિંત્ય મહિમાયુક્ત શ્રીકૃષ્ણ, વ્રજની ગોવાલણોને કહી રહ્યા છે કે આપના ઋણમાંથી હું કયારેય પણ મુક્ત નહિ થઈ શકું.

"कोटि कलप लगी तुम प्रतिप्रति उपकार करो ज्यों ।
हे मनहरनि तरुनि उरुन होउं तबौं तों ॥
सकल विश्व अपबस करि मो माया सोहति हय ।
मोहमयी तुमारी माया सोइ मोही मोहती है ॥"

શ્રીઠાકુરજીને કોઈ ભક્ત માટે ઋણિયાનો ભાવ આવી જાય છે, ત્યારે, સમજી લેવું કે એ વખતે પ્રભુ, પોતાની અપરિમિત યોગ્યતા પ્રમાણે જીવને દાન કરે છે, નહિ કે જીવની યોગ્યતાને અનુલક્ષીને. અહીં ખાસ સમજવાની વાત એ છે, કે, શ્રીવ્રજસુંદરીઓને તો કેવલ કૃષ્ણ જ જોઈએ છે. પરંતુ ગોપાંગનાઓને

કલ્પના પણ નહિ હોય, કે જે કૃષ્ણ એમના "આલંબન વિભાવરૂપ" છે, તે જ પ્રભુ, ગોપીજનોને આલંબન બનાવીને એમના ઋણિયા બનવા પ્રેરાઈ જાય છે. કલ્પનાથી પણ જે અધિક દાન કરે, તે આપણા શ્રીવલ્લભનો નિતાંત લાડીલો એવો શ્રીનંદનો કુંવર છે. એટલે જ પુરુષોત્તમ સહસ્રનામમાં શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલું એક નામ છે; "चिन्तिताधिकदायकः." ગોપીજન પર જયારે આવી પ્રભુની નિ:સીમ કૃપા વરસી જાય છે, ત્યારે, કોઈપણ સાધન કર્યા વિના, વ્રજવલ્લવીઓમાં પ્રભુ માટે શુદ્ધ પ્રેમ અને મંજુલ ભાવના મહેરામણની માધુરી ભરી તરંગાવલીઓ વહેવા લાગે છે. આવા ભાવનું પ્રદાન સૌથી પ્રથમ કૃષ્ણએ શ્રીગોપીજનોને કર્યું હોવાથી, શ્રીમહાપ્રભુજી, ભાવની આવી સુલલિત લાવણ્યમૂર્તિરૂપા વ્રજાંગનાઓને માર્ગના ગુરુ કહે છે.

"कौण्डिन्यो गोपिकाः प्रोक्ताः गुरवः साधनं च तद् ।"

પુષ્ટિભક્તિનો આવો પરમફલરૂપ પ્રગાઢ "ભાવ", "ભાવના"થી સિદ્ધ થાય છે. એને સમજાવતાં શ્રીમહાપ્રભુજી સંન્યાસનિર્ણયગ્રંથમાં કહે છે;

"भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ।"

ભગવદીય ગાય છે;

"भजि सखी भाव भाविक देव
कोटि साधन करो कोऊ तोऊ न माने सेव ।"

ભાવની આવી અગાધતાને સંક્ષિપ્તમાં અભિવ્યક્ત કરતા પુરુષોત્તમસહસ્રનામમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "लघु स्वमार्ग वक्ता च."

તો આવા પરમ સૌભાગ્યસંપન્ન વ્રજના ગોપીજનો અને આ વાર્તામાં રુકિમણી બેટીજીની પ્રેમભાવસંપદા, કેવા સુકોમલ અને સોહામણા ભાવોની જાહોજલાલીમાં ઝાકમઝોળ થઈ રહી છે, એ નહિ સમજાય ત્યાં સુધી, આપણને ખ્યાલ પણ નહિ આવે કે "આપ્તકામ" શ્રીકૃષ્ણ, કેવા પરમોત્કૃષ્ટ પ્રકારના ભક્તના ઋણમાં "ભક્તકામ" બનીને પરમાનંદ માણી રહ્યા છે. અહીં પ્રકટ થતું શ્રીમહાપ્રભુજીનું નામ છે; "श्रीभागवत गूढ र्थप्रकाशन परायणः." ભક્તિનો પ્રારંભ બ્રહ્મકલ્પથી થયો છે, એની પૂર્ણતા શ્રુતિઓ ન કરી શક્યા, પણ એ જ શ્રુતિઓ, શ્રુતિરૂપા એવી વ્રજની ગરવી ગોવાલણો બનીને, ભક્તિને પ્રેમભાવ, રસમાધુરીથી ભરચક કરી દીધી છે. ગોપીજનોની ભક્તિની મખમલી મુલાયમતા અને લચીલી લાવણ્યતાને અભિવ્યક્ત કરતા ઉદ્ધવજી, ગોપાંગનાઓને કહે છે; "આપ કૃતાર્થ છો અને લોકમાં પૂજિત છો. કારણકે ભગવાનમાં આપે આપનું મન સમર્પિત કરી દીધું છે."

"अहो युयं स्म पूर्णार्था भवत्यो लोक पूजिताः ।
वासुदेवे भगवति यासामित्यर्पितं मनः ॥"

આનું રહસ્ય એ છે કે ઘોષસિમંતીઓની કૃષ્ણભક્તિ સહજ અને અખંડ એવી સ્વતંત્રભક્તિરૂપા છે. તેથી તે ફલરૂપ છે. भक्ति स्वतंत्र फलेति. અર્થાત્ ભગવાનની જેમ વ્રજાંગનાઓ પણ સ્વતંત્ર થઈ ગયા છે. ततश्च यथा भगवान. શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે વ્રજવલ્લવીઓની કૃષ્ણભક્તિ ભીન્ન પ્રકારની અને સર્વોચ્ચ છે. सत्यं भिन्ना परं सर्वोत्तमा. ઈન્દ્રિયોથી જેનું જ્ઞાન ન

થાય, એવા ઈન્દ્રિયાતિત શુદ્ધ પુષ્ટિપુરુષોત્તમને, પોતાની સર્વેન્દ્રિયો સમર્પિત કરીને, આ વ્રજરત્નાઓ કે રુકિમણીબેટી સર્વેન્દ્રિયોથી પ્રભુને માણે, એ ચમકૃતિભર્યો પણ સમ્યક્ વિરોધાભાસ છે. ભક્તનું આ અલૌકિક સામર્થ્ય છે. ગોપાંગનાઓની સરાહના કેવલ કૃષ્ણ માટેના સ્નેહના કારણે નથી, પરંતુ એમની પ્રપત્તિ પણ સર્વોપરી છે. અહીં સર્વોત્તમજીનું પ્રકટ થતું નામ છે; પૃથક્શરણમાર્ગોપદેષ્ટા. પોતાના આત્માના આત્મા એવા પ્રભુ માટે વ્રજની આ ગોપીઓએ કૃષ્ણમાં સર્વતોધિક સુદૃઢ સ્નેહથી અવિરત મન લગાડીને, પોતાની દશ પ્રકારની ઈન્દ્રિયોથી દસ પ્રકારની ભાવનાઓ, કલાનિધિ, નાગર નટવર કૃષ્ણ માટે કરીને સૌંદર્યશાસ્ત્રને વિલસાવી દીધું છે. આ ઈન્દ્રિયોવાળાનું ફલ છે.

"अक्षण्वतां फलमिदं न परं विदामः ।"

વ્રજસુંદરીઓની આવી ભાવભાવના સંયોગ અને વિરહ એમ બન્ને અવસ્થામાં ઝગમગાટ થતી હોવાથી, ઠાકુરજીના પૂર્વ અને ઉત્તર એમ યુગલદલના અનુભવથી, વ્રજની આ કલારત્નાઓ અને રુકિમણીબેટી પણ પરિપૂર્ણ છે. આના કારણે તો ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પોતાના સખા જ્ઞાની ઉદ્ધવને, ગોપીજનોની પ્રેમયુક્ત ભક્તિના ભાવનો રંગ લાગે એના માટે વ્રજાંગનાઓનો સત્સંગ કરવા મથુરાથી વ્રજ મોકલે છે. વ્રજની ગોવાલણોના દિવ્ય અને સુમંજુલ સંગના સાતત્યથી, ઉદ્ધવજીને પણ ગોપીજનોની ભાવ મકરંદનો નશો એવો ચઢી જાય છે, કે, ઉદ્ધવજીનું હૃદય પીગળી જઈને, અતિમૃદુલ બનીને, ગોપીજનોના ચરણરજની વાંચ્છના કરતું થઈ જાય છે.

"आसामहो चरणरेणुजुषामहं स्यां
वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।"

પરમાનંદદાસજી ગાય છે; "गोपीन की दासी मोही किजे ।" શ્રીવ્રજવનિતાઓના સત્સંગથી "ચકચૂર" બનેલા, ઉદ્ધવજી, જયારે મથુરા પાછા આવે છે, ત્યારે, કૃષ્ણના આ જ સખા, ગોવિંદના ગુણ ભૂલીને, ગોપીઓના ગુણ ગાવા લાગે છે.

"गोपी गून गावन लग्यो मोहन गून गयो भूल ।
जीवन कौ ले कहा करे, जो नहि जीवन मूल
भक्ति को सार यहां ॥"

એ જ આવેશમાં મથુરામાં કૃષ્ણ પાસે પહોંચીને ઉદ્ધવજી, ભગવાનને કહી રહ્યા છે કે;

"पुनि पुनि कहत अहो चलो जाय वृन्दावन रहियेे ।
परम प्रेम को पुंज जहां गोपीन संग लहीये ॥"

ગોપીજનોની કૃષ્ણભક્તિથી અતિ પ્રભાવિત થયેલા ઉદ્ધવજી, હવે કૃષ્ણને "કોશી" રહ્યા છે કે; "હે પ્રભુ ! ગોપીજનોના આવા અપરિમિત પ્રેમને આપ નિર્દયતાથી દુર્લક્ષ કરી રહ્યા છો."

"करुनामय है रसिकता तुम्हारी सब झूठी ।
तब ही लौं लाख जबहि लौं बांधी मूठी ॥
मैं जान्यो ब्रज जाय के निर्दय तुम्हारों रूप ।
जो तुम को अवलंब ही तिनकौ मेलौ कूप ॥
कौन यह धर्म है ।"

એ સાંભળીને ઠાકુરજીના હૃદયકમલમાં શ્રીગોપીજનો માટે જે સ્નેહ અને ભાવના અવિચ્છિન્ન તરંગો "પ્રચ્છન્ન

વિરહ"રૂપે ઉછળી રહ્યા છે, તે, હવે "પ્રકાશવિરહ" રૂપે નેત્ર દ્વારા પ્રકટ થઈને અશ્રુરૂપે વહી રહ્યા છે. એ વખતે ઉદ્ધવજીને દર્શન થાય છે, કે, શ્રીઠાકુરજીના રોમરોમમાં ગોપીજનો વિદ્યમાન છે.

"सुनत सखा के बेन नैन भरी आवे दोउ ।
विवश प्रेम आवेश रहीं शुधी नाहिं कोउ ।
रोमरोम प्रति गोपिका व्है रही सांवरे गात ।
कल्पतरु वर सांवरो व्रजवनिता भई पात ॥"

ભગવાનની ભક્તિ કરનાર પ્રહલાદ આદિ ભક્તોનો યશ વિસ્તાર આજ સુધી થઈ રહ્યો છે, તો પ્રભુ જેની ભક્તિ કરે છે અને ઠાકુરજીના રોમરોમમાં જે વિદ્યમાન છે, એવી નિરોધની અવસ્થામાં વિહરતા ગોપીજનો અને રુકિમણીના યશ અને ભક્તિની શી સરાહના કરવી ! આ બન્નેની ફલનિરોધની અવસ્થાની ભક્તિ, ત્રિલોકને ઉજાગર અને પાવન કરે એવી અનુપમ છે. ઉદ્ધવજી કહે છે;

"वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥"

પ્રભુને વશ કરનારી આવી પ્રચુરભક્તિનું પ્રદાન કરવાનું સામર્થ્ય, કૃષ્ણાવતાર પછી, વિના શ્રીવલ્લભપ્રભુ કોઈનામાં પણ ન હતું. સર્વોત્તમજીના अदेयदानदक्ष નામમાં આની પ્રતિતી થાય છે. શ્રીવલ્લભાધીશ સ્વામીનો જ્યારે કલિયુગમાં અવતાર થાય છે, ત્યારે, ઋણિયા બનવાનો "મહારસ"નો પરમાનંદ, પ્રભુ હવે પુનઃ માણી શકશે, એ રહસ્યને સમજાવતાં રસિકદાસજી ગાય છે; "पुष्टि महारस" देन प्रकटे ।" જે ભક્તવશ્ય લીલાનું પૂર્ણ

દશાનું રહસ્ય એ છે કે, આ અવસ્થા, રાસલીલાનું આધિદૈવિક સ્વરૂપ છે, જયાં, પ્રભુનો ગૂઢસ્ત્રીભાવ રુક્મિણી માટે પ્રકટ થઈ ગયો હોય છે. રુક્મિણી માટે મદનમોહનજીની આવી પ્રકટ ભક્તવશ્યતા જોઈને તો પ્રભુચરણ સ્વયં આજ્ઞા કરે છે; "सो श्रीगुसांईजी रुकिमिनी कों देखि के कहतें, जो इनसों श्रीठाकुरजी उरिन कबहूं न होंइगे ।"

રુક્મિણીબેટી જેવા ભાવની સંપદાવાળા આવા વિરલ અંતરંગ ભક્તો પાસે ઠાકુરજીનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ થઈ જાય છે ? આનું લાલિત્યભર્યું દર્શન ભાવસિંધુમાં કરી લઈએ; "सो जिननें (રુકિમિનીને) श्रीमदनमोहनजी कों ऐसे बस कीए । जैसें व्रजभक्तन के आगरी श्रीठाकुरजी रिणि ह्वै गए सो एसो भीतर सों नाना प्रकार कों लाड लडावे । सो शेषजी हजार मुखसों कहे तोऊ रुकिमिनी की महिमा कही न जाय ।" આનું રહસ્ય એ છે કે ઠાકુરજી પોતાની અંતરની ઈચ્છા રુક્મિણીબેટી પાસે અભિવ્યક્ત કરે છે, ત્યારે, અતિ મનુહાર કરીને, મદનમોહનજીનો મનોરથ આ બેટી સિદ્ધ કરે છે. એને અનુલક્ષીને ભાવસિંધુ કહે છે; "नाना प्रकार कों लाड लडावे ।" આ કોટિના વિલક્ષણ ભગવદીયોનો ભગવત્સુખ વિચાર જયારે અવધિ અવસ્થામાં રમણ કરે છે, ત્યારે, આવા વિરલ ભક્તો, પોતાના અંતર્યામિ એવા પ્રભુના અંતર્યામિ બનીને, ઠાકુરજીના અંતરની વાત જાણીને, પ્રભુનો "મનોરથ" વણ કહે "સિદ્ધ" કરે છે.

રુક્મિણી બેટી, ઠાકુરજીની સેવા નિષ્કામભાવના

बेटी रुकिमिनी सो जीनने लौकिक माया जनमसों परस करी नांही । जो पाँवन चलिवे लगी तब सों पांच वर्ष की वय में श्रीठाकुरजी के फूलन कें हार पोहती । सात वर्ष की भई तब मोतीन के हार जडाव के पोहिवे लगी, सो मदनमोहनजी के स्वरूप में रस कटाक्ष सों दर्शन करती ।" બેટી રુક્મિણીનું અંતર ગાતું હશે;

"मोहन मुखारविंद पर कोटि मन्मथ वारोरि माई ।
जिहिं जिहिं अंगनी दृष्टि परत है तिहिं तिहिं रहत लुभाई ॥"

"कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता" એવી શ્રીમદાચાર્યચરણની અણમોલ અને ફલાત્મક વાણીને અખંડિત અનુસરતી રુક્મિણી, સંયોગ અવસ્થામાં કૃષ્ણસેવાની બાહ્યસેવામાં સર્વેન્દ્રિયથી સદા ઓતપ્રોત છે અને અનોસરમાં, શ્રીઠાકુરજીની માનસીમાં. કૃષ્ણાવતાર વેળા ગોપીજનોના મનની જે અવધિ અવસ્થા છે તેવી જ तन्मनस्का तदालापानी વિરલ દશામાં રુક્મિણી બેટી પણ અભિરમણ કરે છે. ભગવત્સેવા કરતી વખતે રુક્મિણી બેટીનો અખંડિત ભાવ એ છે કે; "હે મદનમોહનજી ! મારી પાસે જે કોઈ ઉત્તમ પદાર્થ છે, તેના ભોક્તા આપ છો, પછી ભલે ને સેવામાં સિદ્ધસાધનરૂપે વિનિયુક્ત થતો એ મારો દેહ હોય, મારી ઈન્દ્રિયો હોય કે મારો પ્રાણ. મારું જ્ઞાન હોય, અજ્ઞાન હોય કે પછી મારો પરિવાર હોય." આવી રીતે રુક્મિણીએ પ્રભુને, પોતાની સર્વવસ્તુના ભોક્તા બનાવ્યા છે. એના જ પ્રતિસાદમાં, એક reversal approachરૂપે, ભોક્તાપ્રભુ, રુક્મિણીના સર્વરીતે ભોગ્ય બનવા ચાહે છે અને સેવકને ભોક્તા બનાવે છે. આ

"ब्रह्मानंद पूर्ण प्रेमानंद, कृपानंद संदोह ।"

શ્રીવલ્લભપ્રભુ પોતે જે લીલાસાગરમાં અસ્ખલિત વિહરી રહ્યા છે, એમાં ઉમગતા પ્રેમભાવના અનંત તરંગોમાંથી "થોડાશા" તરંગો, કૃપાનિધિ શ્રીમહાપ્રભુજી, રુક્મિણીના હૃદયકમલમાં પધરાવે છે, એમાં તો, રુક્મિણીના હૃદયમાં મદનમોહનજીને લલચાવે તેવી "પરાભક્તિ"ની મકરંદ પ્રકટ થઈ જાય છે અને અલિ બનેલા ઠાકુર, આ ભક્તિની સોડમથી મદમસ્ત થઈને ગૂંજારવ કરે છે. વલ્લભદાસજી ગાય છે;

"पराभक्ति मकरंद दास अलि पाइ पाइ ललचायो ।
अष्ट अंक कौ कियो घोष अलि मगन दशा बिसरायो ॥"

જ્યાં સુધી ભગવત્કૃપાથી સેવા અને લીલારસ સાગરમાં પુષ્ટિભક્ત, ઠાકુરજી સંગ વિહાર કરી શકતો નથી, ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં, શ્રીવલ્લભનો ઠાકુર કોઈ પણ ભક્ત ઋણિયા બનવા ઉદ્દીપન થતા નથી. તેથી જ સૌપ્રથમ, શ્રીઆચાર્યચરણ, રુક્મિણીને સેવામૃતનું પાન કરાવીને એમને ભાવાત્મક ભજનાનંદના પથગામી બનાવે છે.

"सेवक नयन चकोर सदा सेवामृत रस अचयो ।
वचन किरन कर पुष्टिभक्ति रस सब जग मांझ छयो ॥
भावरूपको भावरूप ही भजन पंथ जतयो ।"

આવી લીલાભાવપ્રચૂર રસાત્મક સેવાનું દાન થતાં, ઠાકુરજીને ઋણિયા બનવા માટે ઉદ્દીપન કરે એવી, રુક્મિણીબેટીમાં કેવી સમર્પણાત્મક સેવા પ્રાદુર્ભૂત થઈ જાય છે, એનું અદ્‌ભુત વર્ણન ભાવસિંધુ કરે છે; "और

"સુખ" ઠાકુરજીએ કૃષ્ણાવતાર વેળા માણ્યું છે, એને, श्रीकृष्णास्य હવે પુનઃ આવિષ્કૃત કરશે. એ રહસ્યને ઉજાગર કરતા શ્રીવલ્લભની વધાઈમાં વલ્લભદાસજી ગાય છે; "अब फिरि सोइ सुख बरस्यो ।" શ્રીઠાકુરજીનો ગૂઢસ્ત્રીભાવ કલિયુગમાં પ્રકટ થાય, એના માટે શ્રીમહાપ્રભુજીએ પોતાના વિરલભક્તોના રોમરોમને સૂક્ષ્મ અને અલભ્ય ભક્તિથી અલંકૃત કરી દીધા છે. મહાનુભાવી ગાય છે;

"सूक्ष्म भक्ति अलभ्य अलंकृत रोम रोम छबि छाई ।"

આ ભક્તિને "અલભ્ય" કહી છે કારણકે કૃષ્ણની અનવતાર દશામાં કેવલ महद् એવા શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ આવી પરમોત્કૃષ્ટ ભક્તિ લભ્ય છે. આવી "અલભ્ય" ઉગ્રભક્તિ, શુદ્ધ પ્રેમાત્મક, ભાવ રસાત્મક, દીનતા, તાપાત્મકતાદિથી પ્રચૂર છે. તદુપરાંત ભગવદીયે આ ભક્તિને કીર્તનમાં "સૂક્ષ્મ" કહી છે. કારણકે આ પરમોત્કૃષ્ટ ભક્તિની એવી તીવ્રતા છે, કે, એ એક "સૂક્ષ્મ" સ્વરૂપ લઈને ઠાકુરજીના અંતરમાં પોતાનું રળિયામણું સ્થાન બનાવીને, પ્રભુને મંજુલ મુલાયમતાથી અવિરત છૂઈ છૂઈને आप्तकाम પરબ્રહ્મને ऋसिया પથના પથગામી બનાવી દે છે.

આવી અનિર્વચનીય ભક્તિના અધિકારી રુકિમણીબેટી હોવાથી શ્રીમહાપ્રભુજી એમને નામ નિવેદન આપતા જ, વિના વિલંબે, પરમોત્તમ ભક્તિનું મહાદાન કરે છે. વાર્તા કહે છે; "सो उह रुकिमिनी बडी कृपापात्र हती ।" આવા અદેયદાની શ્રીમહાપ્રભુજી માટે વધાઈમાં વલ્લભદાસજી ગાય છે;

અને તાદાત્મ્યના ભાવથી કરે છે. કૃષ્ણતન્મયતાની અવસ્થામાં વિલસતી રુક્મિણીને પ્રભુના આધિદૈવિક દર્શન, સ્પર્શન, અનુભવાદિનો મુખ્ય અધિકાર છે. અર્થાત્ એમને તનુનવત્વ દેહનું સંપાદન છે. રુક્મિણીની આવી अलौकिक सामर्थ्यની અવસ્થાનું મૃદુલતમ દર્શન ભાવસિંધુ ગ્રંથમાં ત્યારે થાય છે, જયારે મદનમોહનજી, રુક્મિણીના હૃદયકમલ પર આપનો આધિદૈવિક ચરણાંમ્બુજ ધરે છે. वृन्दारण्यं स्वपदरमणं प्राविशत गीतकीर्तिના ભાવથી. ભાવસિંધુ કહે છે; "सो या समय रुकिमिनी के स्वरूप की शोभा कछु लिखिबे में आबे नांही ।"

ઠાકુરજી રુક્મિણીને વશ છે કારણકે શેઠ પુરુષોત્તમદાસની આ બેટીને મદનમોહનજીનો સાક્ષાત્ સાનુભાવ હોવા છતાંય, આ પરમ ભગવદીય, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર, તનુવિત્તજા સેવામાં અવિરત રત છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ કથિત कृष्णसेवा सदा कार्याની ચરમસીમાનો સાક્ષાત્કાર કરાવતાં વાર્તા કહે છે; "सो रुकिमिनी प्रहर रात्रि पिछली सों उठि नित्य नेम तें अधिक सामग्री करें । सो मंगला तें राजभोग पर्यन्त अरोगावे । पाछे उत्थापन के प्रहर एक पहले न्हाइ सामग्री करें । सो उत्थापन तें शयन पर्यन्त आरोगावे ।" વ્રજભક્તોના ભાવથી ભાવિત રુક્મિણીની સેવા છે. આને અનુમોદન આપતા વાર્તા કહે છે; "कात्यायनी व्रत को व्याज, जो मिस करि सर्व प्रकार को भाव सगरे अंग में आवेश करि प्रभु को आश्रय कियो, तेसे ही रुकिमिनी ने हू कार्तिक, मार्गसिर, माह, बैसाख इत्यादिक को नाम ले ब्रजभक्तन के भावपूर्वक सेवा करी ।" ભગવત્સેવાના ભાવાત્મક રહસ્યને

પ્રકટ કરતી આ વાર્તા પંક્તિઓ છે. કુમારિકાના ગુપ્ત મનોરથની ખબર કોઈને ન પડી, તેમ, રુક્મિણીના કાર્તિક સ્નાનની વાતનું રહસ્ય, પરમભગવદીય શેઠ પુરુષોત્તમદાસ પણ જાણી ન શક્યા. આમ ગુપ્તભાવથી સંપન્ન રુક્મિણી સદા કૃષ્ણાવલંબી છે, તેમ, મદનમોહનજી પણ આ ભગવદીયનું અવલંબન કરે છે. अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिःનો આ revarsal process છે.

રુક્મિણી સાથે એમના પ્રભુને સ્નેહાત્મક દ્વૈત છે. આવો દ્વૈત ભીતિજનક હોવાના કારણે, રુક્મિણી સંબંધીત પ્રભુને ય સદા એક "ભય" એ રહે છે કે; "અહર્નિશ સેવા કરતાં કરતાં મારી રુક્મિણી ક્યાંક થાકી તો નહિ ગઈ હોય ને !" તેથી ઠાકુરજી સ્વયં એમને આરામ લેવાની આજ્ઞા બેરબેર કરે છે. આ પ્રસંગના રોમાંચિત કરે એવાં દર્શન ભાવસિંધુમાં કરી લઈએ; "रुकिमिनी रात्रि भरि सेवा करती । सो श्रीमदनमोहनजी सों सख्यो नार्हीं जातो । सो कहेते, जो तुं मेरी बहुत सेवा करे है । सो अब तो नेक सो जा ।" અહીં "ठाकुरजी सो सख्यो नार्हीं जातो" એટલા માટે કહ્યું છે કે, બેટી રુક્મિણીની અપરિમિત રસભાવાત્મક સેવામાં વિભોર થઈ ગયેલા ઠાકુરને, સદા એક મંજુલ અહેસાસ એવો રહે છે કે આનું ઋણ હું કેવી રીતે ચૂકવી શકીશ. મદનમોહનજીને જ્યારે આનો "ઉત્તર" નથી મળતો, ત્યારે, પ્રભુની એવી "મજબૂરી"ની દશાનું વર્ણન કરતા ભાવસિંધુ કહે છે; "ठाकुरजी सो सख्यो नार्हीं जातो ।" कृष्णसेवा सदा कार्याની આ અવધિ છે. તદુપરાંત રુક્મિણીનો થાક

ઠાકુરજીને "सह्यो नाहीं जातो" એનું બીજું પણ એક ગંભીર પરંતુ વાસ્તવિક રહસ્ય છે. રુક્મિણીનો અને પ્રભુનો એકબીજામાં તાદાત્મ્યભાવ છે. एक प्राण वपु दो । આના કારણે રુક્મિણી, ઠાકુરજીમાં તન્મય હોવાથી એમના મનમાં અસ્ખલિત પ્રભુના સુખનો વિચાર લહેરાઈ રહ્યો છે અને તેથી પોતાને પડતો શ્રમ કે થાક, રુક્મિણી મહેસુસ પણ કરી શકતા નથી. તેવી જ રીતે મદનમોહનજીના, રુક્મિણી માટે રહેલા તાદાત્મ્યના કારણે, ઠાકુરજી, પોતાના સેવકના થાકને પોતાનો થાક હોય તેમ મહેસુસ કરી રહ્યા છે. "રાઈ જિતની સેવાકો ફલ માનત મેરું સમાન" એવા પ્રભુ, મેરુથી પણ અનંત વિપુલ એવી રુક્મિણીની સેવાને કેવો પ્રતિસાદ આપવો એની મંજુલ "મુંઝવણ" અનુભવતા હોય છે. તેથી વાર્તા કહે છે; "मदनमोहनजी सो सह्यो नाहिं जात ।" રુક્મિણીબેટીની વાર્તાની એ પ્રતિભા છે કે આ ભગવદીય, પોતાના દેહને એક ચંદન સદૃશ ઘસે છે, જેની માધુરીભરી સોડમમાં મદનમોહનજી, સદા વિમુગ્ધ બનીને મહેકી અને "બહેકી" રહ્યા છે. રુક્મિણીને સેવાનો "નશો" ચઢી ગયો છે અને એવા નશાનો પ્રતિસાદ ઠાકુરજી પણ રુક્મિણીની ભક્તિરસના નશામાં "બહેકી" જઈને આપે છે.

પોતાના દેહ, ઈન્દ્રિય, પ્રાણાદિનું બેટી રુક્મિણીએ કેવી રીતે કેવલ ભગવદ્દુપયોગીત્વ કર્યું છે, તેનાં દર્શન કરશું તો આપણાથી ય રોમાંચથી અનાયાસ કહેવાઈ જશે કે આવા ભગવદીયના ઋણમાંથી મદનમોહનજી વિમુક્ત કેવી રીતે થઈ શકે ! ભાવસિંધુ કહે છે;

"सो (रुकिमिनी) आपुकी (श्रीठाकुरजी की) आज्ञा सों घंटा डेढ घंटा चटाई पें सोवे । फेरि जागी फेरि सेवा करे । सो ऐसी सेवा कोई आज कालि में करि सके नांहि । ऐसे श्रीमदनमोहनलाल को लाड लडाय कें रीझाए । _ _ _ _ सो ऐसी सेवा में रसबस भई । सो घर के बाहिर चौतरा हूं देख्यो नांहि । श्रीगंगा न्हायवे जाय सके नांहि ।" ભગવદીયના સૂક્ષ્મ ભાવજ્ઞ શ્રીગુસાંઈજી જ્યારે રુક્મિણીબેટી પાસે સાંભળે છે કે ચોવીસ વર્ષ પછી, એ, ગંગાસ્નાન માટે આવે છે, ત્યારે, "यह सुन कें आपु को (श्रीगुसांईजी को) हृदय भरि आयो । और आज्ञा करी । जो इनसों श्रीठाकुरजी उऋण कैसें होंयगे ।"

ભગવત્સેવા વેળા રુક્મિણી મદનમોહનજીમાં સર્વને જુએ છે અને પોતાની સર્વેન્દ્રિયાદિનું સમર્પણ કેવલ પ્રભુમાં કરે છે. વિરહદશામાં રુક્મિણીબેટી, ઠાકુરજીને સર્વત્ર જુએ છે. રુક્મિણીની નિશ્ચલ ભગવદ્રતિના કારણે, "આનંદ"સ્વરૂપ, ત્રિલોકનો નાથ, એમના માથે બિરાજીને, "ગૌણ બનીને", પરમાનંદ માણે છે. श्रीकृष्णास्य પ્રદત્ત આ आनंद परमानंदनी અનિર્વચનીય લીલા છે.

મદનમોહનજીને ઋણી બનાવનાર રુક્મિણીજીનું સ્વરૂપ, માહાત્મ્ય, ગુણ, પ્રેમ, ભાવ, સેવામાં નિતાંત તન્મયતા અને પ્રભુ પ્રત્યેની અનન્યતા આદિ અનિર્વચનીય છે. રુક્મિણીના સાન્નિધ્યમાં આવનાર વૈષ્ણવની પણ કેવી અલૌકિક સ્થિતિ થાય છે, તે, ભાવસિંધુમાં નિરખીએ; "जो रुकिमिनी रूप गुण सील चातुरी में ऐसी अलौकिक बेटी सो जाके दर्शन सों ही जीव कृतार्थ होय जाय ।" વાર્તાના ભાવપ્રકાશમાં આનું રહસ્ય સમજાવતા

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "भगवदीय को प्रागट्य जीवन के उद्धारार्थ ही है । जैसे भगवान को प्रागट्य तैसे ही भगवदीय को प्रागट्य हैं ।" ભાવસિંધુ પુન: કહે છે; "सो नित्य नई नई सामग्री भोग धरें वैष्णवन कों लिवावे । ऐसो रुकिमिनी को स्नेह ।" ઠાકુરજી જેમના ઋણિયા બન્યા છે, એવા, રુક્મિણીના હરિ, ગુરુ અને વૈષ્ણવ પ્રત્યેના અગાધ ભાવનું નિરૂપણ કરતા ભાવસિંધુ કહે છે; "रुकिमिनी के माथे तीन्यो सेवा बिराजती । सो तीन्यो सेवा अति स्नेह सों करती । जो भगवद्सेवा, गुरुसेवा, वैष्णव की सेवा । जो वैष्णव रुकिमिनी के घर आवे । सो ता समय रुकिमिनी रोंमरोंम सों प्रफुल्लित होय जाय । हृदयमें आनंद समावे नांहि । सो वैष्णव विनती करते जो रुकिमिनीबाई तुम हम कों कछू सेवा बतावो । तब रुकिमिनी कहती जो बाबा, तुम्हारी तो यही सेवा है जो तुम हमारे घर नित्य पधारो और दर्शन देऊ, जो तुम्हारी यही सेवा है ।" આવા વિરલભગવદીય રુક્મિણીજી, જેમનાં રોમરોમ પુલકિત થઈને, હરિ, ગુરુ, વૈષ્ણવની સેવામાં પ્રીતિ, દીનતા અને મનુહાર કરતા કરતા ઓતપ્રોત થઈ જાય છે, ત્યારે, એવા સેવકને નિરખીને એમના સેવ્યસ્વરૂપ શ્રીમદનમોહનજી કેવા આનંદમાં તુંદિલિત થઈ જતા હશે, એ તો સેવક અને સેવ્ય જ જાણે.

મદનમોહનજીની લીલારસનો અનુભવ રુક્મિણીબેટી કરે છે, તો આ ભગવદીયની ભક્તિરસનો અનુભવ ઠાકુરજી કરે છે. જે લીલાનો આનંદ બેટી રુક્મિણી માણી રહ્યા છે, તેની મજા, પ્રભુ "લૂંટી" રહ્યા છે. કેટલીક વખત લીલાનો અનુભવ કરનાર ભક્ત, કેવલ લીલાનો જ આનંદ

માણે છે, સ્વરૂપનો નહિ. પરંતુ રુકિમણી બેટીને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મદનમોહનજી સ્વરૂપાનંદ અને લીલારસાનંદ એમ ઉભયાત્મક આનંદની અમિત વર્ષા વરસાવી રહ્યાં છે. એની ય મજા મદનમોહનજી લૂંટે એ પરાકાષ્ઠાની અવસ્થા છે. કેવી રીતે ? જેમ કે કોઈ વસ્તુ ખાઈને એના સ્વાદનો આપણે આનંદ માણીએ છીએ, ત્યારે, આપણો આનંદ જોઈને ભોજન બનાવનારને એક સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એવી લાગણીવશતા ઉપલબ્ધ થાય છે. તેવી જ રીતે ઠાકુરજીએ દાન કરેલ વસ્તુનો, જ્યારે ભક્ત આનંદ માણે છે, ત્યારે પ્રભુ, એવા દાનની ફલશ્રુતિ નિહાળીને ખિલખિલાટ કરતા અતિ હર્ષિત થઈને આ લીલાની "મજા" લૂંટી રહ્યા છે.

શ્રીમહાપ્રભુજીના ઠાકુરજી સર્વાંગે, સર્વ પ્રકારે અને સર્વ સંજોગોમાં રસિક છે અને પોતાની આત્મરતિના મૂડમાં એ લીલા કરતા હોય છે. પરંતુ જ્યારે પ્રભુ ચાહે છે કે રુકિમણી બેટી જેવા પોતાના અંતરંગ ભક્તો, પોતાના તુંદિલીત થતા આનંદને માણે, ત્યારે, પ્રભુ પોતાની, આત્મરતિની મર્યાદાનો ભંગ કરીને પોતાનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ કરીને, રસિક ભક્તને કહે છે; "તુ મને સર્વાંગે માણ." અથવા તો પોતાની આત્મરતિથી અતિરિક્ત અન્ય કોઈ પ્રભુને માણે એવો "દ્વૈત" ઠાકુરજીના અંતરમાં જ્યારે પ્રકટ થઈ જાય છે, ત્યારે, સમજવું કે એવા ભાગ્યશાળી ભક્ત માટે ઠાકુરજીની અમિત કૃપા વરસતી હોય છે અને **आत्मकाम** પ્રભુ સેવકના **भक्तकाम** બની ગયા હોય છે.

પુરુષોત્તમદાસ શેઠજીની બેટીમાં ઠાકુરજીને વશ કરે એવો નિર્ગુણભાવ, સેવાસક્તિ, સર્વાત્મના સમર્પણ, ભક્તિનું પ્રાચુર્ય અને નિરોધ સિદ્ધ છે. ઠાકુરજી એમના ઋણિયા બને, એ આ ભગવદીયની ફલનિરોધની અવસ્થા છે. આવી અવસ્થાને કારણે, સેવા વેળા, રુક્મિણી બાહ્યાવલંબનમાં સર્વ સમર્પિત ઈન્દ્રિયોથી પ્રભુનો અનુભવ કરે છે અને વિયોગમાં આસક્તિ ભ્રમ ન્યાયથી, પૂર્વાનુભૂત સ્વરૂપ અને લીલાનાં સ્મરણમાં એટલા ઓતપ્રોત થઈ જાય છે, કે, એમની અંતઃસ્થિત રતિ સ્વયં આલંબન, ઉદ્દીપન અને સંચારી ભાવનું રૂપ લઈ લે છે. રુક્મિણી બેટીની આ સ્વતંત્રભક્તિ છે. આવી દશામાં રુક્મિણી અને પ્રભુમાં ભેદ રહેતો નથી. એનું લાવણ્યમય દર્શન કરાવતા વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે; "पुष्टिमार्गीय जीव यह संसार के जीवन तें भिन्न हैं, यामें संसय नाहीं । भगवान को रूप ही हैं । भगवान की सेवा ही के अर्थ जगत में पुष्टि धर्म प्रगट करिवे के लिये जन्मे हैं । भगवान के स्वरूप में, भगवान के अवतार में भगवान के जैसें गुन हैं, भगवान की जैसी क्रिया है, तैसे ही भगवदीय में लक्षण हैं तातें भगवान में अरु भगवदीय में तारतम्य नाहीं हैं । या प्रकार श्रीगुसांईजी भगवदीय के गुण सव रुकिमिनी में कहे ।" આજ પ્રસંગનો જાણે ભાવાનુવાદ ન કરતા હોય તેમ પરમાનંદદાસજી ગાય છે;

दास अनन्य मेरो निजरूप ॥
दरशन मात्र ताप त्रय नासत छुडावै गृहबंधन कूप ॥१॥

मेरी बांधी भक्त छुडावें भक्तकी बांधी छुटे न मोही ॥
कबहुंक लेके मोहि कुं बांधे तहां कहा कैसे उत्तर हो ही ॥२॥
मैं निर्मल सब जगत को जीवन मेरो जीवन मेरे दास ॥
परमानंद ताहिके हृदये जांके हृदये प्रेमप्रकाश ॥३॥

******

Bijal Chetan Thakker.

ભૂપેન્દ્ર ભાટિયાની વેબસાઈટ પર નીચેના પુસ્તકો અને CDs free downloading માટે ઉપલબ્ધ છે.

www.bhupendrabhatia.in

૧. ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ (ભાગ-૧)

૨. ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ (ભાગ-૨)

૩. ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૧૬ વાર્તાઓ (ભાગ-૩)

૪. ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૧૪ વાર્તાઓ (ભાગ-૪)

૫. સેવા અને વાર્તાઓના સુકોમલ ભાવો (ભાગ-૫)

૬. ષોડશગીતિ - CD (પ્રત્યેક ષોડશગ્રંથ Introduction અને એને અનુરૂપ કીર્તન લીધેલું છે.)

૭. અતોસ્તુ તવ લાલના - પુસ્તિકા અને CD (યમુનાષ્ટકના નવ શ્લોકોને અનુરૂપ ૪૧ પદોમાંથી નવ પદો લીધેલા છે તથા પુસ્તીકામાં એનો ભાવ પ્રકટ કરેલો છે.)

૮. મિલ જેવત લાડિલે લાલ - પૂજ્યપાદ ગોસ્વામી શ્રીચંદ્રાવલીવહુજીએ લખેલ સામગ્રી બનાવવાની પ્રાચીન પદ્ધતિનું અપ્રાપ્ય અને અણમોલ પુસ્તક.

Date of Publication : 01-02-2018
Registered News Paper
VAISHNAV PARIVAR (Monthly)
FEBRUARY-MARCH-2018
Total Pages : 372 ■ કિંમત રૂ.૫૦

R.N.I. No. 38428 / 1983
Postal Reg. No. : L2/15/RNP/G-MEH-224/2017-18
LPWP license No. : PMG/HQ/052/2018-20
Valid upto 31-12-2020
Permitted to Post at Mehsana RMS on 1st of Every Month



भरोसो दृढ इन चरनन केरो ।
श्रीवल्लभ नखचन्द्र छटा बिनु
सब जग मांझ अँधेरो ।।